# પંચાયતી રાજ

## પ્રકરણ - 1 પંચાયતી રાજનો ઈતિહાસ

- **પ્રસ્તાવના :**

બંધારણીય રીતે ભારતમાં વહીવટ કરવા માટે અલગ અલગ સ્તર પર અલગ અલગ જોગવાઈ કરવામાં આવી છે. જેમ કે કેન્દ્રમાં સંસદ, જેમાં રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજયસભાનો સમાવેશ થયલો છે. તેવી જ રીતે રાજયમાં ધારાસભા જેમાં રાજયપાલ, વિધાનસભા અને વિધાનપરિષદનો સમાવેશ થાય છે. તેવી જ રીતે દેશના સૌથી નીચલા સ્તર પર સ્થાનિક સ્વરાજયની સંસ્થા જેમાં પંચાયતો અને નગરપાલિકાઓનું ગઠન થયેલું છે.

સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ગ્રામ્ય સ્તર પર પંચાયતો કે જેમાં ગ્રામ્ય પંચાયત અને જિલ્લા પંચાયતની વ્યવસ્થા થયેલી છે. જે એકબીજા સાથે જોડાયેલ છે. તેનાથી અલગ શહેર વિસ્તારમાં નગર પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકાની વ્યવસ્થા થયેલી છે. દરેક સંસ્થા સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. તે પંચાયતોની જેમ એકબીજા સાથે જોડાયેલ નથી.

ભારતમાં સ્થાનિક સ્વરાજયનો ઉદ્દેશ બધા રાજયોમાં નીચેના સ્તર પર લોકતંત્રની સ્થાપના કરવાનો હતો. જેને ગ્રામ તેમજ શહેરી વિકાસની જવાબદારી સોંપવામાં આવી.

ઈ.સ.1992 સુધી ભારતમાં ભારત સરકાર અધિનિયમ 1935 અંતર્ગત કરેલી જોગવાઈ અનુસાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ કાર્યરત હતી. જેને બંધારણીય દરજ્જો પ્રાપ્ત ન હતો. પરંતુ ઈ.સ. 1992માં થયેલા 73 મા બંધારણીય સુધારા દ્વારા પંચાયતોને તેમજ 74 મા બંધારણીય સુધારા દ્વારા નગરપાલિકાઓને બંધારણીય દરજ્જો પ્રાપ્ત થયો. તેમજ કેન્દ્રમાં પંચાયતી રાજ સાથે સંકળાયેલી બાબતોની દેખરેખ ગ્રામીણ વિકાસ મંત્રાલય તેમજ નગરપાલિકા સાથે સંકળાયેલી બાબતોની દેખરેખ શહેરી વિકાસ મંત્રાલય દ્વારા રાખવામાં આવે છે. ભારતીય સમવાયતંત્રમાં સ્થાનિક સ્વરાજયનો વિષય રાજયને સોંપવામાં આવ્યો છે અને તેને બંધારણની સાતમી અનુસૂચિમાં સમાવવામાં આવ્યો છે.

- **પંચાયતી રાજનો ખ્યાલ**

→ પંચાયતો તે મહત્વપૂર્ણ સંસ્થા છે, જેના માધ્યમથી ભારત જેવા વિશાળ અને વિવિધતાઓ ધરાવતાં દેશમાં વહીવટ જનસાધારણ સુધી પહુંચે છે અને સ્થાનીય જરૂરિયાતોની પૂર્તિ સ્થાનીય લોકોના સ્થાનીય અધિકારો ધ્વારા જ કરવામાં આવે છે. આ જ સાચા લોકતંત્ર અને પંચાયતી રાજનો સાર છે.

→ ભારતમાં પ્રાચીન પંચાયતી રાજના વિશે આધુનિક સામ્યવાદી વિચારધારાના પ્રવર્તક ''કાર્લમાર્કસ'' એ પોતાની પુસ્તક ''દાસ કેપિટલ''માં લખ્યું છે કે - ''પ્રાચીન સમયથી ચાલ્યા આવતાં આ નાના - નાના ભારતીય ગ્રામ સભાઓ ધાર્મિક રીતે સંયુક્ત માલિકી, ખેડૂતો અને મજૂરોના શ્રમવિભાજનના સિદ્ધાંત પર આધારિત છે. આ ગ્રામ સભાઓ પોતાની રીતે પરિપૂર્ણ અને આત્મનિર્ભર છે. એશિયાઇ સમાજમાં જે સુદ્રઢતા, સંગઠન અને સ્થાયિત્વ જોવા મળે છે, તેનો શ્રેય આ સ્વાવલંબી ગ્રામ સભાઓની ઉત્પાદન પ્રણાલીને જ છે. ત્યાંના રાજ્યોનું વિભાજન થતું રહે છે, રાજવંશોનું પરિવર્તન પણ થતું રહે છે છતાં પણ ત્યાંના ગ્રામસભાઓ આ પરિવર્તનો અને વિભાજનની કોઈ અસર થતી નથી. તે પોતાની સનાતન ગતિથી ચાલતા રહે છે.

- **ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :**

પ્રાચીન સમયથી ભારતમાં સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓનું અસ્તિત્વ હોવાના પુરાવા મળે છે. તેઓ સ્વાશ્રયી હતી તથા કેન્દ્રમાં થતા રાજકીય પલટાઓની તેમના પર ભાગ્યે જ અસર થતી. તેમનું ચોકકસ બંધારણ હતું તથા તેમની કાર્યવાહિનીના નિશ્ચિત નિયમો હતા. મોહે-જો-દડોનું નગર-નિયોજન આવી સંસ્થાઓનું શ્રેષ્ઠ ઉદાહરણ કહી શકાય. તેના અવશેષો આ નગરમાં વ્યવસ્થિત પ્રકારનું મ્યુનિસિપલ તંત્ર હોવાનો સૂચવે છે. ઋગ્વેદ તથા અથર્વવેદમાં વર્ણવવામાં આવેલી 'સભા' એ ગ્રામસભા કે ગ્રામપંચાયતનું નમૂનેદાર દૃષ્ટાંત કહી શકાય. તેમાં ગ્રામના લગભગ બધા વર્ગો અને બધા ધંધાદારીઓનું પ્રતિનિધિત્વ રહેતું. તેના સભ્યોની ચૂંટણી થતી તથા નિશ્ચિત મુદત માટે તે કામ કરતી. ગામડાનું સફાઈકામ, આરોગ્ય, પાણીપુરવઠો, ખેતીવાડી વગેરે તેનું કાર્યક્ષેત્ર ગણાતું. થોડા રૂપાન્તર સાથે આ સંસ્થા છેક મરાઠા સમયના અસ્ત અને ભારતમાં બ્રિટિશ સતાની

AGujarat.com

સ્થાપના સુધી અસ્તિત્વમાં હોવાની સાબિતીઓ મળે છે.ગામડાનો નિયુક્ત વડો ગ્રામીણી હતો, પરંતુ તેનું વાસ્તવિક સંચાલન ગ્રામસભા હસ્તક હતું અને સુલતાનો,મોગલો તથા મરાઠા શાસકોએ પણ તેમાં ખાસ હસ્તક્ષેપ કર્યો ન હતો તે નોંધપાત્ર કહેવાય. પ્રાચીન ભારતમાં ગણરાજયો તથા બૌદ્ધ સંઘોમાં પણ આવી સંસ્થાઓ અસ્તિત્વમાં હતી તથા તે લોકશાહી ઢબે કાર્ય કરતી. મૌર્યોની રાજધાની પાટલીપુત્રમાં આદર્શ વહીવટતંત્ર તથા સ્વશાસન હતું, તેમ મેગેસ્થનીસના વિવરણ પરથી સિદ્ધ થાય છે. મોગલ શાસકોએ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓનો શ્રેષ્ઠ વિકાસ કર્યો હતો તેમ તેમના લેખો પરથી જાણવા મળે છે. તેમના મતદાર, ઉમેદવાર વગેરેની લાયકાત તથા ગેરલાયકાતને લગતા ચોકકસ નિયમો હતા તેમજ જાહેર સેવા માટેની જરૂરી લાયકાતો પ્રત્યેક સભ્યે પોષવાની હતી. ભારતની સ્વશાસનની આવી ગ્રામ સંસ્થાઓના સંબંધમાં સર ચાર્લ્સ મેટકાફે નોંધ્યું છે કે તેઓ નાના, પ્રજાસતાક રાજયો સમાન છે. તેઓ પોતાની જરૂરિયાતોના સંબંધમાં સ્વાશ્રયી છે. અનેક પરિવર્તનોની વચ્ચે તેઓ ટકી રહેલી છે. ભારતમાં અનેક રાજયવંશો આવ્યા, અનેક થયા, અનેક વિપ્લવો થયા, હિન્દુ, પઠાણ, મોગલ, મરાઠા, શીખ અને બ્રિટિશ શાસકો ભારતમાં રાજય કરી ગયા, પરંતુ ગ્રામ સંસ્થાઓ લગભગ એ જ સ્વરૂપમાં જળવાઈ રહી.

તત્કાલિન સ્થાનિક સ્વશાસનના બે ભાગ હતા :

(1) ગ્રામ વિસ્તારની સંસ્થાઓ (2) શહેરી વિસ્તારની સંસ્થાઓ

(1) **ગ્રામ વિસ્તારની સંસ્થાઓ :**

- **ગ્રામ પંચાયતો --- ગ્રામ સભાઓ :**

પ્રાચીન સમયથી હાલ સુધી સ્થાનિક સ્વશાસનની સંસ્થાનું આ સૌથી નાનું છતાંએ સૌથી મહત્વનું અંગ મનાતું આવ્યું છે. કારણ કે હાલમાં પણ ભારતની 70% ઉપરાંતની વસ્તી ગામડામાં વસે છે.ગ્રામીણી કે મુખી (હવે સરપંચ), હિસાબી કારકુન, ચોકીદાર, શિક્ષક તથા સમિતિ ગ્રામ સ્વશાસનના મુખ્ય અંગો છે.ગામડામાં ખેડૂત, કારીગર, વેપારી, શિક્ષક વગેરે તમામ ક્ષેત્રોના લોકો વસતા હોવાથી તે પોતાની જરૂરિયાતોની બાબતમાં લગભગ સ્વાશ્રયી હોય છે.આથી આ બધા વર્ગોનું પ્રતિનિધિત્વ ધરાવતી સમિતિ કે સભા અને તેના વડા ગ્રામીણીને ગામનો વહીવટ સોંપવામાં આવે છે. અગાઉ ગ્રામીણી, હિસાબ કારકુન તથા કારીગરોને ગામડાની ઊપજનો અમુક ભાગ અપાતો કે તેમને અમુક જમીન ભરણપોષણ માટે અપાતી, પરંતુ હાલમાં તેઓને રોકડ, પગાર કે મહેનતાણું અપાય છે. સમિતિના પસંદગી કે ચૂંટણી કરવામાં આવતી તેની વહીવટી તેમજ ન્યાય વિષયક સમિતિ અલગ અલગ કામ કરતી.ગામડાના લોકસેવાના તમામ કાર્યો પંચાયત કે વહીવટી સમિતિ કરતી. તેની ખાસ નોંધપાત્ર બાબત એ હતી કે, તેના બધા કાર્યો બહુમતીથી નહિ, પરંતુ સર્વ-સંમતિથી થતાં અગાઉના સમયમાં ન્યાયવિષયક સમિતિનો ન્યાય આખરી ગણાતો. તે બંને પક્ષોને સ્વીકાર્ય રહેતો. આથી જ ''પંચ ત્યાં પરમેશ્વર'' એવી ઉકિત પ્રચલિત હતી.

- **વૈદિક કાળમાં પંચાયતી રાજ**

→ વૈદિક કાળના પહેલાંથી એટલે કે હડપ્પા સભ્યતાના સમયથી જ પંચાયતી રાજના અસ્તિત્વના પ્રમાણ મળે છે.

→ મોહે-જો-દડોનું નગર નિયોજન આવી સંસ્થાઓનું શ્રેષ્ઠ ઉદાહરણ કહી શકાય. તેના અવશેષો આ નગરમાં વ્યવસ્થિત પ્રકારનું મ્યુનિસિપલ તંત્ર હોવાનો સૂચવે છે.

→ ઋગ્વેદમાં ''સમિતિ'' અને ''સભા''નો ઉલ્લેખ મળે છે, ''સમિતિ'' એ સામાન્ય લોકો કે જનસાધારણની સંસ્થા હતી અને ''સભા'' એ કુલીન તથા વૃદ્ધોની સંસ્થા હતી. આ બન્ને સંસ્થાઓ મુખ્યત્વે રાજા પર અંકુશ રાખતી હતી.

→ વૈદિક યુગની શરૂઆતમાં ગ્રામનું મેનેજમેન્ટ ગામના મુખિયા (મુખી) દ્વારા થતું હતું, જેને ''ગ્રામણી'' કહેવામાં આવતો હતો. પરંતુ તેના પર ''સભા'' અને ''સમિતિ'' બન્ને સંસ્થાઓ અંકુશ રાખતી હતી એટલે કે બધા નિર્ણયો પંચાયત દ્વારા થતાં હતાં.

- **મહાકાવ્ય યુગમાં પંચાયતી રાજ**

→ ઉત્તર વૈદિક યુગમાં રામાયણ અને મહાભારતમાં પણ પંચાયતોની મહત્વપૂર્ણ સ્થિતિ જોવા મળે છે.

→ વાલ્મિકી કૃત ''રામાયણ'' માં સ્વાયત્ત ગામોના સમૂહ જેવા ''જનપદ'' નો ઉલ્લેખ મળે છે.

→ મહાભારતના ''સભાપર્વ'' માં પંચ અથવા ચૂંટાયેલા ગ્રામ વડીલોના સ્થાન અંગે ઉલ્લેખ મળે છે.

→ આ યુગમાં ગ્રામણીને "ગ્રામિક" અથવા "મહત્તર" ના નામે ઓળખવામાં આવ્યો.

→ બૌદ્ધ યુગમાં પંચાયતોના વિશે "જાતક કથાઓ" થી ખબર પડે છે કે ગ્રામના મુખીને "ગ્રામ ભોજક" કહેવામાં આવતો હતો. "સભા" ગ્રામ સંગઠનની એક મહત્વપૂર્ણ અંગ હતી, જેમાં ગ્રામના વૃદ્ધો બેસતા હતા, જે પરિવારના સૌથી મોટા અને વૃદ્ધ હતા. તે સમયે ગ્રામ સભાના મુખ્ય કાર્ય હતા – ન્યાય કરવો, ગામની આંતરિક સલામતી, સરકારી મકાન, ઘાટ, મંદિર, તળાવ, કુવાઓ વગેરે બનાવવા, કર વસૂલવો, રસ્તાઓ, ધર્મશાળાઓ, નહેરો વગેરે લોકહિતના કામો કરવા.

- **<u>મૌર્ય યુગમાં પંચાયતી રાજ</u>**

→ કૌટિલ્ય દ્વારા રચિત પ્રખ્યાત ગ્રંથ "અર્થશાસ્ત્ર" માં ગ્રામ પંચાયતોના સ્થાનીય શાસન અને ન્યાય વ્યવસ્થામાં ભૂમિકાનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે – "સ્થાનીય તકરારો કે વિવાદોનો નિર્ણય ગ્રામના વૃદ્ધો અને સામંતો દ્વારા કરવામાં આવતો હતો. જો ગ્રામ વૃદ્ધ કે સામંત કોઈ વિવાદાસ્પદ વિષય ઉપર નિર્ણય લેવામાં મતભેદ રાખતા હોય તો તે સ્થળે જનતાની પરવાનગીથી ત્યાંના ધાર્મિક પુરૂષ તે વિષય ઉપર નિર્ણય લેવામાં અથવા મધ્યસ્થીને નક્કી કરી તેના દ્વારા નિર્ણય લેવામાં આવતો હતો.

→ ગ્રીક મુસાફર મેગસ્થનીઝે પંચાયતોનું "પેન્ટાર્ડ" નામથી વિવિધતાપૂર્ણ વર્ણન કર્યું છે. તેને પોતાના વિવરણમાં લખ્યું છે કે "મૌર્યોની રાજધાની પાટલીપુત્રમાં આદર્શ વહીવટીતંત્ર તથા સ્વશાસન હતું.

- **<u>ગુપ્તકાળમાં પંચાયતી રાજ</u>**

→ ગુપ્તકાલીન વ્યવસ્થામાં પણ ગ્રામ પંચાયત ખૂબ જ મહત્વપૂર્ણ હતી. જો કે તે સમયે રાજવંશી પ્રણાલી હતી પરંતુ શાસનનું વિકેન્દ્રીકરણ વિવિધ સ્તરો પર કરવામાં આવ્યું હતું.

→ "મનુસ્મૃતિ" માં રાજ્ય વ્યવસ્થા અંગે કરવામાં આવેલ વર્ણન મુજબ "ગામ" એક વહીવટી એકમ હતું અને તેનો સમગ્ર વહીવટ "ગ્રામણી" સંભાળતો હતો.

→ શુક્રાચાર્ય કૃત "નીતિસાર" નામના ગ્રંથ મુજબ – "ગામને લગતી દરેક બાબતો ઉપર ગ્રામપંચાયતનું સંપૂર્ણ નિયંત્રણ હતું."

→ ગુપ્તયુગમાં "પંચકૂળ" નો લેખિત ઉલ્લેખ મળે છે જે પંચાયતી વ્યવસ્થાથી સંબંધિત છે.

- **<u>ગુપ્તકાળ પછીના સમયમાં પંચાયતી રાજ</u>**

→ ગુપ્તકાળ પછી હૂણો, યશોધર્મન, મૈત્રક વગેરે વંશોનું શાસન રહ્યું. તેમણે વહીવટી વ્યવસ્થામાં કોઈ વિશેષ પરિવર્તન ન કર્યા એટલે કે જેમ પહેલાંથી ચાલતું આવતું હતું તેમ જ ચાલવા દીધું.

→ હર્ષવર્ધનના સમયમાં ગ્રામના મુખીની પસંદગી ચૂંટણી દ્વારા કરવામાં આવતી હતી. ગ્રામની વહીવટી કામકાજ અને આપરાધિક સ્થિતિઓના નિકાલ માટે "અષ્ટકુળ અધિકરણ" નામની સમિતિ અસ્તિત્વમાં હતી. ગ્રામના પ્રભારી અધિકારીને "ગ્રામ અક્ષપટકલ" કહેવામાં આવતો હતો.

→ પંચાયતી વ્યવસ્થાનો સર્વથા પરિષ્કૃત અને સ્વર્ણિમ સ્વરૂપ દક્ષિણ ભારતના ખાસ કરીને "ચોલવંશ" ના શાસનમાં જોવા મળે છે. ચોલ અભિલેખોમાં "સ્થાનીય સ્વશાસન" ની મૂળ વ્યવસ્થાનું વિસ્તૃત વર્ણન મળે છે."કોટટમ" (ગામ)થી લઈને "મંડળ" (પ્રાન્ત) સુધી સ્વશાસનની સંસ્થાઓ હતી, જે વહીવટી કાર્યોની સંપૂર્ણ દેખરેખ કરતી હતી. "વલનાડ" (મોટા પ્રદેશ)ની સભાને "નગસ્તાર", "નાડુ" (જિલ્લો)માં કાર્યરત સંસ્થા "નાટ્ટર" કહેવાતી હતી.

→ હ્યૂએનસાંગ અને ફાહિયાન નામના ચીની મુસાફરોએ પણ સમૃદ્ધ ગ્રામીણ ભારતનું વર્ણન કર્યું છે.

→ કર્ણાટકના ગંગ અભિલેખમાં પણ "ગ્રામસભા" અને "ગ્રામસમિતિ"નો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે.

- **<u>મુસ્લિમકાળમાં પંચાયતી રાજ</u>**

→ મુસ્લિમ યુગમાં, મુસ્લિમ રાજાઓએ પંચાયત વ્યવસ્થામાં કોઈપણ પ્રકારનું હસ્તક્ષેપ કર્યું ન હતું.

→ મુસ્લિમ રાજાઓ ખાસ કરીને મુગલો શરૂઆતના સમયમાં જનતા પ્રત્યેની ફરજો બજાવવામાં જાગૃત હતાં. પ્રજાના જીવન અને મિલકતનું રક્ષણ કરવું તે પોતાની પ્રથમ ફરજ સમજતાં.

→ સંપૂર્ણ મુગલ પ્રાન્ત, અનેક સરકારો અને જીલ્લાઓમાં વિભાજીત હતા. નાનામાં નાનું વહીવટી એકમ "પરગના" કહેવાતું હતું. પરગના ગામોમાં વિભાજીત હતું. ગામોને પોતાના મામલાઓમાં ખૂબ જ સ્વતંત્રતા મળેલી હતી.

→ ધર્મ, શિક્ષણ, જાહેરકામો, સામાજિક ઉત્કર્ષ વગેરે બાબતો લોકો પર છોડી હતી. આમ ગામની સ્વતંત્રતામાં દાખલ કરવામાં આવતી ન હતી.

ForGujarat.com

→ અકબરના શાસનકાળમાં પંચાયતી રાજ સંસ્થાઓને નૈતિક અને વહીવટી સહકાર ખૂબ જ પ્રાપ્ત હતો.

→ આ કાળમાં મુખ્યત્વે કાજી, મીર, આદિલ વગેરે ન્યાયિક અધિકારીઓની નિમણૂંકના ઉપરાંત પણ ગ્રામ પંચાયતોની ભૂમિકા મહત્વપૂર્ણ બનેલી હતી. જ્યારે ગ્રામ સ્વરાજની સંસ્થાઓ ઝઘડાઓને નિપટાવવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં જ રાજ્યના ન્યાય અંગેના અધિકારીઓ સમક્ષ અપીલ થઈ શકતી.

→ મરાઠા કાળના અનેક દસ્તાવેજોથી ખબર પડે છે કે શિવાજી, રાજારામ અને શાહૂ વગેરેની પાસે જે મામલાઓ સીધા લાવવામાં આવતા હતા, તેમને તે પોતે ન સંભાળી ગ્રામ પંચાયતની પાસે મોકલી દેતા હતા.

→ મોગલો વહીવટમાં સ્થિર થયા ત્યારે જાગીર પ્રથા શરૂ થઈ અને તે કારણે ગ્રામ પંચાયતોની સ્વાયત્તતા ઘટવા પામી. ધીમે-ધીમે પંચાયતોના અધિકારો જાગીરદારો અને રાજ્યના અધિકારીઓના હાથમાં આવી ગયા. લગભગ 19 મી સદીના મધ્યભાગમાં પંચાયતોએ પોતાનું આગવું સ્થાન, ગૌરવ અને સ્વાયત્તતા ગુમાવી દીધી.

- **બ્રિટિશ શાસન હેઠળ ગામડાની સ્વશાસનની સંસ્થાઓ :**

ભારતમાં બ્રિટિશ સતા સાર્વભૌમ બનતા તેણે પોતાના હિત ખાતર ગામડાની તથા અન્ય સ્થાનિક સ્વ-શાસનની સંસ્થાઓમાં અનિચ્છનીય ફેરફારો કર્યા. વળી, બ્રિટિશ શાસન હેઠળ અત્યંત કરબોજ હેઠળ ગામડાનો ખેડૂત તથા કારીગર વર્ગ પાયમાલ થઈ ગયો. એટલે આ સંસ્થા ભાંગી પડી.આમ છતાં બ્રિટિશ સરકારને આવી સંસ્થાઓની જરૂરિયાત સમજાતા તેણે 1816 તથા 1819 ના સ્થાનિક સ્વશાસનને લગતા કાયદા પસાર કર્યા, જે અનુસાર બંગાળના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં માર્ગો, પુલો વગેરે બાંધવા તથા નદી પાર કરવા હોડીઓ વગેરેની વ્યવસ્થા કરવા માટે અલગ તંત્ર રચ્યું. સરકારે આ માટે સ્થાનિક સમિતિઓ રચી તથા જે તે જિલ્લા અધિકારીને તેના પ્રમુખ તરીકે નિયુક્ત કરીના આવા કાર્યો કરવાની તેમને સત્તાઓ આપી તથા તેમનો ચોક્કસ પ્રકારના નાના કરવેરા નાખવાનો પણ અધિકાર આપ્યો. 1824 માં મદ્રાસના ગવર્નર થોમસ મનરોએ તથા 1841 માં મુંબઈના ગવર્નર એલ્ફીસ્ટને પોતાની સરકારને પ્રાચીન ભારતની ગ્રામ્ય પંચાયતોને સજીવન કરવા અને તે માટેનું વ્યવસ્થિત તંત્ર પુનઃ સ્થાપિત કરવા આગ્રહ કર્યો, પરંતુ તે સંબંધમાં સરકારે તાત્કાલિક કોઈ નક્કર પગલાં ભર્યા નહિ. અલબત્ત, 1865 અને 1869 ના ધારાઓ અનુસાર ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ સ્થાપવા કે વિકસાવવા માટે સ્વૈચ્છિક ભંડોળો ઉઘરાવવાની છૂટ આપવામાં આવી. આ માટે સ્થાનિક આગેવાનોની બનેલી સમિતિઓ રચવી અને તેમને હસ્તક આ ભંડોળ તથા તેને લગતી કામગીરી સોંપવી તેવો ઠરાવ થયો, પરંતુ થોડા અપવાદો સિવાય આ કાર્યમાં ખાસ પ્રગતિ થઈ શકી નહીં.

ગવર્નર જનરલ લૉર્ડ મેયોએ 1870 માં નાણાકીય વિકેન્દ્રીકરણ માટેનો પસાર કરેલો ધારો સ્થાનિક સ્વશાનના વિકાસમાં બહુ મહત્વનો સાબિત થયો. આ ધારાના અનુસંધાનમાં બીજા જ વર્ષે જુદા જુદા પ્રાંતોમાં કાયદાઓ પસાર કરવામાં આવ્યા. જે અનુસાર કરવેરાનું ધોરણ અને પ્રમાણ નક્કી કરવામાં આવ્યું તથા આમાંથી જે ભંડોળ એકત્ર થાય તેની અમુક રકમ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સ્વશાનની સંસ્થાઓ તથા તેમની કામગીરી વિકસાવવામાં ખર્ચવાનું ઠરાવવામાં આવ્યું. આ માટે સરકારી અધિકારીના અધ્યક્ષ પદે સ્થાનિક સમિતિઓ રચવાનું તથા તેમના હસ્તક આ કામગીરી મુકવાનું પણ નક્કી કરવામાં આવ્યું. સમિતિઓમાં મોટા ભાગે સરકારી અધિકારીઓ કે પેટા અધિકારીઓને નિયુક્ત કરવામાં આવ્યાં જેથી આ સમિતિઓ ખાસ પ્રગતિ કરી શકી નહીં. લૉર્ડ રિપને 1882 માં સ્થાનિક સ્વશાસસને લગતો પસાર કરેલ ઠરાવ ભારતમાં સ્થાનિક સ્વરાજ્યના વિકાસ માટે શકવર્તી બની રહ્યો. જોકે તેમાં ગ્રામ્ય પંચાયતોની પુનઃસ્થાપનાને ઓછો અવકાશ હતો તથા જિલ્લા અને તાલુકા બોર્ડોની સ્થાપના માટે ખાસ જોગવાઈ કરવામાં આવી હતી. તો પણ તેનાથી ગ્રામ્ય પંચાયતોની પુનઃસ્થાપના માટેનો માર્ગ મોકળો થયો. સત્તાના વિકેન્દ્રીકરણ માટે 1909માં નિયુક્ત થયેલ પંચે ગ્રામ્ય પંચાયતોને સજીવન કરવા માટેની તથા તેમને આવકના ચોક્કસ સાધનો આપવાની કેન્દ્ર સરકારને ભલામણ કરી. આ ભલામણનો તાત્કાલિક અમલ ન થયો, પરંતુ તેના અનુસંધાનમાં હિન્દ સરકારે 1915 માં ગ્રામ પંચાયતની સ્થાપનાને લગતો એક ઠરાવ પસાર કર્યો. જે અનુસાર પસંદ કરાયેલા ચોક્કસ ગામડામાં ગ્રામ્ય પંચાયતો

સ્થાપવાનું, તેમને નાણાકીય સહાય કરવાનું તથા આવકના અમુક સાધનો ઊભા કરવાનું સૂચવવામાં આવ્યું. વળી, તેમને ગામડાના આરોગ્ય, શિક્ષણ તથા નાના દિવાની તેમજ ફોજદારી દાવાઓને લગતું કાર્ય સુપરત કરવાનું પણ ઠરાવવામાં આવ્યું. ગામડાની સરકારી અમલદાર સ્થાનિક લોકોની બનેલી સમિતિની સહાયથી આને લગતો વહીવટ કરે તેમ પણ નિશ્ચિત કરવામાં આવ્યું, પરંતુ પ્રાંતિક સરકારોએ આ કાર્યમાં ખાસ રસ નહિ દાખવતા ઠરાવનો અમલ થઈ શક્યો નહીં. છેવટે 1919 ના મોન્ટેગ્યુ ચેમ્સફોર્ડ સુધારાએ સ્થાનિક સ્વશાસનનો વિષય પ્રાંતિક સરકારોના ચૂંટાયેલા પ્રધાનોને હસ્તક મુકતા પછીથી ગ્રામ પંચાયતોની સ્થાપનામાં થોડી પ્રગતિ થઈ.

- **જિલ્લા લોકલ બોર્ડો તથા તાલુકા લોકલ બોર્ડો :**

પ્રાચીન મધ્ય યુગીન ભારતમાં ગ્રામ કક્ષાએ સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ હતી, પરંતુ તાલુકા તથા જિલ્લા કક્ષાએ તેમનો અભાવ હતો. આથી આ પ્રથા ભારતમાં બ્રિટિશ શાસન સ્થિર થયા પછી અસ્તિત્વમાં આવી પરંતુ ગ્રામ્ય સંસ્થાઓની માફક તે સમાન કક્ષાની તતા એક જ સ્વરૂપની સંસ્થાઓ ન હતી. પ્રાંત, જિલ્લા તથા તાલુકાના કદ તથા તેની પરિસ્થિતિ પ્રમાણે તેના સ્વરૂપ અને તેની કાર્યવાહીમાં ફરક હતો. મુંબઈ પ્રાંતમાં 1869 ના સ્વશાસનના સુધારા મુજબ મુંબઈ સરકારને પ્રાંતના જિલ્લાઓ તથા તાલુકાઓમાં સ્થાનિક સ્વશાસનની સમિતિઓ રચવાની તથા તેમની કામગીરી માટે યોગ્ય ભંડોળ ફાળવવાની સત્તા આપવામાં આવી. આથી આ કાયદા અનુસાર જિલ્લાઓ તથા તાલુકાઓમાં આવી સમિતિઓ સ્થાપવામાં આવી તથા તેમને સારી એવી રકમ આપવામાં આવી તેમજ તેના વડા તરીકે જે તે જિલ્લા તથા તાલુકાના મુખ્ય સરકારી અધિકારીને અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો અને તેની સહાયમાં સ્થાનિક સભ્યોની બનેલી સમિતિ રચવામાં આવી તો પણ આ સમિતિઓ નોકરશાહી તંત્રને લીધે તેમજ યોગ્ય સૂઝ તથા માર્ગદર્શનના અભાવે કોઈ નોંધપાત્ર કામગીરી કરી શકી નહીં. જયારે બંગાળમાં 1816 તથા 1819 ના ધારાઓને આધારે જિલ્લા ન્યાયાધીશોના અધ્યક્ષપદે સ્થપાયેલ સમિતિઓએ આ ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કર્યું. તેઓને બંગાળના જિલ્લામાં તાલુકાઓમાં પુલો, રસ્તાઓ વગેરે બાંધવાની કામગીરી કરી. હિંદના અન્ય પ્રાંતોમાં જમીન મહેસૂલની સાથે જ સ્થાનિક સ્વશાનની સંસ્થાઓના વિકાસ માટે નક્કી કરાયેલ વધારાનો વેરો ઉઘરાવવામાં આવતો જે રકમમાંથી જિલ્લા અધિકારીઓ સ્થાનિક સમિતિઓની સહાયથી પોતાના જિલ્લા તથા તાલુકામાં સ્થાનિક સ્વશાનને લગતા કાર્યો કરતા.

- **લોર્ડ મેયોનો 1870 નો ઠરાવ :**

લોર્ડ મેયોનો સત્તા તથા નાણાતંત્રના વિકેન્દ્રીકરણ તેમજ સ્વશાનને લગતો 1870 નો ઠરાવ. આ દિશામાં પદ્ધતિસરનું પ્રથમ પગલું ગણી શકાય. ઉપર નિર્દેશ કરેલી આ પહેલાં સ્થપાયેલી સમિતિઓ વ્યવસ્થિત, કાર્યક્ષમ તેમજ યોગ્ય પ્રતિનિધિત્વ વાળી ન હતી. વળી, તેમની પાસે પૂરતું ભંડોળ પણ ન હતું તથા તેમનું વ્યવસ્થાતંત્ર પણ એકસરખું ન હતું. જયારે મેયોએ 1870 માં પસાર કરેલ ઠરાવે ગ્રામ વિસ્તારોમાં જાહેર આરોગ્ય, તબીબી સેવા, શિક્ષણ વગેરે જેવા સ્થાનિક વિષયોના કાર્યો સ્થાનિક સમિતિઓને સોંપી દેવાનું જણાવ્યું. આવા કાર્યોમાં સ્થાનિક અમલદારો તેમની સહાય કરે તથા જમીન મહેસૂલ પરના વધારાના કરની રકમ તેમને ખર્ચ પેટે મળે તેમ પણ ઠરાવવામાં આવ્યું. આ ઠરાવના અમલ માટે પ્રાંતિક સરકારોએ અમલદારોના અધ્યક્ષપદે જિલ્લા તથા તાલુકા સમિતિઓની સ્થાપના કરી તથા મહેસૂલ પરના વધારાના કરની રકમ તેમને ફાળવી, પરંતુ આ સમિતિઓમાં લોકોના પ્રતિનિધિઓનું પ્રમાણ જુજ હતું. તેમના સભ્યો ઉપલા વર્ગના અધિકારીઓ કે બિનઅધિકારીઓ હતા, એટલે તેઓએ વિવિધ સ્થાનિક સ્વશાસનને લગતા કાર્યોમાં જોઈતો રસ લીધો નહીં આથી આવી સમિતિઓ કોઈ ખાસ કાર્ય કરી શકી નહીં. છતાં આ દિશામાં મેયોનું આ પ્રથમ સાચું પગલું હતું.

- **લોર્ડ રિપનનો 1882 નો ઐતિહાસિક ઠરાવ :**

પ્રજાકીય ઢબે જિલ્લા તથા તાલુકા બોર્ડો સ્થાપવાનું સ્તુત્ય પગલું લૉર્ડ રિપને સ્વશાનના ઐતિહાસિક ઠરાવ દ્વારા લીધું. તેણે પોતે જણાવ્યા પ્રમાણે આ ઠરાવનો આશય વહીવટ સુધારવાનો ન હતો, પરંતુ તેનો હેતુ લોકોને રાજકીય અને જાહેર સંસ્થાનું શિક્ષણ આપવાનો હતો. તેના કથન પ્રમાણે તેમની કાઉન્સિલની દઢ માન્યતા હતી કે સમય જતા આવી સંસ્થાઓમાં

4Gujarat.com

સ્થાનિક જાણકારી સાથેના સ્થાનિક લોકો મોટા પ્રમાણમાં જોડાશે તેથી આ સંસ્થાની શરૂઆતની ઉણપો ક્રમશઃ દૂર થશે અને તેઓ જાહેર સેવાના કાર્યોમાં ધીરે ધીરે કાર્યશીલ બનશે. આ ઠરાવ અનુસાર આ પહેલાંની આ ક્ષેત્રની તમામ સમિતિઓ રદ કરવામાં આવી તથા તેમને સ્થાને લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતા જિલ્લા તથા તાલુકા બોર્ડો સ્થાપવામાં આવ્યા. તેઓ કાર્યશ્રમ રીતે કાર્ય કરી શકે માટે તેમના નાના ઘટકો રચવામાં આવ્યા. તેમાં ¾ ભાગના સભ્યો ચૂંટાયેલા તથા ¼ ભાગના સભ્યો રાખવાનું ઠરાવવામાં આવ્યું. આમ ચૂંટાયેલા સભ્યોની મોટી બહુમતી રાખવામાં આવી. તેમના સભ્યપદની મુદત 2 વર્ષની રાખવામાં આવી. સરકારી અમલદારોએ આ સંસ્થાઓ પર માત્ર દેખરેખ રાખવાની હતી, પરંતુ તેમની આંતરિક કામગીરીમાં હસ્તક્ષેપ કરવાનો ન હતો. સંસ્થાઓને આવકના અમુક સાધનો આપવામાં આવ્યા તથા જરૂર પડે તો સરકારી સહાયતની ખાતરી આપવામાં આવી.

આવી સંસ્થાઓમાં સ્થાનિક લોકો પૂરતો રસ લે તે માટે તેમને ઉત્તેજન આપવાનું સરકારી અમલદારોને જણાવવામાં આવ્યું તથા સારા લોકો જાહેર સેવાના કાર્યો પ્રત્યે આકર્ષાય માટે આવી સંસ્થાઓના સભ્ય બનનારને રાય કે રાયબહાદુરનો ઈલ્કાબ આપવાનું પણ ઠરાવવામાં આવ્યું. શક્ય હોય ત્યાં સુધી સ્વશાસનની આ સંસ્થાઓના પ્રમુખ તરીકે ચૂંટાયેલા સભ્યો રાખવાનું સૂચવવામાં આવ્યું. કારણકે રિપન આ ઠરાવથી સ્વશાનની સંસ્થાઓનું બને તેટલું લોકશાહીકરણ કરવા માગતા હતા તથા ગ્રામ્ય વિસ્તારના બુદ્ધિશાળી અને શિક્ષિત લોકો તેમાં વધારે પ્રમાણમાં જોડાય તેમ ઈચ્છતા હતા. જિલ્લાઓ તથા તાલુકાઓના જાહેર આરોગ્ય, માર્ગો અને પુલોના બાંધકામ, શિક્ષણનો વિકાસ વગેરે કાર્યો આ સંસ્થાઓને સુપરત કરવામાં આવ્યો. જિલ્લા અને તાલુકાના મુખ્ય અધિકારીઓને આ બોર્ડોની કામગીરી પર દેખરેખ રાખવાની તેમની તપાશ કરવાની તેમજ ગેરવહીવટ તથા ફરજ પ્રત્યેની ગંભીર ઉપેક્ષાના સમયે કેન્દ્ર સરકારની મંજૂરીથી તેમને મોકૂફ રાખવાની તથા રદ કરવાની પણ સત્તા આપવામાં આવી.

આમ, 1882 નો રિપનનો સ્થાનિક સ્વરાજ્યને લગતો ઠરાવ ઘણો જ મહત્ત્વનો ગણાય છે. આથી તેમને ભારતમાં "સ્થાનિક સ્વરાજયના પિતા" કહેવામાં આવે છે. આ ઠરાવે ભારતીયોને લોકશાહી પદ્ધતિ તથા જાહેર સેવાની તાલીમની તક પૂરી પાડી. તેમજ આવી સંસ્થાઓના વિકાસ માટેની સાચી દિશા નિશ્ચિત કરી આપી. આમ છતાં લીંડસે જણાવે છે તેમ આ ધારાથી રિપેન રાખેલી બધી આશાઓ પૂર્ણ થઈ શકી નહી, કારણકે આવા બોર્ડોના મોટાભાગના સભ્યો અશિક્ષિત હતા તથા તેમનું કાર્ય ખાસ જાણકારી ન હતી. આથી બોર્ડો પરનું સરકારી અમલદારોનું વર્ચસ્વ વધ્યું. તેથી રિપેનનો લોકોને આવી સંસ્થાઓ દ્વારા લોકશાહીની તાલીમ આપવાનો મૂળભૂત આશય ફળીભૂત થઈ શકયો નહીં, વળી આ સંસ્થાઓ પાસે પૂરતા નાણાકીય સાધનો પણ ન હતા. એટલે તેઓ જિલ્લા તથા તાલુકા માટેના જરૂરી વિકાસ કાર્યો કરી શકી નહીં, વળી વાસ્તવમાં આ બોર્ડોના પ્રમુખ તરીકે મોટેભાગે જિલ્લા અધિકારી ચૂંટાયેલા. આથી પણ સ્થાનિક લોકોનો તે માટેનો ઉત્સાહ મંદ રહેતો. આમ છતાંય 1882 ના ઠરાવે ભારતમાં ગ્રામ્ય વિસ્તારોના સ્થાનિક સ્વરાજયના વિકાસની બાબતમાં ખૂબ જ નોંધપાત્ર પગલું ભર્યું તે નિશંક છે.

- **1909 નો ઠરાવ :**

ગ્રામ્ય વિસ્તારોની સ્થાનિક સ્વશાસનની સંસ્થઓના વિકાસ માટેનું બીજું અગત્યનું પગલું સરકારે 1909 ના વિકેન્દ્રીકરણ પંચની ભલામણોના અનુસંધાનમાં ભર્યું. 1882 ના ઠરાવ અનુસાર જિલ્લા અને તાલુકા બોર્ડના સભ્યોને ચૂંટવા માટેનું મતદાન મંડળ આ વિસ્તારની કુલ વસ્તીના 6% જેટલું જ હતું. 1909 ના કમિશને વધારે લોકોને મતદાનનો હકક આપવાની ભલામણ કરી. કમિશનની બીજી ભલામણ અનુસાર જિલ્લા તથા તાલુકા બોર્ડોને મહેસૂલી આવકના દર 1 રૂપિયા પર એક પૈસો વધારાના કર તરીકે લેવાની છૂટ આપવામાં આવી. આથી તેમની નાણાકીય મુશ્કેલીઓ થોડી ઓછી થઈ તથા તેમને વિકાસ કાર્યો કરવા માટેની થોડી વધારે તક મળી.

- **1918 નો ઠરાવ :**

આમ છતાં આ વ્યવસ્થાની મૂળભૂત ખામીઓ ચાલુ રહી હજુયે મોટાભાગના જિલ્લા બોર્ડોના પ્રમુખ તરીકે કલેકટર તથા તાલુકા બોર્ડના પ્રમુખ તરીકે મામલતદાર ચૂંટાતા આથી બોર્ડો પર અમલદારી વર્ચસ્વ

4Gujarat.com

વધારે રહેતું. વાસ્તવમાં ¾ ભાગના સભ્યો ચૂંટાતા નહી તથા નિયુક્ત સભ્યોનું પ્રમાણ નિશ્ચિત કર્યા કરતાં વધારે રહેતું. 1818 ના ઠરાવથી આમાંની મોટાભાગની ઉણપો દૂર થઈ આ ઠરાવ અનુસાર ચૂંટાયેલા સભ્યોનું પ્રમાણ નિશ્ચિતપણે ¾ રાખવાનું, બિનઅધિકારીને પ્રમુખ તરીકે ચૂંટવાનું તથા લોકોને યોગ્ય પ્રતિનિધિત્વ મળે માટે મતદારોની સંખ્યા વધારવાનું સૂચવવામાં આવ્યુ. વિશેષમાં પોતાના અંદાજપત્ર પર બોર્ડોને પૂરેપૂરો અંકુશ આપવાનું, પોતાના કાર્યક્ષેત્રની મર્યાદામાં રહીને બોર્ડોને વધારાના કર નાખવાની સત્તા આપવાનું તથા બોર્ડોના કર્મચારીને સરકારી નોકરે ગણીને તેમનો યોગ્ય સુવિધાઓ આપવાનું પણ ઠરાવવામાં આવ્યું.

- **1919 દ્વિમુખી શાસન પદ્ધતિ :**

1919 ના મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા હેઠળ પ્રાંતોમાં સ્થપાયેલી દ્વિમુખી શાસન પદ્ધતિ અનુસાર સ્થાનિક સ્વશાસનનો વિષય સોંપાયેલ ખાતાનો વિષય બન્યો, તેથી તે ધારાસભાને જવાબદાર એવા ચૂંટાયેલા પ્રધાન હસ્તક મૂકવામાં આવ્યો. આથી 1918 ના આ વિષયને લગતા કાયદામાં અમલ કરવા પ્રાંતિક સરકારોએ જુદા જુદા ધારાઓ પસાર કર્યા. આના અન્વયે બ્રિટિશ હિન્દમાં 1919 ના અંત સુધીમાં 200 જિલ્લા બોર્ડો 540 તાલુકા બોર્ડો તથા આશરે 640 ગ્રામ્ય સંગઠનો (પંચાયતો) કામ કરતા થયા. 1912-13 માં આવી સંસ્થાઓની કુલ વાર્ષિક આવક 5½ ન કરોડ જેટલી હતી જે વધીને 1917-18 માં 7 કરોડ જેટલી થઈ. તેમની મુખ્ય ખામી એ હતી કે તેઓ પોતાના અધિકાર ક્ષેત્રમાં કરવેરા વધારીને પોતાની આવક વધારવા ઈચ્છતી ન હતી. કારણ કે તેમને લોકપ્રિયતા ગુમાવવાનો ભય રહેતો હતો. આથી લોકહિતના પૂરતાં કામો કરી શકતી નહીં.

- **નગરીય વિસ્તારની સ્વશાસની સંસ્થાઓ :**

જિલ્લા અના તાલુકા વોર્ડોની સ્થાપના સાથે ભારતના ઘણા ખરા શહેરોમાં પણ 1850 થી 1882 ની વચ્ચે મ્યુનિસિપલ તંત્ર રચવામાં આવ્યા તથા મોટાભાગના પ્રાંતોએ આ માટેના જરૂરી કાયદા કર્યા. 1842 માં હિન્દ સરકારે કરેલા કાયદા અનુસાર બંગાળના નગરોમાં શહેર સુધરાઈઓ સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી. આની પાછળ નગરોની જાહેર આરોગ્ય તથા શિક્ષણની અને તબીબી સેવાઓને વિકસાવવાનો અને વ્યવસ્થિત કરવાનો તેમજ તેમના લોકોને જાહેર સેવા અને વહીવટી તંત્રનો અનુભવ આપવાનો મુખ્ય આશય હતો. નગરોમાં વસતા ⅔ ભાગના લોકો અરજી કરે તો જ તેમને આવી સેવાનો લાભ આપવાનો હતો, વળી સરકારી સહાય ઉપરાંત સીધા કરવેરા દ્વારા તેઓએ પોતાની આવકના સાધનો પ્રાપ્ત કરવાના હતા. આથી આ યોજનાને વિશેષ આવકાર ન મળ્યો. લોકો સીધા કરવેરા ભરવા રાજી ન હતા. આ જ વિષયને લગતો 1850 નો કરવામાં આવેલો કાયદો બ્રિટિશ હિંદના સમસ્ત નગરોને મરજિયાત લાગુ પાડવામાં આવ્યો તથા તેમાંલોકો પર આડકતરા કરવેરા નાખાવી જોગવાઈ કરવામાં આવી તેમજ લોકોના પ્રતિનિધિઓની બનેલી સમિતિઓ દ્વારા તેનો વહીવટ કરવાનું ઠરાવવામાંઆવ્યું. પંજાબ, મુંબઈ, વાયવ્ય પ્રાંત (ઉત્તરપ્રદેશ) મધ્યપ્રદેશ વગેરે પ્રાંતોના નગરોમાં આ ધારાનો નોંધપાત્ર લાભ લેવાયો. જયારે મદ્રાસ અને બંગાળમાં ખૂબ મર્યાદિત પ્રમાણમાં તેનો અમલ થયો.

1849 માં પંજાબના બ્રિટિશ હિંદ સાથેના જોડાણ બાદ 1850 માં પસાર કરવામાં આવેલા કાયદા અનુસાર પંજાબના મુખ્ય નગરોમાં સુધરાઈને લગતા તંત્રો સ્થાપવામાં આવ્યા કે પ્રચલિત તંત્રોને વિકસાવવામાં આવ્યા. આ માટે નગર ન્યાયાધીશના અધ્યક્ષપદે શહેરના આગેવાન ઉદ્યોગપતિઓ, વેપારીઓ વગેરેની બનેલી સમિતિઓ રચવામાં આવી તેમને શહેરમાં આવતા માલ પર અમુક કર લેવાની સત્તા આપવામાં આવી. તેમને શહેરની ગટરયોજના, રસ્તાઓ, વાહનવ્યવહાર વગેરેના વિસ્તાર માટેની કામગીરી સોંપવામાં આવી. અમૃતસર, લાહોર, અંબાલા વગેરે શહેરોમાં આ બાબતમાં નોંધપાત્ર કામગીરી થઈ. તથા કામોમાં થયેલ ખર્ચનો મોટાભાગનો હિસ્સો શહેરીઓએ સ્વેચ્છાએ આપ્યો, પંજાબ સરકારના 1867 ના કાયદાથી પંજાબના નગરોમાં સુધરાઈઓનો વિશેષ વિકાસ થયો. આ ધોરણે ઉત્તરપ્રદેશના નગરોમાં પણ સુધરાઈ સમિતિઓ રચાઈ અને તેઓએ પણ આ ક્ષેત્રમાં ગણનાપાત્ર કામગીરી કરી. મુંબઈ પ્રાંતમાં પણ 1850 ના ધારાનો મોટા પ્રમાણમાં લાભ લેવાયો. મુંબઈ સરકારે 1873 માં પસાર કરેલા ધારા અનુસાર 2000 થી 10000 ની વસ્તી ધરાવતા તમામ નગરોમાં સુધરાઈ સમિતિઓ સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી. જોકે

પ્રાંતના આવા તમામ શહેરોમાં સુધરાઈઓ અસ્તિત્વમાં આવી નહીં, પરંતુ ઘણ ખરા મોટા નગરોમાં સુધરાઈઓ અસ્તિત્વમાં આવી નહીં, પરંતુ ઘણા ખરા મોટા નગરોમાં સુધરાઈ સમિતિઓ રચાઈ. તેમના પ્રમુખ તરીકે નગર ન્યાયાધીશમાંથી નિમાતા તથા તેમના સભ્યોને શહેરના આગેવાન નાગરિકમાંથી નિયુકત કરવામાં આવતા. આ સમિતિઓએ પણ શહેરોના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો. મધ્યપ્રદેશ અને આંધ્રના ઘણા ખરા શહેરોમાં 1867 ના ધારાના અન્વયે સુધરાઈ સમિતિઓ રચવામાં આવી, પરંતુ મદ્રાસ અને બંગાળના પ્રાંતોમાં આ બાબતમાં ખાસ પ્રગતિ થઈ નહીં. મદ્રાસ સરકારના 1865 અને 1869 ના ધારાઓ અન્વયે મદ્રાસ પ્રાંતના 42 શહેરોમાં સુધરાઈ સમિતિઓ સ્થાપવામાં આવી, પરંતુ બ્રિટિશ સરકારમાં લોકોની અવિશ્વાસની લાગણીને લીધે આ સમિતિઓ નગર વિકાસને લગતું કોઈ નક્કર કાર્ય કરી શકી નહીં. બંગાળા સરકારના 1864 તથા 1868 ના ધારા પ્રમાણે બંગાળના મોટા તથા નાના નગરોમાં સુધરાઈ સમિતિઓ રચવામાં આવી, પરંતુ તેમના પરના વધારે પડતા સરકારી નિયંત્રણો તથા સમિતિઓના સભ્યોની ઉદાસીનતાને કારણે બંગાળમાં પણ નગરોના વિકાસની બાબતોમાં ખાસ કામ થઈ શકયું નહીં.

- **લૉર્ડ મેયોનો 1870નો ઠરાવ :**

નગરોમાં સ્થાનિક સ્વશાસના વિકાસ માટે કેન્દ્ર સરકાર તથા પ્રાંતિક સરકારોએ જુદા જુદા કાયદાઓ કર્યા છતાંયે 1870 સુધી તેમાં કોઈ ગણનાપાત્ર પ્રગતિ સધાઈ નહીં. કારણ કે સુધરાઈના તંત્રનું સંચાલન સરકારી અમલદાર હસ્તક હતું તથા આવી સમિતિઓના સભ્યો તરીકે ધનિક વર્ગના કે ઉપલા વર્ગના લોકો નિયુક્ત થતા. જેમને જાહેર સેવાના કાર્યોમાં રસ ન હતો, આ સંસ્થાઓમાં ચૂંટણીનો સિદ્ધાંત અમલમાં મૂકવામાં આવ્યો ન હતો. તેથી સામાન્ય નાગરિકો પોતાના શહેરના વિકાસના પ્રશ્નોમાં રસ લઈ શકતા નહિ, પરંતુ આ બાબતમાં પહેલો મહત્ત્વનો ફેરફાર લૉર્ડ મેયોના 1870 ના સત્તાના તથા નાણા તંત્રના વિકેન્દ્રીકરણના ઠરાવથી કરવામાં આવ્યો. આ ઠરાવના અનુસંધાનમાં મુંબઈ, મદ્રાસ, બંગાળા, વાયવ્ય પ્રાંત મધ્ય પ્રાંત, પંજાબ વગેરેથી 1871 થી 1874 ની વચ્ચે નગર સુધરાઈઓને લગતા ધારાઓ પસાર કરવામાં આવ્યા જે અનુસાર સુધરાઈઓની સમિતિઓનું કાર્યક્ષેત્ર નિશ્ચિત કરવામાં આવ્યું. તેમાં ચૂંટાયેલા સભ્યોનું અમુક પ્રમાણ રાખવાનું ઠરાવવામાં આવ્યું. તેમને આવકના નિશ્ચિત સાધનો આપવામાં આવ્યા તથા તેમના પરનું સરકારી નિયંત્રણ મર્યાદિત કરવામાં આવ્યું. આમ છતાં પણ 1882 ના ઠરાવનો અમલ થતાં સુધી કોઈપણ પ્રાંતની નગર સુધરાઈએ ચૂંટણીના સિદ્ધાંતોનો સંતોષકારક રીતે અમલ કર્યો ન હતો તેમજ પોતાના કાર્યક્ષેત્રમાં આવતા શિક્ષણ, આરોગ્ય કે તબીબી સેવાને લગતી કોઈ નોંધપાત્ર કામગીરી કરી ન હતી કે પોતાની આવકના સાધનો વધારવા માટે કોઈ પ્રયત્ન કર્યા ન હતા. કારણ કે મદ્રાસના ગવર્નર લૉર્ડ હોબર્ટે 1874 માં નોંધ્યું છે તેમ હજુય સુધરાઈ સમિતિઓ પર સરકારી અધિકારીઓનું વ્યવહારમાં પૂરેપૂરું વર્ચસ્વ હતું. સમિતિઓના સભ્યો નાના જૂથના પ્રતિનિધિઓ હતા તથા સમિતિઓમાં ચૂંટણીના સિદ્ધાંતો અનુસાર સામાન્ય લોકોના પ્રતિનિધિઓનું જોડાણ થયેલું ન હતું. આથી સુધરાઈઓ કાર્યક્ષમ બની શકી નહીં કે જાહેર હિતના કાર્યો કરી શકી નહીં.

- **લૉર્ડ રિપનનો 1882નો ઠરાવ :**

લૉર્ડ રિપનના 1882 ના ઠરાવે જિલ્લા અને તાલુકા બોર્ડોના વિકાસની સાથે શહેરોની સુધરાઈઓના વિકાસમાં પણ નોંધપાત્ર ફાળો આપ્યો. આ ઠરાવ અનુસાર સુધરાઈઓમાં ચૂંટાયેલ સભ્યોનું પ્રમાણ વધારવાની, તેના પ્રમુખ તરીકે ચૂંટાયેલ સભ્ય રાખવાની, તેમનું કાર્યક્ષેત્ર તદ્દન નિશ્ચિત કરવાની, તેમને આવકમાં ચોક્કસ સાધનો આપવાની તથા તેમના પરનું સરકારી નિયંત્રણ માત્ર દેખરેખ પૂરતું રાખવાની જોગવાઈ કરવામાં આવી. આના અનુસંધાનમાં જુદા જુદા પ્રાંતોની સરકારોએ 1883-84 માં નગરોની સુધરાઈઓમાં ચૂંટાયેલ સભ્યોનું પ્રમાણ ⅓ થી ⅔ જેટલું રાખવાનો તેમના પ્રમુખ તરીકે ચૂંટાયેલ સભ્યોને નિયુક્ત કરવાનો તથા તેમનું કાર્યક્ષેત્ર વિસ્તૃત કરવાને લગતા કાયદા કર્યા, વળી આ ધારાઓ અનુસાર નગરના પોલીસતંત્રને સુધરાઈ તંત્રથી અલગ કરવામાં આવ્યું તથા તેનું ખર્ચ પ્રાંતિક સરકારે ભોગવવાનું ઠરાવવામાં આવ્યું. તો પણ શહેર સુધરાઈઓની બાબતમાં ધારી પ્રગતિ થઈ નહિં. કારણકે હજુ પણ ઘણી ખરી સમિતિઓ પોતાના પ્રમુખ

AGujarat.com

તરીકે સરકારી અધિકારીને ચૂંટણી કરતી તથા મતદાર મંડળ સંકુચિત હોવાને લીધે ઉપલા વર્ગના લોકો સભ્યો તરીકે ચૂંટાઈને આવતા. આથી શહેરના શિક્ષણ, આરોગ્ય તથા તબીબી સેવાને લગતા પ્રશ્નોના ઉકેલમાં ખાસ પ્રગતિ સધાઈ નહિ.

- **1909 ના ધારાથી સુધરાઈઓની પ્રગતિ :**

આ બાબતમાં 1909 સુધી કોઈ પ્રગતિ થઈ શકી નહીં, પરંતુ હિન્દી વજીર મોર્લેએ સત્તાના વિકેન્દ્રીકરણના ક્ષેત્રમાં સુધારા સૂચવવા નિયુક્ત કરેલ પંચે 1909 માં કરેલી ભલામણો અનુસાર સ્થાનિક સ્વશાસનના તંત્ર તથા કાર્યક્ષેત્રમા અગત્યના ફેરફારો કરવામાં આવ્યા. તેમાં ચૂંટાયેલ સભ્યોનું પ્રમાણ વધારવામાં આવ્યું. તેના પ્રમુખ તરીકે ચૂંટાયેલ બિનઅધિકારીને જ રાખવાનું ઠરાવવામાં આવ્યું. તેમને કાર્યક્ષેત્રની વિશેષ મોકળાશ આપવામાં આવી. તેમને અપાતી સરકારી સહાયમાં વધારો કરવામાં આવ્યો તથા શહેરની ગટર, પાણી પુરવઠો વગેરેને લગતી મોટી યોજનાઓ માટે તેમને વધારે નાણાની સહાય પણ આપવાની જોગવાઈ કરવામાં આવી. 1910 માં ગવર્નર જનરલની કારોબારીના એક સભ્ય સર હાકોટ બટલરે આ ખાતાનો હવાલો સંભાળતા તેણે આ બાબતમાં લીધેલ અંગત રસને લીધે ઘણા શહેરોની સુધરાઈઓનું લોકશાહીકરણ કરવામાં આવ્યું તથા તેમની કાર્યવાહીમાં ઝડપ લાવવામાં આવી. 1915માં આ ખાતાના સભ્ય સર શંકરનને પણ સુધરાઈઓના વિકાસમાં કિંમતી ફાળો આપ્યો. 1892 તથા 1909 ના ધારાઓ અનુસાર નગર સુધરાઈઓને પ્રાંતિક ધારાસભાના સભ્યો ચૂંટવાનો હકક મળ્યો હતો. આથી તેમની અગત્યતા વધી તથા તેમાં ચૂંટાયેલા સભ્યોનું પ્રમાણ વધારવા માટેના સફળ પ્રયત્નો થયા. 20 મી ઑગસ્ટ 1917 ના રોજ મોન્ટેગ્યુએ હિંદમાં બ્રિટિશ સરકારના અંતિમ ધ્યેય તરીકે જવાબદાર રાજ્યતંત્ર લોકોને વધારે જવાબદાર બનાવવાની જરૂરિયાત ઊભી થઈ તેના અનુસંધાનમાં પણ તેમના માળખામાં લોકશાહી ઢબના ફેરફારો કરવામાં આવ્યા.

- **1918ના ધારાએ કરેલ મૂળભૂત ફેરફારો :**

હિંદ સરકારના 1918 ના ધારાએ સુધરાઈઓ સહિતની હિંદની સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓના બંધારણમાં પ્રગતિશિલ ફેરફારો કર્યો. તેણે સુધરાઈઓમાં ચૂંટાયેલ સભ્યોનો પ્રમાણ 50% ને બદલે 75% રાખવાનું ઠરાવ્યું. નિયુક્તિ અથવા કોમી મતદાર મંડળો દ્વારા લઘુમતીઓને તેમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવાનું સૂચવ્યું. સુધરાઈઓમાંના આરોગ્ય અધિકારી અને તેવા અન્ય અધિકારીઓને માત્ર સલાહકારો ગણવામાં આવ્યા તથા તેમનો મત આપવાનો હકક રદ કરવામાં આવ્યો. મ્યુનિસિપલ વેરા ભરનારને ન્યાય મળે તે માટે મતદારોની લાયકાતોનું ધોરણ નીચું લાવવામાં આવ્યું. જે તે પ્રાંતની ધારાશબાઓ પસાર કરેલ ઠરાવ અનુસાર સુધરાઈઓને કરવેરા ઉઘરાવવાની તથા જાહેર હિતના કાર્યો પર ખર્ચ કરવાની છૂટ આપવામાં આવી. તેમને પોતાના અધિકાર ક્ષેત્રમાંના કરવેરામાં ફેરફારો કરવાનો તથા પોતાના અંદાજપત્રો તૈયાર કરવાનો હકક આપવામાં આવ્યો. પ્રાંતમાં સ્થાનિક સ્વશાસન ખાતાના પ્રધાનને ધારાસભાના સભ્યોની બનેલી એક સલાહકાર સમિતિ રચવામાં આવી. જે પ્રાંતમાં સ્થાનિક સ્વશાસન તથા સુધરાઈઓના વિકાસ કાર્યો માટે પ્રધાનને સલાહ તથા માર્ગદર્શન આપતી. સુધરાઈઓ પર આખરી અધિકાર પ્રાંતિક સરકારનો હતો, અને તેમના કોઈપણ ઠરાવને તે નામંજૂર કરી શકતી. તે સુધરાઈઓમાં કામ પર દેખરેખ રાખવા નિરીક્ષકો પણ નિમતી જે તેમના હિસાબો તથા કાર્યવાહીની તપાસ કરતા. આમ છતાં સુધરાઈઓની આંતરિક બાબતમાં સરકાર ભાગ્યે જ દરમિયાનગીરી કરતી.

આમ છતાં ભારતમાં 1935 સુધી સ્થાનિક સ્વશાસન તથા સુધરાઈઓના કાર્યોમાં ખાસ પ્રગતિ નોંધાઈ નહિં. જો કે સુધરાઈઓની 1881-82 માં કરવેરા, નાકાવેરા અને સરકારી સહાયમાંથી કુલ આવક રૂપિયા 129 લાખ હતી, તે વધીને 1900-01 માં 237 લાખ તથા 1912-13 માં 492 લિખની થઈ તથા 1912-13માં બ્રિટિશ હિંદમાં સુધરાઈઓની કુલ સંખ્યા 700ની હતી તો પણ તે પોતાના ક્ષેત્રમાં લોકસેવાના કાર્યો સફળ રીતે કરી શકી નહીં. આના કારણોમાં આ ક્ષેત્રમાં યોગ્ય વ્યક્તિઓનો અભાવ, સરકારી નિયંત્રણો, નાણાકીય સાધનોની ઉણપ વગેરે ગણાવી શકાય.

- **પ્રાંતિક રાજધાનીઓમાનું સ્વશાસન મદ્રાસ :**

બ્રિટિશ હિંદના મૂળ પ્રાંતોની રાજધાનીઓ મદ્રાસ, કલકત્તા તથા મુંબઈમાં સ્થાનિક સ્વશાસનનો જરા અલગ રીતે વિકાસ થયો. સ્થાનિક સ્વશાસનનો સૌપ્રથમ

4Gujarat.com

પ્રયોગ બ્રિટિશ સરકારે આ ત્રણ શહેરોમાં કર્યો. બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સંચાલક મંડળે છેક 1687 માં યુરોપીયન તથા હિન્દી સભ્યોનું બનેલ કોર્પોરેશન મદ્રાસમાં સ્થાપવાનો નિર્ણય લીધો તે અનુસાર 1687 માં બ્રિટિશ હિંદમાં સૌપ્રથમ મ્યુનિસિપલ કોર્પોરેશન મદ્રાસમાં સ્થાપવાનો નિર્ણય લીધો તે અનુસાર 1687 માં બ્રિટિશ હિંદમાં સૌપ્રથમ મ્યુનિસિપલ કોર્પોરેશન મદ્રાસમાં અસ્તિત્વમાં આવ્યું, પરંતુ શહેરમાં જાહેર આરોગ્ય અને સફાઈના કોઈ નિયમો નહિ હોઈને ચારે બાજુ ગંદકીના ઢગ જોવા મળતા તથા મરેલાં ઢોર પણ રસ્તા પર રઝળતાં મુકવામાં આવતાં પરિણામે કોર્પોરેશન કોઈ કાયદાથી કામ કરી શકયું નહિ. છેવટે 1773 માં નિયામક ધારાએ ગવર્નર જનરલને કંપનીના નોકરોમાંથી મદ્રાસના બે ને ''જસ્ટિસ ઑફ પીસ'' તરીકે નિયુક્ત કરવાની સત્તા આપી. આ બે ''જસ્ટિસ ઑફ પીસ''ને શહેરની સફાઈ માટે ઝાડુવાળા નિયુક્ત કરવાનો અધિકાર આપવામાં આવ્યો, પરંતુ મદ્રાસ જેવા શહેરોની સફાઈ માટે આ યોજના તદ્દન અપર્યાપ્ત હતી. તેથી આ બાબતમાં કોઈ કામગીરી થઈ શકી નહીં. આથી 1817 થી 1830 ની વચ્ચે પસાર કરાયેલા કાયદાઓ મુજબ ''જસ્ટિસ ઑફ પીસ''ની સંખ્યા વધારવામાં આવી. તેમને સ્થાનિક કરો નાખવાની અને ઉઘરાવવાની સત્તા આપવામાં આવી તથા તેમને શહેરના રસ્તાઓ બાંધવા અને દુરસ્ત કરાવવા તેમજ ગટર યોજનાને લગતી કામગીરી સુપરત થઈ, પરંતુ ''જસ્ટિસ ઑફ પીસ'' પોતાના કાર્યોમાં જોઈતો રસ લીધો નહિં. એટલે તેમની કામગીરી ન્યાયાધીશોને સોંપવામાં આવી.

1841 ના ધારા મુજબ મદ્રાસમાં સ્થાનિક સ્વશાસનના વિકાસ માટે કાર્ય કરતા ન્યાયાધીશોને સ્થાનિક લોકોના પ્રતિનિધિઓની બનેલી એક સમિતિ સહાયક તરીકે આપવાનું નક્કી થયું. સમિતિનું મુખ્ય કાર્ય સ્થાનિક કરવેરાની આંકણી કરવાનું તથા એકઠા કરવાનું હતું. તેના સભ્યોની ચૂંટણી કરવાની હતી, પરંતુ લોકો આ બાબતથી ટેવાયેલા નહિ હોઈને ચૂંટણીપ્રથા રદ કરવામાં આવી. 1856 ના બે અગત્યના ધારાઓ મદ્રાસ, કલકત્તા તથા મુંબઈ એમ ત્રણે શહેરોને લાગુ પાડવામાં આવ્યા. પહેલાં ધારા અનુસાર ત્રણે બંદરોના વિકાસ માટે અલગ અલગ બોર્ડો રચવામાં આવ્યાં. જયારે બીજા ધારા પ્રમાણે ત્રણે શહેરોમાંથી ઉઘરાવવાના સ્થાનિક કરોના પ્રમાણ અને પ્રકાર નક્કી કરવામાં આવ્યા. મદ્રાસ શહેરના કોર્પોરેશન માટેનો અગત્યનો ધારો મદ્રાસ ગવર્નરની કાઉન્સિલે 1867 માં પસાર કર્યો. તે અનુસાર મદ્રાસ શહેરને આઠ વોર્ડોમાં વહેંચી નાખવામાં આવ્યું. લોકોના પ્રતિનિધિઓને કોર્પોરેશનના કામમાં સામેલ કરવાના આશયથી દરેક વોર્ડની કામગીરી માટે ચાર સભ્યોની બનેલી સમિતિ નિયુક્ત કરવામાં આવી. પ્રત્યેક વોર્ડ કે સમિતિને શિક્ષણ, તબીબી સેવા, શીતળા ટાંકવા, સફાઈ દીવાબત્તી તથા પોલીસને લગતી જવાબદારીઓ સોંપવામાં આવી. જો કે આ બાબતની આખરી સત્તા સરકાર નિયુક્ત પ્રમુખ હસ્તક રાખવામાં આવી. 1871 માં પોલીસતંત્રને આનાથી અલગ કરી નાખવામાં આવ્યું.

આમ છતાં મુખ્ય મુસીબત નાણાખીય સાધનોને લગતી હતી. કલકત્તા અને મુંબઈના કર ધોરણના પ્રમાણમાં મદ્રાસનું કર ધોરણ માથાદીઠ ફકત $\frac{1}{5}$ હતું. આથી પાણી પુરવઠો, ગટર યોજના વગેરે જેવા ખૂબ જ મહત્ત્વના કામો પણ સંતોષકારક રીતે થઈ શકતા નહિ. શહેરમાં ભારે ગંદકી રહેતી. પરિણામે મરણ પ્રમાણ વધારે રહેતું તો પણ આવા કાર્યો માટે લોકો પર વધારે કર નાખવા સામે સમિતિના હિન્દી સભ્યો સતત વિરોધ કરતાં આ સ્થિતિમાં સુધારો કરવા મદ્રાસ સરકારે 1878 માં બીજો ધારો પસાર કર્યો તે મુજબ આઠ વોર્ડોના 32 સભ્યોમાંથી 16 સભ્યોને કર ભરનારા લોકો ચૂંટે તેમ ઠરાવવામાં આવ્યું. તો પણ કોર્પોરેશનના પ્રમુખ તથા બે ઉપપ્રમુખો સરકાર નિયુક્ત સરકારી અમલદારો રાખવાનું નક્કી કરવામાં આવ્યું. કોર્પોરેશનને લોન ઉઘરાવવાની તથા કર નાખવાની પણ સત્તા આપવામાં આવી. જો કે સરકાર નિયુક્ત બે અધિકૃત ઓડિટરો તેનો હિસાબ તપાસે તેવી ધારામાં જોગવાઈ કરવામાં આવી. તો પણ કોર્પોરેશનના માળખા તથા કાર્યવાહીમાં કેટલીક ખામીઓ રહી. તેના પ્રમુખ હસ્તક તમામ પ્રકારની વાસ્તવિક અને અબાધિત સત્તા હતી અનો બોર્ડની સમિતિના સભ્યો તેના માત્ર સલાહકાર જેવા હતા. આમ છતાં કોર્પોરેશને આ સમયગાળા દરમિયાન મદ્રાસ શહેરને પાણી પૂરું પાડવા બે તળાવો બાંધ્યા તે તેનું સૌથી અગત્યનું કાર્ય ગણાય.

મદ્રાસ સરકારે પસાર કરેલા 1884 ના ધારા મુજબ સમિતિઓમાં ચૂંટાયેલ સભ્યોની સંખ્યા 16 ને

બદલે 21ની કરવામાં આવી, પરંતુ કોર્પોરેશનની ઓછી આવકને લીધે મદ્રાસ શહેરને પૂરતું પાણી પૂરું પાડવાની તથા સંતોષકારક ગટર યોજના કરવાની સમસ્યા હલ થઈ શકી નહિં. છેવટે 1904 ના મદ્રાસ સરકારના ધારાએ પ્રશ્નોનો મહદ્અંશે નિકાલ કર્યો. આ ધારાએ સમિતિઓમાં શહેરના વેપારી વર્ગને ખાસ પ્રતિનિધિત્વ આપ્યું. તેણે પ્રમુખ સહિતના કોર્પોરેશનના જુદા જુદા અંગોની ફરજો અને જવાબદારીઓન સ્પષ્ટ કરી. કોર્પોરેશનને સરકારે મોટી રકમની ગ્રાન્ટ આપીને તેને જાહેર સેવાના કાર્યો કરવાની સુવિધા કરી આપી તો પણ કલકત્તા અને મુંબઈ કોર્પોરેશનોના પ્રમાણમાં પ્રવૃત્તિઓ અને વિકાસની ગતિમાં મદ્રાસ કોર્પોરેશન ઘણું મંદ હતું.

- **કલકત્તા કોર્પોરેશન :**

મદ્રાસ કોર્પોરેશનની માફક શરૂઆતમાં શહેરનો સ્થાનિક સ્વશાસનને લગતો વહીવટ કરવા કલકત્તામાં પણ 'જસ્ટિસ ઑફ પીસ'ની નિયુક્તિ કરવામાં આવી, પરંતુ તે પ્રથા અસંતોષકારક સાબિત થતા બંગાળા સરકારે કલકત્તા કોર્પોરેશન સંબંધે 1856 નો ધારો પસાર કર્યો. તેણે મદ્રાસ કરતાં કલકત્તા માટે સ્વશાસનની થોડી જુદા પ્રકારની વ્યવસ્થા કરી. આ ધારાએ કલકત્તા માટે ત્રણ કમિશનરોની નિયુક્તિ કરી. તેમને ગટર યોજના, ગેસના દીવાબત્તી તથા પાણી પુરવઠાને લગતી કામગીરી સોંપવામાં આવી, પરંતુ આ વ્યવસ્થામાં મદ્રાસની માફક લોકોના પ્રતિનિધિઓને સામેલ કરવામાં આવ્યા નહી, વળી આ કમિશનરોને આ માટેના જરૂરી નાણાકીય સાધનો ઊભા કરવાની સત્તા આપવામાં આવી નહિ. જયારે આ પરત્વેની સરકારી સહાય ઘણી અપૂરતી હતી. આથી શહેરના આરોગ્ય કે સફાઈને લગતું કોઈ કાર્ય હાથ પર લઈ શકાયું નહિં. બંગાળા સરકારનો 1863 નો ધારો પણ આ બાબતમાં કોઈ નોંધપાત્ર સિદ્ધિ મેળવી શક્યો નહિં. તેણે કમિશનરોને સ્થાને ફરીથી 120 જેટલા "જસ્ટિસ ઑફ પીસ" ની નિયુક્તિ કરી તથા કોર્પોરેશનને આવકમાં અમુક સાધનો આપ્યા તથા ઘર અને પાણીવેરો ઉઘરાવવાની તેને છૂટ આપી. આમ છતાં કોર્પોરેશનના પ્રમુખ કે જે પોલીસ કમિશનર હતા તેમને બધી આખરી વહીવટી સત્તા આપવામાં આવી. તેથી પણ કલકત્તાના સ્થાનિક સ્વશાસનમાં કોઈ મોટી પ્રગતિ થઈ નહિ. છતાં આ વ્યવસ્થાના દસ વર્ષ દરમિયાન કેટલાક કામો થયા. બંગાળા સરકારના 1876 ના કાયદા મુજબ આખી પ્રથાને બદલી નાખવામાં આવી. 120 'જસ્ટિસ ઑફ પીસ'ને રદ કરવામાં આવ્યા. તેમને સ્થાને કોર્પોરેશનમાં 72 સભ્યો રાખવામાં આવ્યા તેમાંથી ⅔ સભ્યો કર ભરનાર પ્રત્યક્ષ ચૂંટણીથી ચૂંટે તેમ ઠરાવવામાં આવ્યું. પ્રમુખની સત્તાઓ મર્યાદિત કરવામાં આવી. કોર્પોરેશનને શહેરના તથા બંદરના વિકાસ, ગટર યોજના, પાણી પુરવઠો વગેરે માટે સારી રકમ ફાળવવામાં આવી તથા તેને સ્થાનિક કરો ઉઘરાવવાની સત્તા આપવામાં આવી; વળી તેને પોતાના કાર્યો માટે પેટાસમિતિઓ નિયુક્ત કરવાની તથા લોન ઉઘરાવવા પણ છૂટ આપવામાં આવી. આથી કોર્પોરેશને સ્થાનિક સ્વશાસનના કેટલાક નોંધપાત્ર કામો કર્યા.

બંગાળા કાઉન્સિલના 1882 ના ધારાએ કલકત્તાની આજુબાજુના પરા વિસ્તારોનો કોર્પોરેશનની સીમામાં સામવેશ કર્યો. આથી આવા ગંદા વિસ્તારોમાં ગટર અને પાણીની યોજના કરીને કલકત્તા કોર્પોરેશને કલકત્તાના આરોગ્યનો પ્રશ્ન હળવો કર્યો. કોર્પોરેશનમાં ચૂંટાયેલા સભ્યોની સંખ્યા 50 ની કરવામાં આવી. ગીચ વિસ્તારોમાં પાણી પુરવઠા અને ગટર યોજના માટે બે લાખ રૂપિયાનું ખર્ચ ફરજિયાત કરવાનું ઠરાવવામાં આવ્યું. પોલીસતંત્રને સ્થાનિક તંત્રથી અલગ કરવામાં આવ્યું, તથા તેના ખર્ચની જવાબદારીમાંથી કોર્પોરેશનને મુક્ત કરવામાં આવ્યું, પરંતુ આ ધારાએ પ્રમુખની સત્તાઓ ઘણી મર્યાદિત કરી નાખતા તથા દરેક બાબત કોર્પોરેશનની સામાન્ય સભા અને સમિતિઓમાં મુકવાની થતા જાહેર સેવાના કાર્યોમાં ઘણી ઢીલ થઈ તથા કલકત્તાના સફાઈ કામનો પ્રશ્ન ફરી વિકટ બન્યો. 1899 ના કાયદાઓ આમાંની ઘણી ખરી ખામીઓ દૂર કરી કોર્પોરેશનના ચૂંટાયેલ સભ્યોની સંખ્યા અર્ધી કરી નાખવામાં આવી. બાકીના અર્ધા કલકત્તાના વેપારી મંડળો, બંદર અધિકારીઓ તથા સ્થાનિક સરકારના અમલદારોમાંથી નિયુક્ત કરવાના હતા. પ્રમુખની સત્તાઓમાં ફરી વધારો કરવામાં આવ્યો તથા તેને સહાય કરવા 12 નિયુક્ત સભ્યોની સમિતિ આપવામાં આવી. પ્રમુખ આ સમિતિની મદદથી કોર્પોરેશનની સામાન્ય નીતિ નક્કી કરતો. કલકત્તા કોર્પોરેશનને લગતો આ સમયગાળા દરમિયાનનો છેલ્લો અગત્યનો ધારો 1911 માં પસાર કરવામાં આવ્યો. તે અનુસાર મતદારોની સંખ્યા 10,000 માંથી 38000 ની કરવામાં આવી. કોર્પોરેશનની સુધારણા

માટે 11 સભ્યોનું બનેલું ટ્રસ્ટી મંડળ રચવામાં આવ્યું. જેમાં ચાર સભ્યો સરકાર દ્વારા નિયુક્ત, ચાર કોર્પોરેશન દ્વાચા ચૂંટાયેલ, બે કલકત્તાના વેપારી મંડળો મારફત નિયુક્ત તથા પ્રમુખ સરકાર મારફત નિયુક્ત હતા. આ મંડળને ઘરોના બાંધકામ, ગીચ વિસ્તારોની યોગ્ય વ્યવસ્થા, ખુલ્લી જગ્યાઓની જોગવાઈ, ગરીબો માટે ઘરો બાંધવાની યોજના વગેરે કામો સોંપવામાં આવ્યા, પરંતુ પૂરતા નાણા ભંડોળને અભાવે આ બધા કાર્યો થઈ શકયા નહિ. છતાં કલકત્તા કોર્પોરેશનની સ્થાનિક સ્વશાસનને લગતી કામગીરી એકંદરે સંતોષકારક હતી.

- **મુંબઈ કોર્પોરેશન :**

મુંબઈ કોર્પોરેશનનું 1856 સુધીનું બંધારણ કલકત્તા અને મદ્રાસ કોર્પોરેશનના બંધારણને લગભગ મળતું હતું. તેમાં ફરક એટલો જ હતો કે મુંબઈ સરકારના 1845 ના ધારા મુજબ કોર્પોરેશનની સત્તા બંદરને લગતા બોર્ડમાં કેન્દ્રીત થઈ હતી. તેમાં 2 અંગ્રેજો, 3 હિન્દીઓ તથા એક પોલીસ અધિકારી હતા. 1858ના ધારાએ મુંબઈ કોર્પોરેશનને નગરમાં નાના વેરા નાખવાની સત્તા આપી, તેના બદલામાં તેને મુંબઈ પોલીસતંત્રનો તથા મુંબઈને પાણી પૂરું પાડતા વિહાર તળાવનો અમુક ખર્ચ આપવાનું કહેવામાં આવ્યું. 1856 ના કાયદાએ 500 'જસ્ટિસ ઑફ પીસ'ની નિમણૂક કરી. જેને કોર્પોરેશનની સામાન્ય સભા તરીકેની બધી કામગીરી સંભાળવાની સત્તા આપવામાં આવી, પરંતુ મુંબઈ કોર્પોરેશનની વાસ્તવિક સત્તા સરકાર નિયુક્ત ઉચ્ચ કક્ષાના અધિકારી હસ્તક મૂકવામાં આવી, તથા તેને પ્રમુખ તરીકે બધી જવાબદારી સોંપવામાં આવી. સાથે પ્રમુખની સમકક્ષ સત્તા ધરાવતા હિસાબી ખાતાના નિયામકની પણ પછીથી નિયુક્તિ કરવામાં આવી, પરંતુ 'જસ્ટિસ ઑફ પીસ'ની સંખ્યા ઘણી મોટી હતી તથા પ્રમુખ સર્વસત્તાધીશ હતા એટલે કોર્પોરેશનનું કાર્ય સરળ રીતે આગળ વધી શકયું નહિ. આથી 1872 ના ધારા પ્રમાણે તેના સભ્યોની સંખ્યા 64 ની કરી નાખવામાં આવી. જેમાંથી કર ભરનાર તરફથી 32 ચૂંટાયેલા, સ્થાનિક ન્યાયાધીશો તરફથી 16 ચૂંટાયેલ તથા બાકીના 16 સરકાર તરફથી નિયુક્ત થયેલ હતા. વહીવટી સત્તા સરકાર નિયુક્ત મ્યુનિસિપલ કમિશનરને સુપરત કરવામાં આવી તથા તેના કાર્ય પણ દેખરેખ રાખવા ટાઉન કાઉન્સિલ તરીકે ઓળખાતી સ્થાયી સમિતિ રચવામાં આવી. તેમજ હિસાબ ઓડિટ કરવા પગારદાર ઑડિટરોની નિયુક્તિ કરવામાં આવી. આ પદ્ધતિથી કોર્પોરેશનનું કાર્ય સંતોષકારક રીતે પ્રગતિ કરી શક્યું. મુંબઈ બંદરના વિકાસ માટે 1898 માં 14 સભ્યોનું બનેલું એક અલગ ટ્રસ્ટ રચવામાં આવ્યું. જેમાંના 4 કોર્પોરેશન દ્વારા ચૂંટાયેલ. એક એક સભ્ય બંદરના ટ્રસ્ટીઓ, વેપારી મંડળ તથા મુંબઈના મિલ માલિક મંડળ દ્વારા નિયુક્ત તથા બાકીના 7 સભ્યો સરકાર દ્વારા નિયુકત હતા. તેનાથી બંદરના વિકાસને વેગ મળ્યો. 1907 માં મુંબઈના પોલીસતંત્રને કોર્પોરેશનના તંત્રથી બિલકુલ અલગ કરી નાખવામાં આવ્યું, તથા કોર્પોરેશનને તેના અધિકાર ક્ષેત્રમાનાં તમામ કાર્યો સુપરત કરવામાં આવ્યા. પરિણામે મુંબઈ કોર્પોરેશન તેની કામગીરીથી એક નમૂનેદાર સ્થાનિક સ્વશાસની સંસ્થા તરીકે લોકપ્રિય થયું.

- **1919 પછીનો સ્થાનિક સ્વશાસનનો વિકાસ :**

1919 ની પ્રાંતિક દ્વિમુખી શાસન પદ્ધતિ અનુસાર સ્થાનિક સ્વરાજ્યનું ખાતું સોંપાયેલ વિભાગના પ્રધાનને સુપરત કરવામાં આવ્યું. પરંતુ નાણાકીય ખાતું અનામત વિભાગ પાસે હોવાથી સોંપાયેલ વિભાગને સ્થાનિક સ્વશાસનના વિકાસ કાર્યો માટે પૂરતા નાણા મળતા નહિ એટલે 1919 પછી પણ આ ક્ષેત્રમાં વિશેષ પ્રગતિ થઈ શકી નહિ. 1935 ના પ્રાંતિક સ્વરાજ્ય હેઠળ અમૂક પ્રધાનો હસ્તક મૂકવામાં આવ્યો તો પણ સ્થાનિક સ્વશાસનના ક્ષેત્રે ધારેલી પ્રગતિ સધાઈ નહિ. માત્ર અમૂક સુધરાઈઓ, જિલ્લા તથા તાલુકા બોર્ડો તેમજ થોડી ગ્રામ પંચાયતોનો વિસ્તાર થયો. સ્વતંત્ર ભારતના 1950 ના નવા બંધારણ હેઠળ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દર્શાવ્યા પ્રમાણે સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓના અને ખાસ કરીને ગ્રામ્ય પંચાયતોના વિકાસ પર ખાસ ભાર મૂકવામાં આવેલો છે. તે અનુસાર ગ્રામ પંચાયતોનો ઠીક ઠીક વિસ્તાર કરવામાં આવેલ છે. છતાંય હજુ આ ક્ષેત્રમાં ઘણું કરવાનું બાકી રહે છે.

- **<u>બ્રિટિશ યુગમાં પંચાયતી રાજ</u>**

→ 19 મી સદીમાં દાદાભાઈ નવરોજી, સુરેન્દ્રનાથ બેનરજી, બાળ ગંગાધર તિલક, લાલા લજપતરાય, વિપિનચંદ્ર પાલ, રવીન્દ્રનાથ ટાગોર વગેરે નેતાઓએ ગ્રામીણ લોકોને તેની પ્રાચીન ગ્રામ પંચાયતો અને આત્મનિર્ભર ગ્રામીણ સમાજ વ્યવસ્થાની યાદગીરી અપાવી હતી.

4Gujarat.com

→ વર્ષ-1907 માં અંગ્રેજોએ વિકેન્દ્રીકરણ માટે ''શાહી આયોગ'' ની નિમણૂંક કરી હતી. તેને દેશભરનું ભ્રમણ કરી પંચાયતોની સ્થાપનાની ભલામણ કરી હતી.

→ વર્ષ-1910 માં અલ્હાબાદમાં આયોજિત ''અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ''ના અધિવેશન દરમિયાન બ્રિટિશ સરકારની સમક્ષ ગ્રામ પંચાયતોની સ્થાપનાની માંગ મૂકવામાં આવી હતી.

→ વર્ષ-1915 માં આવેલ સરકારની રિપોર્ટમાં પંચાયતો વિશે કહેવામાં આવ્યું કે – પંચાયતોને નક્કી કરેલ કરવેરો લગાડવાની પરવાનગી આપવામાં આવે, પરંતુ આના પર પ્રાંતીય સરકારનું નિયંત્રણ હોવું જોઈએ. આ વાતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે કરવેરો ઉઘરાવવામાં પંચાયતો આટલી મગ્ન ન થઈ જાય કે તેના અન્ય કાર્યો પડ્યા રહી જાય.

→ વર્ષ-1919 માં માંટેગ્યૂ-ચેમ્સફોર્ડની ભલામણોના કારણે ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા એક્ટના પાસ થયા પછી પંચાયતોની બાજુ વધુ ધ્યાન આપવામાં આવ્યું. આના અમલમાં આવવાનું એક મહત્વપૂર્ણ પરિણામ આ થયું કે પંચાયતોનો વિષય કેન્દ્રીય સરકારનું ન રહીને રાજ્ય સરકારોનો વિષય બની ગયો.

→ ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા એક્ટ – 1919માં સ્થાનિક સ્વરાજની સંસ્થાનો વિષય પ્રાંતીય સરકારોને અને સ્થાનિક સંસ્થાઓ નાંખી શકે તેવા કરવેરાઓની અલગ અનુસૂચિ તૈયાર કરવામાં આવી. આને લીધે કેટલાંક પ્રાંતોમાં સ્થાનિક સ્વરાજને લગતા કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા.

(1) બંગાળમાં સ્થાનીય એક્ટ - 1919
(2) મદ્રાસમાં સ્થાનીય સરકાર એક્ટ - 1920
(3) મુંબઈ ગ્રામ પંચાયત એક્ટ - 1920
(4) ઉત્તર પ્રદેશ પંચાયત એક્ટ - 1920
(5) બિહાર સરકાર પંચાયત એક્ટ - 1920
(6) સેન્ટ્રલ પ્રોવિઝન્સ પંચાયત એક્ટ - 1920
(7) પંજાબ પંચાયત એક્ટ - 1922
(8) આસામ સ્વસરકાર એક્ટ – 1925
(9) મૈસૂર ગ્રામ પંચાયત એક્ટ – 1928

→ ઈ.સ. 1935ના ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા એક્ટમાં સ્થાનિક સ્વરાજની જોગવાઈ કરવામાં આવી. ઈ.સ. 1935માં પ્રાંતોને સ્વાયત્તતા મળી. ગ્રામીણ ક્ષેત્રોમાં પંચાયતોનો નિર્માણ થવા લાગ્યો. ઈ.સ. 1937ની ચૂંટણીમાં પ્રાંતોમાં લોકોએ ચૂંટેલી પ્રજાકીય સરકારો આવી, પરંતુ 1939 નું બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં આ યોજના ખોરંભે મૂકાઈ ગઈ. આ સમયગાળામાં સમસ્ત અધિકાર વ્યવહારિક રૂપે વહીવટી વિભાગીય અધિકારીઓને સોંપી દેવામાં આવ્યા. જો કે ઈ.સ. 1941માં જ પંચાયતો માટે અલગથી કાયદો બનાવવાનો એક દસ્તાવેજ તૈયાર થયો હતો. ઈ.સ. 1946માં જઈને ''ગ્રામ પંચાયત એક્ટ'' બન્યો.

- **ભારત સરકાર અધિનયમ 1935 :**

આ અધિનિયમ અંતર્ગત સ્થાનિક સ્વરાજ્યને રાજ્યનો વિષય ઘોષિત કર્યો

- **<u>આઝાદી પછી પંચાયતી રાજનો વિકાસ</u>**

→ લોકશાહીનું સૌથી નાનું એકમ - ''પંચાયત''ની સ્થાપના વિશે જે યુગોથી ભારતના વહીવટી સંચાલનનો આધાર હતી, બંધારણનો ડ્રાફ્ટ (Draft) ગાંધીજીને બતાવવામાં આવ્યો તો ગાંધીજીએ તેને જોઈને પરત કરી દીધો અને કહ્યું કે આમાં તો પંચાયતોની વ્યવસ્થા છે જ નહિ. જો ભારતને સમાપ્ત થવું ન હોય તો આપણે સૌથી નીચેના સ્તરેથી કામ શરૂ કરવું પડશે. નહિતર ઉચ્ચ અને મધ્યના સ્તરનું તંત્ર ખોરવાઈને પડી જશે. ''સ્વરાજ'' નો અર્થ થોડાક શક્તિશાળી લોકોના હાથમાં સત્તા આવવું નહિ પરંતુ બહુમત (સામાન્ય જનતા)ના હાથમાં સત્તા હોય અને તે શાસકને નિયંત્રિત કરી શકે. એટલે કે વિકેન્દ્રીયકરણ જ ભારતના શાસનનો આધાર હોવો જોઈએ.

→ આના પરિણામે બંધારણ સભાનું ધ્યાન આ બાજુ ગયું અને રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પંચાયતને સ્થાન આપવામાં આવ્યું. બંધારણની કલમ 40 - માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ''ગ્રામ પંચાયતોની રચના કરવા રાજ્ય પગલાં લેશે અને સ્વરાજના એકમો તરીકે કામ કરી શકે તે માટે જરૂરી સત્તા અને અધિકાર આપશે.''

→ ઈ.સ. 1949માં સૌરાષ્ટ્રમાં ગ્રામપંચાયતી ધારાની જોગવાઈ કરવામાં આવી.

→ 2જી ઓક્ટોબર, 1952ના રોજ ''સામુદાયિક વિકાસ કાર્યક્રમ''ની શરૂઆત કરવામાં આવી.

★★★★★

## <u>પ્રકરણ - 2</u> <u>પંચાયતની વિવિધ સમિતિઓ</u>

ઈ.સ. 1992 ના 73 મા બંધારણીય સુધારા દ્વારા પંચાયતી રાજને તેમજ 74 મા બંધારણીય સુધારા દ્વારા

4Gujarat.com

શહેરી સ્થાનિક સંસ્થાઓને બંધારણીય દરજ્જો પ્રાપ્ત થયો.

- **પંચાયતી રાજ**

ભારતમાં પંચાયતી રાજ ગ્રામીણ સ્વરાજની પદ્ધતિ સૂચવે છે. તેને ભારતના દરેક રાજ્યોમાં રાજ્ય વિધાનસભાના અધિનિયમ હેઠળ સ્થાપવામાં આવી છે. પંચાયતી રાજને ગ્રામીણ વિકાસની જવાબદારી સોંપવામાં આવી છે.

- **પંચાયતી રાજનો વિકાસઃ**
  **<u>પંચમુખી કાર્યક્રમ</u>**

→ પંચાયતો અંગેનો પંચમુખી કાર્યક્રમ વિનોબા ભાવેએ 1954ની સાલમાં રજૂ કર્યો, જે નીચે મુજબ છે-

(1) પંચાયતોની સાચી સત્તા લોકોનો ટેકો હોવાથી પંચાયતે લોકોની ઈચ્છાનું ધ્યાન રાખી તેનું અનુસરણ કરવું જોઈએ. સામાન્ય જનતાએ પોતાના બળ પર આગળ વધવાની ભાવના રાખવી જોઈએ. પંચાયતોએ સરકારી માન્યતાની દરકાર રાખ્યા વગર જનસાધારણના નિયંત્રણમાં રહેવું જોઈએ.

(2) પંચાયતોએ પોતાના વિસ્તારમાં જનસાધારણમાં બેરોજગારી અને ગરીબીને દૂર કરવા પ્રયાસો કરવા જોઈએ.

(3) દરેક પંચાયતે ગામના લોકોને દેશ અને દુનિયાના નવા વિચારોથી વાકેફ રાખવા માટે અભ્યાસ વર્તુળની રચના કરવી જોઈએ અને તેમાં ગાંધીજીના વિચારો અને સર્વોદય સાહિત્યને પ્રધાનતા આપવી જોઈએ.

(4) કોઈપણ ઉત્પાદન કાર્ય માટે મુખ્યત્વે જમીન ફરજીયાત હોય છે. ગામની જમીનને ગામના લોકોમાં વહેંચી દેવી જોઈએ. જમીનની માલિકી સંપૂર્ણ ગામની હોવી જોઈએ. જેથી ગામનો કોઈપણ વ્યક્તિ જમીન વિહોણાપણું અનુભવ ન કરે.

(5) પંચાયતોએ પોતાની પ્રાથમિક જવાબદારીમાં ગામના લોકોને ઉત્પાદન કાર્યમાં સામેલ કરી વિકાસ કરવો જોઈએ જેથી ગામમાંથી બેરોજગારીનું પ્રમાણ ઘટાડી શકાય.

- **બળવંતરાય મહેતા સમિતિ**

સામૂહિક વિકાસ કાર્યક્રમ (Community Developments Programme) (1952) તેમજ (રાષ્ટ્રીય વિસ્તાર સેવા) (1953) ની કાર્ય પદ્ધતિની તપાસ કરવા તેમજ કાર્યપદ્ધતિમાં સુધાર લાવવા સંબંધી ઉપાય બતાવવા માટે જાન્યુઆરી 1957 માં ભારત સરકાર દ્વારા એક સમિતિનું નિર્માણ કર્યું. આ સમિતિના અધ્યક્ષ બળવંતરાય મહેતા હતા. તેથી આ સમિતિને બળવંતરાય મહેતા સમિતિ કહેવામાં આવે છે. તેના દ્વારા કરાયેલી ભલામણો આ પ્રમાણે છે.

(1) ત્રિસ્તરીય પંચાયતી રાજ પદ્ધતિની સ્થાપના. જેમાં ગ્રામ કક્ષાએ ગ્રામ પંચાયત, તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત અને જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત. આ ત્રણ સ્તરને એક બીજા સાથે જોડવા માટે પરોક્ષ ચૂંટણીનું માધ્યમ રાખવામાં આવે.

(2) ગ્રામ પંચાયતની સ્થાપના પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા થવી જોઈએ. જ્યારે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની સ્થાપના પરોક્ષ રીતે ચૂંટાયેલા સભ્યો દ્વારા થવી જોઈએ.

(3) બધી કલ્યાણકારી યોજના અને વિકાસના કાર્યો આ સંસ્થાઓને સોંપવા જોઈએ.

(4) જિલ્લા પંચાયતનો અધ્યક્ષ ડિસ્ટ્રીકટ કલેકટર હોવો જોઈએ.

(5) આ સંસ્થાઓને સાચા અર્થમાં સ્વશાસના મજબૂત પાયા તરીકે ઊભી કરવી જોઈએ તે માટે જરૂરી સ્વાયત્તતા આપવી જોઈએ અને સત્તા અને જવાબદારીનું સ્થળાંતર કરવું જોઈએ.

(6) આ લોકતાંત્રિક સંસ્થાઓને જરૂરી સત્તા તેમજ જવાબદારી સોંપવી જોઈએ.

(7) તેમના કાર્યો અને જવાબદારી પૂર્ણ થાય તે માટે સંસ્થાઓને જરૂરિયાત મુજબના સાધનો મળવા જોઈએ.

(8) તેમને ભવિષ્યમાં વધારે અધિકારો પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

સમિતિની આ ભલામણોને રાષ્ટ્રીય વિકાસ પરિષદ દ્વારા જાન્યુઆરી 1958 માં સ્વીકારવામાં આવી. રાષ્ટ્રીય વિકાસ પરિષદે પંચાયતી રાજ માટે કોઈ એક માળખું સ્વીકારવાને બદલે માળખાનું નિર્ધારણ સ્થાનિક પરિસ્થિતિ મુજબ કરવાનું કાર્ય રાજ્યો પર છોડ્યું, પરંતુ મૂળ સિદ્ધાંત અને વિસ્તૃત આધાર સમગ્ર દેશમાં એક સમાન રાખ્યા.

રાજસ્થાન દેશનું પ્રથમ રાજ્ય છે. જ્યાં પંચાયત રાજની પ્રથમ સ્થાપના થઈ. તેનું ઉદ્ઘાટન ઈ.સ. 1959 માં રાજસ્થાનના નાગૌર જિલ્લામાં વડાપ્રધાન જવાહરલાલ નહેરુ દ્વારા થયું હતું. ત્યારબાદ 1959માં

4Gujarat.com

આંધ્રપ્રદેશમાં પંચાયતી રાજ અમલમાં આવ્યું. ત્યારબાદ અનેક રાજ્યોએ આ પદ્ધતિ અપનાવી.

1960 સુધીમાં પંચાયતી રાજની સ્થાપના દેશના લગભગ દરેક રાજ્યમાં થઈ ચુકી હતી, પરંતુ અલગ અલગ રાજ્યમાં તેનું માળખું, કાર્યો, નાણાકીય વ્યવસ્થા વગેરે દૃષ્ટીએ સમાનતા ન હતી. ઉ.દા. સ્વરૂપે રાજસ્થાનમાં ત્રિસ્તરીય માળખું હતું તો તમિલનાડુમાં બે સ્તરીય અને પશ્ચિમ બંગાળમાં ચાર સ્તરીય માળખું હતું. આ ઉપરાંત રાજસ્થાન અને આંધ્રપ્રદેશમાં તાલુકા પંચાયત શક્તિશાળી હતી. તો મહારાષ્ટ્ર અને ગુજરાતમાં જિલ્લા પંચાયત શક્તિશાળી હતી. તો કેટલાક રાજ્યોમાં દીવાની ફોજદારી બાબતોને પહોંચી વળવા ન્યાય પંચાયતનું ગઠન થયું હતું.

- **અભ્યાસી સંગઠન અને સમિતિઓ**

1960 પંચાયતી રાજ પ્રણાલીની કાર્યપદ્ધતિના વિવિધ પાસાંની તપાસ માટે અભ્યાસી સંગઠન અને સમિતિની નિમણૂક થઈ. જે નીચે મુજબ છે.

(1) 1960 - કમિટીઓન રેશનાલાઈઝેશન ઓફ પંચાયત સ્ટેટેસ્ટિક્સ (અધ્યક્ષ : વી. આર. રાવ)

(2) 1961- વર્કિંગ ગ્રૂપ ઓફ પંચાયત એન્ડ કો. ઓપરેટીવ (એસ. ડી. મિશ્રા)

(3) 1961- સ્ટડી ટીમ ઓન પંચાયતી રાજ એડમિનિસ્ટ્રેશન (વી. ઈશ્વરન)

(4) 1962- સ્ટડી ટીમ ઓન ન્યાય પંચાયત્સ (જી. આર. રાજગોપાલ)

(5) 1963- સ્ટડી ટીમ ઓન પોઝિસન ઓફ ગ્રામ સભા ઈન પંચાયતી રાજ મૂવમેન્ટ (આર. આર. દિવાકર)

(6) 1963- સ્ટડી ટીમ ઓન બજેટિંગ એન્ડ એકાઉન્ટિંગ પ્રોસિજર ઓફ પંચાયતી રાજ ઈન્સ્ટિટ્યૂશન (એમ. રામ કૃષ્ણૈય્યા)

(7) 1963- સ્ટડી ટીમ ઓન પંચાયતી રાજ ફાઈનાન્સ (કે. સંથાનમ)

(8) 1965- કમિટી ઓન પંચાયતી રાજ ઈલેકસન્સ (કે. સંથાનમ)

(9) 1965- સ્ટડી ટીમ ઓન પંચાયતી ઓડિટ એન્ડ એકાઉન્ટસ ઓફ પંચાયતી રાજ બોડીઝ (આર. કે. ખન્ના)

(10) 1966- કમિટી ઓન પંચાયતી રાજ ટ્રેનિંગ સેન્ટર્સ (જી. રામચંદ્રન)

(11) 1969- સ્ટડી ટીમ ઓન ઈન્વૉલ્વમેન્ટ ઑફ ડેવલપમેન્ટ એજન્સી એન્ડ પંચાયતી રાજ ઈન્સ્ટિટ્યૂશન ઈન ધ ઈમ્પલિમેન્ટેશન ઑફ બેઝીક રિફોર્મ મેજર્સ (વી.રામાનાથન)

(12) 1972- વર્કિંગ ગ્રૂપ ફોર ફોર્મ્યુલેશન ઑફ ફિફથ ફાઈવ ઈયર પ્લાન ઑન કમ્યુનિટી ડેવલપમેન્ટ એન્ડ પંચાયતી રાજ (એન. રામા કૃષ્ણૈયા)

(13) 1976- કમિટી ઑન કમ્યુનિટી ડેવલપમેન્ટ એન્ડ પંચાયતી રાજ (શ્રીમતી દયાચૌબે)

- **<u>ઝીણાભાઈ દરજી સમિતિ</u>**

→ ગુજરાત સરકારે એપ્રિલ - 1972માં ઝીણાભાઈ દરજીના અધ્યક્ષપણા હેઠળ પંચાયતી રાજની સમીક્ષા માટે એક કમિટીની રચના કરી હતી. જેને પોતાનો રિપોર્ટ સપ્ટેમ્બર - 1972માં સોંપી દીધો હતો.

→ આ કમિટીએ પોતાના રિપોર્ટમાં નીચે મુજબની ભલામણો કરી હતી -

(1) પંચાયતના ત્રણેય સ્તરો માટે સીધી ચૂંટણી કરાવવી જોઈએ.

(2) પંચાયતોમાં મહિલાઓ માટે ઓછામાં ઓછી બે બેઠકો અનામત રાખવી જોઈએ.

(3) પંચાયતોમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે ઓછામાં ઓછી એક બેઠક અનામત રાખવી જોઈએ.

(4) દરેક પંચાયતે ''ગ્રામસભા'' પર વધુમાં વધુ ભાર આપવો જોઈએ.

(5) પંચાયતના ત્રણેય સ્તરે ''સામાજિક ન્યાય સમિતિ''ને બનાવવી ફરજિયાત હોવી જોઈએ.

(6) ગ્રામ પંચાયત સિવાયના જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં પક્ષ મુજબ ચૂંટણી યોજાવી જોઈએ.

(7) બેવડા સભ્યપદ પર અસરકારક નિયંત્રણ મૂકવું જોઈએ.

(8) સીધા મતદારો દ્વારા સરપંચની ચૂંટણી કરાવવાની જોગવાઈ કરવી.

(9) ગ્રામ પંચાયતોની આવક માટે કરવેરા અને ઉપકરની મહત્તમ જોગવાઈની વ્યવસ્થા કરવી.

AGujarat.com

- **અશોક મહેતા સમિતિ :**

જનતા પાર્ટીની સરકારે 1977 માં પંચાયતી રાજ સંસ્થાઓના વિષયોમાં અશોક મહેતાની અધ્યક્ષતામાં એક સમિતિની સ્થાપના કરી. આ સમિતિએ પંચાયતી રાજના વિકાસ માટે 132 ભલામણો કરી. જેમાંની મહત્ત્વની ભલામણો આ મુજબ છે.

(1) ત્રિસ્તરીય પંચાયતી રાજ પદ્ધતિના બદલે દ્વિસ્તરીય પદ્ધતિ હોવી જોઈએ. એટલે કે, જિલ્લા કક્ષાએ જિલ્લા કક્ષાએ જિલ્લા પંચાયત તથા તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત જેમાં 15,000 થી 20,000 ની વસ્તીવાળા ગ્રામનો સમાવેશ કરવામાં આવે.

(2) રાજ્ય સ્તરની નીચે જિલ્લાને વધારે સારું શાસન પ્રદાન કરવા તેને વિકેન્દ્રીકરણનું પ્રથમ બિંદુ બનાવવું જોઈએ.

(3) જિલ્લા પંચાયત કાર્યકારી સંગઠન હોવું જોઈએ અને તેને રાજ્ય સ્તરે યોજના અને વિકાસ માટે જવાબદાર બનાવવું જોઈએ.

(4) પંચાયતોની ચૂંટણીમાં રાજકીય પક્ષોની સીધી ભાગીદારી હોવી જોઈએ.

(5) પંચાયતી સંસ્થાઓ પાસે નાણા સંબંધી જરૂરી સાધનો હોવા જોઈએ તેથી તે પોતાના માટે નાણાકીય સંશાધનો મેળવી શકો.

(6) જિલ્લા કક્ષાની એજન્સી અને કાયદાકીય સમિતિ દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓનિ નિયમિત રીતે તપાસ થવી જોઈએ. જેથી માહિતી મળી શકે કે સામાજિક અને આર્થિક રીતે નિર્બળ વર્ગ માટને નિર્ધારિત નાણાનો ઉપયોગ નિર્બળ વર્ગ માટે થયો છે કે નહીં.

(7) ન્યાય પંચાયત અને વિકાસ પંચાયતની અલગ અલગ જોગવાઈ હોવી જોઈએ. તેમજ ન્યાય પંચાયતનો પ્રમુખ યોગ્ય ન્યાયાધીશ હોવો જોઈએ.

(8) રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ મુખ્ય ચૂંટણી પંચની સલાહથી પંચાયતી રાજની ચૂંટણીનું આયોજન કરવું જોઈએ.

(9) વિકાસ સાથે સંકળાયેલા કાર્યો જિલ્લા પંચાયતને સોંપવા જોઈએ અને આ કાર્યો સાથે સંકળાયેલા કર્મચારીઓને જિલ્લા પંચાયતના અંકુશમાં કાર્ય કરવું જોઈએ.

(10) પંચાયતી રાજ માટે લોકોને સહકાર મેળવવા માટે સેવાકીય સંસ્થાઓએ મહત્ત્વનું યોગદાન આપવું જોઈએ.

(11) સભ્યની મંત્રી પરિષદમાં પંચાયતી રાજ સંસ્થાઓના કાર્યની દેખરેખ માટે પંચાયતી રાજ મંત્રીની નિમણૂક થવી જોઈએ.

(12) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેની વસ્તીના આધારે સીટ અનામત હોવી જોઈએ.

જનતા પાર્ટીની સરકાર સમય પહેલાં પડી જવાથી અશોક મહેતા સમિતિની ભલામણો પર કેન્દ્ર સ્તરે કોઈ કાર્યવાહી થઈ નહીં. તો પણ કર્ણાટક, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં અશોક મહેતા સમિતિની ભલામણ પ્રમાણે ફેરફાર કરવાનો પ્રયત્ન થયો.

- **<u>રિખવદાસ શાહ સમિતિ</u>**

→ મે, 1977માં રિખવદાસ શાહ (મહેસાણા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ)ની અધ્યક્ષતા હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી હતી.

→ રિખવદાસ શાહ સમિતિએ પોતાનો રિપોર્ટ જુલાઈ, 1978માં આપ્યો હતો. જેમાં નીચે મુજબની ભલામણો કરવામાં આવી હતી.

(1) પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવાની ભલામણ કરવામાં આવી હતી.

(2) ગ્રામસભા પર વધુમાં વધુ ભાર આપવાની ભલામણ કરવામાં આવી.

(3) ગ્રામ પંચાયત સ્તરે બિન હરીફ ચૂંટણીને પ્રોત્સાહન આપવું.

(4) પંચાયતોને મહત્તમ અધિકારો અને સાધનો તબદીલ કરવાનો અધિકાર હોવાની ભલામણ કરવામાં આવી.

(5) પંચાયતોને ગામમાં થતાં દબાણોને હટાવવાની સત્તા આપવામાં આવે.

- **જી. વી. કે. રાવ સમિતિ :**

1985માં આયોજન પંચે ગ્રામીણ વિકાસ અને ગરીબી હટાવો કાર્ટક્રમો માટે જી. વી. કે. રાવની અધ્યક્ષતામાં એક સમિતિની સ્થાપના કરી. જેની ભલામણો આ પ્રમાણે છે.

AGujarat.com

(1) પ્રજાસત્તાક વિકેન્દ્રીકરણ પદ્ધતિમાં જિલ્લા પંચાયતોની ભૂમિકા મુખ્ય હોવી જોઈએ. તેમજ વિકાસ સાથે સંકળાયેલા કાર્યો માટે જિલ્લા પંચાયતે પ્રમુખ ભૂમિકા ભજવવી જોઈએ.

(2) જિલ્લા તેમજ નીચેના સ્તર પર પંચાયતી રાજ સંસ્થાનોને ગ્રામીણ વિકાસ કાર્યોની દેખરેખ માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા સોંપવી જોઈએ.

(3) જિલ્લા વિકાસ અધિકારીના પદનું નિર્માણ કરી જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારીના રૂપમાં કાર્ય કરવું જોઈએ તથા એને જિલ્લા સ્તર પર વિકાસ માટેના દરેક વિભાગોના પ્રમુખ બનાવવા જોઈએ.

(4) પંચાયતી રાજ સંસ્થાનો માટે નિયમિત ચૂંટણી થવી જોઈએ.

(5) પંચાયતી રાજને "ચાર" સ્તરીય બનાવવામાં આવે અને રાજ્ય સ્તર પર "રાજ્ય વિકાસ પરિષદ"ની રચના કરવામાં આવે, જેના અધ્યક્ષ મુખ્યમંત્રી હોય અને મંત્રીમંડળના બધા સભ્યો અને જિલ્લા પંચાયતોના અધ્યક્ષો તેના સભ્યો હોય.

(6) ગ્રામસભાને મજબૂત બનાવવામાં આવે અને વર્ષમાં બે વખત તેની બેઠકોનું આયોજન કરવામાં આવે.

(7) જિલ્લા પંચાયતને જિલ્લા સ્તરે ચાલતા વિવિધ વિભાગોની કામગીરી સોંપવામાં આવે અને તેનું સંચાલન કરવા જિલ્લા સ્તરે 11 સ્થાયી સમિતિઓની રચના કરવામાં આવે.

(8) જિલ્લા પરિષદના પ્રતિનિધિ માટે ચૂંટણી કરવામાં આવે. (30 થી 40 હજારની વસ્તી દીઠ એક પ્રતિનિધિ) આ વસ્તીની સંખ્યા આદિવાસી વિસ્તારો, જંગલ વિસ્તારો અને પહાડી વિસ્તારો માટે ઓછી હોઈ શકે છે.

(9) જિલ્લા પંચાયતમાં મહિલાઓ, અનુસૂચિત જાતિઓ (SC) અને અનુસૂચિત જનજાતિઓ (ST) અને પછાત વર્ગના લોકો (OBC) માટે યોગ્ય પ્રમાણમાં બેઠકો અનામત રાખવામાં આવે.

(10) જિલ્લા પંચાયતના અધ્યક્ષની ચૂંટણી પ્રત્યક્ષ અથવા પરોક્ષ હોવી જોઈએ.

(11) જિલ્લા પંચાયતના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને હૈદરાબાદમાં આવેલ રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ સંસ્થાનમાં તાલીમ આપવામાં આવે.

→ આ સમિતિ – "કમિટી ટૂ રિવ્યુ ધ એક્ઝિસ્ટિંગ એડમિનિસ્ટ્રેટિવ એરેંજમેન્ટ્સ ફોર રૂરલ ડેવલપમેન્ટ એન્ડ પૉવર્ટી એલિમેશન પ્રોગ્રામ્સ" – ટૂંકમાં "કાર્ડ સમિતિ" તરીકે ઓળખાય છે.

→ આ સમિતિએ પોતાના રિપોર્ટમાં પંચાયતને "મૂળિયા વગરના ઘાસ" કહ્યું હતું.

- **એલ. એમ. સંઘવી સમિતિ :**

રાજીવ ગાંધી સરકારે 1986 માં રિવાઈટલાઈઝેસન ઑફ પંચાયતી રાજ ઈન્સ્ટિટ્યૂશન ફોર ડેમોક્રેસી એન્ડ ડેવલપમેન્ટ વિષય પર એલ. એમ. સંઘવીની અધ્યક્ષતામાં એક સમિતિની સ્થાપના થઈ. જેની ભલામણો આ પ્રમાણે છે.

(1) પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો અને સુરક્ષા મળવી જોઈએ. તેના માટે બંધારણમાં નવો ભાગ ઉમેરવો જોઈએ.

(2) ન્યાય પંચાયતોની સ્થાપના થવી જોઈએ.

(3) ગ્રામ પંચાયતોને વધારે મહત્ત્વ આપવું જોઈએ.

(4) ગ્રામ પંચાયતો પાસે નાણાકીય સંશાધનો હોવા જોઈએ.

(5) રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓની ચૂંટણી નિષ્પક્ષ અને નિયમિત રીતે કરાવવામાં આવે.

(6) દરેક રાજ્યમાં પંચાયતી રાજ સંસ્થાઓની ચૂંટણી, તેના વિઘટન અને તેના કાર્યોથી સંબંધિત જે પણ વિવાદો ઉત્પન્ન થાય છે તેના ઉકેલ માટે પંચાયતી રાજ ન્યાયિક પ્રાધિકરણની સ્થાપના કરવામાં આવે.

(7) કેન્દ્ર સરકાર દરેક રાજ્ય માટે "રાજ્ય નાણાં પંચ" ની રચના કરે.

(8) પંચાયતી રાજ સંસ્થાઓને કરવેરા નાખવાની સત્તા આપવામાં આવે.

(9) રાષ્ટ્રીય સ્તરે – "રાષ્ટ્રીય સ્થાનિક સ્વ-શાસન સંસ્થાન" અને રાજ્ય સ્તરે - "રાજ્ય સ્થાનિક સ્વ-શાસન સંસ્થાન" ની સ્થાપના કરવામાં આવે.

- **<u>પી.કે. થુંગન સમિતિ</u>**

AGujarat.com

→ ભારત સરકારે 1988ની સાલમાં પી.કે. થુંગનની અધ્યક્ષતા હેઠળ એક સમિતિની રચના કરી હતી.

→ આ સમિતિએ પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવા પર ભાર મૂક્યો હતો.

→ થુંગન સમિતિએ પોતાના રિપોર્ટમાં નીચે મુજબની ભલામણો કરી હતી -

(1) પંચાયતી રાજ સંસ્થાઓનો કાર્યકાળ 5 વર્ષનો કરવામાં આવે.

(2) નિયમિતપણે પંચાયતોની ચૂંટણી કરાવવામાં આવે.

(3) જિલ્લા પંચાયતનો કાર્યકારી અધિકારી જિલ્લા કલેક્ટરને બનાવવામાં આવે.

(4) જિલ્લા પંચાયતના વિકાસ પર ભાર મૂક્યો.

- **બંધારણીય દરજ્જો :**

એલ. એમ. સંઘવી દ્વારા કરાયેલી ભલામણો અનુસાર રાજીવ ગાંધી સરકારે પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવા તેમજ પંચાયતી રાજને વધારે શક્તિશાળી અને વિસ્તૃત બનાવવાના આશયથી જુલાઈ 1989માં 64ના બંધારણીય સુધારાને લોકસભામાં પ્રસ્તુત કર્યો. ઓગસ્ટ 1989માં લોકસભાએ ઠરાવ પસાર કર્યો, પરંતુ વિરોધ પક્ષે જોરદાર વિરોધ કર્યો. કારણ કે વિધેયકમાં સંઘીય વ્યવસ્થામાં કેન્દ્ર વધારે મજબૂત બનાવવાની જોગવાઈ હતી.

નવેમ્બર 1989માં વી. પી. સિંહ નેતૃત્વમાં રાષ્ટ્રીય મોર્ચાની સરકારે સત્તા સંભાળી અને પંચાયતની રાજને મજબૂત બનાવવાની ઘોષણા કરી. જૂન 1990માં પંચાયતી રાજની સંસ્થાઓને મજબૂત કરવા સંબંધિત બાબતોના વિચાર કરવા વી. પી. સિંહની અધ્યક્ષતામાં રાજ્યોનાં મુખ્યમંત્રીઓનું બે દિવસનું સંમેલુ ભરાયું. આ સંમેલનમાં નવા બંધારણીય સુધારાના ઠરાવને રજૂ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી. પરિણામ સ્વરૂપ સપ્ટેમ્બર 1990માં લોકસભામાં એક બંધારણીય સુધારાનો ઠરાવ રજૂ થયો, પરંતુ સરકાર પડી જતા આ ઠરાવ પણ સમાપ્ત થઈ ગયો.

પી. વી. નરસિંહ રાવના નેતૃત્વમાં કોંગ્રેસ સરકારે પંચાયતી રાજના બંધારણીય દરજ્જા માટે ફરી વિચાર કર્યો. તેમણે શરૂઆતની વિવાદાસ્પદ જોગવાઈ દૂર કરી નવો પ્રસ્તાવ રાખ્યો અને સપ્ટેમ્બર 1991માં લોકસભામાં બંધારણીય સુધારાનો ઠરાવ પસાર કર્યો. આ ઠરાવ "73મો બંધારણીય સુધારો 1992" ના રૂપમાં પસાર થયો. ત્યારબાદ 23 ડિસેમ્બર 1993ના રોજ આ ઠરાવ રાજ્યસભામાંથી પસાર થયો. ત્યારબાદ 17 રાજ્યની વિધાનસભા દ્વારા માન્યતા મળી અને 20 એપ્રિલ 1993ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળતા 24 એપ્રિલ 1993 થી અમલમાં આવ્યો.

- **<u>64મો બંધારણીય સુધારા માટેનો ખરડો</u>**

→ એલ.એમ.સંઘવી સમિતિના સૂચનો મુજબ બંધારણમાં પંચાયત માટે 64 મો બંધારણીય સુધારા માટેનો ખરડો જુલાઈ, 1989 માં લોકસભામાં મૂક્યો.

→ આ ખરડામાં નીચે મુજબની જોગવાઈઓ હતી -

(1) પંચાયતી રાજ સંસ્થાઓ ત્રણ સ્તરીય હોવી જોઈએ.

(2) ગ્રામ સ્તરે, તાલુકા સ્તરે અને જીલ્લા સ્તરે નાના રાજ્યો જેની વસ્તી 20 લાખથી ઓછી છે, તે બે સ્તરીય સંરચના પણ અપનાવી શકે છે.

(3) પંચાયતોમાં મહિલાઓને 30 ટકા અનામત આપવી જોઈએ. આ અનામત અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)ને મળેલ અનામતના સિવાયનો હશે.

(4) પંચાયતી રાજ સંસ્થાઓનો કાર્યકાળ 5 વર્ષનો કરવામાં આવે, જો કોઈ પંચાયતનો નક્કી કરેલ સમયથી પહેલાં વિસર્જન થઈ જાય તો વધુમાં વધુ 6 મહિનાની અંદર નવી ચૂંટણી કરવી ફરજિયાત રહેશે.

(5) પંચાયતી રાજ સંસ્થાઓને પોતાના વિસ્તારની અંદર વિકાસની યોજનાનું નિર્માણ કરવાનો અધિકાર રહેશે.

→ ઑગષ્ટ, 1989માં આ ખરડો લોકસભામાં પસાર થઈ ગયો પરંતુ રાજ્યસભામાં વિરોધ પક્ષે તેનો વિરોધ કરતાં પસાર થઈ શક્યો નહિ, છતાં પણ પંચાયતી રાજના સશક્તિકરણમાં આ ખરડાએ એક મહત્વપૂર્ણ આધારનું કામ કર્યું.

- **1992નો 73મો બંધારણીય સુધારો :**

→ **કાયદાકીય મહત્ત્વ :**

બંધારણમાં ભાગ- 9 73મા બંધારણીય સુધારાથી નવો ઉમેરાયેલ છે. જેનું શીર્ષક 'પંચાયત' રાખવામાં આવ્યું છે. આ અગાઉ ભાગ- 9 પ્રથમ પરિશિષ્ટના ભાગ-ડીના પ્રદેશોને લગતો હતો. તેને સાતમાં બંધારણીય સુધારાથી અલગ કરવામાં આવ્યો હતો.

ભાગ-9માં અનુચ્છેદ 243 થી 243-ઓ સુધીની જોગવાઈ કરેલી છે. આ ઉપરાંત બંધારણમાં 11મી અનુસૂચિ પણ જોડવામાં આવી. તેમાં પંચાયતના કાર્ય માટે 29 વિષયો છે. જે અનુચ્છેદ 243-જી સાથે સંબંધિત

AGujarat.com

છે. આ અધિનિયમે બંધારણના અનુચ્છેદ 40ને વ્યવહારિક સ્વરૂપ આપ્યું. અનુચ્છેદ 40માં ઉલ્લેખ છે કે રાજ્ય ગ્રામ પંચાયતોની સ્થાપના કરવા માટે પગલાં ભરશે અને તેઓ સ્વરાજ્યના એકમો તરીકે કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સત્તા અને અધિકારો અપાશે. અનુચ્છેદ 40 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું એક અંગ છે.

73મો બંધારણીય સુધારો, 1992 દ્વારા પંચાયતી રાજને બંધારણીય દરજ્જો મળ્યો અને તે બંધારણના અધિકાર ક્ષેત્રમાં આવી એટલે કે દરેક રાજ્ય સરકારે પંચાયતી રાજ પદ્ધતિ કાયદાની જોગવાઈ અનુસાર સ્વીકારવા માટે બંધારણીય ફરજ પડી. પરિણામ સ્વરૂપ પંચાયતોની સ્થાપના અને ચૂંટણીનું આયોજન રાજ્ય સરકારોની ઈચ્છા પર નિર્ભર ન રહ્યું.

આ કાયદાની જોગવાઈઓને બે વિભાગમાં વહેંચી શકાય : (1) ફરજિયાત (2) સ્વૈચ્છિક

કાયદાના ફરજિયાત વિભાગને પંચાયતી રાજની વ્યવસ્થાની સ્થાપના માટે રાજ્યના કાનૂનમાં સમાવેશ કરવો જરૂરી છે. કાયદાના સ્વૈચ્છિક ભાગમાં જોગવાઈઓને રાજ્યોના કાનૂનમાં રાજ્યના નિર્દેશ પર સમાવેશ કરવો જોઈએ. આ પ્રમાણએ સ્વૈચ્છિક જોગવાઈ અનુરૂપ નવી પંચાયત રાજ પ્રણાલી સ્વીકાર કરવા સમયે રાજ્યને અધિકાર રહેશે કે તે સ્થળીય તત્ત્વ જેવા કે ભૌગોલિક, રાજનીતિક અને વહીવટી તથ્યોનું ધ્યાન રાખે અને તેના પર વિચાર કરી સ્વવિવેક દ્વારા કાનૂનમાં સ્થાન આપે. બીજા શબ્દોમાં આ કાયદા દ્વારા ભારતીય સમવાય તંત્રમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે બંધારણીય રીતે કોઈ પ્રભાવ ન પડ્યો.

આ કાયદાએ દેશના સૌથી નીચેના સ્તરની લોકતાંત્રિક સંસ્થાઓના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

→ **ગ્રામસભા (અનુચ્છેદ 243(A))**

73માં બંધારણીય સુધારા 1992 અંતર્ગત પંચાયતી રાજ પદ્ધતિમાં ગ્રામસભાની જોગવાઈ પાયારૂપ છે. ગ્રામસભા એક સંગઠન છે. જેની અંદર પંચાયત વિસ્તારમાં આવેલ ગામના સંબંધમાં મતદાર યાદીઓમાં નોંધાયેલ વ્યક્તિઓનું બનેલું મંડળ અને તે રાજ્ય વિધાનમંડળ કાયદાથી નક્કી કરે તે પ્રમાણએ ગ્રામ સ્તરના બધા કાર્યો અને સત્તાઓનો પ્રયોગ કરે છે.

→ **ત્રિસ્તરીય પદ્ધતિ (અનુચ્છેદ 243(B))**

73માં બંધારણીય સુધારા (1992) અંતર્ગત દરેક રાજ્યમાં ત્રિસ્તરીય પદ્ધતિની જોગવાઈ છે. એટલે કે ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ પંચાયત પદ્ધતિ આ કાયદામાં શબ્દોની નીચે પ્રમાણે વ્યાખ્યા છે :

(1) ગ્રામ : રાજ્યપાલ દ્વારા પંચાયતની જોગવાઈથી સાર્વજનિક સૂચનામાં ગ્રામ અથવા તો ગ્રામના સમૂહના રૂપમાં સમાવેશ કર્યો છે.

(2) તાલુકા સ્તર : રાજ્યપાલ દ્વારા સાર્વજનિક સૂચનાથી કરાયેલી જોગવાઈ દ્વારા ગ્રામ અને જિલ્લા સ્તરની મધ્યમાં તેનો સમાવેશ થાય છે.

(3) જિલ્લા સ્તર : રાજ્યના જિલ્લામાં કરાયેલી જોગવાઈ.

(4) પંચાયત : ગ્રામ્ય કક્ષાએ સ્વશાસન સંસ્થા.

આ અધિનિયમ દ્વારા સમગ્ર દેશમાં પંચાયતી રાજની સંરચનામાં એકરૂપતા જોવા મળે છે. 20 લાખથી ઓછી વસ્તી ધરાવતા રાજ્યમાં તાલુકા પંચાયતની સ્થાપના થઈ શકતી નથી.

→ **પ્રમુખ તેમજ સભ્યોની ચૂંટણી (અનુચ્છેદ 243(C))**

પંચાયત રાજમાં ગ્રામ, તાલુકા અને જિલ્લા કક્ષાએ પંચાયતોના બધા સભ્યોની ચૂંટણી, પ્રત્યક્ષ જનતા દ્વારા કરવામાં આવે છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ પંચાયતોના પ્રમુખની ચૂંટણી પરોક્ષ રીતે પંચાયતોના ચૂંટાયેલા સભ્યો દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી રાજ્યના કાયદા દ્વારા નક્કી કરાયેલ નિયમ પ્રમાણે થશે.

→ **સીટો માટે અનામતની જોગવાઈ (અનુચ્છેદ 243(D))**

73માં બંધારણીય સુધારા 1992 અંતર્ગત પંચાયત ક્ષેત્રની કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિની વસ્તી પ્રમાણે દરેક પંચાયતના સ્તર પર આ વર્ગ માટે સીટ અનામત રખાશે. આ ઉપરાંત રાજ્યના કાયદામાં પંચાયતના કોઈપણ સ્તર પર પ્રમુખ પદ માટે અનામતની જોગવાઈ હશે.

આ કાયદા અંતર્ગત મહિલાઓ માટે પણ અનામતની જોગવાઈ છે. જેમાં કુલ સીટોની સંખ્યાની

4Gujarat.com

(તેમાં એ સંખ્યાનો પણ સમાવેશ થયેલો છે. જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓને અનામત પ્રદાન કર્યું છે.) ⅓ સીટોની અનામતની જોગવાઈ છે. આ ઉપરાંત પંચાયતોમાં પ્રમુખ તેમજ અન્ય પદ માટે મહિલાઓની અનામત ⅓ થી ઓછી ન હોવી જોઈએ.

આ કાયદા અંતર્ગત વિધાનસભાને સૂચિત કરે છે કે પંચાયત પ્રમુખના કાર્યાલયમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોની અનામતની વ્યવસ્થા કરે છે.

→ **પંચાયતોનો કાર્યકાળ (અનુચ્છેદ 243(E))**

73માં બંધારણીય સુધારા (1992) અંતર્ગત બધા સ્તરો પર પંચાયતોનો કાર્યકાળ પાંચ વર્ષ નિર્ધારિત કરવામાં આવ્યો છે. તો પણ સમય પૂરો થાય તે પહેલાં પણ તેનું વિસર્જન થઈ શકે છે. ત્યારબાદ પંચાયતોની નવી ચૂંટણી થશે.

(A) પાંચ વર્ષનો સમય પૂર્ણ થયા પહેલાં.

(B) વિસર્જન થયું હોય તેવી સ્થિતિમાં વિસર્જન થયું હોય તે તારીખથી છ મહિનાની અંદર ચૂંટણી થશે.

→ **અયોગ્યતા(અનુચ્છેદ 243(F))**

કોઈપણ વ્યક્તિને પંચાયતના સભ્યો બનવા અથવા ચૂંટાવા માટે અયોગ્ય માનવામાં આવશે.

(1) સંબંધિત રાજ્યની વિધાન સભાની ચૂંટણી માટે તે સમયે લાગુ કરેલા કાયદા પ્રમાણે અયોગ્ય ઘોષિત કરવામાં આવે.

(2) રાજ્ય વિધાનસભા દ્વારા બનાવેલા કોઈ કાયદા અંતર્ગત અયોગ્ય ગણવામાં આવે.

કોઈપણ વ્યક્તિને પંચાયતની ચૂંટણી માટે 25 વર્ષથી ઓછી ઉંમર છે. તે આધારે તેને અયોગ્ય ઘોષિત ન કરી શકાય, પરંતુ તેની ઉંમર 21 વર્ષથી ઓછી ન હોવી જોઈએ. આ ઉપરાંત અયોગ્યતા સંબંધી બધા વિવાદોનું સમાધાન કરવાના હેતુથી રાજ્ય વિધાનસભા દ્વારા જોગવાઈ કરવામાં આવશે.

→ **પંચાયતની સત્તા અને કાર્ય (અનુચ્છેદ 243(G))**

રાજ્યની વિધાનસભા દ્વારા પંચાયતોને એવી સત્તા અને અધિકાર આપવામાં આવે છે કે જેથી પંચાયતો સ્વશાસનના રૂપમાં કાર્ય કરી શકે. આ પ્રકારની યોજનામાં પંચાયતોની અંદર સત્તા અને જવાબદારીઓ સોંપવામાં આવે છે. આ સત્તાઓ અને જવાબદારીઓને 11 મી અનુસૂચિમાં સમાવેશ થયેલો છે. જે નીચે મુજબ છે.

(1) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેના કાર્યક્રમ તૈયાર કરવા.

(2) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે સોંપાયેલા કાર્યક્રમોને વેગ આપવો કે જેમાં 11 મી અનુસૂચિમાં સમાવિષ્ટ 29 વિષયો છે.

→ **નાણા માટે રાજ્ય વિધાનસભા પાસે નીચે મુજબ અધિકાર છે : (અનુચ્છેદ 243(H))**

(1) પંચાયતને કર, વેરા અને ફી લાદવાની તેમજ વસૂલ કરવાની અને તેનો વિનિયોગ કરવાની સત્તા આપી શકે.

(2) રાજ્ય વિધાનસભા રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલા કર, વેરા, માર્ગકર અને ફી પંચાયતોને સોંપી શકે.

(3) રાજ્યની સંચીતનિધીમાંથી પંચાયતોને અનુદાન આપવા માટેની જોગવાઈ કરી શકે.

→ **નાણાપંચ : (અનુચ્છેદ 243(I))**

રાજ્યના રાજ્યપાલ બંધારણના 73માં સુધારા 1992 અંતર્ગત દર પાંચ વર્ષ પછી નાણાકીય સ્થિતિની સમીક્ષા માટે નાણા પંચની નિમણૂંક કરશે. નાણાપંચ રાજ્યપાલને નીચે મુજબની ભલામણ કરશે.

**(A) સિદ્ધાંતોના વિષયમાં :**

(1) રાજ્ય દ્વારા લેવાતા કરો, ફી અને માર્ગ કરની પ્રાપ્ત રકમ રાજ્ય અને પંચાયતો વચ્ચે વિતરણ સંબંધિત

(2) પંચાયતોને સોંપેલા કરો, ફી અને માર્ગ કરને નિશ્ચિત કરવા સંબંધી.

(3) રાજ્યની સંચિત નિધીમાંથી પંચાયતોને આપવામાં આવતા અનુદાન સંબંધી.

(B) પંચાયતોની નાણાકીય સ્થિતિમાં સુધારો લાવવા જરૂરી ઉપયોગી સંબંધી.

(C) એવો કોઈ અન્ય વિષય જેમાં રાજ્યપાલને પંચાયતોની નાણાકીય સ્થિતિને વધારે સારી બનાવવા તે વિષય રાજ્યપાલ દ્વારા નાણાપંચને સોંપાયેલો હોય.

રાજ્યની વિધાનસભાએ નાણાપંચની રચના તેના રાજ્યોની યોગ્યતા અને ચૂંટણી પદ્ધતિને ધ્યાનમાં

AGujarat.com

તમે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો
તો અત્યારે જ ગૂગલમાં સર્ચ 4GUJARAT.COM

અહીં તમામ સ્પર્ધાત્મક પરીક્ષાનું વાંચવા માટેનું મટરીયલ્સ

તમામ વિષય અને પરીક્ષાની મોક ટેસ્ટ

દરરોજનું કરંટ અફેર્સ MCQ QUIZ સ્વરૂપે

તમામ વિષયની ફ્રી PDF

તમામ પરિક્ષાના જુના પેપર અને સિલેબસ

સ્પર્ધાત્મક પરીક્ષાની ફ્રીમાં તૈયારી કરાવતું

**ગુજરાતનું સર્વશ્રેષ્ઠ પોર્ટલ** 4Gujarat.com






રાખીને રાજ્યપાલ નાણાપંચની ભલામણોને રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરશે.

કેન્દ્રીય નાણાપંચ પણ રાજ્ય પંચાયતોમાં સંશોધનોની પૂર્તિ માટે રાજ્યની સંચિત નિધીમાં વૃદ્ધિ કરવાના હેતુથી આવશ્યક સલાહ આપશે. (જો રાજ્ય નાણાપંચ ભલામણ કરશે તો)

→ **ખાતાની ચકાસણી અનુચ્છેદ 243(J))**

રાજ્ય વિધાનસભા પંચાયતોના ખાતાની દેખરેખ અને તેની ચકાસણી માટેની જોગવાઈ કરી શકે છે.

→ **રાજ્ય ચૂંટણીપંચ અનુચ્છેદ 243(K))**

પંચાયતોની બધી ચૂંટણીઓનું આયોજન, મતદાતા યાદીની તૈયારી કરવા પર નિયંત્રણ, ચૂંટણી સંબંધિત તૈયારીઓ પર દેખરેખની સત્તા રાજ્ય ચૂંટણી પંચ પાસે હશે. રાજ્ય ચૂંટણી પંચમાં રાજ્ય ચૂંટણી કમિશનર હશે. જેની નિમણૂક રાજ્યપાલ દ્વારા થશે. તેવી સેવા શરતો અને કાર્યકાળનું નિર્ધારણ રાજ્યપાલ દ્વારા થશે. તેને તેના પદ પરથી વડી અદાલતના ન્યાયાધીશોની જેમ દૂર કરી શકશે. વડી અદાલતના ન્યાયાધીશને સંસદ દ્વારા રાષ્ટ્રપતિની ભલમાણ કરવાથી રાષ્ટ્રપતિ દ્વારા દૂર કરવામાં આવે છે. તેનો અર્થ એ છે કે રાજ્ય ચૂંટણી કમિશનરને રાજ્યપાલ દ્વારા દૂર કરી શકાય નહીં. આ ઉપરાંત રાજ્ય ચૂંટણી પંચના પ્રમુખની સેવા શરતોમાં તેના કાર્યકાળ દરમિયાન તેને નુકશાન થાય તે રીતે ફેરફાર થઈ શકે નહીં.

→ **કેન્દ્રશાસિત પ્રદેશો પર અધિનિયમની અસર (અનુચ્છેદ 243(L))**

73માં બંધારણીય સુધારા 1992 અંતર્ગત ભારતના રાષ્ટ્રપતિ તેની જોગવાઈઓને કેન્દ્રશાસિત પ્રદેશમાં અપવાદો અને સુધારા સાથે લાગુ થઈ શકે. જે અપવાદો અને સુધારાઓનો રાષ્ટ્રપતિએ ઉલ્લેખ કર્યો હોય તે કેન્દ્રશાસિત પ્રદેશમાં લાગુ ન પાડી શકે.

→ **અપવાદ રાજ્ય (અનુચ્છેદ 243(M))**

73માં બંધારણીય સુધારા 1992 ની જોગવાઈ જમ્મુ-કાશ્મીર નાગાલેન્ડ, મેઘાલય અને મિઝોરમ રાજ્યમાં લાગુ નહીં થઈ શકે. આ ઉપરાંત નીચેના ક્ષેત્રમાં પણ આ અધિનિયમ લાગુ નહીં પડે.

(1) ભારતીય બંધારણના અનુચ્છેદ 244માં વર્ણન કરાયેલ અનુસૂચિત જાતિ અને જનજાતીય ક્ષેત્ર.

(2) મણિપુર રાજ્યનું પહાડી ક્ષેત્ર જેના માટે જિલ્લા પંચાયતનું ગઠન થયેલું છે.

(3) પશ્ચિમ બંગાળ જ્યાં દાર્જીલિંગ - ગોરખા હીલ કાઉન્સિલનું ગઠન થયેલું છે.

આ અધિનિયમ લાગુ થયાની તારીખ એટલે કે 24 એપ્રિલ 1993 થી એક વર્ષના સમયમાં બધી જોગવાઈઓ પ્રમાણે દરેક રાજ્યએ નવી પંચાયત રાજ પદ્ધતિ અપનાવવી રહેશે. આ અધિનિયમના લાગુ થયા પહેલાં બધી પંચાયતો તેના કાર્યકાળ સુધી ચાલુ રહેશે.

- **અનુચ્છેદ 243 (N)**

→ **અગિયારમી અનુસૂચિ :**

આ અનુસૂચિમાં પંચાયતોના અધિકાર ક્ષેત્રમાં આવતી 29 પ્રકારની વ્યવસ્થા છે જે નીચે મુજબ છે.

(1) કૃષિ અને કૃષિ સંબંધી વિસ્તાર.
(2) જમીન સુધારા, જમીન સુધારણા કાર્યક્રમોનો અમલ, ચેકડેમો અને જમીન સંરક્ષણ.
(3) લઘુસિંચાઈ, પાણી વ્યવસ્થા અને વોટર રોડ ડેવલપમેન્ટ.
(4) પશુપાલન, ડેરી ઉદ્યોગ, મરઘાં ઉછેર કેન્દ્ર.
(5) મત્સ્ય ઉછેર, સામાજિક વનીકરણ અને કૃષિ વનીકરણ.
(6) લઘુઉદ્યોગ, રાસાયણિક ખાતર ઉદ્યોગ.
(7) ખાદી, ગ્રામ અને કુટીર ઉદ્યોગ.
(8) ગ્રામ્ય રહેઠાણ.
(9) પીવાનું પાણી.
(10) બળતણ અને ચારા.
(11) રસ્તાઓ, પુલ, હોડી, જળમાર્ગ અને સંચારના અન્ય સાધનો.
(12) ગ્રામ્ય વિદ્યુતીકરણ, વિદ્યુત વિતરણ.
(13) અપ્રાપ્ય ઊર્જા સ્રોત.
(14) ગરીબી નિવારણ કાર્યક્રમ.
(15) શિક્ષા તથા પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા.
(16) તકનિકી શિક્ષણ અને વ્યવસાયિક શિક્ષણ.
(17) પ્રૌઢ અને અનૌપચારિક શિક્ષણ.
(18) પુસ્તકાલય.
(19) સાંસ્કૃતિક આયોજન.
(20) મેળા અને બજાર.
(21) સ્વાસ્થ્ય અને સાફ-સફાઈ.
(22) દવાખાના.

4Gujarat.com

(23) પરિવાર કલ્યાણ.

(24) મહિલા અને બાળ વિકાસ.

(25) સમાજ કલ્યાણ. (વિકલાંગો અને માનસિક રૂપથી વિકલાંગો માટે)

(26) પછાત વર્ગ જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનું કલ્યાણ.

(27) સાર્વજનિક વિતરણ પ્રણાલી.

(28) જાહેર સંપત્તિની સારસંભાળ.

(29) લઘુ વન ઉત્પાદન.

- **ફરજિયાત અને સ્વૈચ્છિક જોગવાઈઓ :**

બંધારણના ભાગ-9માં તેમજ 73માં બંધારણીય સુધારા 1992 અંતર્ગત થયેલી જોગવાઈઓ પૈકી ફરજિયાત જોગવાઈ અને સ્વૈચ્છિક જોગવાઈ નીચે મુજબ છે.

**(A) ફરજિયાત જોગવાઈ :**

(1) એક ગ્રામ કે ગ્રામસમૂહમાં ગ્રામસભાનું સંગઠન.

(2) ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરો પર પંચાયતોની સ્થાપના.

(3) ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરો પર પંચાયતોના સભ્ય માટે પ્રત્યક્ષ ચૂંટણી

(4) તાલુકા અને જિલ્લા સ્તરો પર પંચાયતોના પ્રમુખ માટે પરોક્ષ ચૂંટણી

(5) પંચાયત માટે મતદાન કરવા ઓછામાં ઓછી 21 વર્ષની ઉંમર જરૂરી

(6) ત્રણેય સ્તરો પર પંચાયતોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે (સભ્ય અને પ્રમુખ) અનામત

(7) ત્રણેય સ્તરો પર પંચાયતોમાં મહિલાઓ માટે 1/3 (સભ્ય તેમજ પ્રમુખ) અનામત

(8) દરેક સ્તરો પર પંચાયત માટે પાંચ વર્ષનો નિર્ધારીત કાર્યકાળ તેમજ કોઈ પંચાયતના વિસર્જનની સ્થિતિમાં છ મહિનાની અંદર નવી ચૂંટણીની વ્યવસ્થા.

(9) પંચાયતોની ચૂંટણીના સંચાલન હેતુ રાજ્ય ચૂંટણીપંચની સ્થાપના.

(10) પંચાયતોની નાણાકીય સ્થિતિની સમીક્ષા માટે દર પાંચ વર્ષે રાજ્ય નાણાપંચનું ગઠન.

**(B) સ્વૈચ્છિક જોગવાઈ :**

(1) સંસદ તથા રાજ્ય વિધાનસભાના બંને ગૃહના સભ્યો પોતાના ચૂંટણી ક્ષેત્રમાં આવતી વિભિન્ન સ્તરીય પંચાયતોમાં પ્રતિનિધિત્વ આપી શકે.

(2) પંચાયતોમાં કોઈ પણ સ્તર પછાત વર્ગ માટે અનામત (સભ્ય અને પ્રમુખ) રાખી શકે.

(3) પંચાયતોને સત્તા તેમજ અધિકારો પ્રદાન કરવા જેથી તે વહીવટી સંસ્થા તરીકે કાર્ય કરી શકે.

(4) પંચાયતોને સત્તા તેમજ જવાબદારીઓ સોંપવી. જેથી આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે યોજનાઓ તૈયાર કરી શકે. તેમજ 11મી અનુસૂચિમાં આપેલા 29 કાર્યોમાંથી કેટલાક કાર્યોનો વહીવટ કરી શકે.

(5) પંચાયતોને નાણાકીય શક્તિ આપવી એટલે કે કર, વેરા, ફી વગેરે વસુલવાની સત્તા આપવી.

★★★★★

## પ્રકરણ - 3 ગ્રામ પંચાયત

- **રાજ્યોમાં પંચાયતની જોગવાઈઓ**

**1 પંચાયતનાં સ્તર :**

→ તે રાજ્યો જેમાં પંચાયત બે સ્તરીય છે, જે નીચે મુજબ છે-

(1) મણિપુર (2) જમ્મુ અને કાશ્મીર (3) સિક્કિમ

(4) પુડુચેરી (5) ગોવા (6) અદમાન-નિકોબાર ટાપુ સમૂહ

(7) દાદરા-નાગર હવેલી (8) દમણ અને દીવ

(9) લક્ષદ્વીપ

4Gujarat.com

→ તે રાજ્યો જેમાં પંચાયત ત્રણ સ્તરની છે, તે નીચે મુજબ છે-

(1) ગુજરાત (2) ચંદીગઢ (3) આંધ્રપ્રદેશ (4) બિહાર
(5) અરૂણાચલ પ્રદેશ (6) આસામ (7) હરિયાણા
(8) હિમાચલ પ્રદેશ (9) કર્ણાટક (10) મધ્યપ્રદેશ
(11) મહારાષ્ટ્ર (12) ઓરિસ્સા (13) પંજાબ
(14) રાજસ્થાન (15) તમિલનાડુ (16) ત્રિપુરા
(17) ઉત્તરપ્રદેશ (18) પશ્ચિમબંગાલ

**2. <u>ગ્રામ પંચાયતના વડા</u>**

→ અલગ-અલગ રાજ્યોમાં ગ્રામ પંચાયતના વડા અલગ-અલગ નામથી ઓળખાય છે.

(1) તે રાજ્યો જેમાં ગ્રામ પંચાયતના વડાને ''સરપંચ'' કહે છે, તે નીચે મુજબ છે-

(1) ગુજરાત (2) મહારાષ્ટ્ર (3) મધ્યપ્રદેશ
(4) રાજસ્થાન (5) પંજાબ (6) હરિયાણા (7) આંધ્રપ્રદેશ
(8) ઓરિસ્સા (9) ગોવા (10) જમ્મુ-કાશ્મીર
(11) ચંદીગઢ

(2) તે રાજ્યો જેમાં ગ્રામ પંચાયતના વડાને ''પ્રમુખ'' કહે છે, તે નીચે મુજબ છે-

(1) તમિલનાડુ (2) આસામ (3) કેરળ

(3) તે રાજ્યો જેમાં ગ્રામ પંચાયતના વડાને '' અધ્યક્ષ'' કહે છે, તે નીચે મુજબ છે.

(1) કર્ણાટક

(4) તે રાજ્યો જેમાં ગ્રામ પંચાયતના વડાને ''મુખિયા'' કહે છે, તે નીચે મુજબ છે -

(1) બિહાર

(5) તે રાજ્યો જેમાં ગ્રામ પંચાયતના વડાને ''પ્રધાન'' કહે છે, તે નીચે મુજબ છે -

(1) ઉત્તરપ્રદેશ (2) ત્રિપુરા (3) હિમાચલ પ્રદેશ
(4) મણિપુર (5) પશ્ચિમ બંગાલ (6) અંદમાન-નિકોબાર ટાપુ સમુહ

(6) તે રાજ્યો જેમાં ગ્રામ પંચાયતના વડાને ''સભાપતિ'' કહે છે, તે નીચે મુજબ છે -

(1) સિક્કિમ

(7) તે રાજ્યો જેમાં ગ્રામ પંચાયતના વડાને ''ચેર પર્સન'' કહે છે, તે નીચે મુજબ છે -

(1) અરૂણાચલ પ્રદેશ (2) દાદારાનગર હવેલી
(3) દમણ અને દીવ (4) લક્ષદ્વીપ

(8) તે રાજ્યોમાં જેમાં ગ્રામ પંચાયતના વડાને ''પ્રિસિડેન્ટ'' કહે છે, તે નીચે મુજબ છે -

(1) પુડુચેરી (પોન્ડિચેરી)

**3. <u>ગ્રામ પંચાયતના નામ :</u>**

→ અલગ-અલગ રાજ્યોમાં ગ્રામ પંચાયત અલગ-અલગ નામે ઓળખાય છે

(1) તે રાજ્યોમાં જેમાં પંચાયતી રાજનું સૌથી નીચેનું સ્તર ''ગ્રામ પંચાયત''ના નામે ઓળખાય છે -

(1) મહારાષ્ટ્ર (2) ગુજરાત (3) મધ્યપ્રદેશ
(4) આંધ્રપ્રદેશ (5) કર્ણાટક (6) બિહાર
(7) અરૂણાચલ પ્રદેશ (8) હિમાચલ પ્રદેશ (9) ગોવા
(10) રાજસ્થાન (11) ચંદીગઢ (12) અંદમાન - નિકોબાર ટાપુ સમુહ (13) ઓરિસ્સા (14) ત્રિપુરા (15) સિક્કિમ
(16) હરિયાણા (17) મણિપુર (18) પશ્ચિમ બંગાલ
(19) પંજાબ

(2) તે રાજ્યોમાં જેમાં પંચાયતી રાજનું સૌથી નીચેનું સ્તર ''વિલેજ પંચાયત'' ના નામે ઓળખાય છે -

(1) પુડુચેરી (પોન્ડિચેરી) (2) લક્ષદ્વીપ (3) દમણ-દીવ
(4) દાદરાનગર હવેલી (5) કેરળ (6) તમિલનાડુ

(3) તે રાજ્યોમાં જેમાં પંચાયતી રાજનું સૌથી નીચેનું સ્તર ''ગાંવ પંચાયત''ના નામે ઓળખાય છે -

(1) ઉતરપ્રદેશ (2) આસામ

(4) તે રાજ્ય જેમાં પંચાયતી રાજનું સૌથી નીચેનું સ્તર ''હલ્કા પંચાયત''ના નામે ઓળખાય છે -

(1) જમ્મુ-કાશ્મીર

**4. <u>ગ્રામ પંચાયતની બેઠક :</u>**

→ અલગ - અલગ રાજ્યોમાં ગ્રામ પંચાયતની બેઠક અંગેની જોગવાઈઓ અલગ - અલગ છે -

(1) તે રાજ્યો જેમાં ગ્રામ પંચાયતની બેઠક મહિનામાં એકવાર આયોજિત કરવામાં આવી હોય -

(1) ગુજરાત (2) મધ્યપ્રદેશ (3) ઉત્તરપ્રદેશ (4) ત્રિપુરા
(5) આંધ્રપ્રદેશ (6) પંજાબ (7) પશ્ચિમ બંગાલ
(8) હિમાચલ પ્રદેશ

(2) તે રાજ્યો જેમાં ગ્રામ પંચાયતની બેઠક બે મહિનામાં એકવાર આયોજિત કરવામાં આવતી હોય -

(1) મણિપુર (2) ગોવા (3) અરૂણાચલ પ્રદેશ
(4) કર્ણાટક (5) બિહાર (6) આસામ

(3) તે રાજ્યો જેમાં ગ્રામ પંચાયતની બેઠક એક મહિનામાં બે વાર આયોજિત કરવામાં આવતી હોય -

4Gujarat.com

(1) રાજસ્થાન (2) હરિયાણા (3) સિક્કિમ

(4) તે રાજયો જેમાં ગ્રામ પંચાયતની બેઠકની સંખ્યા કોઈ નિશ્ચિત હોતી નથી -

(1) કેરલ (2) મહારાષ્ટ્ર (3) ઓરિસ્સા

### 5. સરપંચની ચૂંટણી :

→ તે રાજયો જેમાં ગ્રામ પંચાયતના વડા (સરપંચ)ની મતદારો ધ્વારા સીધી ચૂંટણી થાય છે -

(1) ગુજરાત (2) રાજસ્થાન (3) મધ્યપ્રદેશ
(4) આંધ્રપ્રદેશ (5) આસામ (6) બિહાર (7) હરિયાણા
(8) તમિલનાડુ (9) હિમાચલ પ્રદેશ (10) ઓરિસ્સા
(11) પંજાબ (12) ઉત્તરપ્રદેશ (13) અરૂણાચલ પ્રદેશ
(14) મણિપુર

→ તે રાજયો જેમાં ગ્રામ પંચાયતના વડા (સરપંચ)ની ચૂંટણી પંચાયતના ચૂંટાયેલા સભ્યો કરે છે -

(1) પશ્ચિમ બંગાલ (2) ગોવા (3) કર્ણાટક (4) કેરળ
(5) મહારાષ્ટ્ર (6) ત્રિપુરા (7) સિક્કિમ

- **ગામની વ્યાખ્યા :**

→ ભારતના બંધારણમાં 1992 ના 73 માં સુધારાથી કલમ- 243(G) માં ગામની વ્યાખ્યા આ મુજબ આપેલી છે - ''ગામ એટલે આ ભાગના હેતુ માટે રાજ્યપાલે વિકાસ કમિશનરની ભલામણ ઉપરથી સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને જે તે વિસ્તારને ગામ તરીકે જાહેર કરશે અને તેવા વિસ્તારમાં ગામોના સમૂહનો સમાવેશ થઈ શકે છે''

→ બંધારણની કલમ - 243(B) મુજબ દરેક રાજ્યમાં દરેક ગામ માટે ગામ પંચાયતની રચના કરવાની છે.

- **ગામ પંચાયતની રચના :**

→ 15000 સુધીની વસ્તી ધરાવતાં ગામમાં ગામ પંચાયતની રચના થાય છે.

→ ત્રણ હજાર સુધી વસ્તીવાળા ગામની ગામ પંચાયત 7 સભ્યોની બનશે અને 3000 થી ઉપર દરેક એક હજાર અથવા તેના ભાગ માટે 2 સભ્યોની સંખ્યામાં વધારો કરાશે. એટલે કે ઓછામાં ઓછી 7 સભ્યો અને વધુમાં વધુ 31 સભ્યોની ગામ પંચાયત રહેશે.

- દાખલા તરીકે

3000 ની વસ્તી - 7 સભ્યો
3001-4000 ની વસ્તી - 9 સભ્યો (7 ´ 2)
4001-5000 ની વસ્તી - 11 સભ્યો (9 ´ 2)
14001-15000 ની વસ્તી - 31 સભ્યો (29 ´ 2)

→ ગામ પંચાયતના સભ્યોની સંખ્યા જીલ્લા કલેકટર નકકી કરશે.

→ ગામ પંચાયતના સભ્યો, ગામના લાયકાત ધરાવતા મતદારો માંથી ચૂંટવામાં આવશે.

→ ગામ પંચાયતને સરપંચ અને ઉપસરપંચ રહેશે.

→ સરપંચની ચૂંટણી ગામના લાયકાત ધરાવતા મતદારો ધ્વારા પોતાનામાંથી ગુપ્ત મતદાનથી ચૂટવામાં આવશે.

→ ઉપસરપંચની ચૂંટણી ગ્રામ પંચાયતના સભ્યો પોતાનામાંથી કરશે.

→ ગામ પંચાયતના વહીવટી વડા ''તલાટી-કમ-મંત્રી'' જેને સરકાર નિયુક્ત કરે છે.

- **ગામ પંચાયતમાં અનામત બેઠકો :**

→ ગામ પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી ''કલેકટર'' કરે છે, જયારે તાલુકા કે જીલ્લા પંચાયત માટે બેઠકોની ફાળવણી ''વિકાસ કમીશનર'' કરે છે.

→ ગામ પંચાયતમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત બેઠકો વસ્તીના પ્રમાણમાં રાખવામાં આવે છે. આવી બેઠકો તે ગામના પ્રમાણમાં રાખવામાં આવે છે. આવી બેઠકો તે ગામના જુદા-જુદા વોર્ડોમાં ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમીશને ફાળવવી જોઈએ.

→ ગામમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વસ્તી હોય ત્યારે તેમના માટે ગામ પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાના 10% બેઠકો અનામત રાખવામાં આવે છે. આવી બેઠકો તે ગામના જુદા-જુદા વોર્ડોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમીશને ફાળવવી જોઈએ.

→ ગામ પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાની 50 ટકા બેઠકોમાં સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવે છે. (નોંધ- SC, ST અને OBC ની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) આવી બેઠકો તે ગામના જુદા-જુદા વોર્ડોને ઠરાવેલી રીતે વારાફરતી રાજ્ય ચૂંટણી કમીશને ફાળવવી જોઈએ.

→ સરપંચના હોદ્દાની બેઠક પણ વારાફરતી મહિલાઓ, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ

4Gujarat.com

(ST) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (OBC) માટે અનામત રહેશે.

- **ગામ પંચાયતની મુદત :**

→ ગામ પંચાયતની મુદત 5 વર્ષની ગણાય છે.

→ પંચાયતની મુદત ગામ પંચાયતની પ્રથમ બેઠક મળે ત્યારથી જ ગણાય છે.

→ અમુક સંજોગોમાં ગામ પંચાયતનું વિસર્જન વચ્ચે પણ કરી શકાય છે. જેથી ફરીથી સરપંચ બનનાર બાકી રહેલા સમય પૂરતો જ હોય છે.

- **ગામ પંચાયતની ચૂંટણી :**

→ ગામ પંચાયતની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે.

→ પંચાયતની પાંચ વર્ષની મુદત પૂરી થયાને કારણે આવી પંચાયતની પુર્નરચના કરવામાં આવે તો, આવી તારીખ, સદરહુ મુદત પૂરી થાય તે પહેલાં, બે મહિના કરતાં વહેલી હોવી જોઈએ નહિ અને 15 દિવસ કરતાં મોડી હોવી જોઈએ નહિં.

→ પંચાયતનું વિસર્જન કરવામાં આવે તો તેના વિસર્જનની તારીખથી 6 મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં ચૂંટણી યોજવાનું ફરજિયાત છે.

→ પંચાયતની મુદત પૂરી થાય તે પહેલાં તેનું વિસર્જન થયે રચાયેલ પંચાયત તેની બાકીની મુદત માટે જ ચાલુ રહેશે.

→ મુખ્ય ન્યાયાધીશ વાય. કે. સબરવાલની અધ્યક્ષતા હેઠળની પાંચ સભ્યોની બંધારણીય બેન્ચે કહયુ કે, ચૂંટણી પંચે પાંચ વર્ષનો કાર્યકાળ સમાપ્ત થાય તે પહેલાં જ ચૂંટણી પ્રક્રિયા પૂરી કરી લેવી જોઈએ ફકત કુદરતી આપદાઓ, કાયદાકીય અને બંધારણીય પરિસ્થિતિ ખરાબ થવાની સ્થિતિમાં જે તેમાં વિલંબ યોગ્ય ગણાશે.

→ ગામ પંચાયતની ચૂંટણીની દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન, રાજ્ય ચૂંટણી કમીશનમાં નિહિત થશે.

→ પંચાયતની ચૂંટણી માટે પંચાયતના સભ્યો માટેનો વોર્ડ નક્કી કરીને જે તે વોર્ડની મતદાર મંડળની રચના કરવામાં આવે છે.

→ મતદાર યાદી પંચાયતની મુદત પૂરી થવાના બે મહિના પહેલાં તૈયાર કરવાની છે.

→ પંચાયતના દરેક સભ્યની ચૂંટણી માટે તેના મતવિસ્તારની મતદારયાદી દરેક સંબંધકર્તા પંચાયત કચેરીથી જ પ્રસિદ્ધ થાય છે.

→ તૈયાર થયેલી મતદાર યાદીને યોગ્ય અધિકારી ધ્વારા પ્રસિદ્ધ કરીને નિયત કરેલ સ્થળે મૂકવામાં આવે છે જેથી કરીને મતદાતા પોતાના નામ અંગે કોઈ ભૂલ કે મતદાર યાદીમાં નામ છે કે નહિ તે ચકાસી શકે કેમ કે વિધાનસભાની મતદારયાદી ઉપરથી નકલ જ કરવાની હોવા છતાં વહીવટી ઉતાવળ કે ભૂલચૂકના કારણે મતદારયાદીમાં નામ નહી હોય તો મતદાન કે ઉમેદવારી થઈ શકશે નહિ.

→ મતદાર યાદીની પ્રસિદ્ધિ અને તેની પ્રમાણિત નકલની યોગ્ય અધિકારી ધ્વારા કસ્ટડી લેવી તે ચૂંટણી પ્રક્રિયાનો પ્રથમ તબકકો છે.

→ ચૂંટણીની તારીખનું જાહેરનામું, ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણૂક, કલેકટરે મતદાન મથકોની યાદી પ્રસિદ્ધ કરવી, ઉમેદવારી પત્રો નોંધાવવા, ઉમેદવારી પત્રોની ચકાસણી માન્ય ઉમેદવારોની યાદીની પ્રસિદ્ધિ, ઉમેદવારી પાછી ખેંચવા, મતદાન અને જરૂરી બને તો મતદાન રદ કરવો, મતગણતરી કરવી અને ચૂંટણી અધિકારીએ ચૂંટણીનું પરિણામ જાહેર કરવાની સાથે ચૂંટણીની પ્રક્રિયા પૂરી થાય છે.

→ ગામ-તાલુકા-જીલ્લા પંચાયત દરેકના મતદાર વિભાગની મતદારયાદી જુદી હોય છે તેથી તે દરેક માટે ખાતરી કરી લેવી જોઈએ.

→ પંચાયતની પ્રથમ બેઠકમાં માત્ર ઉપ-સરપંચને ચૂંટવાની કાર્યવાહી ચાલે છે તેના સિવાય બીજી કામગીરી થતી નથી.

→ ગામ પંચાયતની ચૂંટણી પક્ષીય ધોરણે થતી નથી તેથી તેને પક્ષાંતર ધારો લાગુ પડતો નથી

- **મતદાર તરીકેની લાયકાત :**

→ 18 વર્ષથી વધુ ઉંમરનો કોઈપણ વ્યક્તિ

→ સંબંધિત વોર્ડનો રહેવાસી હોવો જોઈએ.

- **મતદાર તરીકે ગેરલાયક :**

→ મતદારયાદીમાં નામ રજીસ્ટર કરવા માટે નીચેની વ્યક્તિઓ ગેરલાયક ઠરશે -

(1) જે વ્યક્તિ ભારતનો નાગરિક ન હોય,

(2) ન્યાયાલય ધ્વારા જે વ્યક્તિને અસ્થિર મગજનો જાહેર કર્યો હોય તે,

(3) ચૂંટણી સંબંધિત ભ્રષ્ટાચાર અને અન્ય ગુનાઓ હેઠલ મતદાર તરીકે ગેરલાયક ઠરાવેલ વ્યક્તિ

→ કોઈપણ વ્યક્તિ એકથી વધારે મતદાર વિભાગમાં મતદાર યાદીમાં નામ રજિસ્ટ્રર કરાવવા માટે હકદાર થશે નહિં.

- **<u>સરપંચ અને સભ્યની લાયકાત :</u>**

→ જે વ્યક્તિ 21 વર્ષની ઉમરની થઈ હોય,

→ તેનું નામ ગામની મતદારોની યાદીમાં હોય

→ બીજા કોઈપણ કાયદા હેઠળ ગેરલાયક ન ઠરી હોય.

→ ઉમેદવારી કરવા માટે કોઈ શૈક્ષણિક લાયકાતની જરૂરત નથી. (જો કે રાજસ્થાન સરકારે આવવાવાળી પંચાયતી ચૂંટણીમાં 8 મું પાસ સરપંચ અને 10 મું પાસ જે જીલ્લા પરિષદ પંચાયત સમિતિનો સભ્ય બની શકશે આવો ખરડો પ્રસાર કરી દીધો છે )

→ સરપંચ કે સભ્ય થવા માટે કોઈ અનુભવની જરૂરત નથી તેથી સંકોચ ત્યજી દેવો ચૂંટાયેલા સભ્યો, સરપંચ, પ્રમુખને ચૂંટાયા પછી પ્રશિક્ષણ કેન્દ્ર ધ્વારા જરૂરી તાલીમ આપવામાં આવે છે.

- **<u>સરપંચ અને સભ્ય માટે કોણ ઉમેદવારી ન કરી શકે :</u>**

→ ન્યાયાલય ધ્વારા જે વ્યક્તિને અસ્થિર મગજ (પાગલ)નો જાહેર કર્યો હોય તે,

→ સરકારી પંચાયતમાં નોકરી કરતો હોય તે (પરંતુ બિનસરકારી શાળા -કોલેજ કે સંસ્થાની અને સહકારી સંસ્થાની નોકરીનો બાધ નથી)

→ ઉમેદવારી કરવા સરકારી કે પંચાયતના નોકરને મનાઈ છે, તેનાં પત્ની કે કુટુંબના વ્યક્તિઓ કે મહિલાઓ ઉમેદવારી કરી શકે છે.

→ જે વ્યક્તિને નાદાર જાહેર કરવામાં આવ્યો હોય અને તેમાંથી છુટકારો મેળવેલ ન હોય

→ પંચાયતના હુકમથી કરેલા કોઈ કામમાં અથવા પંચાયત સાથેના, તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા પંચાયત હેઠળની નોકરીમાં, તે અથવા પોતાના ભાગીદાર મારફત, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કઈક ભાગ અથવા હિત સંબંધ ધરાવતી હોય તે

→ કોઈપણ પંચાયતના કોઈ અધિકારી અથવા નોકરને ધીરેલી અથવા તેના પાસેથી ઉછીની લીધેલી નાણાની લોનની લેવડદેવડમાં તે હિત સંબંધ અથવા કઈક ભાગ ધરાવતી હોય તે

→ લોકપ્રતિનિધિત્વ એકટ પ્રમાણે કોઈપણ ગુના માટે બે વર્ષ કે તેથી વધુ વર્ષની સજા પામેલ વ્યક્તિ

→ પંચાયત અથવા તેના તાબા હેઠળની કોઈ પંચાયતની પાસેથી લેણી નીકળતી કોઈપણ પ્રકારની બાકી રકમ, તેના ઉપર નોટિસ આપ્યો પછી ત્રણ મહિનાની અંદર ભરવાનું ચૂકે તેવી વ્યક્તિ -

→ તે વ્યક્તિ જેણે સ્વેચ્છાથી કોઈ વિદેશી રાજ્યની નાગરિકતા પ્રાપ્ત કરી હોય

→ તારીખ - 4/8/2005 પછી બે કરતાં વધુ બાળકો ધરાવનાર વ્યક્તિ ( જો કોઈ દંપતી આ તારીખ સુધી માત્ર એક જ બાળક ધરાવે છે અને ત્યારપછીની એક પ્રસૂતિ દરમિયાન ગમે તેટલી સંખ્યામાં બાળકો જન્મે તે એક જ બાળક તરીકે ગણાશે)

- **<u>સરપંચની ચૂંટણી</u> :**

→ ગામની લાયકાત ધરાવતા મતદારો પોતાનામાંથી સરપંચને ગુપ્ત મતદાન ધ્વારા ચૂંટશે.

→ ગામના લાયકાત ધરાવતા મતદારોમાંથી સભ્યોને ચૂંટવામાં આવશે.

→ ગામ પંચાયત ચૂંટણી પક્ષીય એટલે કે રાજકીય ધોરણે થતી નથી. આ માટે તેને પક્ષાંતર ધારો લાગુ પડતો નથી.

→ કલેકટરે SC, ST, OBC અને મહિલાઓ માટેની સરપંચ માટે અનામત બેઠકો નક્કી કરવાની છે.

- **<u>ઉપસરપંચની ચૂંટણી :</u>**

→ સરપંચ અને ચૂંટાયેલા સભ્યો ધ્વારા ઉપ-સરપંચની ચૂંટણી કરવામાં આવે છે. એટલે કે ઉપસરપંચ પરોક્ષ રીતે ચૂંટાય છે.

→ ગામ પંચાયતની પહેલી બેઠકમાં, ઉપ-સરપંચની ચૂંટણી સિવાયનું બીજું કશું કામકાજ થતું નથી.

→ પંચાયતની પ્રથમ બેઠક સરપંચ અને સભ્યોની ચૂંટણીના પરિણામ જાહેર કર્યાના ચાર અઠવાડિયામાં મળે છે.

→ પંચાયતની પ્રથમ બેઠકની તારીખ ''તાલુકા વિકાસ અધિકારી'' નક્કી કરે છે.

4Gujarat.com

→ પંચાયતની પ્રથમ બેઠકમાં ચૂંટાયેલા સરપંચ અધ્યક્ષ સ્થાન લેશે અને જો ચૂંટાયેલ સરપંચ અધ્યક્ષ સ્થાન લેવા માંગતો ન હોય ત્યારે, યોગ્ય સત્તાધિકારી જે અધિકારીની નિમણૂંક કરે તે સભાનું અધ્યક્ષ સ્થાન લેશે. આ અધિકારીને ઠરાવવામાં આવે તે સત્તા રહેશે અને તેવી કાર્યરિતીને તે અનુસરશે, પણ તેમને મત આપવાનો હક રહેશે નહિ.

→ સરપંચ પોતે પંચાયતનો સભ્ય હોવાથી તે ઉપ-સરપંચની ચૂંટણીમાં મત આપી શકે છે.

→ જો ઉપસરપંચની ચૂંટણીમાં બે ઉમેદવારને મતો સરખા મળે તો ચૂંટણીનું પરિણામ, અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીની હાજરીમાં, ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવશે.

→ ઉપસરપંચના ઉમેદવારીપત્રો આવી ગયા બાદ બેઠકમાં કોરમ ન થાય અથવા બીજા કોઈ કારણોસર જરૂરી બને તો સભાના પ્રમુખે અધિકારી સભા અન્ય ઠરાવે તે દિવસ ઉપર મુલત્વી રાખી શકે છે.

→ સરપંચ, ઉપ-સરપંચની બંને બેઠકો ખાલી પડે ત્યારે તાત્કાલિક તાલુકા વિકાસ અધિકારીએ ઉપસરપંચની ચૂંટણી કરાવી લેવી જેથી તે સરપંચના કાર્યો પણ કરી શકે.

- **<u>પંચાયતની મુદત :</u>**

→ ગામ પંચાયતના સરપંચ, ઉપ-સરપંચ અને સભ્યોના હોદ્દાની મુદત, પંચાયતની મુદત જેટલી રહેશે એટલે કે 5 વર્ષ રહેશે.

- **<u>સરપંચ, ઉપ-સરપંચ અને સભ્યોનું રાજીનામું :</u>**

→ સરપંચ, ‘‘તાલુકા પંચાયત’’ ને લેખિત રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે પણ ‘‘તાલુકા પંચાયત’’ રાજીનામું સ્વીકારી નહિ ત્યાં સુધી, અમલમાં આવશે નહિ.

→ ઉપ-સરપંચ, ‘‘પંચાયત’’ ને લેખિત રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે, પણ ‘‘પંચાયત’’ રાજીનામું સ્વીકારે નહિ ત્યાં સુધી અમલમાં આવશે નહિ.

→ પંચાયતનો બીજો કોઈ સભ્ય, ‘‘સરપંચ’’ને રાજીનામું આપીને પોતાના હોદ્દા પરથી દૂર થઈ શકશે અને એવું રાજીનામું, સરપંચને જે તારીખે મળે તે તારીખથી અમલમાં આવશે.

→ સરપંચ અને ઉપસરપંચના રાજીનામાની સત્તા ધરાવતા અધિકારીએ સ્વીકારેલ કે મંજૂર કરેલ ન હોય તો તે પાછાં ખેંચી શકાય છે પરંતુ તે માટે લેખિત વિનંતી કરવી જોઈએ અને તે પાછુ ખેંચવાની મંજૂરી આપવી કે નહિ તેની વિચારણા સત્તા ધરાવતા અધિકારીએ કરવાની છે.

→ પંચાયતના બીજા કોઈ સભ્યનું રાજીનામું સરપંચને મળ્યાની તારીખથી જ અમલમાં આવે છે તેથી તે પાછું ખેંચી શકાય નહિ.

→ સરપંચ, ઉપસરપંચ અને સભ્યોના રાજીનામી અંગે કોઈ તકરાર ઉપસ્થિત થાય તો, સરપંચના રાજીનામા અંગેની તકરારનો નિર્ણય ‘‘નાયબ જીલ્લા વિકાસ અધિકારી’’ કરે છે જયારે ઉપસરપંચ અને સભ્યોના રાજીનામા અંગેની તકરારનો નિર્ણય ‘‘તાલુકા વિકાસ અધિકારી’’ કરે છે. આ અધિકારીને નિર્ણય માટે એ તકરાર લખી મોકલવી પડશે અને અધિકારીનો નિર્ણય આખરી ગણાશે પરંતુ રાજીનામું અમલમાં આવ્યાની તારીખથી 30 દિવસની મુદત પૂરી થયા પછી, એવી કોઈ તકરાર સ્વીકારી શકાશે નહિં.

- **<u>સરપંચ અને ઉપસરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ :</u>**

→ સરપંચ અને ઉપસરપંચ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવા માંગતો કોઈ સભ્ય સંબંધિત પંચાયતને નિયત કરેલા ફોર્મ (નમૂના)માં પંચાયતના કુલ સભ્યોના 50 ટકા સભ્યોના ટેકાથીજ આ પ્રસ્તાવ લાવી શકશે.

→ સરળ શબ્દોમાં કહીએ તો -

(1) અવિશ્વાસની દરખાસ્ત (પ્રસ્તાવ) પંચાયતનો કોઈપણ સભ્ય લાવી શકે છે.

(2) પંચાયતની કુલ સભ્ય સંખ્યાના 50 ટકા સભ્યો ટેકો આપે તો જ તે દરખાસ્ત રજૂ કરી શકાશે.

→ જો સરપંચ અથવા ઉપસરપંચની વિરૂદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ પંચાયતના સભ્યોની કુલ સંખ્યાના 2/3 (બે-તૃતીયાંશ) સભ્યોની બહુમતીથી પસાર કરવામાં આવ્યો હોય ત્યારે જ સરપંચ અથવા ઉપસરપંચ પ્રસ્તાવ પસાર કર્યાની તારીખથી ત્રણ દિવસની મુદત પછી હોદો ધરાવતા બંધ થશે. બીજા શબ્દોમાં કહીએ તો પંચાયતના કુલ સભ્યોની સંખ્યાની 2/3 (બે-તૃતીયાંશ) બહુમતીથી જ અવિશ્વાસની દરખાસ્તને મંજૂર થઈ શકશે.

→ અવિશ્વાસનો પ્રસ્તાવ હાથ ધરવા માટે પંચાયતની બેઠક, આવા પ્રસ્તાવની નોટિસ પંચાયતને મળી હોય તે તારીખથી 15 દિવસની અંદર બોલાવવાની રહેશે.

→ અવિશ્વાસની દરખાસ્ત સરપંચ અથવા ઉપસરપંચ સામે લાવવામાં આવી હોય તો તેઓ સભામાં હાજર રહેવાનો બોલવાનો તેમજ મત આપવાનો અધિકાર રહેશે પરન્તુ સભાનો અધ્યક્ષ (પ્રમુખ) સ્થાન લઈ શકશે નહિ.

→ જો સરપંચ આવી બેઠક ન બોલાવે તો પંચાયતના સેક્રેટરી એ તરત જ "તાલુકા વિકાસ અધિકારી"ને તે વિશેનો રિપોર્ટ આપશે અને તાલુકા વિકાસ અધિકારી તે રિપોર્ટ મળ્યાની તારીખથી 15 દિવસની અંદર પંચાયતની બેઠક બોલાવશે.

→ જો ગામ પંચાયતના સરપંચ અને ઉપસરપંચના હોદ્દા એક સાથે ખાલી પડે ત્યારે "તાલુકા વિકાસ અધિકારી" આના માટે અધિકૃત કરે તે અધિકારી, જ્યાં સુધી સરપંચની ચૂંટણી ન થાય ત્યાં સુધી તમામ કાર્યો, સત્તા અને ફરજો બજાવશે. પરન્તુ આવા નિમાયેલા અધિકારીને પંચાયતની કોઈ બેઠકમાં મત આપવાનો અધિકાર રહેશે નહિં.

→ અવિશ્વાસની દરખાસ્ત કોઈપણ કારણોસર મોકૂફ રાખી શકાશે નહિ અને જો તે જ સભામાં (બેઠકમાં) તે વિચારણામાં કે મત લેવાય નહિ તો રદ્દ થશે. એટલે કે અવિશ્વાસની દરખાસ્તનો નિર્ણય પંચાયતની તે બેઠકમાં થઈ જ જવો જોઈએ નહિતર તે દરખાસ્ત રદ થઈ જશે.

- **<u>સરપંચ, ઉપ-સરપંચ અને સભ્યને હોદ્દા પરથી દૂર કરવા :</u>**

→ પંચાયતના કોઈપણ સભ્ય, સરપંચ અને ઉપસરપંચને તેના હોદ્દા પરથી નીચેના કારણોસર દૂર કરી શકાય છે -

(1) સરપંચ, ઉપસરપંચ અને સભ્યો કોઈપણ પ્રકારે માનસિક, શારીરિક અને કાયદેસરની કોઈપણ અસમર્થતા ઊભી થાય જેના કારણે પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થાય તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે.

દા.ત. (1) મગજ અસ્થિર થઈ જવું.
(2) કોઈપણ શારીરિક બીમારી થઈ જવી જેમ કે લકવો
(3) જન્મટીપની સજા થવી.

(2) સરપંચ, ઉપસરપંચ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની ફરજો બજાવવામાં ગેરવર્તણૂંક કરે તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે.

દા.ત. (1) પંચાયતનું અપમાન કરવું
(2) ઈરાદાપૂર્વક કાયદેસરની આજ્ઞાનું પાલન નુ કરવું

(3) સરપંચ, ઉપસરપંચ અને સભ્યો કોઈપણ પ્રકારે શરમજનક વર્તણૂક (ભલે તે ખાનગી કૃત્યો માટે હોય) માટે દોષિત થયો હોય તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે.

(4) સરપંચ, ઉપસરપંચ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની સત્તાનો દુરુપયોગ કરે તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે.

(5) સરપંચ, ઉપસરપંચ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની ફરજો અને કાર્યો બજાવતી વખતે વારંવાર કસૂર કરે તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે.

- **<u>ગામ પંચાયતની બેઠક :</u>**

→ પંચાયતની બેઠક દર મહિને એક વાર મળવી ફરજિયાત છે.

→ ગામ પંચાયતના સરપંચને યોગ્ય લાગે ત્યારે લેખિત કારણો દર્શાવીને અથવા જો સભ્યોની કુલ સંખ્યાના એક-તૃતીયાંશ (1/3) સભ્યો લેખિત વિનંતી કરે તો ખાસ મિટીંગ (બેઠક) બોલાવવી પડે.

→ પંચાયત મંત્રીએ ગામ પંચાયતના સભ્યોને બેઠક (મીટિંગ) ના 5 દિવસ પહેલાં જાણ કરવામાં આવે છે. જો ખાસ બેઠક બોલાવવી હોય તો 3 દિવસ પહેલાં જાણ કરવામાં આવે છે.

→ બેઠકનું સ્થળ અને સમય સરપંચ ધ્વારા નક્કી કરવામાં આવે છે.

→ બેઠક મળ્યા પહેલા બેઠકની સૂચના રદ કરી શકાય નહિ તેને બેઠક મળ્યા પછી મોકૂફી કરી શકાય.

→ બેઠક શરૂ થયા પછી બેઠક મુલત્વી રાખવી હોય તો નિયમ પ્રમાણે હાજર સભ્યોની બહુમતીથી નિર્ણય કરવાનો રહે છે.

→ બેઠક બોલાવ્યા પછી સરપંચ અથવા કોઈ અધિકારી નિયમ વિરૂદ્ધ બેઠક મોકૂફ રાખે તો હાજર સભ્યો બીજો અધ્યક્ષ ચૂંટી બેઠકનું કામકાજ કરી શકે છે.

AGujarat.com

→ પંચાયત સભામાં ''સરપંચ'' અધ્યક્ષ સ્થાને હોય છે જો સરપંચ ગેરહાજર હોય તો ''ઉપસરપંચ'' અધ્યક્ષ સ્થાને હોય છે.

→ જો સરપંચ અને ઉપસરપંચ બન્ને ગેરહાજર હોય તો નક્કી કરેલા સમયથી 30 મિનીટની રાહ જોવામાં આવે છે અને ત્યારે પણ તે ગેરહાજર હોય તો હાજર રહેલા સભ્યોમાંથી એકને તે બેઠક (સભા)ના પ્રમુખ (અધ્યક્ષ) ચૂંટવામાં આવે છે.

→ સરપંચ અને ઉપસરપંચ સહિતના પંચાયતની કુલ સભ્ય સંખ્યાના એક-તૃતીયાંશ (1/3) સભ્યોની સંખ્યા ''ગણપૂર્તિ'' (કોરમ) માટે ફરજિયાત છે.

→ પંચાયતની બેઠકમાં (સભામાં) જાહેર જનતા હાજર રહી શકશે.

→ પંચાયત સભામાં દરેક સભ્યને સવાલ પૂછવાનો અધિકાર છે. કોઈપણ સભ્યને સવાલ (પ્રશ્ન) પૂછવાનો હોય તો તે સભ્યે સરપંચને સાત દિવસ પહેલાં લેખિતમાં નોટિસ આપવાની રહેશે. પંચાયત સભામાં પ્રશ્નોત્તરીનો સમય એક કલાકનો રહેશે.

→ પંચાયત સભામાં પ્રશ્નોત્તરીના સમયમાં પ્રશ્ન પંચાયતના વહીવટને લગતી માહિતી મેળવવા માટેનો હોવો જોઈએ.

→ પંચાયત સભામાં પંચાયત મંત્રી સેક્રેટરી રહેશે અને સભાની દરેક મિનિટ્સની નોંધ વિગત બાંધેલી ચોપડીમાં ગુજરાતી ભાષામાં રાખશે. આ સભાની નોંધ બીજા દિવસે સભાપતિની સહી કરાવી એક નકલ ઉપલી પંચાયતને, એક નકલ વિકાસ કમીશનરને અને એક નકલ કચેરી નોટિસ બોર્ડ ઉપર મૂકવી તથા એક - એક નકલ તમામ સભ્યોને સભાની તારીખથી સાત દિવસમાં સર્ટિફિકેટ ઑફ પોસ્ટિંગથી મોકલી આપવી.

→ પંચાયતની દરેક સમિતિની સભા (બેઠક) ઓછામાં ઓછી 3 માસમાં એક વખત મળશે.

- <u>**ગ્રામ પંચાયતના સરપંચની ફરજો, સત્તાઓ અને જવાબદારી :**</u>

→ <u>**નાણાકીય સત્તાઓ :**</u>

→ પંચાયતના ફંડની સલામત કસ્ટડી માટે જવાબદાર રહેવું જોઈએ.

→ ચેકો લખી આપવા, બિલ મંજૂર કરવા અને રિફંડ આપવા સહિત પંચાયતના ફંડનો વહીવટ કરવો

→ પંચાયતના ફંડમાંથી નાણાં ઉપાડવા સરપંચ અને પંચાયતે અધિકાર આપેલા બીજા બે સભ્યોમાંથી કોઈપણ એક સભ્યની સહી સિવાય કોઈપણ નાણાં ઉપાડવા નહિં.

→ પંચાયતના નાણાં કયા રોકવા તે નક્કી કરવાની સત્તા સરપંચ પાસે છે.

→ ગ્રામ પંચાયતના નાણા ઉપાડવાની અને મૂકવાની સત્તા

→ જમીન મહેસૂલનું ભરણું કરવું.

→ પંચાયતનું બજેટ નવેમ્બર મહિનામાં તૈયાર કરાવી તેને 15 ડિસેમ્બર સુધીમાં તાલુકા પંચાયતને મોકલવાનું રહેશે. તાલુકા પંચાયત બજેટની ચકાસણી કરશે અને ભલામણો સાથે બે મહિનામાં ગ્રામ પંચાયતને પરત કરશે. ત્યારબાદ 31 માર્ચ સુધીમાં ગામ પંચાયત બજેટ મંજૂર કરશે. બજેટ વખતે આપેલ તાલુકા પંચાયતની ભલામણો ગામ પંચાયતને માનવી ફરજિયાત નથી.

→ પંચાયતની મિલકતનો બગાડ કે દૂરપ્રયોગ વગેરે બાબતે તકેદારી રાખવાની જવાબદારી સરપંચની છે.

→ કરવેરાના માંગણીપત્રક મંજૂર કરવા અને નોટિસો કાઢવાની સત્તા

→ દર મહિને પંચાયતમંત્રીના સિલકના રજિસ્ટ્રરના હિસાબો ચકાસવા, રજિસ્ટ્રરમાં તેની નોંધ કરવી અને તેનો વિસ્તૃત અહેવાલ તાલુકા પંચાયતને મોકલી આપવો.

→ પંચાયતે લીધેલ લોનના હપ્તાઓ સમયસર ભરવાની કાળજી રાખવી.

→ જીલ્લા વિકાસ ફંડમાં ફાળો નિયમિત રીતે જીલ્લા પંચાયતને મોકલાય તે જોવું દરેક ગામ પંચાયતે, ઠરાવવામાં આવે તે સાધનોમાંથી થતી પોતાની આવકના 10 ટકા કરતાં વધારે ન હોય તેટલા ટકા જેટલી રકમનો ફાળો, જિલ્લા વિકાસ ફંડમાં દર વર્ષે આપવો જોઈએ.

→ વાર્ષિક હિસાબો સમયસર તૈયાર કરીને મોકલાય તેની કાળજી રાખવી.

→ ઓડિટ રિપોર્ટનો જવાબ આપવો.

→ કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની કોઈ યોજનાનો અમલ કરાવી તેનો હિસાબ રાખવો.

→ ઢોર પૂરવાના ડબાનો હિસાબ ઓછામાં ઓછા 3 મહિને એક વખત તપાસી તેના પર પોતાની સહી કરવી.

4Gujarat.com

- **<u>વહીવટી સત્તાઓ :</u>**

→ પંચાયતની બેઠકનું પ્રમુખ સ્થાન અને બેઠકનું સંચાલન કરવું.

→ પંચાયતના સઘળા અધિકારીઓ અને નોકરોએ કરેલાં કાર્યો અને લીધેલાં પગલાં ઉપર દેખરેખ રાખવી અને તેનું નિયંત્રણ કરવું.

→ પંચાયતની બેઠક દર મહિને ઓછામાં ઓછી એક વાર બોલાવવી.

→ કોઈપણ એક પ્રસંગે 50 રૂપિયા સુધીનો આકસ્મિક ખર્ચ કરવાની સત્તા જેના માટે કોઈ સંમતિ કે મંજૂરીની જરૂરત નથી.

→ ગામ પંચાયતની સમિતિઓની કામગીરી પર દેખરેખ રાખવી.

→ ગામ સભા નિયમિત રીતે યોગ્ય સમયે ભરાય છે કે નહિ તેની કાળજી રાખવાની જવાબદારી

→ જરૂરી પત્રકોના રેકોર્ડ તલાટી કમ મંત્રી પાસે તૈયાર કરાવવા.

→ ગામ પંચાયતના કારોબારી સમિતિના અધ્યક્ષ હોય છે.

→ પંચાયતની કાર્યવાહીની નકલ અને બેઠકની તારીખ તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતે યોગ્ય સમયમાં પહોંચતી થાય તેના માટે પંચાયત મંત્રીને સૂચના આપી અને તેનો અમલ કરાવવો.

→ ગ્રામ પંચાયતના મંત્રીની રજા મંજૂર કરવાની સત્તા

→ ગામસભામાં અધ્યક્ષનું સ્થાન ગ્રહણ કરવું અને ગામસભાની બેઠકમાં નિયમ પ્રમાણે ચલાવવાની જવાબદારી

→ મંત્રી પાસે ઓડિટ નોંધના જવાબો તૈયાર કરાવવા, પંચાયત સમક્ષ રજૂ કરવા અને મંજૂર થયે તેના જવાબો નક્કી કરેલ સમયમાં તાલુકા પંચાયતમાં મોકલવાની સૂચના મંત્રીને આપવી.

→ બાંધકામની પરવાનગી, દબાણ દૂર કરવાના આદેશો ઉપર સહી કરવી.

→ પંચાયત વતી કરારો કરવા.

→ કરની વસૂલાત માટે જપ્તીના હુકમોમાં સહી કરવી.

→ કરની માંગણીની નોટિસો ઉપર સહી કરવી.

→ પરચૂરણ ખર્ચ મંજૂર કરવા.

→ આકસ્મિક ખર્ચ કરવા હુકમ આપી શકે

→ તાલુકા અને જીલ્લા પંચાયતમાં આવતા પરિપત્રો વંચાણે લેવા, તેની સમજ સભ્યોને આપવી અને મંત્રી પાસે તેનો અમલ કરાવવો.

- **<u>આયોજનની સત્તા :</u>**

→ 31 મી માર્ચ પહેલાં ગ્રામ પંચાયતનું બજેટ મંજૂર કરવું.

→ ગ્રામસભા નિયત મુદતોમાં યોજાવી.

→ જીલ્લા આયોજન મંડળની, ગ્રામ વિકાસ એજન્સીની અને જુદા-જુદા ખાતાઓની યોજનાઓનો લાભ પોતાની ગામ પંચાયત મળે તેવું આયોજન કરવું.

→ પંચાયતની બેઠકોનું સમયસર આયોજન કરવું.

→ પંચાયતના સભ્યો વચ્ચે કાર્યની વહેંચણી કરવી.

→ વસૂલાતનું કામ ગોઠવવું.

- **<u>અન્ય સત્તાઓ :</u>**

→ પંચાયત સભ્યનાં રાજીનામાં સ્વીકારવા

→ ગ્રામ વિકાસના ચાલતા બીજા ખાતાના કામોમાં મદદ કરવી.

→ સામાજિક ન્યાય સમિતિના કામમાં જરૂરી મદદ કરવી.

→ વિવિધ અહેવાલો તૈયાર કરાવીને મોકલવા.

→ પંચાયત સભ્યે ગેરલાયકાત વહોરી હોય તે અંગે તકેદાર રહેવું અને વિવિધ પગલાં લેવાં.

→ ન્યાય પંચાયતના કેસોમાં જરૂરી હોય ત્યાં ફરિયાદી થવું.

→ ઢોર પૂરવાના ડબા ઉપર દેખરેખ રાખવી.

→ ગેરકાયદેસર દબાણ હટાવવાની સત્તા

→ પંચાયતમંત્રીની પરચૂરણ રજા મંજૂર કરી શકે છે.

→ ચેક પર સહી કરવાનો અધિકાર ધરાવે છે.

→ પંચાયતની બેઠકમાં સરખા મત પડે ત્યારે સરપંચ (અવિશ્વાસની દરખાસ્ત સિવાય) તેનો નિર્ણાયક મત આપી શકે છે

→ પંચાયતના બાકી લેણાં નીકળતા વ્યક્તિની જંગમ મિલકત ટાંચમાં લેવાનો પોતાની સહીથી હુકમ કરી શકે છે પરંતુ તેના માટે પંચાયતનો ઠરાવ જરૂરી છે

→ પંચાયત ધ્વારા અને નિયમોથી સોંપવામાં આવે એવી બીજી સત્તા વાપરવી અને કાર્યો બજાવવા

AGujarat.com

→ સરપંચ, પ્રત્યેક વર્ષે મોડામાં મોડું 30 મી એપ્રિલ સુધીમાં સેક્રેટરીનો ખાનગી રિપોર્ટ તૈયાર કરી તાલુકા વિકાસ અધિકારી મારફતે નાયબ જીલ્લા વિકાસ અધિકારીને મોકલશે.

- **<u>ઉપસરપંચ:</u>**

→ ઉપસરપંચને પંચાયતના ચૂંટાયેલા સભ્યો ચૂંટે છે એટલે કે તે પરોક્ષ રીતે ચૂંટાય છે.

→ ઉપસરપંચની મુદત 5 વર્ષની હોય છે.

→ ઉપસરપંચ પોતાનું રાજીનામું સરપંચને આપીને હોદ્દો છોડી શકે છે.

→ સરપંચની ગેરહાજરીમાં, પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું સંચાલન કરવું.

→ સરપંચ, વખતોવખત ઉપસરપંચને સોંપે તેવી સરપંચની સત્તા વાપરવી અને તેમની ફરજો બજાવવી.

→ સરપંચની ચૂંટણી થાય નહિ ત્યાં સુધી અથવા 15 દિવસથી વધારે મુદત માટે ગામમાંથી સરપંચ સતત ગેરહાજર હોય અથવા સરપંચ અશક્ત થયો હોય તેવા દાખલામાં, સરપંચની સત્તા વાપરવી અને ફરજો બજાવવી.

- **<u>પંચાયતી મંત્રી (તલાટી-કમ-મંત્રી)</u>**

→ ગામ પંચાયતના વહીવટી વડા છે.

→ દરેક ગામ પંચાયતમા એક પંચાયત મંત્રી હોય છે.

→ ગામ પંચાયતની વસ્તી અને આવકને ધ્યાનમાં લેતા જીલ્લા વિકાસ અધિકારીને એમ લાગે કે એક કરતાં વધુ ગામોના સમૂહ માટે એક મંત્રી રાખવો વ્યાજબી છે તો તે પ્રમાણેના ગામોના સમૂહ વચ્ચે નિર્ણય કરાશે અને નક્કી કરેલાં ગામોના સમૂહ વચ્ચે એક પંચાયત મંત્રી કાર્ય કરશે.

→ પંચાયતમંત્રીની નિમણૂક સરકાર કરે છે.

→ ગ્રામ સભામાં ફરજિયાત પણે હાજર રહે છે પરન્તુ તેને મત આપવાનો અધિકાર નથી.

→ પંચાયતના મંત્રી, હિસાબનીશ અને મહેસૂલી ફરજો બજાવે છે.

- **<u>પંચાયત મંત્રીની ફરજો અને કાર્યો :</u>**

→ ગામ પંચાયતના મંત્રીએ, સરપંચના નિયંત્રણને આધીન રહીને નીચે મુજબના કાર્યો અને ફરજો બજાવવી.

(A) પંચાયતના દફતરો અને રજિસ્ટરો પોતાના કબજામાં રાખવા.

(B) પંચાયત વતી તેને મળેલી નાણાંની રકમ બદલે પોતાના હસ્તાક્ષર વાળી પહોંચ આપવી.

(C) તમામ જરૂરી પત્રકો અને રિપોર્ટ તૈયાર કરવા

(D) નિયમોના આધીન રહીને પંચાયત તેમના પર નાખે તેવા કાર્યો અને ફરજો અથવા તેમને સોંપે તેવી સત્તા વાપરવી, જે નીચે મુજબ છે.

(1) પંચાયતની સમસ્ત સમ્પતિ (મિલકત)ની દેખરેખ રાખવી.

(2) પંચાયતના દરેક કારોબારી હુકમનો અમલ કરવો.

(3) પંચાયતના બીજા કર્મચારીઓ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવું.

(4) પંચાયતના વેરા અને અન્ય બાકી લેણાંની વસૂલાત માટે યોગ્ય પગલાં ભરવા.

(5) તેના તાબાના નોકરો અથવા કોન્ટ્રાકટરો ગફલત, ગેરકાયદેસર વર્તણૂક, નિયમોનું ઉલ્લંઘન અને અવજ્ઞાના તમામ કિસ્સાઓની પંચાયતને જાણકારી આપવી.

(6) પંચાયતને જમીન મહેસૂલ અને બીજા સરકારી લેણાં વસૂલ કરવાનું કામ સોંપ્યુ હોય તો તેની વસૂલાત કરવી.

(7) ઓડિટરે અથવા તાલુકા પંચાયતે અથવા જીલ્લા પંચાયતે દર્શાવેલી કોઈપણ અનિયમિતતા દૂર કરવા માટે યોગ્ય પગલાં ભરવા.

(8) પંચાયતની કોઈ મિલકત અથવા નાણાં તથા જમીન મહેસૂલ અને બીજા નાણાં ઉઘરાવ્યા હોય તે સંબંધી કપટ, ઉચાપત, ચોરી અથવા નુકશાનના કેસોનો રિપોર્ટ સરપંચ અને તાલુકા પંચાયતને વહેલી તકે આપવો.

(9) તેને માટે નક્કી કરેલા મથકે રહેવું જો પંચાયતના મુખ્ય મથકમાં તેને રહેઠાણની સગવડતા ન હોય તો તાલુકા વિકાસ અધિકારીની પરવાનગીથી અન્ય સ્થળે રહી શકશે.

(10) કોઈપણ કિસ્સામાં નિયમો અને કાયદાનો ભંગ થતાં જણાય તો તેનાથી સંબંધિત અધિકારીનું ધ્યાન તે તરફ દોરવું.

(11) પંચાયતની દરેક સમિતિમાં મંત્રી તરીકે કામકાજ કરવું.

AGujarat.com

(12) પંચાયતથી સંબંધિત વિસ્તારો માટે જન્મ અને મરણની નોંધણી કરવી. જો બાળકના જન્મની નોંધણી અભિભાવકે 14 દિવસમાં ન કરી હોય તો લેટ ફીસ લઈને નોંધણી કરવી. આવી રીતે જ મરણની નોંધણી 7 દિવસમાં ન કરવામાં આવી હોય તો લેટ ફીસ કે દંડ લઈને નોંધણી કરી.

(13) તેને ગ્રામસભાની દરેક બેઠકમાં, પંચાયતની દરેક બેઠકમાં અને દરેક સમિતિઓ હાજર રહેવાનું હોય છે. જો આ બેઠકોમાં કોઈપણ સવાલ પૂછવામાં આવે અથવા તો કોઈપણ ઠરાવની ચર્ચા કરવામાં આવે તે સમયે પૂછેલા સવાલનો જવાબ અથવા ઠરાવ સંબંધિત ખુલાસા માટે જે માહિતીની જરૂરત પડે તે માહિતી પંચાયતમંત્રીએ રજૂ કરવાની ફરજ છે.

(14) જો પંચાયતે ઠરાવ પસાર કરીને કામગીરી સોંપી હોય તો પંચાયતના તરફથી ફરિયાદ અથવા દાવાઓ દાખલ કરવા અને ન્યાયાલયમાં ફરિયાદ કે દાવાની કાર્યવાહી ચાલે ત્યારે હાજર રહેવું.

(15) પંચાયતને મહેસૂલ વસૂલ કરવાનો હક્ક મળ્યો છે જેથી મહેસૂલી દફતરો રાખવા અને મહેસૂલી સંબંધિત કામગીરી કરવી.

(16) પંચાયતમંત્રીને બેઠક (સભા)માં મિનિટ્સ લખવાની જવાબદારી આપવામાં આવેલ હોવાથી કોઈપણ પ્રકારની મિનિટ્સની ખોટી માહિતી માટે તે પોતે જવાબદાર ગણાશે.

(17) વહીવટી અને હિસાબી અનિયમિતતાઓ માટે મંત્રી જ જવાબદાર ગણાય, પદાધિકારી નહિ

(18) 1 જાન્યુઆરી, 2008 થી ગુજરાત સરકારે ગામ પંચાયતના મંત્રીને લગ્નનોંધણી અધિકારી નીમેલાં છે તેથી તેઓ ગામ સંબંધિત લગ્નની નોંધણી કરશે. ગુજરાત સરકારે લગ્ન નોંધણી ફરજિયાત કરેલ હોવાથી તેમાં નોંધણી ન કરાવી હોય તો લેટ ફીસ લઈને નોંધણી કરવાનું કામ પંચાયતમંત્રીનું છે.

(19) પંચાયતનું બજેટ, વાર્ષિક વહીવટી અહેવાલ અને અન્ય હિસાબો હિસાબી એક્ટ પ્રમાણે તૈયાર કરવા.

(20) ગામના નમૂના નંબર 1 થી 18 નિયત નમૂનામાં વ્યવસ્થિત રીતે તૈયાર કરવા.

(21) જમીનના કબજા અંગેનું રેકોર્ડ ગામ નમૂના 7/12 (પાણી પત્રક) અને 8 અ (ખાતું) તૈયાર કરવું.

(22) પંચાયતના સરપંચ, ઉપસરપંચ અને સભ્યોની ખાલી પડેલ જગ્યાઓની જાણ તાલુકા પંચાયતને કરવી.

(23) સરકારના વિકાસ કાર્યક્રમોથી સંબંધિત અમલ માટે જરૂરી કામગીરી કરવી.

- **ગામ પંચાયતની આવકના સાધનો :**

**(A) ગામ પંચાયતોના કર અને ફી :**

→ ગામ પંચાયત નક્કી કરેલા નિયમો પ્રમાણે કર અને ફીની મર્યાદામાં નાખવાપાત્ર કોઈપણ અથવા બધાજ કર અને ફી દાખલ કરી શકશે. આ કર અને ફીનો દર ગામ પંચાયત પોતે નક્કી કરી શકશે.

→ ગામ પંચાયત નીચે મુજબના કર અને ફી લાદી શકે છે.

(1) ગામની હદની અંદર મકાન ઉપરનો કર

(2) ગામની હદની અંદર જમીન (ખેતી સિવાયની) ઉપરનો કર

(3) મોબાઈલ ટાવર ઉપરનો કર

(4) ઓક્ટ્રોય કર (1.5.2001 થી) રાજય સરકારે ઓક્ટ્રોય વેરો ગામ પંચાયતમાંથી નાબૂદ કર્યો છે.

(5) યાત્રાળુ કર

(6) મેળા, ઉત્સવો અને બીજા મનોરંજન ઉપરનો કર

(7) ગામના વાહનો, હોડીઓ, અને પ્રાણીઓ ઉપરનો કર

(8) ગામમાં દાખલ થતાં વાહનો અને પ્રાણીઓ ઉપરનો ટોલ (આમનો ઉપયોગ સવારી કરવા, ભાર ખેંચવા કે બોજો ઉપાડવા માટે થતો હોય)

(9) ગામમાં રાખેલા કૂતરા પરનો કર

(10) સામાન્ય સફાઈ-ઉપ-કર (સાવર્જનિક સંડાસ માટે)

(11) પાણીનો સામાન્ય વેરો

(12) વ્યવસાયવેરો

(13) પાઈપ ધ્વારા પાણી પુરું પાડવામાં આવતો ખાસ વેરો

(14) ખાસ સફાઈ ઉપ-કર (ખાનગી સંડાસ માટે)

(15) ગટર વેરો

(16) દીવાબત્તી વેરો

(17) જમીન-મહેસૂલ ઉપકર

(18) બજારો અને અઠવાડિક બજારો ઉપરની ફી

(19) ગાડા અને ટાંગા ઊભા રાખવાની જગ્યા ઉપરની ફી

AGujarat.com

(20) પંચાયતે પાઈપ ધ્વારા પૂરાં પાડેલા પાણી માટે ખાસ પાણી ચાર્જ

(21) કૂવા અને તળાવોમાંથી ઘરવપરાશ અને ઢોરો સિવાયના બીજા ઉપયોગ માટે પાણી પૂરું પાડવા માટેની ફી

(22) કોઈપણ જાહેર રસ્તા અથવા જગ્યા ઉપરના કામચલાઉ બાંધકામ અથવા તેના ઉપર બહાર નીકળતા ભાગ માટેની ફી

(23) ખાળકુંડી સાફ કરવા માટેની ફી

(24) ગૌચર જમીનમાં ઢોર ચરાવવા માટેની ફી

(25) સીમ ચોકી ખર્ચની ફી

(26) ઢોર ડબા ફી

**(B) જમીન મહેસૂલ ઉપકર :**

→ રાજ્ય સરકાર જમીન મહેસૂલના દર રૂપિયે 50 પૈસા ઉપકર નાખશે અને તે જીલ્લા પંચાયતને મળશે. તે ઉપકર ઉપરાંત જો ગામ પંચાયતને જરૂર લાગશે (આવક વધારવા) તો પંચાયતમાં ઠરાવ પસાર કરી રાજ્ય સરકાર (કલેકટર)ને મહેસૂલના દર રૂપિયે 25 પૈસા સુધીનો અથવા કોઈ ખાસ કામ કે પ્રોજેકટ માટે દર રૂપિયે એક રૂપિયો (100 પેસા) સુધીનો નક્કી કરવામાં આવે તેટલો ઉપકર નાંખી શકશે.

**(C) સરકારી સહાય :**

→ રાજ્ય સરકાર નાણાં કમીશનની કોઈ ભલામણને ધ્યાનમાં લઈને દર વર્ષે પંચાયતોને ગ્રાન્ટ આપી શકે છે અને તેથી ગ્રાન્ટ એ પણ પંચાયતનું આવક માટેનું મહત્વનું સાધન છે.

**(D) જમીન-મહેસૂલ ગ્રાન્ટ :**

→ રાજ્ય સરકાર ત્રણ વર્ષનું મહેસૂલ આવ્યુ હોય તેની સરેરાશ કાઢી રકમ નક્કી કરશે. તેમાંથી ગામ પંચાયતોને તેણે વસૂલ કરેલા જમીન મહેસૂલની સરેરાશ વાર્ષિક આવકના 30 ટકા જેટલી સહાય આપવામાં આવે છે.

→ ગામોમાં જમીન મહેસૂલની ઉપજ દેવસ્થાનને પ્રાપ્ત થાય છે. આના પરિણામે દેવસ્થાન ગામોને મહેસૂલનો ભાગ મળતો નથી અથવા ખૂબ જ ઓછો મળે છે જેથી આવા ગામો વિકાસના કાર્યો કરી શકતા નથી. આના કારણે દેવસ્થાન ગામની પંચાયતના કેસમાં ગામ પંચાયતોને મળવાપાત્ર રકમ ''રાજ્ય સમકારી ફંડ''માંથી આપવામાં આવે છે.

→ જંગલ વિસ્તારમાં આવેલા કોઈ ગામને જમીન મહેસૂલ આપવામાં આવતું હોય તો તેવી ગામ પંચાયતોને મહેસૂલી અનુદાનને બદલે છવેટના મહેસૂલી વર્ષમાં ગામના જંગલમાંથી જે રકમ ઉપજી હોય તે રકમમાંથી રાજ્ય સરકાર નક્કી કરે તેટલી રકમ તે પંચાયતને આપવામાં આવશે પરંતુ આ રકમ રૂ. 500 કરતાં ઓછી નહિ હોય અને તેવા બીજા ગામોને જે નાણાં મળે તે ગામોની વસ્તીના પ્રમાણમાં માથાદીઠ દરેક વ્યક્તિના પ્રમાણમાં જેટલા નાણાં મળતાં હોય તેના કરતાં માથાદીઠ વધારે મળશે નહિ.

**(E) રાજ્ય સમકારી ફંડમાંથી સહાય :**

→ ''રાજ્ય સમકારી ફંડ''ની સ્થાપના રાજ્યના જીલ્લાઓ વચ્ચે આર્થિક અને સામાજિક અસમાનતા ઘટાડવા માટે જીલ્લા પંચાયતોને ગ્રાન્ટ આપવા માટે કરવામાં આવી છે.

→ રાજ્ય સમકારી ફડંમાં દર વર્ષે રાજ્યના છેલ્લા ત્રણ વર્ષની જમીન મહેસૂલની સરેરાશ વાર્ષિક આવકના 5 ટકા રકમ જમા કરવામાં આવે છે.

→ રાજ્ય સમકારી ફંડ એક કાયમી ફંડ છે.

→ આ ફંડમાંથી સહાય અથવા ગ્રાન્ટ મંજૂર કરવાની સત્તા વિકાસ કમીશનરની છે.

→ વિકાસના કામો માટે આ ફંડમાથી સહાય મેળવવા ગ્રામ પંચાયતે જીલ્લા પંચાયતને સહાયના હેતુઓ વગેરે જણાવતી અરજી કરવાની હોય છે.

→ આ પ્રમાણેની અરજી દર વર્ષની 1 લી એપ્રિલ પછી વહેલામાં વહેલી તારીખે વિકાસ કમીશનરને મળે તે પ્રમાણે કરવામાં આવશે.

**(F) જીલ્લા સમકારી ફંડમાંથી સહાય :**

→ દરેક જીલ્લામાં જીલ્લા પંચાયતોએ ''જીલ્લા સમકારી ફંડ''ની સ્થાપના કરી છે.

→ દરેક જીલ્લા પંચાયતમાં જમીન મહેસૂલની આવકમાંથી મહેસૂલી આવકના 7.5% રકમ આ ફંડમાં જમા થાય છે.

→ જીલ્લા સમકારી ફંડ પણ કાયમી ફંડ છે.

→ આ ફંડનો ઉપયોગ જીલ્લામાં પંચાયતો વચ્ચે સામાજિક અને આર્થિક અસમાનતા ઘટાડવા માટે, તેના તાબાની પછાત પંચાયતોને ખાસ અનુદાન આપવા માટે જીલ્લા પંચાયતે કરવો.

→ દરેક જીલ્લા પંચાયતે પોતાના હેઠળની ગામ અને તાલુકા પંચાયતો જે આર્થિક અને સામાજિક રીતે

4Gujarat.com

પછાત હોય તેની યાદી (સરકારના નિયમો પ્રમાણે) બનાવવાની હોય છે.

→ કોઈપણ પંચાયતને (ગામ પંચાયત અને તાલુકા પંચાયત) ખાસ અનુદાન મેળવવાની જરૂર હોય તો તેના માટે તે પંચાયતે અરજી કરવાની રહેશે અને તેમાં ગ્રાન્ટ માટેના હેતુઓ તથા પંચાયતના છેલ્લાં નાણાકીય વર્ષની સ્થિતિ જણાવવાની રહેશે.

→ આવી અરજી જીલ્લા પંચાયતને 30 જૂન પહેલાં મળી જાય તે રીતે કરવાની હોય છે.

→ જીલ્લા પંચાયત તપાસ કરીને ગ્રાન્ટ આપી શકશે પરન્તુ પંચાયતે આ ગ્રાન્ટનો ઉપયોગ અરજીમાં જણાવેલ હેતુ માટે અને ઠરાવેલ મુદત માટે જ કરવાનો રહેશે.

**(G) <u>જીલ્લા ગ્રામ ઉત્તેજન ફંડમાંથી સહાય :</u>**

→ દરેક જીલ્લામાં જીલ્લા પંચાયતોએ ''જીલ્લા ગામ ઉત્તેજન ફંડ'' નામના ફંડની સ્થાપના કરવી.

→ દરેક જીલ્લા પંચાયતમાં જીલ્લાની જમીન મહેસૂલીની 3 વર્ષની સરેરાશ આવકના 7.5% રકમ આ ફંડમા જમા થાય છે.

→ જીલ્લા ગામ ઉત્તેજન ફંડ પણ કાયમી ફંડ છે.

→ આ ફંડ રાખવાનો હેતુ પંચાયતો કરાધાનથી પોતાની આવક ઊભી કરે તેમને પ્રોત્સાહન માટે મદદ આપવાનો છે. એટલે કે જે પંચાયત જૂના કરના દરમાં વધારો કરીને અથવા નવા કર નાખીને અથવા જમીન મહેસૂલ ઉપકર નાખીને અને જમીન મહેસૂલ ઉપકર વધારીને પોતાની આવકમાં વધારો કરે તેને પ્રેરક અનુદાન આપવામાં આવશે.

→ આ પ્રમાણેનો વધારો અને આવક પછાત વર્ગની પંચાયત માટે ઓછામાં ઓછો 5 ટકા અને અન્ય પંચાયત માટે ઓછામાં ઓછો 10 ટકા જેટલો હોવો જોઈએ.

→ જીલ્લા પંચાયતને આ માટે અરજી તાલુકા વિકાસ અધિકારી મારફત કરવાની હોય છે.

→ જીલ્લા પંચાયત ઠરાવેલી નિયમો પ્રમાણે આ પ્રકારની સહાય મંજૂર કરશે.

**(H) <u>જીલ્લા વિકાસ ફંડમાંથી ધિરાણ :</u>**

→ દરેક જીલ્લામાં જીલ્લા પંચાયતોએ ''જીલ્લા વિકાસ ફંડ''ની સ્થાપના કરી છે.

→ આ ફંડમાં ગામ પંચાયત તરફથી દર વર્ષે તેની આવકના અઢીથી પાંચ ટકા સુધીની રકમ તે ફંડમાં જે તે પંચાયતના નામે જમા કરવામાં આવે છે.

→ આ ફંડનો ઉપયોગ ગામ પંચાયતને લોન આપવાનો અને આપેલ ફાળા ઉપર વ્યાજ આપવા માટેનો છે.

→ દરેક પંચાયતે તેણે ભરવાની ફાળાની રકમ દરેક વર્ષની 31 મી ડિસેમ્બર પહેલાં જીલ્લા પંચાયતમાં ભરવી પડશે.

→ આ ફંડમાંથી ગામ પંચાયતને લોન લેવી હોય તો તેના માટે અરજી તાલુકા પંચાયત મારફત જીલ્લા પંચાયતને કરવાની હોય છે.

→ જીલ્લા પંચાયત અરજીની યોગ્ય તપાસ કરી જે કાર્ટ માટે લોનની અરજી કરી હોય તે કામના 75 ટકા અથવા 50,000 સુધીની લોન મંજૂર કરે છે.

→ આ લોન ઉપર દર વર્ષે ફકત 5 ટકા લેખે વ્યાજ આપવાનું હોય છે.

→ આ લોનના હપ્તાની ચૂકવણી 3 વર્ષ બાદ શરૂ કરવામાં આવે છે અને 10 વર્ષ સુધીના હપ્તામાં આ લોન ચૂકવવાની હોય છે.

**(I) <u>અન્ય આવકના સાધનો :</u>**

→ તાલુકા પંચાયત અથવા જીલ્લા પંચાયતના ભંડોળમાંથી ગામ પંચાયતને રૂ. 5000 સુધીની લોન મળી શકે છે તેનાથી વધુ રકમની લોન મંજૂર કરવા માટે વિકાસ કમીશનરની પૂર્વ મંજૂરી મેળવવાની હોય છે.

→ જીલ્લા પંચાયતે અનુસૂચિત જાતિઓ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય પછાત વર્ગોના લોકો માટે પોતાના ભંડોળમાંથી અમુક નિશ્ચિત રકમ સામાજિક ન્યાય ફંડ માટે ફાળવવાની હોય છે. ગામ પંચાયતોને સમાજ કલ્યાણ ક્ષેત્રના કામો માટે આમાંથી સહાય મળી શકે છે.

→ રાજ્ય સરકારને ખાતરી થઈ જાય કે તાલુકા અથવા જીલ્લા પંચાયતના ભંડોળમાંથી મળેલ લોન પૂરતા પ્રમાણમાં નથી તો તેમની મારફત રાજ્ય સરકારે લોન મંજૂર કરી શકશે. આવા પ્રકારની લોન નીચે મુજબના હેતુઓ માટે મળી શકશે -

(1) રોગચાળો અટકાવવા માટે,
(2) દુષ્કાળ, અછત અથવા રાહત કાર્યો માટે
(3) પંચાયતના કાર્યો માટે
(4) લોનના નાણાં પાછાં ચૂકવવા માટે વગેરે.

4Gujarat.com

→ રાજ્ય સરકારે જાહેર કરેલા પછાત તાલુકાઓના વિકાસ કામો માટે ખાસ અનુદાન આપવાની જોગવાઈ કરેલ છે.

→ દાન ભેટની આવક

→ સંસદ સભ્યોને મળતી ગ્રાન્ટમાંથી આર્થિક સહાય

→ ધારા સભ્યોને મળતી ગ્રાન્ટમાંથી આર્થિક સહાય

→ ગૌચરની જમીન કે અન્ય જગ્યાએ લાવેલા અથવા આપમેળે ઉગેલા ગાંડા બાવળામાંથી થતી આવક

→ પંચાયત મિલકતની આવક-ઊપજ

→ ગામના તળાવમાં શિંગોડામાં, કમળ ફૂલ કે મત્સ્ય ઉદ્યોગમાંથી થતી આવક

→ દંડની રકમ સિવાયની બીજી ગુનેગારીની વસૂલી રકમ

→ ગામના ગોંદરે ફરતાં ઢોરોના છાણની આવક

→ જીલ્લા આયોજન સમિતિની સહાય

→ જીલ્લા સામાજિક ન્યાય ફંડમાંથી સહાય

→ પંચાયતની સંપ્રાપ્ત મિલકત 3 વર્ષ કરતાં ઓછા સમય માટે ભાડે આપીને થતી આવક

→ અન્ય પરચૂરણ આવક

- **<u>ગ્રામ પંચાયત સંબંધિત વિવિધ ફેકટસઃ</u>**

→ ગુજરાત રાજ્યમાં જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત ઉપરાંત રાજ્ય પંચાયત પરિષદ કાર્યરત છે.

→ ગુજરાત રાજ્યમાં પંચાયતોના ત્રણેય સ્તર (જીલ્લા, તાલુકા અને ગામ) પર સામાજિક ન્યાય સમિતિ કાર્યરત છે.

→ સામાન્ય રીતે બધા રાજ્યોમાં અનામત 5 વર્ષે બદલાય છે પરન્તુ તમિલનાડુ રાજ્યમાં આ 10 વર્ષે બદલવાની જોગવાઈ છે.

→ તમિલનાડુ રાજ્યમાં ગ્રામ પંચાયતની સભા (બેઠક) જરૂરત પ્રમાણે આયોજિત કરવામાં આવે છે પરંતુ કોઈપણ બે સભાઓ વચ્ચે 60 દિવસ (2 મહિના) કરતાં વધુ સમય પસાર થયેલ હોવો જોઈએ નહિ.

→ નીચે મુજબના રાજ્યોમા બેથી વધુ બાળકો ધરાવનાર વ્યક્તિ પંચાયતોની ચૂંટણી લડી શકતો નથી -
(1) ગુજરાત (2) રાજસ્થાન (3) મધ્યપ્રદેશ (4) મહારાષ્ટ્ર (5) હિમાચલ પ્રદેશ (6) છત્તીસગઢ (7) હરિયાણા

→ નીચે મુજબના રાજ્યોમાં વોર્ડસભાની જોગવાઈ છે -
(1) રાજસ્થાન (2) કેરળ (3) કર્ણાટક (4) ઓરિસ્સા

→ ભારતનું એકમાત્ર રાજ્ય - કેરળ, જયાં ગામ પંચાયતના બધા કર્મચારીઓને ''રાજ્ય જાહેર સેવા આયોગ'' ધ્વારા નિમણુંક કરવામાં આવે છે.

→ પશ્ચિમ બંગાલ રાજયમાં ગ્રામ પંચાયતને ગ્રામસભા પ્રતિ જવાબદાર બનાવવામાં આવેલ છે.

→ સિક્કિમ રાજયમાં આધુનિક પંચાયતી રાજવ્યવસ્થા 1982 ની સાલથી જ અસ્તિત્વમાં છે. અહીના બે ગામો પરંપરાગત કબીલા પંચાયતો છે જે ''ઝુમસા'' તરીકે ઓળખાય છે. આ ઝુમસા કાયદેસરનુ અસ્તિત્વ ધરાવે છે.

→ ભારતના મહત્તમ રાજ્યોમાં વિધાનસભ્યો અને સંસદ સભ્યોને હોદ્દાની રૂએ પંચાયતોમાં આમંત્રિત સભ્યો તરીકે સ્થાન આપવામાં આવેલ છે પરન્તુ કેરળ રાજયમાં આવા પ્રકારની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. આ રાજયમાં તેઓ ફકત ગ્રામસભાની મીટિંગમાં જ હાજર રહી શકે છે.

→ સૌરાષ્ટ્ર રાજયના પ્રથમ મુખ્યમંત્રી ઉછરંગરાય ઢેબરે ''ગ્રામસભા'' ને **''પંચાયતી રાજની ગંગોત્રી''** તરીકે બિરદાવી છે.

→ શ્રી જયપ્રકાશ નારાયણ અનુસાર, **''ગ્રામ પંચાયત અને ગ્રામસભા વચ્ચે મંત્રીમંડળ અને ધારાસભા ગૃહ જેવો સંબંધ હોવો જોઈએ.''**

→ ભારત સરકારે 1999-2000 ના વર્ષને **''ગ્રામસભા વર્ષ''** તરીકે જાહેર કર્યુ હતું.

→ ગાંધીજીના કહેવાથી ભારતના બંધારણમાં ભાગ-4 ના ''રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો''માં અનુચ્છેદ-40 માં ગ્રામ પંચાયતની રચના માટેની જોગવાઈ કરવામાં આવી.

→ ગ્રામ પંચાયત પાસે સત્તા સોંપવાની આ પ્રક્રિયાને લોકશાહી વિકેન્દ્રીકરણ તરીકે ઓળખાય છે.

→ **જવાહરલાલ નહેરૂએ ''પંચાયતી રાજ'' શબ્દ આપ્યો.**

→ ભારતમાં સૌપ્રથમ રાજસ્થાનના નાગોર જિલ્લામાં 2 ઓકટોબર, 1959 માં તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ ત્રિસ્તરીય પંચાયતી રાજનું ઉદઘાટન કર્યુ, ત્યારબાદ બીજું રાજ્ય આંધ્રપ્રદેશ બન્યું.

→ ગુજરાત પંચાયતી રાજ અમલ કરનાર દેશનું આઠમું રાજ્ય બન્યું.

4Gujarat.com

→ પ્રો.ડૉ. આમપ્રાલી મર્થટે પોતાના પુસ્તક "મારી ધરતી, મારું રાજય"માં પંચાયતી રાજને રાષ્ટ્રપિતા ગાંધીજીનું સ્વપ્ન કહયું છે.

→ **ગ્રામ સંસદ :**

(1) ગ્રામ પંચાયતના એક વોર્ડમાં નોંધાયેલા મતદારોનું મંડળ "ગ્રામ સંસદ" કહેવાય છે.

(2) ગ્રામ પંચાયતમાં જેટલા વોર્ડોની સંખ્યા હોય તેટલે તે પંચાયતમાં ગ્રામ સંસદની સંખ્યા હોય છે એટલે કે એક પંચાયતમાં 3 વોર્ડ હોય તો ત્યાં 3 ગ્રામ સંસદ હોય છે.

→ જે તે પંચાયતનો પ્રાદેશિક ક્ષેત્રને "પંચાયત વિસ્તાર" કહેવામાં આવે છે.

→ ભારતીય માનવીય ન્યાય પ્રણાલી મુજબ માનવને સુધારવાની તક આપવી જોઈએ તે હેતુથી અશોક મહેતા અને ઝીણાભાઈ દરજી સમિતિએ "ન્યાય પંચાયત"ની ભલામણ કરી હતી.

→ **ગ્રામ અદાલત :**

(1) "ગ્રામ ન્યાયાલય ધારો-2007" નો કાયદો 13-12-2007 થી ગામડામાં "ગ્રામ અદાલત" સ્થાપવાના હેતુથી મંજૂર કરવામાં આવ્યો છે.

(2) સૌથી નીચલી અદાલત તરીકે ગ્રામ અદાલતને ગણવામાં આવે છે.

- **ગ્રામ સભા:**

**(A) ગ્રામસભાની રચના :**

→ ગ્રામસભા "પંચાયતી રાજનું હૃદય" કહેવાય છે.

→ ગ્રામસભાની જોગવાઈ "ગુજરાત પંચાયત અધિનિયમ-1993" ની કલમ-2 (33) માં કરવામાં આવેલ છે.

→ "ગ્રામસભા"નો અર્થ, બંધારણના ભાગ-9 ની કલમ-243 (ખ) માં જે અર્થ આપ્યો છે તે મુજબ, "ગ્રામસભા એટલે ગ્રામસ્તરે પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામને લગતી મતદાર યાદીમાં નોંધાયેલી વ્યક્તિઓનું બનેલું મંડળ."

**(B) ગ્રામસભાની બેઠકો :**

→ ગ્રામસભાની સામાન્ય સભાઓ (બેઠકો) વર્ષમાં ઓછામાં ઓછી બે વખત ભરવી ફરજિયાત છે. કોઈપણ પ્રસંગે બે સામાન્ય બેઠકો વચ્ચેનો સમય 3 મહિના કરતાં ઓછો હોવો જોઈએ નહિ.

→ ગુજરાતમાં 11 જુલાઈ, 2001 ના પરિપત્રમાં (વહીવટી આદેશો મુજબ) ઓછામાં ઓછી 4 ગ્રામસભા એકવર્ષમાં યોજવાનું નક્કી થયું છે.

આ ગ્રામસભાની બેઠકો નીચે મુજબની તારીખોએ યોજાવાનું નક્કી થયું છે.

(1) 1 મે (ગુજરાત સ્થાપના દિવસે)

(1) 15 ઓગસ્ટ (સ્વતંત્રતાના પર્વ પર)

(1) 2 ઓક્ટોબર (ગાંધી જયંતિના દિવસે)

(1) 26 જાન્યુઆરી (પ્રજાસત્તાક દિવસે)

→ સરપંચ પોતાની મરજીથી ખાસ ગ્રામસભા બોલાવી શકશે.

→ સરપંચ અથવા તેની ગેરહાજરીમાં ઉપસરપંચ નક્કી કરે તે તારીખે અને તે સમયે ગ્રામસભાની સામાન્ય સભા ભરવી.

→ જો તાલુકા પંચાયત અથવા જીલ્લા પંચાયત હુકમ કરે તો, સરપંચે ગ્રામસભાની બેઠક(સભા) બોલાવવી પડશે.

→ ગ્રામસભાનો અધ્યક્ષ (પ્રમુખ) સરપંચ રહેશે. જો સરપંચની ગેરહાજરી હોય તો ઉપસરપંચ અધ્યક્ષનું સ્થાન ગ્રહણ કરશે. પરન્તુ જો સરપંચ અને ઉપસરપંચ બન્ને ગેરહાજર હોય તો સભામાં હાજર પંચાયત સભ્યોમાંથી ચૂંટાય તે સભ્ય અધ્યક્ષનું સ્થાન લેશે.

→ ગ્રામસભા જયાં મળવાની છે તે સ્થળ સરપંચ કે ઉપસરપંચ નક્કી કરશે. આ સ્થળ કોઈ જાહેર સ્થળ, પંચાયત કચેરી કે ચોરો પણ હોઈ શકે છે.

→ ગ્રામસભાની સામાન્ય સભાની સૂચના સાત દિવસ પહેલાં અને જો ખાસ સભા હોય તો તેની સૂચના 3 દિવસ પહેલાં આપવી.

→ ગ્રામસભાની સભાના આગળના દિવસે દાંડી પીટાવી જાણ કરવામાં આવે છે.

→ તાલુકા પંચાયત કે જીલ્લા પંચાયતે અધીકૃત કરેલ અધિકારી ગ્રામસભાની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે, બોલવાનો અધિકાર ધરાવશે, પરંતુ તેમને મત આપવાનો અધિકાર હોતો નથી.

→ ગ્રામસભામાં ગણપૂર્તિ (કોરમ) માટે મતદારોના 1/10 સભ્યો અથવા 50 સભ્યો બેમાંથી જે ઓછા હોય તેનાથી કોરમ થાય છે.

**(C) ગ્રામસભાના ઉદ્દેશો :**

→ ગ્રામસભાના ઉદ્દેશો નીચે મુજબ છે -

4Gujarat.com

(1) લોકભાગીદારી

(2) તંદુરસ્ત લોકશાહીની તાલીમ પૂરું પાડતું માધ્યમ

(3) લોકસશક્તિકરણ

(4) ગરીબો અને મહિલાઓને રજૂઆત કરવાની તક

(5) અધિકારીઓ અને લોકો વચ્ચે સુમેળભર્યા સંવાદની તક

(6) પંચાયતની કામગીરીનું લોકો ધ્વારા સીધું સોશિયલ ઑડિટ

**(D) <u>ગ્રામસભાના કાર્યો, ફરજો અને સત્તાઓ :</u>**

→ ભારતના બંધારણના 73 માં સુધારાના અનુચ્છેદ- 243 (ક) થી ગ્રામસભાને ખાસ દરજ્જો આપી, રાજ્યની વિધાનસભા કાયદાથી નક્કી કરે તેવાં કાર્યો, ફરજો અને સત્તાઓ સોંપવાની જોગવાઈ કરી છે.

→ દરવર્ષે ગ્રામસભાની પ્રથમ બેઠક તે વર્ષની શરૂઆતથી બે મહિનાની અંદર ભરવી અને ગામ પંચાયતે આવી બેઠક સમક્ષ નીચે મુજબની બાબતો મૂકવી જોઈએ -

(1) હિસાબોનું વાર્ષિક પત્રક મૂકવું જોઈએ.

(2) પાછલા હિસાબી વર્ષના વહીવટ વિશે રિપોર્ટ મૂકવો.

(3) ચાલુ હિસાબી વર્ષ માટે યોજેલ વિકાસ અને કાર્યનો બીજો કાર્યક્રમ મૂકવો.

(4) છેલ્લી ઓડિટની નોંધ અને તે સંબંધિત આપેલા જવાબો મૂકવા.

(5) તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત જે મુદ્દો આવી બેઠક સમક્ષ મૂકવાનું ફરમાવે તેવી બીજી કોઈપણ બાબત મૂકવી.

→ ગરીબી રેખા હેઠલના કુટુંબોની યાદી (BPL) તાલુકા વિકાસ અધિકારીને મોકલવાની છે જેથી તેમને અનેક યોજનાઓનો લાભ મળી શકે.

→ સરકારના નવા કાર્યક્રમો સંબંધી ઠરાવો, પરિપત્રો વગેરેની જાણકારી આપવી.

→ નાગરિકોના અધિકારોથી સંબંધિત પ્રશ્નોના નિરાણકરણની જાણકારી આપવી.

→ હક્કપત્રક નોધોનું વાંચન અને ગામતળની મિલકતોમાં માલિકી હક્કના ફેરફારોની જાણકારી આપવી.

→ પંચાયતના બાકી નીકળતાં મહેસૂલી વેરાની સમીક્ષા કરવી.

→ આગામી સમય દરમિયાનની વિકાસ યોજનાઓ અને તેનાથી સંબંધિત લાભાર્થી સમૂહો અને સહાયની માહિતી આપવી.

→ ગ્રામ પંચાયતની બેઠકો, કાર્યવાહી નોંધ અને ઠરાવોના અમલીકરણ બાબતની સમીક્ષા ગ્રામસભામાં કરવી.

→ ગ્રામવિકાસની વિવિધ યોજનાઓમાં થયેલ કામોની વિગતવાર સમીક્ષા

→ નવા વેરા નાંખવા બાબતે ચર્ચા અને સમીક્ષા

→ ગૌચર પરનાં દબાણો દૂર કરવા સમયબદ્ધ કાર્યક્રમ ગ્રામસભામાં નક્કી કરવો.

→ સામાજિક ન્યાય સમિતિની રચના અને તેની બેઠકો નિયમિત મળે છે કે નહિ તેની સમીક્ષા ગ્રામસભામાં કરવાની હોય છે.

→ ગામમાં આવેલા તમામ પાણીના સ્ત્રોતોનું નિયમન અને જાળવણી કરવાની હોય છે.

→ કુદરતી આફતો વિશે જાણકારી આપવી અને ગ્રામ્ય સ્તરે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવો.

→ જો કોઈ વ્યક્તિ ગ્રામપંચાયતની કાર્યપદ્ધતિ અને કામને લગતા ઉપલબ્ધ રેકોર્ડની નકલ મેળવવા માટે માંગણી કરે તો તેની અરજી મળ્યાથી 15 દિવસમાં રેકોર્ડની નકલ નિયત કરેલ ફી લઈને આપવાની રહેશે.

→ સ્થાનિક વિકાસના કામોનો અગ્રતાક્રમ ગ્રામસભા નક્કી કરશે કારણકે ગામની ભૌગોલિક સ્થિતિ તે વધુ પરિચિત હોય છે.

→ ગ્રામસભામાં ગામ/ તાલુકા/ જીલ્લા કક્ષાના કર્મચારીઓ ફરજિયાત હાજર રહે અને જુદા-જુદા ખાતાથી સંબંધિત પ્રશ્નો અંગે સ્થળ પર જ ગામલોકોને જાણકારી આપવાની રહેશે તેવું આયોજન કરવું.

→ મફત કાનૂની સહાય અંગેની જોગવાઈઓ બાબતે લોકોને જાણકારી

→ ગ્રામસભા અંગે કાયદાની જોગવાઈઓ અને નિયમોની જાણકારી આપવા માટે એક તાલીમ શિબિરનું આયોજન કરવાનું રહેશે.

→ સપ્તર્ષિના સાત તારાઓની હરોળમાં વિકાસના સાત માપદંડોની ચર્ચા કરવી -

(1) પાણી (2) પુરવઠો (3) પંચાયત

(4) શિક્ષણ (5) આરોગ્ય (6) કૃષિ

4Gujarat.com

(7) કાયદો અને વ્યવસ્થા

→ ગ્રામ રક્ષક દળની રચના કરવી.

→ ગ્રામસભાની કાર્યસૂચી સરપંચ સાથે ચર્ચા કરીને તલાટી કમ મંત્રીએ તૈયાર કરવાનું હોય છે.

→ નીચે મુજબના કર્મચારીઓએ ગ્રામસભામાં અચૂક હાજરી આપવી ફરજિયાત છે.

(1) તલાટી-કમ-મંત્રી (2) ગ્રામસેવક

(3) આરોગ્ય કર્મચારી (4) ગ્રામમિત્ર

(5) પ્રાથમિક શિક્ષકો (6) વિદ્યાસહાયકો

(7) આંગણવાડી કાર્યકર્તાઓ (8) પશુપાલન કર્મચારીઓ

(9) શાળાના આચાર્ય (10) સસ્તા અનાજની દુકાનના સંચાલક (11) દૂધ મંડળીના સેક્રેટરી (12) સિંચાઈ, બાંધકામ, વીજળી ખાતાના કર્મચારી

→ ભૂખમરા અને કુપોષણ અંગેના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા અન્વયે આઠ યોજનાઓની સમીક્ષા.

→ આ આઠ યોજનાઓ નીચે મુજબ છે.

(1) રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના

(2) મધ્યાહન ભોજન યોજના

(3) અંત્યોદય યોજના

(4) લક્ષિત જાહેર વિતરણ યોજના

(5) અન્નપૂર્ણા યોજના

(6) સંકલિત બાળ વિકાસ યોજના

(7) રાષ્ટ્રીય પ્રસૂતિ લાભ યોજના

(8) રાષ્ટ્રીય પરિવાર લાભ યોજના

- **<u>અનુસૂચિત વિસ્તારની ગ્રામસભા :</u>**

→ અનુસૂચિત વિસ્તારની ગ્રામસભાઓમાં ઉપરોકત મુદ્દાઓ ઉપરાંત ગુજરાત પંચાયત અધિનિયમ-1993 ની કલમ-278 (ક) ની જોગવાઈઓને આધિન રહીને નીચેના મુદ્દાઓ ફરજિયાતપણે ચર્ચામાં લેવામાં આવે છે -

(1) ગ્રામસભાએ ગામના રહેવાસીઓની પ્રણાલિકાઓ અને રિવાજો તેમજ સાંસ્કૃતિક ઓળખ, સામૂહિક સાધનો અને તકરારની પતાવટની રૂઢિગત રીત સાચવી રાખવાનો અને જાળવવાનો પ્રયાસ કરવો.

(2) સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓનો ગ્રામપંચાયત અમલ હાથ ધરે તે પહેલાં એવી યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓની મંજૂરી

(3) ગામમાં ગરીબી નિવારણ તેમજ બીજા કાર્યક્રમો હેઠળ હિતાધિકારી તરીકે લાભાર્થીઓની પસંદગી

(4) સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ માટે પંચાયત ધ્વારા ફંડના ઉપયોગ માટેનું પ્રમાણપત્ર આપવા બાબત.

(5) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ-1879 ની કલમ-73 ક (ક) મુજબ આદિવાસીની જમીન બિનઆદિવાસીઓને તબદીલ કરવા બાબતના કેસોના નિર્ણયની ગ્રામસભામાં જાણકારી.

(6) મુંબઈનો નાણાં ધીરનાર કરનારાઓ બાબતનો અધિનિયમ-1946 ની કલમ-17 (ક) અન્વયે કોઈપણ નાણાંની ધીરધાર કરનાર અનુસૂચિત વિસ્તારમાં રહેતાં અનુસૂચિત આદિજાતિના કોઈપણ સભ્યને ગામની ગામપંચાયતની પૂર્વ મંજૂરી સિવાય કંઈપણ નાણાં ધીરી શકશે નહિ. સદર બાબત ગામપંચાયતે ગ્રામસભા સમક્ષ મૂકવાની રહેશે.

(7) ગ્રામસભામાં વિવિધ પ્રકારની ગૌણ અને વનપેદાશ એકઠી કરવા બાબતે, તેમાંથી થયેલ આવક અને આ ફંડની રકમમાંથી હાથ ધરેલા કામોની સમીક્ષા કરવી અને નવીન હાથ ધરવાના થતા કામો બાબતે ચર્ચા કરવી.

- **<u>ગ્રામસભા અભિયાનની વિશેષતાઓ :</u>**

→ સરકારના ગ્રામસભા અભિયાનની વિશેષતાઓ કે ખાસિયતો નીચે મુજબ છે -

(1) ગ્રામસભા ભરવા માટે તારીખ નક્કી થયા બાદ ગામમાં તેની જાહેરાત કરવામાં આવે છે. ગામના તમામ મતદારોને જાણ થાય તેના માટે ગામે દાંડીપીટીને એજન્ડા, જાહેર સ્થળો પર ચોંટાડી જાહેરાત કરવામાં આવે છે.

(2) લોકોને ગ્રામસભાનું મહત્વ સમજાય તે માટે પંચાયત અધિનિયમની જોગવાઈઓની અને ગ્રામસભાને મળેલ સત્તાની જાણકારી આપવામાં આવે છે.

(3) ગ્રામસભાનો સમય ગામના મતદારોને અનુકૂળ રહે તેવો રાખવાનો પ્રયાસ કરવામાં આવે છે.

(4) અનુસૂચિત વિસ્તારો માટેની રચાયેલ ભૂરીયા સમિતિની ભલામણોને સ્વીકાર અને બંધારણમાં તેના સમાવેશની જાણ કરવામાં આવે છે.

AGujarat.com

(5) લાભાર્થીલક્ષી યોજનાઓમાં લાભાર્થી નક્કી કરવાનું કામ ગ્રામસભાને સોંપવામાં આવે છે.

(6) રાજ્ય સરકાર ધ્વારા અમલમાં રહેલ વિવિધ વિકાસલક્ષી યોજનાઓની વિસ્તૃત જાણકારી.

(7) અગાઉની ગ્રામસભામાં થયેલ કાર્યવાહીનું વાંચન અને થયેલ ઠરાવોના અમલની જાણકારી આપવામાં આવે છે.

(8) ગ્રામસભા બાદ મળેલ પંચાયતની બેઠકોની જાણકારી તેમજ તેમાં લેવાયેલ નિર્ણયોની બહાલી મેળવવી.

(9) દરેક સમસ્યાઓની ચર્ચા કરવા માટે મુદ્દો બનાવી જુદા-જુદા વિભાગના પ્રશ્નોની રજૂઆતો મેળવી તેના નિકાળ માટે શુ કરી શકાય તેની ચર્ચા કરી.

(10) ગામની અસ્કયામતોની જાણકારી આપવામાં આવે છે.

(11) ગામના લોકોને પ્રોત્સાહન મળે અને શિક્ષણ પ્રત્યે રૂચી ઊભી થાય તે માટે ગામમાં વધુ ભણેલ બાળકોનું અને તેમના વાલીઓનું જાહેરમાં સન્માન કરવામાં આવે છે. તેમજ ગામના વિકાસમાં મદદરૂપ દાનવીરોનું તથા ગામના વડીલોનું સન્માન કરવામાં આવે છે.

(12) નાગરિક અધિકારને મુદ્દાના સ્વરૂપે લઈ નાગરિકોના શા અધિકાર છે તેની જાણકારી અને ચર્ચા કરવામાં આવે છે.

(13) ગ્રામસભામાં ગ્રામજનોને, ગ્રામપંચાયત અથવા તાલુકા પંચાયત અથવા જીલ્લા પંચાયત ધ્વારા જુદી-જુદી યોજનામાં મંજૂર થયેલ કામોની વિગતો આપવામાં આવે છે.

(14) ગામ પંચાયતના બજેટની ચર્ચા કરવાનું તેમજ ગામ પંચાયતની આવકની બાબતોની જાણકારી, આવક વધારવા શું કરવું વગેરેની ચર્ચા કરી, ગામના વિકાસમાં ગ્રામજનોનો સહકાર લેવાનો આગ્રહ રાખવામાં આવે છે.

(15) SGRY ગ્રામ્યકક્ષાની ગ્રાન્ટ (અનુદાન) કેટલી મળે છે તેની ચર્ચા કરવામાં આવે છે અને આ યોજનાના ગ્રામપંચાયત ધ્વારા હાથ ધરાવાના કામો ગ્રામસભા નક્કી કરે છે અને થયેલ કામોની વિગતો ગ્રામસભામાં જણાવવાનો આગ્રહ રાખવામાં આવે છે.

(16) જુદી-જુદી યોજનામાં ભલામણ કરવાના કામો ગ્રામસભામાં નક્કી કરવાનો આગ્રહ હોય છે તે કામો તેમજ બોરીબંધ, ચેકડેમ વગેરે કામોની સ્થળ પસંદગી ગ્રામસભામાં કરવામાં આવે છે.

(17) ગ્રામસભામાં જીલ્લા કક્ષા, તાલુકા કક્ષાએથી મંજૂર થયેલ કામોની જાણકારી આપવામાં આવે છે અને કામ શરૂ થયું છે તો કેવું કામ થાય છે તેની પણ ચર્ચા કરવાનો આગ્રહ રાખવામાં આવે છે.

(18) ગામના તમામ કર્મચારીની હાજરી અને તેમની ફરજોની જાણકારી આપવામાં આવે છે. જેમાં તલાટી-કમ-મંત્રી, ગ્રામસેવક, આંગણવાડી વર્કર, સસ્તા અનાજની દુકાનના સંચાલક, આરોગ્ય વર્કર વગેરેની કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે. તેઓ ધ્વારા ગામમાં આપવામાં આવતી સેવાઓની જાણકારી આપવામાં આવે છે.

(19) ગામમાં કુરિવાજો, વ્યસનો, કુટેવો વગેરે બાબતની ચર્ચા કરવામાં આવે છે.

(20) ગ્રામજનોને તેમના જમીનના ખાતામાં થયેલ ફેરફારો અંગેની જાણ સમગ્ર ગ્રામસભાને કરવામાં આવે છે. હક્ક પત્રકમાં થયેલ ફેરફારો, બોજાની નોંધો વગેરેની સમજ આપવામાં આવે છે.

(21) ગ્રામસભામાં સરકારી જમીન, ગૌચર, ગામતળ વગેરેની અને દબાણોની ચર્ચા કરવામાં આવે છે.

(22) ગામની મિલકતોની જાણકારી, તેની જાળવણી કરવા, દબાણો દૂર કરવા ગ્રામનોનો સહકાર લેવાનો પ્રયાસ કરવામાં આવે છે.

(23) ગામના વેરાના બાકીદારો, દબાણદારોના નામો વાંચનમાં આવે છે.

- **<u>ગ્રામસેવકઃ</u>**

→ ગુજરાત પંચાયતી રાજ અધિનિયમ, 1994 અને બંધારણના 73 માં સુધારાના પ્રમાણે ‘‘ગ્રામ સેવક’’ ગ્રામોનો બહુઉદ્દેશીય કર્મચારી હોય છે.

→ ગ્રામસેવકની નિમણૂંક રાજ્ય સરકાર કરે છે.

→ ગ્રામસેવક વિસ્તરણ શાખાના કર્મચારી ગણાય છે.

→ ઈ.સ. 1952 થી ગ્રામસેવકોનું પદ દાખલ કરવામાં આવ્યું છે.

→ ગ્રામ સેવકને ગ્રામ પંચાયતનો જનસંપર્ક અધિકારી, ગ્રામ પંચાયતનો સહાયક મિત્ર, ગ્રામ પંચાયતનો પથદર્શક, ગ્રામપંચાયતનો શિક્ષક, ગ્રામ

4Gujarat.com

પંચાયતનો ઉદ્દીપક અને લોકો તથા સરકાર વચ્ચેનો સંયોજક વગેરે નામોથી ઓળખવામાં આવે છે.

- **<u>ગ્રામસેવકની જવાબદારી અને કામગીરી:</u>**

→ ગરીબી રેખા નીચેના કુટુંબોને કૃષિ વિકાસ તેમજ આર્થિક વિકાસ માટેની સરકારની યોજનાઓ વિશે લોકોને જાણકારી આપવી, માહિતી તથા માર્ગદર્શન આપવું.

→ ખેતી, બાગાયત, ગ્રામવિકાસ, પંચાયત તથા સરકારના અન્ય વિભાગોની કામગીરી પણ ગ્રામસેવક કરે છે.

→ ગ્રામ સેવક કૃષિ ઉત્પાદન, બીજ ગુણવત્તા, સહકારી સંસ્થાઓને સંગઠિત કરવું, પ્રદર્શનિયોનું આયોજન કરવું, જમીન અને પાણીનું સંરક્ષણ કરવું, જળસરંક્ષણનું પૂર્ણ ઉપયોગ કરવું, ખેડૂતોને ખેતીના આધુનિક ઉપકરણ કરાવવું, કૃત્રિમ ગર્ભધાનની વ્યવસ્થા કરી ગ્રામીણ પશુઓની ઉન્નત જાત તૈયાર કરવાનો છે.

→ કૃષિક્ષેત્રનું આધુનિક જ્ઞાન ઉપરી અધિકારી પાસેથી મેળવીને લોકો સુધી પહોંચાડવું.

→ ગ્રામીણ લોકો માટે સહાયક શિબિરોનું આયોજન કરી તેમને અનુદાન અને ઉન્નત બીજ, ખાતર વગેરે ઉપલબ્ધ કરાવવું, જન આરોગ્ય સંબંધિત યોજનાઓમાં પોતાનો ફાળો આપવો, સમાજ શિક્ષાથી સંબંધિત કાર્યોને પ્રોત્સાહિત કરવો અને અન્ય આવા પ્રકારના ખેતી અને પશુપાલનથી સંબંધિત બધા પાસાઓથી જોડાયેલ કાર્યોને સમ્પન્ન કરવું.

→ ખેડૂતોને ઉદભવતા પ્રશ્નોની જાણ મદદનીશ ખેતી નિયામક અને કોઈ વિષય નિષ્ણાંત સુધી પહોંચાડવું.

→ નક્કી કરેલા દિવસે પાક પદ્ધતિ કે પિયત પદ્ધતિ જોવા માટે લોકોની મુલાકાત લેવું.

→ દર મહિને રાત્રી સભાનું આયોજન કરીને ખેતીવિષયક માહિતી ખેડૂતોને આપવું.

→ એક મહિનામાં 5 દિવસ ગામમાં રાત્રિ રોકાણ કરવું.

→ 15 દિવસનું ક્ષેત્રીય મુલાકાત કરવું.

→ બીજ, ખાતર અને કૃષિ ઉપકરણોને ખરીદવા માટે સરકારી અનુદાન અપાવવું.

→ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સોંપેલા બધા કાર્યો કરવા.

→ સૌથી ગરીબ હોય તેને અગ્રીમતા આપવામાં મદદરૂપ થવું.

→ તાલુકા વિકાસ અધિકારીએ સોંપેલા સર્વ કાર્યો કરવા.

★★★★★

## <u>પ્રકરણ-4</u> <u>તાલુકા પંચાયત</u>

- **<u>રાજયોમાં તાલુકા પંચાયત સંબંધિત જોગવાઈઓ :</u>**

**(A) <u>તાલુકા પંચાયતના વડા :</u>**

→ અલગ - અલગ રાજ્યોમાં તાલુકા પંચાયના વડા અલગ - અલગ નામથી ઓળખાય છે.

(1) તે રાજ્યો જેમાં તાલુકા પંચાયતના વડાને "અધ્યક્ષ" કહે છે -

(1) હિમાચલપ્રદેશ (2) કર્ણાટક (3) મહારાષ્ટ્ર
(4) ઓરિસ્સા (5) પંજાબ (6) તમિલનાડુ
(7) ત્રિપુરા

(2) તે રાજ્યો જેમાં તાલુકા પંચાયતના વડાને "પ્રમુખ" કહે છે -

(1) આંધ્રપ્રદેશ (2) બિહાર (3) ગુજરાત
(4) મધ્યપ્રદેશ (5) ઉત્તરપ્રદેશ (6) કેરળ
(7) અંદમાન-નિકોબાર ટાપૂ સમૂહ

(3) તે રાજ્યોમાં જેમાં તાલુકા પંચાયતના વડાને "સભાપતિ" કહે છે -

(1) પશ્ચિમ બંગાલ

AGujarat.com

(4) તે રાજ્યો જેમાં તાલુકા પંચાયતના વડાને ''પ્રેસિડેન્ટ'' કહે છે -

(1) હરિયાણા

(5) તે રાજ્યો જેમાં તાલુકા પંચાયતના વડાને ''ચેરપર્સન'' કહે છે.

(1) અરૂણાચલ પ્રદેશ (2) જમ્મુ-કાશ્મીર

(3) ચંદીગઢ (4) પોન્ડિચેરી (પુદુચેરી)

(6) તે રાજ્ય જેમાં તાલુકા પંચાયતના વડાને ''પ્રધાન'' કહે છે -

(1) રાજસ્થાન

**(B) તાલુકા પંચાયતના નામ :**

→ અલગ-અલગ રાજ્યોમાં તાલુકા પંચાયત અલગ - અલગ નામે ઓળખાય છે -

(1) તે રાજ્યો જેમાં પંચાયતી રાજનું મધ્યમ સ્તર ''પંચાયત સમિતિ''ના નામે ઓળખાય છે -

(1) પુદુચેરી (પોન્ડિચેરી) (2) ચંદીગઢ (3) અદમાન-નિકોબાર ટાપૂ સમૂહ (4) પશ્ચિમ બંગાલ (5) ત્રિપુરા

(6) રાજસ્થાન (7) પંજાબ (8) ઓરિસ્સા

(9) મહારાષ્ટ્ર (10) હિમાચલપ્રદેશ (11) હરિયાણા

(12) બિહાર

(2) તે રાજ્યો જેમાં પંચાયતી રાજનું મધ્યમ સ્તર ''તાલુકા પંચાયત'' ના નામે ઓળખાય છે -

(1) ગુજરાત (2) કર્ણાટક

(3) તે રાજ્યો જેમાં પંચાયતી રાજનું મધ્યમ સ્તર ''મંડલ પરિષદ'' ના નામે ઓળખાય છે -

(1) આંધ્રપ્રદેશ

(4) તે રાજ્યો જેમાં પંચાયતી રાજનું મધ્યમ સ્તર ''આંચલિક પંચાયત'' ના નામે ઓળખાય છે -

(1) આસામ

(5) તે રાજ્યો જેમાં પંચાયતી રાજનું મધ્યમ સ્તર ''જનપદ પંચાયત'' ના નામે ઓળખાય છે -

(1) મધ્યપ્રદેશ

(6) તે રાજ્યો જેમાં પંચાયતી રાજનું મધ્યમ સ્તર '' પંચાયત યુનિયન'' ના નામે ઓળખાય છે -

(1) તમિલનાડુ

(7) તે રાજ્યો જેમાં પંચાયતી રાજનું મધ્યમ સ્તર ''ક્ષેત્ર પંચાયત'' ના નામે ઓળખાય છે -

(1) ઉત્તરપ્રદેશ

(8) તે રાજ્યો જેમાં પંચાયતી રાજનું મધ્યમ સ્તર ''અંચલ સમિતિ'' ના નામે ઓળખાય છે -

(1) અરૂણાચલ પ્રદેશ

(9) તે રાજ્યો જેમાં પંચાયતી રાજનું મધ્યમ સ્તર ''બ્લોક પંચાયત'' ના નામે ઓળખાય છે -

(1) કેરળ

(10) તે રાજ્યો જેમાં પંચાયતી રાજનું મધ્યમ સ્તર ''બ્લોક ડેવલપમેન્ટ કાઉન્સિલ'' ના નામે ઓળખાય છે -

(1) જમ્મુ-કાશ્મીર

- **તાલુકા પંચાયતની રચના :**

→ **તાલુકાની વ્યાખ્યા**

→ જમીન મહેસૂલ ધારા હેઠળ રચાયેલા તાલુકામાંથી નગરપાલિકા વિસ્તાર બાકાત કરીને બાકીના વિસ્તારને ''તાલુકો'' કહે છે.

→ ગુજરાત પંચાયત અધિનિયમ-1993 ની કલમ-3 પ્રમાણે, ''દરેક તાલુકા માટે એક તાલુકા પંચાયત રહેશે''

→ પંચાયત રાજનું મધ્યમ સ્તર ''તાલુકા પંચાયત'' કહેવાય છે.

→ ભારતીય બંધારણના 73 માં સુધારામાં ''20 લાખથી ઓછી વસ્તીવાળા રાજયો'' માટે તાલુકા પંચાયતની રચના કરવાથી છૂટ આપવામાં આવેલ છે. આ કારણે જ નાના રાજ્યોમાં તાલુકા પંચાયત અસ્તિત્વમાં નથી.

→ તાલુકા પંચાયતમાં એક લાખની વસ્તી સુધી 15 સભ્યો (બેઠકો) અને તેનાથી વધારે હોય તો દરેક 25000 પર વધુ બે સભ્યો (બેઠકો) વધશે

→ તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા નક્કી કરવાનો અધિકાર વિકાસ કમીશનરને છે.

→ તાલુકા પંચાયત ચૂંટાયેલા સભ્યોની બનશે.

→ તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, તાલુકાના લાયકાત ધરાવતા મતદારોમાંથી ચૂંટવામાં આવશે.

→ તાલુકા પંચાયતને તેના ચૂંટાયેલા સભ્યોએ તેમના પોતાનામાંથી ચૂંટેલ પ્રમુખ અને ઉપ-પ્રમુખ રહેશે.

→ તાલુકા પંચાયતના વડાને ''પ્રમુખ'' કહે છે.

→ તાલુકા પંચાયતના વહીવટી વડા - ''તાલુકા વિકાસ અધિકારી'' (T.D.O) હોય છે, જેની નિમણૂંક સરકાર કરે છે.

→ તાલુકા પંચાયતની મુદત 5 વર્ષની હોય છે.

→ તાલુકા પંચાયતના સભ્યો ચાર પ્રકારના હોય છે

AGujarat.com

(1) સીધા ચૂંટાયલા સભ્યો

(2) કાયમી નિમંત્રિત સભ્યો

(3) નિયુક્ત સભ્યો

(4) કો-ઓપ્ટ સભ્યો

**(1) સીધા ચૂંટાયલા સભ્યો :**

→ 1993 ની સાલ પહેલાં આપણાં દેશમાં (73 માં બંધારણીય સુધારા પહેલાં) તાલુકા પંચાયતોની રચના પરોક્ષ ચૂંટણીથી થતી હતી.

→ 73માં બંધારણીય સુધારામાં કહેવામાં આવ્યું કે ફકત પ્રત્યક્ષ ચૂંટાયેલા સભ્યોના પ્રકારને જ ફરજિયાત બનાવ્યા છે બાકીની બાબત રાજ્યોની મનસુફી પર છોડેલ છે.

→ પ્રત્યક્ષ ચૂંટાયેલા સભ્યોને અમુક વિશેષાધિકાર પણ પ્રાપ્ત હોય છે જેમ કે -

(1) તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખના પદે ફકત પ્રત્યક્ષ ચૂંટાયેલા સભ્યો જ બેસી શકે છે.

(2) તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખને પદથી હટાવવા માટેની અવિશ્વાસની દરખાસ્ત લાવવાનો અધિકાર પણ પ્રત્યક્ષ ચૂંટાયેલા સભ્યોને જ છે.

**(2) પદ નિમિત સભ્ય (કાયમી નિમંત્રિતો) :**

→ પદ નિમિત્ત સભ્યોમાં નીચેના પ્રકારોનો સમાવેશ થાય છે -

(1) તાલુકામાંથી ચૂંટાયેલા જીલ્લા પંચાયતના સભ્યો

(2) તાલુકામાંના સરપંચો અથવા તેમણે પોતાનામાંથી ચૂંટેલા સરપંચ પ્રતિનિધિઓ

(3) તાલુકા પંચાયતના વિસ્તારના જે રહેવાસી હોય તેવા લોકસભાના સભ્ય

(4) તાલુકા પંચાયતના વિસ્તારના જે રહેવાસી હોય તેવા ગુજરાત વિધાનસભાના સભ્યો

(5) તાલુકા પંચાયતના વિસ્તારના જે રહેવાસી હોય તેવા રાજ્ય સભાના સભ્યો

(6) તાલુકા પંચાયતના વિસ્તારના જે રહેવાસી હોય તેવા વિધાનપરિષદના સભ્યો

→ ભારતીય બંધારણની કલમ- 243 (ગ) માં એવી જોગવાઈ છે કે વિધાનસભામાં સભ્યને જો રાજ્યના પંચાયત ધારા હેઠળ તાલુકા અને જીલ્લા પંચાયતમાં સભ્યપદ આપવામાં આવે તો તેને સીધી રીતે ચૂંટાયેલા ન હોવા છતાં પંચાયતની સભામાં મત આપવાનો અધિકાર રહેશે.

→ જો કે ગુજરાત પંચાયતધારા હેઠળ વિધાનસભાના સભ્યો તાલુકા પંચાયતના કાયમી નિમંત્રિતો બનશે તેમને તાલુકા પંચાયતની બેઠકોમાં મત આપવાનો હકક રહેશે નહિ. તે વિધાનસભાના સભ્યપદેથી બંધ થાય તો તે તાલુકા પંચાયતનો કાયમી નિમંત્રિત બંધ થશે.

→ ગુજરાતમાં સરપંચોને તાલુકા પંચાયતમાં સ્થાન આપ્યુ નથી.

**(3) નિયુક્ત સભ્યો :**

→ ભારતના અરૂણાચલ પ્રદેશ રાજયમાં જ નિયુક્ત સભ્યો જોવાં મળે છે.

→ અહીંની તાલુકા પંચાયતોમાં બે પ્રકારના નિયુક્ત સભ્યો જોવા મળે છે.

→ આ રાજ્યની ખાસ ભૌગોલિક પરિસ્થિતિના કારણે જ નિયુક્ત સભ્યપદની જોગવાઈ કરવામાં આવી છે.

**(4) કો-ઓપ્ટ સભ્યો :**

→ મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ રાજયની તાલુકા પંચાયતોમાં કો-ઓપ્ટ સભ્યો જોવા મળે છે.

- **તાલુકા પંચાયતમાં અનામત બેઠકો :**

→ તાલુકા પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી ‘‘વિકાસ કમીશનર’’ કરે છે.

→ તાલુકા પંચાયતમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત બેઠકો વસ્તીના પ્રમાણમાં રાખવામાં આવે છે. આવી બેઠકોની વારાફરતી ફાળવણી ઠરાવેલી રીતે જુદાં જુદાં મતદાર મંડળોમાંથી રાજ્ય ચૂંટણી કમીશનરે કરવાની છે.

→ ગુજરાતમાં તાલુકા પંચાયતમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે (OBC) અનામત બેઠકો કુલ સભ્ય સંખ્યાના 10 ટકા રાખવામાં આવે છે. આવી બેઠકોની વારાફરતી ફાળવણી ઠરાવેલી રીતે જુદા-જુદા મતદારમંડળોમાંથી રાજ્ય ચૂંટણી કમીશનરે કરવાની છે.

→ તાલુકા પંચાયતની બેઠકોની કુલ સંખ્યાની 50 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. (નોંધ - SC, ST અને OBC ની મહિલાઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત). આવી બેઠકોની વારાફરતી ફાળવણી કરાવેલી રીતે જુદા-જુદા મતદારમંડળોમાંથી રાજ્ય ચૂંટણી કમીશનરે કરવાની છે.

→ પ્રમુખના હોદ્દાની બેઠક પણ વારાફરતી નિયમો મુજબ મહિલાઓ, અનુસૂચિત જાતિ (SC) અને

4Gujarat.com

અનુસૂચિત જનજાતિ (ST) અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે (OBC) માટે અનામત રહેશે.

- **<u>તાલુકા પંચાયતની ચૂંટણી :</u>**

→ તાલુકા પંચાયતની ચૂંટણી પક્ષીય એટલે કે રાજકીય ધોરણે લડાય છે.

→ તાલુકા પંચાયતની ચૂંટણી રાજકીય ધોરણે લડાતી હોવાથી 19 જાન્યુઆરી, 1987 થી તાલુકા પંચાયતોને પક્ષાંતર ધારો લાગુ પડે છે.

→ તાલુકા પંચાયતની ચૂંટણી દર 5 વર્ષે થાય છે.

→ તાલુકા પંચાયતના સભ્યોની ચૂંટણી તાલુકાના લાયકાત ધરાવતા મતદારો ધ્વારા સીધી ચૂંટણીથી કરવામાં આવે છે.

→ તાલુકા પંચાયતની ચૂંટણીની અન્ય જોગવાઈઓ ગામ પંચાયતની ચૂંટણીની જેવી જ છે.

- **<u>તાલુકા પંચાયતની પ્રથમ બેઠક અને પ્રમુખ તથા ઉપ-પ્રમુખની ચૂંટણી :</u>**

→ તાલુકા પંચાયતની રચના કરવામાં આવે ત્યારે તેના ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ અને ઉપ-પ્રમુખની ચૂંટણી માટે તેની પહેલી બેઠક બોલાવવામાં આવે છે.

→ સામાન્ય ચૂંટણીના ચૂંટાયેલા સભ્યોના નામ ગુજરાત પંચાયત ધારાની કલમ-15 હેઠલ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ નામે ચૂંટણી પંચ પ્રસિદ્ધ કરે તે તારીખથી ચાર અઠવાડિયાની અંદર ''જિલ્લા વિકાસ અધિકારી'' જે તારીખ નક્કી કરે તે દિવસે તાલુકા પંચાયતની પ્રથમ બેઠક મળે છે.

→ પરંતુ જો ચાર અઠવાડિયાની મુદતની અંદર બેઠકની તારીખ નક્કી ન થાય તો સરકારે અધિકૃત કરેલાં અધિકારી વિકાસ કમિશનરે તારીખ નક્કી કરવી. તેમના માટે કોઈ સમયમર્યાદા ઠરાવેલ નથી. તેથી કોઈપણ કારણસર વિલંબના કિસ્સામાં પણ તે તારીખ નક્કી કરી શકે છે.

→ તાલુકા પંચાયતની પ્રથમ બેઠકનું અધ્યક્ષસ્થાન કે પ્રમુખ અધિકારીની નિમણૂકનો અધિકાર ''જીલ્લા વિકાસ અધિકારી''ને છે. જીલ્લા વિકાસ અધિકારી જે અધિકારીને બેઠકના પ્રમુખ નિયુક્ત કરે તે બેઠકનો અધ્યક્ષ ગણાય છે. જો કે તે અધ્યક્ષને મત આપવાનો અધિકાર રહેશે નહિ.

→ તાલુકા પંચાયતની પ્રથમ બેઠકમાં પ્રમુખ અને ઉપ-પ્રમુખની ચૂંટણી સિવાયનું કોઈ કામકાજ બેઠકમાં કરવું નહિ.

→ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપ-પ્રમુખની ચૂંટણીમાં જો બે ઉમેદવારોની સરખા મત મળે તો, ચૂંટણીનું પરિણામ, અધ્યક્ષનું સ્થાન લેનાર અધિકારીની હાજરીમાં, તે નક્કી કરે તેવી રીતે ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવે છે.

- **<u>પ્રમુખ, ઉપ-પ્રમુખ અને સભ્યોના હોદ્દાની મુદત :</u>**

→ તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યોના હોદ્દાની મુદ્દત પંચાયતના જેટલી જ એટલે કે 5 વર્ષની રહેશે.

- **<u>પ્રમુખ, ઉપ-પ્રમુખ અને સભ્યોનું રાજીનામું :</u>**

→ તાલુકા પંચાયતનો પ્રમુખ, ''જીલ્લા પંચાયત''ને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદ્દા પરથી દૂર થઈ શકે પરંતુ ''જીલ્લા પંચાયત'' રાજીનામું સ્વીકારે નહિ, ત્યાં સુધી, અમલમાં આવશે નહિ.

→ તાલુકા પંચાયતનો ઉપ-પ્રમુખ, ''પંચાયત''ને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદ્દા પરથી દૂર થઈ શકશે પરન્તુ ''પંચાયત'' રાજીનામું સ્વીકારે નહિ ત્યાં સુધી, અમલમાં આવશે નહિ.

→ તાલુકા પંચાયતનો બીજો કોઈ સભ્ય, ''પ્રમુખ''ને રાજીનામું આપીને પોતાના હોદ્દા પરથી દૂર થઈ શકશે અને એવું રાજીનામું, પ્રમુખને જે તારીખે મળે તે તારીખથી અમલમાં આવશે.

→ પ્રમુખ અને ઉપપ્રમુખના રાજીનામાની સત્તા ધરાવતા અધિકારીઓ સ્વીકારેલ કે મંજૂર કરેલ ન હોય તો તે પાછા ખેંચી શકાય છે પરંતુ તે માટે લેખિત વિનંતી કરવી જોઈએ અને તે પાછું ખેંચવાની મંજૂરી આપવી કે નહી તેની વિચારણા સત્તા ધરાવતા અધિકારીએ કરવાની છે.

→ તાલુકા પંચાયતના બીજા કોઈ સભ્યનું રાજીનામું પ્રમુખને મળે તે તારીખથી જ અમલમાં આવે છે તેથી તે પાછું ખેંચી શકાય નહિ.

→ તાલુકા પંયાતના પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યોના રાજીનામા અંગે કંઈપણ તકરાર ઊભી થાય તો, રાજીનામા અંગેની તકરારનો નિર્ણય ''વિકાસ કમીશનર'' કરે છે.

→ આ અધિકારી (વિકાસ કમીશનર)ને નિર્ણય માટે એ તકરાર લખી મોકલવી પડશે અને અધિકારીનો નિર્ણય આખરી ગણાશે. પરન્તુ રાજીનામું અમલમાં આવ્યાની

4Gujarat.com

તારીખથી 30 દિવસની મુદત પૂરી થયા પછી, એવી કોઈ તકરાર સ્વીકારી શકાશે નહિ.

- **<u>પ્રમુખ અને ઉપપ્રમુખ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ :</u>**

→ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવા માંગતો કોઈ સભ્ય સંબંધિત પંચાયતને નિયત કરેલા ફોર્મ (નમૂના-''અ'')માં પંચાયતના કુલ સભ્યોના 50 ટકા સભ્યોના ટેકાથી જ આ પ્રસ્તાવ લાવી શકાશે.

→ સરળ શબ્દોમાં કહીએ તો -

(1) અવિશ્વાસની દરખાસ્ત (પ્રસ્તાવ) તાલુકા પંચાયતનો કોઈપણ સભ્ય લાવી શકે છે.

(2) પંચાયતની કુલ સભ્ય સંખ્યાના 50 ટકા સભ્યો ટેકો આપે તો જ તે દરખાસ્ત રજૂ કરી શકશે.

→ જો પ્રમુખ અથવા ઉપપ્રમુખની વિરૂદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ તાલુકા પંચાયતના સભ્યોની કુલ સંખ્યાના (2/3) (બે-તૃતીયાંશ) સભ્યોની બહુમતીથી પસાર કરવામાં આવ્યો હોય ત્યારે જ પ્રમુખ અથવા ઉપપ્રમુખ પ્રસ્તાવ પસાર કર્યાની તારીખ થી ત્રણ દિવસની મુદત પછી હોદો ધરાવતા બંધ થશે. બીજા શબ્દોમાં કહીએ તો તાલુકા પંચાયતના કુલ સભ્યોની (2/3) ( બે-તૃતીયાંશ) બહુમતીથી જ અવિશ્વાસ ની દરખાસ્ત મંજૂર થઈ શકશે.

→ અવિશ્વાસ નો પ્રસ્તાવ હાથ ધરવા માટે તાલુકા પંચાયતની બેઠક, આવા પ્રસ્તાવની નોટિસ તાલુકા પંચાયતને મળી હોય તે તારીખથી 15 દિવસની અંદર બોલાવવાની રહેશે.

→ અવિશ્વાસની દરખાસ્ત પ્રમુખ અથવા ઉપપ્રમુખ સામે લાવવામાં આવી હોય તો તેઓ સભામાં હાજર રહેવાનો, બોલવાનો તેમજ મત આપવાનો અધિકાર રહેશે. પરન્તુ સભાનું અધ્યક્ષસ્થાન લઈ શકશે નહિ.

→ જો ''પ્રમુખ'' (તાલુકા પંચાયતના) આવી બેઠકને બોલાવે તો પંચાયતના સેક્રેટરીએ તરત જ ''જીલ્લા વિકાસ અધિકારી''ને તે વિશેનો રિપોર્ટ આપશે અને ''જીલ્લા વિકાસ અધિકારી'' તે રિપોર્ટ મળ્યાની તારીખથી 15 દિવસની અંદર પંચાયતની બેઠક બોલાવશે.

→ જો તાલુકા પંચાયતના ''પ્રમુખ'' અને ''ઉપપ્રમુખ''ના હોદ્દા એક સાથે ખાલી પડે ત્યારે ''જીલ્લા વિકાસ અધિકારી'' આના માટે અધિકૃત કરે તે અધિકારી, જ્યાં સુધી પ્રમુખની ચૂંટણી ન થાય ત્યાં સુધી તમામ કાર્યો, સત્તા અને ફરજો બજાવશે. પરન્તુ આવા નિમાયેલા અધિકારીને પંચાયતની કોઈ બેઠકમાં મત આપવાનો અધિકાર રહેશે નહિ.

→ અવિશ્વાસની દરખાસ્ત કોઈપણ કારણોસર મોકૂફ રાખી શકાશે નહિ અને જો તે જ સભામાં (બેઠક) તે વિચારણામાં કે મત લેવાય નહિ તો રદ્દ થશે. એટલે કે અવિશ્વાસની દરખાસ્તનો નિર્ણય પંચાયતની તે બેઠકમાં થઈ જ જવો જોઈએ નહિતર તે દરખાસ્ત રદ્દ થઈ જશે.

- **<u>પ્રમુખ, ઉપ-પ્રમુખ અને સભ્યને હોદ્દા પરથી દૂર કરવા :</u>**

→ તાલુકા પંચાયતના કોઈપણ સભ્ય, પ્રમુખ અને ઉપપ્રમુખને તેના હોદ્દા પરથી નીચેના કારણોસર દૂર કરી શકાય છે -

(1) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે માનસિક, શારીરિક અને કાયદેસરની કોઈપણ અસમર્થતા ઊભી થાય જેના કારણે પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થાય તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે -

દા.ત. - (A) મગજ અસ્થિર થઈ જવું.

(B) કોઈપણ શારીરિક બીમારી થઈ જવી જેમ કે - લકવો

(C) જન્મટીપની સજા થવી.

(2) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની ફરજો બજાવવામાં ગેરવર્તણૂક કરે તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે -

દા.ત. - (A) પંચાયતનું અપમાન કરવું.

(B) ઈરાદાપૂર્વક કાયદેસરની આજ્ઞાનું પાલન કરવું.

(3) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે શરમજનક વર્તણૂક (ભલે તે ખાનગી કૃત્યો માટે હોય) માટે દોષિત થયો હોય તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે -

(4) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની સત્તાનો દુરુપયોગ કરે તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે -

(5) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની ફરજો અને કાર્યો બજાવતી વખતે વારંવાર કસૂર કરે તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે -

AGujarat.com

→ ઉપરના જણાવેલ કારણોસર "જીલ્લા વિકાસ અધિકારી" આવા સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખને કંઈ કહેવું હોય તે કહેવાની વાજબી તક આપ્યા પછી અને પંચાયતને તે અર્થે યોગ્ય નોટિસ આપ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી તેને હોદ્દા પરથી દૂર કરી શકશે.

→ જે કોઈ વ્યક્તિએ પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્ય પદથી પોતાનું રાજીનામું આપ્યું હોય અથવા બીજી રીતે એવો કોઈ હોદ્દો ધરાવતી બંધ થઈ હોય ત્યારે "જીલ્લા વિકાસ અધિકારી" નિર્દિષ્ટ કાર્યરીતિ અનુસર્યા પછી, 5 વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી ગેરલાયક ઠરાવી શકશે.

→ પરંતુ જે તારીખે જે કોઈ વ્યક્તિએ (એટલે કે પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્ય) રાજીનામું આપ્યુ હોય અથવા એવો હોદ્દો ધરાવતી બંધ થઈ હોય તે તારીખથી 6 મહિનાની અંદર, આવું પગલું ભરેલું હોવું જોઈએ.

→ ઉપર જણાવેલ કારણો અને વિગતો હેઠલ જીલ્લા વિકાસ અધિકારીના હુકમથી નારાજ કોઈ વ્યક્તિ, આવા હુકમની જાણ થયાની તારીખથી 30 દિવસની અંદર વિકાસ કમીશનરને અપીલ કરી શકે છે.

→ વિકાસ કમીશનરે આપેલ હુકમ સામે રિવિઝન અરજી થઈ શકતી નથી. હાઈકોર્ટમાં રીટ અરજી દાખલ કરવી પડે.

- **<u>તાલુકા પંચાયતની બેઠકો :</u>**

→ તાલુકા પંચાયતની બેઠક દર ત્રણ મહિને એકવાર મળવી ફરજિયાત છે.

→ તાલુકા પંચાયતના પ્રમુખને યોગ્ય લાગે ત્યારે લેખિત કારણો દર્શાવીને અથવા જો સભ્યોની કુલસંખ્યાના એક-તૃતીયાંશ (1/3) સભ્યો લેખિત વિનંતી કરે તો ખાસ મીટિંગ (બેઠક) બોલાવી શકશે.

→ તાલુકા પંચાયતની સભા માટે સામાન્ય સભા (બેઠક) હોય તો ચોખ્ખા 15 દિવસની અને ખાસ સભા માટે ચોખ્ખા 6 દિવસ અગાઉ સભ્યોને એજન્ડા નોંધ સાથે નોટિસ આપવાની છે. બીજા શબ્દોમાં કહીએ તો તાલુકા પંચાયતની સભા માટે ફકત સર્ટિફિકેટ ઑફ પોસ્ટિંગ હેઠળ સામાન્ય ટપાલ ધ્વારા સભ્યોને નોટિસ એજન્ડા નોંધ સાથે મોકલવી.

→ બેઠકનું સ્થળ અને સમય "પ્રમુખ" ધ્વારા નક્કી કરવામાં આવે છે.

→ બેઠક મળ્યા પહેલાં બેઠકની સૂચના રદ કરી શકાય નહિં તેને બેઠક મળ્યા પછી મોકૂફી કરી શકાય.

→ બેઠક શરૂ થયા પછી બેઠક મુલત્વી રાખવી હોય તો નિયમ પ્રમાણે હાજર સભ્યોની બહુમતીથી નિર્ણય કરવાનો રહે છે.

→ બેઠક બોલાવ્યા પછી પ્રમુખ અથવા કોઈ અધિકારી નિયમ વિરૂદ્ધ બેઠક મોકૂફ રાખે તો હાજર સભ્યો બીજો અધ્યક્ષ ચૂંટીને બેઠકનું કામકાજ કરી શકે છે.

→ તાલુકા પંચાયતની બેઠક (સભા) માં "પ્રમુખ" અધ્યક્ષ સ્થાને હોય છે જો પ્રમુખ ગેરહાજર હોય તો "ઉપપ્રમુખ" અધ્યક્ષ સ્થાને હોય છે.

- **<u>તાલુકા પંચાયતના પ્રમુખની ફરજો, સત્તાઓ અને જવાબદારી :</u>**

→ તાલુકા પંચાયતના પ્રમુખની ફરજો, સત્તાઓ, કાર્યો અને જવાબદારીઓ નીચે મુજબ છે -

→ તાલુકા પંચાયતની બેઠક (સભા) બોલાવવાનો અધિકાર છે.

→ આવી બેઠક (સભા)નું અધ્યક્ષ સ્થાન ગ્રહણ કરી તે બેઠકનું સંચાલન કરવાનો અધિકાર છે પરંતુ પ્રમુખે આવી બેઠક (સભા)નું સંચાલન ધારા હેઠલ સત્તાની કાર્યરીતિના નિયમોને આધીન રહીને જ કરવાનું હોય છે.

→ તાલુકા પંચાયતનો કોઈપણ સભ્ય રાજીનામું આપે તો તે સ્વીકારવાનો અધિકાર પ્રમુખને છે.

→ તાલુકા પંચાયતના કોઈપણ દફતરને પ્રમુખ તપાસી શકશે.

→ તાલુકા પંચાયતના પ્રમુખ કોઈ સમિતિનો પોતાના હોદ્દાની રૂએ સભ્ય થાય તો અધ્યક્ષ થશે. બીજા શબ્દોમાં કહીએ તો તાલુકા પંચાયતની કોઈ સમિતિમાં સભ્ય તરીકે હોય તો તે સમિતિનો હોદ્દાની રૂએ અધ્યક્ષ બને છે.

→ તાલુકા પંચાયતના આર્થિક અને કારોબારી વહીવટ પર ધ્યાન રાખવાની ફરજ પ્રમુખની છે અને જરૂરત પ્રમાણે કોઈપણ પ્રશ્નો પંચાયત સમક્ષ રજૂ કરશે અને તેનો આદેશ મેળવશે.

→ તાલુકા પંચાયતના અથવા તેની કોઈપણ સમિતિના ઠરાવનો અથવા નિર્ણયોનો અમલ કરાવવા

4Gujarat.com

માટે તાલુકા વિકાસ અધિકારી (T.D.O) પર દેખરેખ રાખશે.

→ બીજા શબ્દોમાં કહીએ તો, ગામ પંચાયતના સરપંચની ફરજો પ્રમાણે તે પંચાયતના સમસ્ત અધિકારીઓ અને કર્મચારીઓ પર નિયંત્રણ અને દેખરેખ રાખશે જયારે તાલુકા પંચાયતના પ્રમુખને તેવી જવાબદારી નથી, પરંતુ તે તાલુકા વિકાસ અધિકારી પર દેખરેખ રાખશે. કારણકે તાલુકા પંચાયતના દરેક કર્મચારીઓની ફરજો નક્કી કરવાનું કામ તાલુકા વિકાસ અધિકારીનું છે.

→ તાલુકા પંચાયતના અથવા તેની કોઈપણ સમિતિના ઠરાવોનો અમલ કરવાની ફરજ તાલુકા વિકાસ અધિકારીની છે.

→ કોઈપણ આકસ્મિક વખતે જરૂર જણાય તો કોઈપણ કૃત્ય જનહિત માટે તાત્કાલિક કરવાની અથવા બંધ કરવાની અથવા મોકુફ રાખવાની સત્તા પ્રમુખ ધરાવે છે. આના માટે તાલુકા ફંડમાંથી ખર્ચ કરવાની સત્તા પણ ધરાવે છે. પરંતુ આવા પગલાંનું નિવેદન તેણે આવતી બેઠકમાં કારોબારી સમિતિને અથવા કોઈ સ્થાયી સમિતિને કરવું પડશે. તાલુકા પંચાયતના પ્રમુખનો આ અધિકારો વિસ્તૃત છે અને તેનો ઉપયોગ આકસ્મિક પ્રસંગોમાં જ કરવો જોઈએ.

→ પંચાયત ધારાની રૂએ તેની સમસ્ત ફરજો બજાવવી અને સોંપેલ સમસ્ત સત્તા વાપરવી.

→ તાલુકા પંચાયતના કાર્યો અને સત્તાના અમલ માટે તાલુકા પંચાયતના પ્રમુખ જરૂરી કાર્યવાહી કરાવી શકે છે, દેખરેખ રાખી શકે છે અને અમલ કરાવી શકે છે.

→ તાલુકા પંચાયતના પ્રમુખ તેમના ઉપપ્રમુખને પ્રમુખના યોગ્ય લાગે તેવા સત્તાકાર્યો લેખિત હુકમથી સોંપી શકે છે.

→ તાલુકા પંચાયતની સામાન્ય સભા બોલાવવાની તારીખ અને સ્થળ નક્કી કરવાનો અધિકાર પ્રમુખને છે.

→ પંચાયતની સભા લોકો માટે ખુલ્લી હોવાથી આવી સભામાં હાજર રહેલ કોઈપણ વ્યક્તિને સભામાંથી ચાલ્યા જવાનું ફરમાવી શકે છે.

→ સભ્યોના પ્રવચનની સમયમર્યાદા ઠરાવી શકે છે.

→ બેકાબૂ સભ્યને સભામાંથી તત્કાળ દૂર કરી શકે છે.

→ સભાનું કામકાજ શરૂ થયા પછી બાકી કામ બીજા દિવસ ઉપર મુલતવી રાખવા અંગેનો નિર્ણય કરી શકે છે પરંતુ તેના માટે હાજર સભ્યોની સંમતિ હોવી જરૂરી છે.

→ તાલુકા પંચાયતના સભ્યોના ભથ્થાં - બિલો નિયંત્રણ અધિકારી તરીકે પ્રમુખ મંજૂર કરે છે.

→ બજેટના પુનઃ વિનિયોગ સરકારી ગ્રાન્ટના અભાવે પંચાયત ભંડોળમાંથી ગ્રાન્ટ મળે તેના એડવાન્સમાં ખર્ચની બહાલી જેવી તમામ બાબતોમાં પ્રમુખની અનુમતિ મેળવવામાં આવે છે.

- **<u>ઉપપ્રમુખની સત્તા અને કાર્યો :</u>**

→ તાલુકા પંચાયતના ઉપપ્રમુખના પદે ફક્ત સીધા (પ્રત્યક્ષ) ચૂંટાયેલા સભ્યો જ બેસી શકે છે.

→ ઉપપ્રમુખની મુદત 5 વર્ષની હોય છે બીજા શબ્દોમાં કહીએ તો તાલુકા પંચાયતના ઉપપ્રમુખના હોદ્દાની મુદત પંચાયતના જેટલી જ એટલે કે 5 વર્ષની હોય છે.

→ તાલુકા પંચાયતનો ઉપપ્રમુખ પોતાનું રાજીનામું પંચાયતને લેખતમાં રાજીનામું આપીને પોતાના હોદ્દા પરથી દૂર થઈ શકે છે.

→ પ્રમુખની ગેરહાજરીમાં, પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું સંચાલન કરવું.

→ પ્રમુખ, પોતાના અધિકારો વખતો વખત લેખિતમાં ઉપપ્રમુખને સોંપે ત્યારે પ્રમુખની સત્તા વાપરવાની અને તેમની ફરજો બજાવવાનો અધિકાર ઉપપ્રમુખને રહેશે.

→ પ્રમુખની ચૂંટણી ન થાય ત્યાં સુધી અથવા 15 દિવસથી વધારે મુદત માટે પ્રમુખ સતત ગેરહાજર હોય અથવા પ્રમુખ અશક્ત થયો હોય તેવા દાખલામાં, પ્રમુખની સત્તા વાપરવી અને ફરજો બજાવવી.

- **<u>તાલુકા પંચાયતોના સેક્રેટરી, અધિકારીઓ અને કર્મચારીઓ:</u>**

→ દરેક તાલુકા પંચાયત માટે એક મંત્રી (સેક્રેટરી) રહેશે.

→ તાલુકા પંચાયતના મંત્રી તરીકે કાર્ય હોદ્દાની રૂએ તાલુકા વિકાસ અધિકારી કરશે.આ તાલુકા વિકાસ અધિકારી રાજ્યસ્તરનો સેવક (અધિકારી) રહેશે અને તેને તાલુકા પંચાયત હેઠળ મૂકવામાં આવશે.

→ રાજ્ય સરકારના તાલુકા વિકાસ અધિકારીની નિમણૂંકના અધિકાર ''વિકાસ કમીશનર''ને આપેલા છે.

AGujarat.com

→ તાલુકા પંચાયતના બીજા કર્મચારીઓ અને અધિકારીઓની નિમણૂંકનો અધિકાર ''વિકાસ કમીશનર''ને આપેલા છે. આ કર્મચારીઓની સેવાની શરતો માટે નિયમો ઘડવામાં આવેલા છે. જે કર્મચારી તાલુકા પંચાયત નીચે કામ કરતા હોય તેમણે પંચાયત તેને સોંપે તેવા અધિકારો વાપરવા.

- **તાલુકા વિકાસ અધિકારીની ફરજો અને કાર્યો :**

→ પંચાયત એકટ અને અન્ય કોઈપણ કાયદા હેઠળ નાખવામાં આવેલા અને સોપેલા કાર્યો અને ફરજો બજાવવી.

→ રાજ્ય સરકાર ધ્વારા નિયમોથી નક્કી કરેલ તેવી બીજી ફરજો બજાવવી અને અધિકારો ચલાવવા.

→ તાલુકા પંચાયતના અધિકારીઓ, કર્મચારીઓ અને સેવકોની ફરજો નક્કી કરી તેમના કામ પર નજર રાખવી તથા તેમને લગતી જોગવાઈઓ જેમ કે ન્યૂનતમ વેતન ધારો વગેરેના ભંગ માટે તાલુકા વિકાસ અધિકારી જવાબદાર રહેશે.

→ તાલુકા પંચાયત ની બીજી ફરજો જે કોઈપણ સમિતિ ને સોંપવામાં ન આવી હોય તેવી ફરજો બજાવવી.

→ તાલુકા પંચાયત ની સમસ્ત પ્રવૃતિઓની બાબત માં દેખરેખ અને નિયંત્રણ રાખવું.

→ તાલુકા પંચાયત ના સમસ્ત કાર્યો અને વિકાસ પરિયોજનાઓ ના ત્વરિત અમલ માટે જરૂરી પગલાં લેવાની ફરજ બજાવવી.

→ તાલુકા પંચાયત અને તેની સમિતિઓની સભાઓની કામકાજથી સંબંધિત બધા દસ્તાવેજો અને કાગળો પોતાની કસ્ટડી માં રાખવાની ફરજ બજાવવી.

→ તાલુકા પંચાયત હેઠળ કામ કરતાં અધિકારીઓ અને કર્મચારીઓ ના કામકાજ ને ગુપ્ત અભિપ્રાય લખી રાજ્ય સરકાર ધ્વારા જણાવેલ અધિકારી ને (જીલ્લા વિકાસ અધિકારી ) મોકલવાની ફરજ બજાવવી.

→ તાલુકા ફંડમાંથી નાણાં ઉપાડવાં અને ખર્ચ કરવાં.

→ તાલુકા પંચાયતના તમામ દફતરો પોતાની કસ્ટડી માં રાખવાં.

→ તાલુકા પંચાયતના મંત્રી તરીકે પંચાયતની બેઠકો બોલાવવાની કાર્યસૂચિ અને નોટિસો તૈયાર કરવી.

→ તાલુકા પંચાયતને સોંપવામાં આવેલી મહેસૂલી, કુદરતી હોનારત માટે રાહત વગેરેની કામગીરી પાર પાડવી.

→ **<u>તાલુકા વિકાસ અધિકારીના અધિકારો (સતાઓ) :</u>**

→ તાલુકા પંચાયત ના કોઈપણ કર્મચારી ને કે જે તાલુકા પંચાયત હેઠળ નોકરી કરતા હોય તેને તાલુકા વિકાસ અધિકારી 2 મહિના (વધુ માં વધુ ) સુધી ની રજા આપવાની સતા રહેશે.

→ તલુકા પંચાયત ની અથવા તેની કોઈપણ સમિતિ ની સભા માં હાજર રહેવાની સતા રહેશે.

→ તાલુકા પંચાયત ના અથવા તેના હેઠળ કાર્ય કરતાં કોઈપણ અધિકારી, કર્મચારી અને સેવકો પાસે થી માહિતીપત્રક, વિવરણ, હિસાબ અથવા નિવેદન મંગાવવાનો અધિકાર રહેશે.

→ તાલુકા પંચાયત ના અથવા તેના તાબા હેઠળ કાર્ય કરતાં કોઈપણ અધિકારી, કર્મચારી અને સેવકો પાસે થી ખુલાસો મંગાવવા નો અધિકાર રહેશે.

→ પંચાયત સેવામાં ફાળવેલા અને તાલુકા પંચાયત હેઠળ કાર્ય કરતાં અધિકારીઓ - કર્મચારીઓ ના ગુપ્ત રેકોર્ડ લખી જીલ્લા વિકાસ અધિકારી ને મોકલવાની સતા રહેશે.

→ તાલુકા વિકાસ અધિકારી રાજ્ય સરકાર ઠરાવે તેવી બીજી સતાઓ અને કાર્યો કરવાનાં છે.

→ ગામ પંચાયત ના કોઈ આદેશ અથવા ઠરાવ ને અમલ માં લાવવાથી કાયદા વિરુધ્ધ નું કાર્ય થતું જણાય તો તાલુકા વિકાસ અધિકારી લેખિત માં આદેશ આપીને તે ઠરાવ કે આદેશ ના અમલ ને મોકૂફ રાખી શકે છે અથવા તે કરવાની મનાઈ ફરમાવી શકે છે.

→ તાલુકા પંચાયત ની કારોબારી સતા તાલુકા વિકાસ અધિકારી ની છે. આ સતા પ્રમુખ અથવા તાલુકા પંચાયત ના આદેશો પ્રમાણે ભોગવવાની છે.

→ ગામ પંચાયત ની પ્રથમ બેઠક ની તારીખ નકકી કરવાનો અધિકાર છે.

→ તાલુકા વિકાસ અધિકારી ને લાગે કે કોઈ કાર્ય, જે ગામ પંચાયત કરી શકે તેમ છે અને લોકો ના આરોગ્ય અને સલામતી માટે તાત્કાલિક કરવાની જરૂર હોય તેવી કટોકટી ની પરિસ્થિતિ ઊભી થઈ છે તેવું કામ કરવા માટે મેનેજમેન્ટ કરશે અને તેનો ખર્ચ તે પંચાયત પાસે વસૂલ

4Gujarat.com

કરી શકશે.આની રિપોર્ટ તાલુકા વિકાસ અધિકારી જીલ્લા વિકાસ અધિકારી ને રજૂ કરશે.

→ ગામ પંચાયત ઢોર પૂરવાના ડબ્બા માટે તાલુકા વિકાસ અધિકારી એ મંજૂર કર્યા હોય તેવા વ્યકિત ની ડબ્બાવાલા તરીકે નિમણૂક કરી શકશે.

→ ગામ પંચાયત ના ઉપસરપંચ અને સભ્યો ના રાજીનામા ની તકરાર નો નિર્ણય કરવાની સતા ધરાવે છે.

- **<u>તાલુકા ફંડ :</u>**

→ દરેક તાલુકામાં એક ફંડ ( ભંડોળ ) રહેશે, જેને તાલુકા ફંડ રીતે ઓળખવા માં આવશે.

→ તાલુકા ફંડ માં નીચે ની રકમો જમા કરવામાં આવે છે -

(1) પંચાયતે નાખેલ અથવા સોપેલ કોઈ કર અથવા ફી ની આવક કે ઊપજ

(2) સઘળો કચરો, છાણ, ધૂળ અથવા પશુઓ ના મડદાં ના વેચાણ ની આવક ની રકમ

(3) રાજય સરકાર અથવા જિલ્લા પંચાયતે તાલુકા ફંડ માં આપેલ ફાળા ની રકમ

(4) રાજય સરકાર અથવા જીલ્લા પંચાયત પાસે થી મળેલ ધિરાણ કે લોન ની રકમ

(5) રાજય સરકાર અથવા જીલ્લા પંચાયત પાસે થી અન્ય પ્રકારે મળેળ સમસ્ત રકમ.

(6) તાલુકા પંચાયત ને મળેલ બક્ષિસ કે ફાળા ની રકમ.

(7) તાલુકા પંચાયત ને પ્રાપ્ત થતી કોઈ મિલકત ની ઉપજ કે આવક ની રકમ.

(8) સ્ટેમ્પ ડયૂટી ની ચોખ્ખી આવક

(9) ભાડાં તરીકે અથવા ફોજદારી કેસ માં કોઈ પણ દંડ ની રકમ સિવાય ની બીજી ગુનેગારી તરીકે વસૂલેલ રકમ.

→ ઈનમકટેક્ષ એકટ - 1961ની કલમ - 88(1)(3) હેઠળ પંચાયત ને મળેલ બક્ષિસ કે ફાળા ની રકમ આપનાર ને ઈનકમટેક્ષ માંથી માફી મળે છે પરંતુ આ રકમ જાહેર હેતુ માટે આપેલી હોવી જોઈએ.

- **<u>તાલુકા ફંડ નો ઉપયોગ</u>** :

→ તાલુકા પંચાયત ને પ્રાપ્ત થયેલાં નાણાં અથવા મિલકતો નો ઉપયોગ અને તે સમયે અમલ માં હોય તેવા કોઈપણ કાયદા ની જોગવાઈ ઓ મુજબ તેને મળેલી સમસ્ત રકમ નો ઉપયોગ પંચાયત એકટ હેઠળ ની જોગવાઈઓ ના આધીન રહીને નિર્ધારિત કાર્યો માટે વાપરી શકશે.

→ તાલુકા પંચાયત ગામ પંચાયતો ને લોન આ ફંડમાંથી આપી શકે છે.

→ તાલુકા પંચાયત પાસે બાકી રહેલાં નાણાં જો ચાલુ ખર્ચ માટે જોઈતાં ન હોય તો તેનું ઠરાવવામાં આવે તેવી રીતે રોકાણ કરી શકશે જેમ કે -

(1) તાલુકા પંચાયત ને મળેલા મહેસૂલી અનુદાનની રકમ સરકારી ટ્રેજરીમાં કે સબટ્રેજરી માં જમા કરાવશે.

(2) આના સિવાય ના બીજા નાણાં સરકારી મુદતી ડિપોઝીટમાં અથવા જાહેર જામીનગીરી ઓ માં (સરકાર ની પૂર્વમંજૂરી થી ) નાણાં રોકાણ કરી શકશે.

(3) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ની ફિકસ ડિપોઝીટ --ડિબેચરો માં નાણાં રોકાણ કરી શકશેતેના માટે સરકારે મંજૂરી આપેલ છે.

→ તાલુકા પંચાયતે લીધેલ કોઈપણ પ્રકાર ની લોન ની રકમ, તેના હપ્તા, તેનું વ્યાજ વગેરે તાલુકા ફંડ પર બોજો ગણવામાં આવે છે.

- **<u>તાલુકા પંચાયતની આવક ના સાધનો :</u>**

→ તાલુકા પંચાયત ની આવક ના સાધનો નીચે મુંજબ છે -

(1) મુંબઈ સિંચાઈ અધિનિયમ, 1879ની જોગવાઈઓ હેઠળ સિંચાઈ ના પાણી ના આકારના એક રૂપિયે (દર રૂપિયા ઉપર ) 50 પૈસા લેવામાં આવે છે જે આવક તાલુકા પંચાયતને મળે છે. આ પાણીના આકાર ઉપર વસૂલ કરવાનો સ્થાનિક ઉપકર, જમીન જે તાલુકા પંચાયતની હકૂમતમાં આવેલી હોય તે તાલુકા પંચાયતને મળે છે.

(2) તાલુકા પંચાયત શિક્ષણ ઉપકર નાખી શકશે પરન્તુ પંચાયત ધારાની કલમ-212 થી ઠરાવેલી પ્રારંભિક કાર્યરીતિનું પાલન કર્યા પછી જ.

(3) જે કર અથવા ફી તાલુકા પંચાયત નાખે તે કર કે ફી જો તાલુકા ની ગામ પંચાયતે નાખેલા હોય તો જેટલો કર નાખ્યો હોય તેના 15 ટકા થી વધુ કર નાખી શકશે નહિ. અને જો તે બાબત ઉપર ગામ પંચાયતે કર અથવા ફી નાખેલ (લીધેલ) ન હોય તેવા કર અથવા ફીના ઠરાવેલા દરના વધુ માં વધુ 15 ટકા સુધી કર નાખી શકશે.

4Gujarat.com

આના માટે તાલુકા પંચાયત ને ઠરાવેલી પ્રારંભિક કાર્યરીતિ કર્યા પછી જ તેના માટે કર કે ફી નો વધારો દાખલ કરી શકશે અને આવી વધારા ની રકમ, જે તે ગામ પંચાયત, તેવા કર અથવા ફીની સાથે જ તાલુકા પંચાયત માટે વસૂલ કરી, તાલુકા પંચાયત ને આપશે. અને તેની વસૂલાત ના ખર્ચ માટે વસૂલ કરેલી રકમ ના 25 ટકા ગ્રામ- નગર પંચાયત ને ફાળો જશે.

(4) તાલુકા પંચાયતની બીજી આવકનું સાધન સ્ટેમ્પ ડયૂટીમાં વધારો કરી નાણાં મેળવવાનું છે. તાલુકા પંચાયત પોતાની બેઠકમાં ( સભામાં ) ઠરાવ પસાર કરીને તાલુકા પંચાયત રાજય સરકારને એવી અરજી કરી શકશે કે તાલુકાની હદમાં આવેલી સ્થાવર મિલકતના વેચાણ, ગીરો, પટ્ટા અથવા બીજી કોઈપણ પ્રકારની તબદીલી પર સ્ટેમ્પ આપવો પડે તેમાં 15 ટકા સુધીનો વધારો કરવો. રાજય સરકારને આવી અરજી મળતા તે રાજયપત્રમાં અધિસૂચના પ્રસિધ્ધ કરી આ પ્રમાણે વધારો જાહેર કરી શકશે. આ પ્રમાણે તાલુકા પંચાયત માટે તેની માંગણી મંજૂર કરી સ્ટેમ્પ ડયૂટીનો દર વધારી, વધારાની આવક તાલુકા પંચાયતને રાજય સરકાર આપશે.

(5) રાજય સરકાર તાલુકા પંચાયત વિસ્તારના જમીન મહેસૂલની છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ કાઢી રકમ નકકી કરશે. તેમાંથી તાલુકા પંચાયતોને તેણે વસૂલ કરેલા જમીન મહેસૂલની સરેરાશ વાર્ષિક આવકના 15 ટકા જેટલી સહાય આપવામાં આવે છે.

આ રકમ ની ગણતરી કેવી રીતે થાય તે સમજીએ

રાજય સરકાર ધ્વારા ત્રણ વર્ષ નું મહેસૂલની

| | |
|---|---|
| સરેરાશ રકમ | -100 ટકા |
| - તલાટી અને મંત્રીઓના પગાર, તાલીમ ખર્ચ- | 35ટકા |
| | ------- |
| | - 65 ટકા |
| - રાજય સમકારી ફંડ માં ભરવામાં આવે | - 5 ટકા |
| | ------- |
| બાકી રહેલ રકમ | 60 ટકા |

આ - 60 ટકા રકમ નો વહેચણી નીચે મુંજબ થાય.

(1) ગ્રામ પંચાયત ને 50 ટકા એટલે કે $60\frac{50}{100}$ = 30 ટકા

(2) તાલુકા પંચાયત ને 25 ટકા એટલે કે = 15 ટકા

(3) જીલ્લા પંચાયત ને 10 ટકા એટલે કે = 6 ટકા

**(6) <u>રાજય સમકારી ફંડ માં થી સહાય :</u>**

→ રાજય સમકારી ફંડ એક કાયમી ફંડ છે જેની સ્થાપના રાજયના જીલ્લાઓ વચ્ચે આર્થિક અને સામાજિક અસમાનતા ધટાડવા માટે જીલ્લા પંચાયતોને ગ્રાન્ટ (અનુદાન ) આપવા માટે કરવામાં આવી છે.

→ રાજય સમકારી ફંડ માં દર વર્ષે રાજય ના છેલ્લા ત્રણ વર્ષ ની જમીન મહેસૂલ ની સરેરાશ વાર્ષિક આવક ના 5 ટકા રકમ જમાં કરવામાં આવે છે.

→ રાજય સમકારી ફંડ માંથી તાલુકા પંચાયત પોતાના વિસ્તાર માં કાર્યો કરવા માટે અને ફંડમાંથી સહાય મેળવવા જીલ્લા પંચાયત ને અરજી કરી સહાય મેળવી શકશે.

**(7) <u>જીલ્લા સમકારી ફંડ માંથી સહાય :</u>**

→ જીલ્લા સમકારી ફંડ કાયમી ફંડ છે. દરેક જીલ્લા માં જીલ્લા પંચાયતોએ “જીલ્લા સમકારી ફંડ” ની સ્થાપના કરી છે. આ ફંડ નો ઉપયોગ જીલ્લા માં પંચાયતો વચ્ચે સામાજિક અને આર્થિક અસમાનતા ધટાડવા માટે, તેના તાબા ની પછાત પંચાયતો ને ખાસ અનુદાન આપવા માટે કરાય છે.

→ દરેક જીલ્લા પંચાયત માં જમીન મહેસૂલ ની આવક માંથી મહેસૂલ ની આવક માંથી મહેસૂલી આવકના 7.5% રકમ આ ફંડ માં જમા થાય છે.

→ દરેક જીલ્લા પંચાયતે પોતાના હેઠળ ની તાલુકા પંચાયતો જે આર્થિક અને સામાજિક રીતે પછાત હોય તેની યાદી ( સરકાર ના નિયમો પ્રમાણે ) બનાવવાની હોય છે.

→ કોઈપણ તાલુકા પંચાયતે ખાસ અનુદાન મેળવવાની જરૂર હોય તો તેના માટે તે પંચાયતે અરજી કરવાની રહેશે અને તેમાં ગ્રાન્ટ માટેના હેતુઓ તથા પંચાયતના છેલ્લા નાણાકીય વર્ષની સ્થિતિ જણાવવાની રહેશે. આવી અરજી જીલ્લા પંચાયતને 30 જૂન પહેલાં મળી જાય તે રીતે કરવાની હોય છે.

→ જીલ્લા પંચાયત તપાસ કરીને અનુદાન આપી શકે છે. પરન્તુ પંચાયતે આ અનુદાનનો ઉપયોગ અરજીમાં જણાવેલ હેતુ માટે અને ઠરાવેલ મુદત માટે જ કરવાનો રહેશે.

(8) તાલુકા પંચાયત પોતાના જરૂરી કામકાજ માટે લોનના નિયમો પ્રમાણે જીલ્લા પંચાયતની લોન મેળવી શકે છે.

4Gujarat.com

(9) પંચાયતને લોન આપવાના નિયમો હેઠળ તાલુકા પંચાયતને જીલ્લા પંચાયતની લોન મળી શકે તેમ ન હોય તો જીલ્લા પંચાયત મારફત અરજી કરીને રાજ્ય સરકારની લોન મેળવી શકશે.

(10) તાલુકા પંચાયત ની અન્ય આવકો નીચે મુજબ છે-

→ તાલુકા પંચાયત મિલકત ની ઉપજ કે આવક

→ સરકારી યોજનાઓ હેઠળ મળેલ સહાય ની રકમ

→ અન્ય કોઈપણ પ્રકારે મળેલ દાન ની રકમ.

★★★★★

## પ્રકરણ -5 જીલ્લા પંચાયત

• **રાજયો માં જીલ્લા પંચાયત સંબંધિત જોગવાઈઓ**

**(A) જીલ્લા પંચાયતના વડા :**

→ અલગ - અલગ રાજયો માં જીલ્લા પંચાયત ના વડા અલગ-અલગ નામ થી ઓળખાય છે--

(1) તે રાજયો જેમાં જીલ્લા પંચાયત ના વડા ને "અધ્યક્ષ" કહે છે -

(1) બિહાર (2) હરિયાણા (3) હિમાચલ પ્રદેશ

(4) કર્ણાટક (5) મહારાષ્ટ્ર (6) ઓરિસ્સા (7) પંજાબ

(8) તમિલનાડુ (9) ઉતરપ્રદેશ (10) ગોવા (11) મણિપુર

(12) અંદમાલ - નિકોબાર

(2) તે રાજયો જેમાં જીલ્લા પંચાયત ના વડા ને "પ્રમુખ" કહે છે -

(1) ગુજરાત (2) મધ્યપ્રદેશ (3) રાજસ્થાન (4) કેરળ

(3) તે રાજયો જેમાં જીલ્લા પંચાયત ના વડા ને "સભાપતિ" કહે છે-

(1) ત્રિપુરા (2) પશ્ચિમ બંગાલ

(4) તે રાજયો જેમાં જીલ્લા પંચાયતના વડાને "પ્રેસિડેન્ટ" કહે છે -

(1) આસામ

(5) તે રાજયો જેમાં જીલ્લા પંચાયતના વડાને "ચેરપર્સન" કહે છે --

(1) આંધ્રપ્રદેશ (2) અરૂણાચલ પ્રદેશ (3) ચંદીગઢ

(6) તે રાજયો જેમાં જીલ્લા પંચાયતના વડાને "પ્રેસિડેન્ટ કમ ચીફ કાઉન્સીલર" કહે છે -

(1) દાદરા- નાગર હવેલી (2) લક્ષદ્રીપ (3) દમણ અને દીવ

**(B) જીલ્લા પંચાયત ના નામ :**

→ અલગ - અલગ રાજયો માં જીલ્લા પંચાયત અલગ -અલગ નામે ઓળખાય છે -

(1) તે રાજયો જેમાં જીલ્લા પંચાયત "જીલ્લા પરિષદ" ના નામે ઓળખાય છે -

(1) આંધ્રપ્રદેશ (2) આસામ (3) બિહાર (4) હરિયાણા

(5) હિમાચલ પ્રદેશ (6) કર્ણાટક (7) મધ્યપ્રદેશ

(8) મહારાષ્ટ્ર (9) ઓરિસ્સા (10) પંજાબ (11) રાજસ્થાન

(12) ત્રિપુરા (13) પશ્ચિમ બંગાલ (14) અરૂણાચલ પ્રદેશ

(15) મણિપુર (16) ચંદીગઢ

(2) તે રાજયો જેમાં જીલ્લા પંચાયત ને "જીલ્લા પંચાયત" ના નામે ઓળખાય છે -

(1) ગુજરાત (2) ઉતર પ્રદેશ (3) ગોવા (4) સિક્કિમ

(5) અંદમાન - નિકોબાર ટાપુ સમૂહ

(3) તે રાજયો જેમાં જીલ્લા પંચાયત "ડિસ્ટ્રિક્ટ પંચાયત" ના નામે ઓળખાય છે -

(1) લક્ષદ્રીપ (2) દમણ અને દીવ (3) દાદરા નગર હવેલી

(4) કેરળ (5) તમિલનાડુ

(4) તે રાજયો જેમાં જીલ્લા પંચાયત "ડિસ્ટ્રિક્ટ પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ બોર્ડ" ના નામે ઓળખાય છે -

(1) જમ્મુ - કાશ્મીર

• **જીલ્લા પંચાયત ની રચના**

→ ગુજરાત પંચાયત અધિનિયમ -1993ની કલમ-3 પ્રમાણે, "દરેક જીલ્લા માટે જીલ્લા પંચાયત રહેશે"

→ ત્રિસ્તરીય પંચાયતી રાજમાં સૌથી ઉપરનું સ્તર જીલ્લા પંચાયત છે.

→ ભારતમાં મેઘાલય, મિઝોરમ, દિલ્હી અને નાગાલેન્ડ માં જીલ્લા પંચાયત ની રચના કરવામાં આવતી નથી. તે સિવાય ના બધા રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશો માં જીલ્લા પંચાયત ની રચના થયેલી છે.

→ જીલ્લા પંચાયત માં 4 લાખ ની વસ્તી સુધી 17 સભ્યો ( બેઠકો ) અને તેનાથી વધારે હોય તો દરેક 1 લાખ પર 2 સભ્યો (બેઠકો ) વધશે -

→ જીલ્લા પંચાયતના સભ્યોની સંખ્યા નકકી કરવાનો અધિકાર વિકાસ કમીશનર ને છે.

→ જીલ્લા પંચાયત ચૂંટાયેલા સભ્યોની બનશે.

→ જીલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, જીલ્લાના લાયકાત ધરાવતા મતદારોમાંથી ચૂંટવામાં આવશે.

4Gujarat.com

→ જીલ્લા પંચાયતને, તેના ચૂંટાયેલા સભ્યોએ તેમના પોતાનામાંથી ચૂંટેલ પ્રમુખ અને ઉપપ્રમુખ રહેશે.

→ જીલ્લા પંચાયતના વડાને - "જીલ્લા પંચાયત પ્રમુખ" કહે છે જે સીધી ચૂંટણીથી ચૂંટાય છે.

→ જીલ્લા પંચાયત ના વહીવટી વડા - "જીલ્લા વિકાસ અધિકારી" (D.D.O.) હોય છે, જેની નિમણૂંક સરકાર કરે છે.

→ જીલ્લા પંચાયત ની મુદત 5 વર્ષ ની હોય છે.

→ જીલ્લા પંચાયત ના સભ્યો ચાર પ્રકાર ના હોય છે

(1) સીધા ચૂંટાયેલા સભ્યો
(2) પદનિમિત સભ્યો (કાયમી નિમંત્રિતો)
(3) નિયુક્ત સભ્યો
(4) કો-ઓપ્ટ સભ્યો

→ ઉપરોક્ત આપેલ સભ્યોના પ્રકારનું વિસ્તૃત વર્ણન તાલુકા પંચાયતના પ્રકરણમાં કરેલ હોવાની નોંધ લેવી.

- **<u>જીલ્લા પંચાયતમાં અનામત બેઠકો :</u>**

→ જીલ્લા પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી "વિકાસ કમીશનર" કરે છે.

→ જીલ્લા પંચાયત માં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત બેઠકો વસ્તી ના પ્રમાણ માં રાખવામાં આવે છે. આવી બેઠકો ની વારાફરતી ફાળવણી ઠરાવેલી રીતે જુદા - જુદા મતદારમંડળો માંથી રાજય ચૂંટણી કમીશને કરવાની છે.

→ જીલ્લા પંચાયતમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે (OBC) અનામત બેઠકો કુલ સભ્ય સંખ્યાના 10 ટકા રાખવામાં આવે છે. આવી બેઠકો ની વારાફરતી ફાળવણી ઠરાવેલી રીતે જુદા - જુદા મતદારમંડળો માંથી રાજય ચૂંટણી કમીશને કરવાની છે.

→ જીલ્લા પંચાયત ની બેઠકો ની કુલ સંખ્યાની 50 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. ( નોંધ - SC, ST અને OBCની મહિલાઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) આવી બેઠકોની વારાફરતી ફાળવણી ઠરાવેલી રીતે જુદા - જુદા મતદારમંડળોમાંથી રાજય ચૂંટણી કમીશને કરવાની છે.

→ પ્રમુખ ના હોદા ની બેઠક પણ વારાફરતી નિયમો મુજબ મહિલાઓ, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (OBC) માટે અનામત રહેશે.

- **<u>જીલ્લા પંચાયતની ચૂંટણી :</u>**

→ જીલ્લા પંચાયતની ચૂંટણી દર 5 વર્ષે થાય છે.

→ જીલ્લા પંચાયતની ચૂંટણી પક્ષીય એટલે કે રાજકીય ધોરણે લડાય છે.

→ જીલ્લા પંચાયતના સભ્યોની ચૂંટણી જીલ્લાના લાયકાત ધરાવતા મતદારો ધ્વારા સીધી ચૂંટણીથી કરવામાં આવે છે.

→ જીલ્લા પંચાયત ની ચૂંટણી ની અન્ય જોગવાઈઓ ગામ પંચાયત અને તાલુકા પંચાયત ની ચૂંટણી ની જેવી જ છે.

- **<u>જીલ્લા પંચાયતની પ્રથમ બેઠક અને પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી :</u>**

→ જીલ્લા પંચાયત ની રચના કરવામાં આવે ત્યારે તેના ચૂંટાયેલા સભ્યો માંથી પ્રમુખ અને ઉપપ્રમુખ ની ચૂંટણી માટે તેની પહેલી બેઠક બોલાવવા માં આવે છે.

→ સામાન્ય ચૂંટણીના ચૂંટાયેલા સભ્યોના નામ ગુજરાત પંચાયત ધારાની કલમ- 15 હેઠલ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ નામો ચૂંટણીપંચ પ્રસિધ્ધ કરે તે તારીખથી ચાર અઠવાડિયાની અંદર "વિકાસ કમીશનર" જે તારીખ નકકી કરે તે દિવસે જીલ્લા પંચાયત ની પ્રથમ બેઠક મળે છે.

→ પરંતુ જો ચાર અઠવાડિયા ની મુદત ની અંદર બેઠક ની તારીખ નકકી ન થાય તો સરકારે અધિકૃત કરેલાં અધિકારી - "પંચાયત વિભાગના સચિવે" તારીખ નકકી કરવી.તેમના માટે કોઈ સમયમર્યાદા ઠરાવેલ નથી.તેથી કોઈપણ કારણસર વિલંબ ના કિસ્સા માં પણ તે તારીખ નકકી કરી શકે છે.

→ જીલ્લા પંચાયત ની પ્રથમ બેઠક નું અધ્યક્ષ સ્થાન કે પ્રમુખ અધિકારી ની નિમણૂક નો અધિકાર "વિકાસ કમીશનર" ને છે. વિકાસ કમીશનર જે અધિકારીને બેઠકના પ્રમુખ નિયુકત કરે તે બેઠકનો અધ્યક્ષ ગણાય છે.જો કે તે અધ્યક્ષ ને મત આપવાનો અધિકાર રહેશે નહિ.

→ જીલ્લા પંચાયતની પ્રથમ બેઠક માં પ્રમુખ અને ઉપપ્રમુખ ની ચૂંટણી સિવાય બેઠક માં કરવું નહિ.

→ જીલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં જો બે ઉમેદવારોને સરખા મત મળે તો, ચૂંટણી નું પરિણામ, અધ્યક્ષનું સ્થાન લેનાર અધિકારીની

4Gujarat.com

હાજરીમાં, તે નક્કી કરે તેવી રીતે ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવે છે.

→ આ ચૂંટણી ના કાયદેસરપણા બાબત તકરાર કે વિવાદ ઊભી થાય ત્યારે, તે તકરાર ( વિવાદ ) ચૂંટણીના પરિણામની જાહેરાતની તારીખ થી 30 દિવસની મુદતની અંદર "પંચાયત વિભાગના સચિવ"ને નિર્ણય માટે મોકલવી. સચિવ નો નિર્ણય છેવટ નો ગણાશે અને તેવા કોઈ નિર્ણય ના સંબંધ માં, કોઈ દાવો અથવા બીજી કોઈ કાર્યવાહી ન્યાયલય માં થઈ શકશે નહિ.

- **<u>પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો ના હોદા ની મુદતઃ</u>**

→ જીલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યોના હોદાની મુદત પંચાયત ના જેટલી જ એટલે કે 5 વર્ષ ની રહેશે.

- **<u>પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યોનું રાજીનામું :</u>**

→ જીલ્લા પંચાયતનો પ્રમુખ, "વિકાસ કમીશનર"ને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદા પરથી દૂર થઈ શકશે પરંતુ "વિકાસ કમીશનર" રાજીનામું સ્વીકારે નહિ ત્યાં સુધી, અમલમાં આવશે નહિ.

→ જીલ્લા પંચાયત નો ઉપપ્રમુખ, "પંચાયત" ને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદા પરથી દૂર થઈ શકશે પરન્તુ "પંચાયત" રાજીનામું સ્વીકારે નહિ ત્યાં સુધી, અમલ માં આવશે નહિ.

→ જીલ્લા પંચાયત નો બીજો કોઈ સભ્ય, "પ્રમુખ"ને રાજીનામું આપીને પોતાના હોદા પરથી દૂર થઈ શકશે અને એવું રાજીનામું, પ્રમુખ ને જે તારીખે મળે તે તારીખ થી અમલમાં આવશે.

→ પ્રમુખ અને ઉપપ્રમુખના રાજીનામાની સતા ધરાવતા અધિકારીએ સ્વીકારેલ કે મંજૂર કરેલ ન હોય તો તે પાછાં ખેચી શકાય છે પરન્તુ તે માટે લેખિત વિનંતી કરવી જોઈએ અને તે પાછું ખેચવાની મંજૂરી આપવી કે નહિ તેની વિચારણા સતા ધરાવતા અધિકારીએ કરવાની છે.

→ જીલ્લા પંચાયતના બીજા કોઈ સભ્યનું રાજીનામું પ્રમુખને મળે તે તારીખથી જ અમલ માં આવે છે તેથી તે પાછું ખેચી શકાય નહિ.

→ જીલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યોના રાજીનામા અંગે કંઈપણ તકરાર ( વિવાદ ) ઊભી થાય તો, રાજીનામા અંગેની તકરારનો નર્ણિય "પંચાયત વિભાગના સચિવ" કરે છે.

→ આ અધિકારી ( પંચાયત વિભાગ ના સચિવ ) ને નિર્ણય માટે એ તકરાર લખી મોકલવી પડશે અને અધિકારીને નિર્ણય આખરી ગણાશે. પરંતુ રાજીનામું અમલમાં આવ્યાની તારીખ થી 30 દિવસ ની મુદત પૂરી થયા પછી, એવી કોઈ તકરાર સ્વીકારી શકાશે નહિ.

- **<u>પ્રમુખ અને ઉપપ્રમુખ સામે અવિશ્વાસ નો પ્રસ્તાવ :</u>**

→ જીલ્લા પંચાયત ના પ્રમુખ અને ઉપપ્રમુખ સામે અવિશ્વાસ નો પ્રસ્તાવ રજૂ કરવા માંગતો કોઈ સભ્ય સંબંધિત પંચાયત ને નિયત કરેલા ફોર્મ માં પંચાયત ના કુલ સભ્યો ના ટેકા થી જ આ પ્રસ્તાવ લાવી શકાશે.

→ બીજા શબ્દો માં કહીએ તો ---

(1) અવિશ્વાસની દરખાસ્ત ( પ્રસ્તાવ ) જીલ્લા પંચાયતનો કોઈપણ સભ્ય લાવી શકે છે.

(2) પંચાયતની કુલ સભ્ય સંખ્યાના 50 ટકા સભ્યો ટેકો આપે તો જ તે દરખાસ્ત રજૂ કરી શકાશે.

→ જો પ્રમુખ અથવા ઉપપ્રમુખની વિરુધ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ જીલ્લા પંચાયતના સભ્યોની કુલ સંખ્યાના 2/3 ( બે - તૃતીયાંશ ) સભ્યોની બહુમતીથી પસાર કરવામાં આવ્યો હોય ત્યારે જ પ્રમુખ અથવા ઉપપ્રમુખ પ્રસ્તાવ પસાર કર્યાની તારીખથી 3 દિવસની મુદત પછી હોદો ધરાવતા બંધ થશે. બીજા શબ્દોમાં કહીએ તો જીલ્લા પંચાયતના કુલ સભ્યોની 2/3 ( બે - તૃતીયાંશ ) બહુમતી થી જ અવિશ્વાસ ની દરખાસ્ત મંજૂર થઈ શકશે.

→ અવિશ્વાસ નો પ્રસ્તાવ હાથ ધરવા માટે જીલ્લા પંચાયતની બેઠક, આવા પ્રસ્તાવ ની નોટિસ જીલ્લા પંચાયતને મળી હોય તે તારીખ થી 15 દિવસ ની અંદર બોલાવાની રહેશે.

→ અવિશ્વાસ ની દરખાસ્ત પ્રમુખ અથવા ઉપપ્રમુખ સામે લાવવામાં આવી હોય તો તેઓ સભા માં હાજર રહેવાનો, બોલાવાનો તેમજ મત આપવાનો અધિકાર રહેશે પરંતુ સભા નું અધ્યક્ષ સ્થાન લઈ શકશે નહિ.

→ જો "પ્રમુખ" ( જીલ્લા પંચાયતના ) આવી બેઠક ન બોલાવે તો પંચાયત ના સેક્રેટરી એ તરત જ "વિકાસ કમીશનર" ને તે વિશેનો રિપોર્ટ આપશે અને "વિકાસ

AGujarat.com

કમીશનર" તે રિપોર્ટ મળ્યાની તારીખ થી 15 દિવસની અંદર પંચાયતની બેઠક બોલાવશે.

→ અવિશ્વાસની દરખાસ્ત કોઈપણ કારણોસર મોકૂફ રાખી શકાશે નહિ અને જો તે જ સભામાં (બેઠક ) તે વિચારણામાં કે મત લેવાય નહિ તે રદ થશે. એટલે કે અવિશ્વાસની દરખાસ્તનો નિર્ણય પંચાયતની તે બેઠકમાં થઈ જ જવો જોઈએ નહિતર તે દરખાસ્ત રદ થઈ જશે.

- **<u>પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્ય ને હોદા પર થી દૂર કરવા:</u>**

→ જીલ્લા પંચાયત ના કોઈપણ સભ્ય, પ્રમુખ અને ઉપપ્રમુખ ને તેના હોદા પર થી નીચેના કારણોસર દૂર કરી શકાય છે --

(1) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે માનસિક, શારીરિક અને કાયદેસર ની કોઈપણ અસમર્થતા ઊભી થાય જેના કારણે પોતાની ફરજો બજાવવા માં અસમર્થ થાય તો તેને હોદા પર થી દૂર કરવામાં આવે છે.--

દા.ત. -- (A) મગજ અસ્થિર થઈ જવું

(B) કોઈપણ શારીરિક બીમારી થઈ જવી જેમ કે -- લકવો

(C) જન્મટીપ ની સજા થવી.

(2) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની ફરજો બજાવવા માં ગેરવતર્ણૂક કરે તો તેને હોદા પર થી દૂર કરવામાં આવે છે ---

દા.ત.-- (A) પંચાયત નું અપમાન કરવું.

(B) ઈરાદાપૂર્વક કાયદેસર ની આજ્ઞા નું પાલન ન કરવું.

(3) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે શરમજનક વર્તણૂક ( ભલે તે ખાનગી કૃત્યો માટે હોય ) માટે દોષિત થયો હોય તો તેને હોદો પર થી દૂર કરવામાં આવે છે.

(4) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની સતા નો દુરુપયોગ કરે તો તેને હોદા પર થી દૂર કરવામાં આવે છે.

(5) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની ફરજો અને કાર્યો બજાવતી વખતે વારંવાર કસૂર કરે તો તેને હોદા પર થી દૂર કરવામાં આવે છે.

→ ઉપર ના જણાવેલ કારણોસર "વિકાસ કમીશનર" આવા સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખ ને કંઈ કહેવું હોય તે કહેવાની વાજબી તક આપ્યા પછી અને પંચાયત ને તે અર્થે યોગ્ય નોટિસ આપ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી તેને હોદા પર થી દૂર કરી શકશે.

→ જે કોઈ વ્યકિતએ પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યપદથી પોતાનું રાજીનામું આપ્યું હોય અથવા બીજી રીતે એવો કોઈ હોદો ધરાવતી બંધ થઈ હોય ત્યારે "વિકાસ કમીશનર" નિદિષ્ટ કરેલ કાર્યરીતિ અનુસર્યા પછી, 5 વર્ષની મુદત સુધી ગેરલાયક ઠરાવી શકશે.

→ પરંતુ જે તારીખે જે કોઈ વ્યક્તિએ (એટલે કે પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્ય) રાજીનામું આપ્યું હોય અથવા એવો હોદ્દો ધરાવતી બંધ થઈ હોય તે તારીખથી 6 મહિનાની અંદર, આવું પગલું ભરેલ હોવું જોઈએ.

→ ઉપરોક્ત જણાવેલ કારણો અને વિગતો હેઠલ વિકાસ કમીશનરના હુકમથી નારાજ કોઈ વ્યક્તિ, આવા હુકમની જાણ થયાની તારીખથી 30 દિવસની અંદર " પંચાયત વિભાગના સચિવ"ને અપીલ કરી શકે છે. સચિવે આપેલ હુકમ સાથે રિવિઝન અરજી થઈ શકે છે.

- **<u>જીલ્લા પંચાયતની બેઠકો :</u>**

→ જીલ્લા પંચાયતની બેઠક દર ત્રણ મહિને એકવાર મળવી ફરજિયાત છે.

→ જીલ્લા પંચાયતના પ્રમુખને યોગ્ય લાગે ત્યારે લેખિત કારણો દર્શાવી ને અથવા જો સભ્યો ની કુલ સંખ્યા ના એક - તૃતીયાંશ 1/3 સભ્યો લેખિત વિનંતી કરે તો ખાસ મીટિંગ ( બેઠક ) બોલાવી શકશે.

→ જીલ્લા પંચાયત ની સભા માટે સામાન્ય સભા (બેઠક) હોય તો ચોખ્ખા 15 દિવસ ની અને ખાસ સભા માટે ચોખ્ખા 6 દિવસ અગાઉ સભ્યો ને એજન્ડા નોંધ સાથે નોટિસ આપવાની છે.બીજા શબ્દો માં કહીએ તો જીલ્લા પંચાયતની સભા માટે ફક્ત સર્ટિફિકેટ ઑફ પોસ્ટિંગ હેઠળ સામાન્ય ટપાલ ધ્વારા સભ્યો ને નોટિસ એજન્ડા નોંધ સાથે મોકલવી.

→ બેઠક નું સ્થળ અને સમય "પ્રમુખ" ધ્વારા નકકી કરવામાં આવે છે.

→ બેઠક મળ્યા પહેલાં બેઠક ની સૂચના રદ કરી શકાય નહિ. તેને બેઠક મળ્યા પછી મોકૂફી કરી શકાય.

→ બેઠક શરૂ થયા પછી બેઠક મુલત્વી રાખવી હોય તો નિયમ પ્રમાણે હાજર સભ્યો ની બહુમતી થી નિર્ણય કરવાનો રહે છે.

4Gujarat.com

→ બેઠક બોલાવ્યા પછી પ્રમુખ અથવા કોઈ અધિકારી નિયમ વિરુધ્ધ બેઠક મોકૂફ રાખે તો હાજર સભ્યો બીજો અધ્યક્ષ ચૂંટીને બેઠક નું કામકાજ કરી શકે છે.

→ જીલ્લા પંચાયત ની બેઠક ( સભા ) માં ''પ્રમુખ'' અધ્યક્ષ સ્થાને હોય છે જો પ્રમુખ ગેરહાજર હોય તો ''ઉપપ્રમુખ'' અધ્યક્ષ સ્થાને હોય છે.

- **<u>જીલ્લા પંચાયતના પ્રમુખની ફરજો, સતાઓ, કાર્યો અને જવાબદારી :</u>**

→ જીલ્લા પંચાયતના પ્રમુખની ફરજો, સતાઓ, કાર્યો અને જવાબદારીઓ નીચે મુંજબ છે --

→ જીલ્લા પંચાયતની બેઠક ( સભા ) બોલાવવા નો અધિકાર છે.

→ આવી બેઠક ( સભા ) નું અધ્યક્ષ સ્થાન ગ્રહણ કરી તે બેઠકનું સંચાલન કરવાનો અધિકાર છે પરંતુ પ્રમુખ આવી બેઠક (સભા) નું સંચાલન ધારા હેઠલ સતાની કાર્યરીતિના નિયમો આધીન રહીને જ કરવાનું હોય છે.

→ જીલ્લા પંચાયતના કોઈપણ દફતરને પ્રમુખ તપાસી શકશે.

→ જીલ્લા પંચાયતના પ્રમુખ કોઈ સમિતિને પોતાના હોદા રૂએ સભ્ય થાય તો અધ્યક્ષ થશે.બીજા શબ્દોમાં કહીએ તો જીલ્લા પંચાયતની કોઈ સમિતિમાં સભ્ય તરીકે હોય તો તે સમિતિનો હોદા ની રૂએ અધ્યક્ષ બને છે.

→ જીલ્લા પંચાયતના આર્થિક અને કારોબારી વહીવટ પર ધ્યાન રાખવાની ફરજ પ્રમુખની છે અને જરૂરત પ્રમાણે કોઈપણ પ્રશ્નો પંચાયત સમક્ષ રજૂ કરશે અને આદેશ મેળવશે.

→ જીલ્લા પંચાયત ના અથવા તેની કોઈપણ સમિતિ ના ઠરાવ નો અથવા નિર્ણયો નો અમલ કરાવવા માટે ''જીલ્લા વિકાસ અધિકારી'' (D.D.O.) પર દેખરેખ રાખશે.

→ બીજા શબ્દોમાં કહીએ તો, ગામ પંચાયતના સરપંચની ફરજો પ્રમાણે તે પંચાયતના સમસ્ત અધિકારીઓ અને કર્મચારીઓ પર નિયત્રંણ અને દેખરેખ રાખશે જયારે જીલ્લા પંચાયતના પ્રમુખ ને તેવી જવાબદારી નથી, પરંતુ તે જીલ્લા વિકાસ અધિકારી પર દેખરેખ રાખશે. કારણ કે જીલ્લા પંચાયતના દરેક કર્મચારીઓની ફરજો નકકી કરવાનું કામ જીલ્લા વિકાસ અધિકારી નું છે.

→ જીલ્લા પંચાયતના અથવા તેની કોઈપણ સમિતિના ઠરાવોનો અમલ કરવાની ફરજ જીલ્લા વિકાસ અધિકારી ની છે.

→ કોઈપણ આકસ્મિક વખતે જરૂર જણાય તો કોઈપણ કૃત્ય જનહિત માટે તાત્કાલિક કરવાની અથવા બંધ કરવાની અથવા મોકુફ રાખવાની સતા પ્રમુખ ધરાવે છે આના માટે જીલ્લા ફંડમાંથી ખર્ચ કરવાની સતા પણ ધરાવે છે. પરંતુ આવા પગલાંનું નિવેદન તેણે આવતી બેઠક માં કારોબારી સમિતિ ને અથવા કોઈ સ્થાયી સમિતિ ને કરવું પડશે.જીલ્લા પંચાયતના પ્રમુખનો આ અધિકાર વિસ્તૃત છે અને તેનો ઉપયોગ આકસ્મિક પ્રસંગોમાં જ કરવો જોઈએ.

→ પંચાયત ધારાની રૂએ તેની સમસ્ત ફરજો બજાવવી અને સોપેલ સમસ્ત સતા વાપરવી.

→ જીલ્લા પંચાયતના કાર્યો અને સતાઓના અમલ માટે જીલ્લા પંચાયતના પ્રમુખ જરૂરી કાર્યવાહી કરાવી શકે છે, દેખરેખ રાખી શકે છે અને અમલ કરાવી શકે છે.

→ જીલ્લા પંચાયતના પ્રમુખ તેમના ઉપપ્રમુખને પ્રમુખના યોગ્ય લાગે તેવાં સતાકાર્યો લેખિત હુકમથી સોંપી શકે છે.

→ જીલ્લા પંચાયતની સામાન્ય સભા બોલાવવા ની તારીખ અને સ્થળ નકકી કરવાનો અધિકાર પ્રમુખને છે.

→ પંચાયત ની સભા લોકો માટે ખુલ્લી હોવાથી આવી સભા માં હાજર રહેલ કોઈપણ વ્યકિત ને સભામાંથી ચાલ્યા જવાનું ફરમાવી શકે છે.

→ સભ્યો ના પ્રવચન ની સમય મર્યાદા ઠરાવી શકે છે.

→ બેકાબૂ સભ્ય ને સભામાંથી તત્કાલ દૂર કરી શકે છે.

→ સભા નું કામકાજ શરૂ થયા પછી બાકી કામ બીજા દિવસ ઉપર મુલતવી રાખવા અંગે નો નિર્ણય કરી શકે છે પરંતુ તેના માટે હાજર સભ્યો ની સંમતિ હોવી જરૂરી છે.

→ જીલ્લા પંચાયતના સભ્યોના ભથ્થાં-બિલો નિયંત્રણ અધિકારી તરીકે પ્રમુખ મંજૂર કરે છે.

→ બજેટના પુનઃ વિનિયોગ સરકારી અનુદાનના અભાવે પંચાયત ભંડોળમાંથી અનુદાન મળે તેના

4Gujarat.com

એડવાન્સમાં ખર્ચની બહાલી જેવી તમામ બાબતોમાં પ્રમુખની અનુમતિ મેળવવામાં આવે છે.

→ જીલ્લા પંચાયતનો પ્રમુખ જીલ્લા અપીલ સમિતિનો હોદાની રૂએ અધ્યક્ષ રહેશે અને અપીલી સતામા અપીલ નો નિકાલ ન થતાં સુધી કામચલાઉ મનાઈ હુકમ આપવાનો અધિકાર પ્રમુખ ને છે.

→ જીલ્લા પંચાયત નો પ્રમુખ જીલ્લા અપીલ સમિતિમાં ખામીયુકત અપીલ અરજદારોને પાછી મોકલવાનો અને ગોણ ક્ષતિ હોય તો કામ ચલાવતી વખતે દુરસ્ત કરાવવા અંગેનો નિર્ણય કરી શકે.

→ જીલ્લા પંચાયતનો પ્રમુખ જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના સભ્ય તરીકે કામ કરશે.

→ જીલ્લા પંચાયતનો પ્રમુખ પ્રાથમિક શિક્ષણ અંગેના કર્મચારીઓની પસંદગી સમિતિમાં સભ્યની નિમણૂંક કરશે.

→ ગામ પંચાયત અને તાલુકા પંચાયત પર નિયંત્રણ રાખવું.

- **<u>ઉપપ્રમુખ ની સતા અને કાર્યો :</u>**

→ જીલ્લા પંચાયતના ઉપપ્રમુખના પદે ફકત સીધા ચૂંટાયેલા સભ્યો જ બેસી શકે છે.

→ ઉપપ્રમુખની મુદત 5 વર્ષની હોય છે બીજા શબ્દોમાં કહીએ તો જીલ્લા પંચાયતના ઉપપ્રમુખના હોદાની મુદત પંચાયતના જેટલી જ એટલે કે 5 વર્ષની હોય છે.

→ જીલ્લા પંચાયત નો ઉપપ્રમુખ પોતાનું રાજીનામું ''પંચાયત'' ને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદા પર થી દૂર થઈ શકે છે.

→ પ્રમુખની ગેરહાજરીમાં, પંચાયતની બેઠકોનું અધ્યક્ષ સ્થાન લેવું અને તેનું સંચાલન કરવું.

→ પ્રમુખ, પોતાના અધિકારો વખતોવખત લેખિત માં ઉપપ્રમુખ ને સોપે ત્યારે પ્રમુખ ની સતા વાપરવાની અને તેમની ફરજો બજાવવા નો અધિકાર ઉપપ્રમુખ ને રહેશે.

→ પ્રમુખની ચૂંટણી ન થાય ત્યૉ સુધી અથવા 15 દિવસથી વધારે મુદત માટે પ્રમુખ સતત ગેરહાજર હોય અથવા પ્રમુખ અશકત થયો હોય તેવા દાખલામાં, પ્રમુખની સતા વાપરવી અને ફરજો બજાવવી.

- **<u>જીલ્લા પંચાયતના સેક્રેટરી, અધિકારીઓ અને કર્મચારીઓ :</u>**

→ દરેક જીલ્લા પંચાયત માટે એક મંત્રી (સેક્રેટરી) રહેશે.

→ જીલ્લા પંચાયતના મંત્રી તરીકે કાર્ય હોદાની રૂએ જીલ્લા વિકાસ અધિકારી કરશે. આ જીલ્લા વિકાસ અધિકારી રાજયસ્તરનો સેવક ( અધિકારી ) રહેશે અને તેને જીલ્લા પંચાયત હેઠળ મૂકવામાં આવશે.

→ જીલ્લા પંચાયતના બીજા કર્મચારીઓ અને અધિકારીઓની નિમણૂંકનો અધિકાર ''સામાન્ય વહીવટી વિભાગ'' ને આપેલાં છે. આ કર્મચારીઓની સેવાની શરતો નિયમો ઘડવામાં આવેલાં છે જે કર્મચારી જીલ્લા પંચાયત નીચે કામ કરતા હોય તેમણે પંચાયત તેને સોંપે તેવા અધિકારો વાપરવા.

- **<u>જીલ્લા વિકાસ અધિકારી ની ફરજો અને કાર્યો :</u>**

→ પંચાયત એકટ અને અન્ય કોઈપણ કાયદા હેઠળ નાખવામાં આવેલાં અને સોપેલાં કાર્યો અને ફરજો બજાવવી.

→ રાજય સરકાર ધ્વારા નિયમો થી નકકી કરેલ તેવી બીજી ફરજો બજાવવી અને અધિકારો ચલાવવા.

→ જીલ્લા પંચાયત ના અધિકારીઓ, કર્મચારીઓ અને સેવકો ની ફરજો નકકી કરી તેમના પર નજર રાખવી. તથા તેમને લગતી જોગવાઈઓ જેમ કે ન્યૂનતમ વેતન ધારો વગેરે ના ભંગ માટે જીલ્લા વિકાસ અધિકારી જવાબદાર રહેશે.

→ જીલ્લા પંચાયતની બીજી ફરજો જે કોઈપણ સમિતિ ને સોંપવામાં ન આવી હોય તેવી ફરજો બજાવવી.

→ જીલ્લા પંચાયતની સમસ્ત પ્રવૃતિઓની બાબત માં દેખરેખ અને નિયંત્રણ રાખવું.

→ જીલ્લા પંચાયતના સમસ્ત કાર્યો અને વિકાસ પરિયોજનાઓના ત્વરિત અમલ માટે જરૂરી પગલાં લેવાની ફરજ બજાવવી.

→ જીલ્લા પંચાયત અને તેની સમિતિઓ ની સભાઓની કામકાજ થી સંબંધિત બધા દસ્તાવેજો અને કાગળો પોતાની કસ્ટડી માં રાખવાની ફરજ બજાવવી.

→ જીલ્લા પંચાયત હેઠળ કામ કરતાં અધિકારીઓ અને કર્મચારીઓ ના કામકાજ ને ગુપ્ત અભિપ્રાય લખી

YGujarat.com

રાજય સરકાર ધ્વારા જણાવેલ અધિકારી ને મોકલવાની ફરજ બજાવવી.

→ જીલ્લા ફંડમાંથી નાણાં ઉપાડવાં અને ખર્ચ કરવાં.

→ જીલ્લા પંચાયતના તમામ દફતરો પોતાની કસ્ટડીમાં રાખવા.

→ જીલ્લા પંચાયતના મંત્રી તરીકે પંચાયત ની બેઠકો બોલાવવાની કાર્યસૂચિ અને નોટિસો તેયાર કરવી.

→ જીલ્લા પંચાયતને સોપવામાં આવેલી મહેસૂલી, કુદરતી હોનારત માટે રાહત વગેરે ની કામગીરી પાર પાડવી.

- **જીલ્લા વિકાસ અધિકારીની સતાઓ (અધિકારો) :**

→ જીલ્લા પંચાયતના કોઈપણ કર્મચારી ને કે જે જીલ્લા પંચાયત હેઠળ નોકરી કરતા હોય તેને જીલ્લા વિકાસ અધિકારી 4 મહિના (વધુ માં વધુ ) સુધી ની રજા આપવાની સતા રહેશે.

→ જીલ્લા પંચાયતની અથવા તેની કોઈપણ સમિતિ ની સભા માં હાજર રહેવાની સતા રહેશે.

→ જીલ્લા પંચાયતના અથવા તેના હેઠળ કાર્ય કરતાં કોઈપણ કર્મચારી, અધિકારી અને સેવકો પાસેથી માહિતી પત્રક, વિવરણ, હિસાબ અથવા નિવેદન મંગાવવાનો અધિકાર રહેશે.

→ જીલ્લા પંચાયતના અથવા તેના તાબા હેઠળ કાર્ય કરતાં કોઈપણ કર્મચારી, અધિકારી અને સેવકો પાસેથી ખુલાસો મંગાવવાનો અધિકાર રહેશે.

→ પંચાયત સેવામાં ફાળવેલા અને જીલ્લા પંચાયત હેઠળ કાર્ય કરતાં અધિકારીઓ, કર્મચારીઓના ગુપ્ત રેકોર્ડ લખી જીલ્લા વિકાસ અધિકારીની નિમણૂંક ની સતા ધરાવતા રાજય સરકારના અધિકારી ને મોકલવો.

→ જીલ્લા વિકાસ અધિકારી રાજય સરકાર ઠરાવે તેવી બીજી સતાઓ અને કાર્યો કરવાનાં છે.

→ ગામ પંચાયત કે તાલુકા પંચાયતના કોઈ આદેશ અથવા ઠરાવ ને અમલમાં લાવવાથી કાયદા વિરુધ્ધનું કાર્ય થતું જણાય તો જીલ્લા વિકાસ અધિકારી લેખિતમાં આદેશ આપીને તે ઠરાવ કે આદેશના અમલને મોકૂફ રાખી શકે છે અથવા તે કરવાની મનાઈ ફરમાવી શકે છે.

→ જીલ્લા પંચાયતની કારોબારી સતા (અધિકારો ) જીલ્લા વિકાસ અધિકારીની છે આ સતા પ્રમુખ અથવા જીલ્લા પંચાયતના આદેશો પ્રમાણે ભોગવવાની છે.

→ તાલુકા પંચાયતની પ્રથમ બેઠકની તારીખ નકકી કરવાનો અધિકાર છે.

→ જીલ્લા વિકાસ અધિકારીને લાગે કે કોઈ કાર્ય, જે ગામ પંચાયત કે તાલુકા પંચાયત કરી શકે તેમ છે અને લોકોના આરોગ્ય અને સલામતી માટે તાત્કાલિક કરવાની જરૂર હોય તેવી કટોકટીની પરિસ્થિતિ ઊભી થઈ છે તેવું કામ કરવા માટે મેનેજમેન્ટ કરશે અને તેનો ખર્ચ તે પંચાયત પાસેથી વસૂલ કરી શકશે. આની રિપોર્ટ જીલ્લા વિકાસ અધિકારી વિકાસ કમીશનર ને રજૂ કરશે.

→ અધિકારી કે કર્મચારીની નિમણૂક કરવાની સતા.

→ તાલુકા પંચાયતના પ્રથમ બેઠકમાં અધ્યક્ષસ્થાન નકકી કરવાનો અધિકાર.

→ ફરજમાં કસૂર બદલ તાલુકા પંચાયતના પદ પરથી દૂર કરવાનો અધિકાર, તાલુકા પંચાયતના પ્રમુખ કે ઉપપ્રમુખને હોદા પરથી દૂર કરવાનો અધિકાર.

- **જીલ્લા ફંડ :**

→ દરેક જીલ્લા માં એક ફંડ ( ભંડોળ ) રહેશે, જેને "જીલ્લા ફંડ" તરીકે ઓળખવામાં આવશે.

→ જીલ્લા ફંડ માં નીચે ની રકમો જમા કરવામાં આવે છે--

(1) પંચાયતે નાખેલ અથવા સોપેલ કોઈ કર અથવા ફી ની આવક કે ઉપજ

(2) જીલ્લા પંચાયતને પ્રાપ્ત થતી કોઈપણ મિલકત ની આવક કે ઊપજ ની રકમ.

(3) સઘળો કચરો, છાણ, ધૂળ, અથવા પશુઓ નાં મુડદાં ના વેચાણ ની આવક ની રકમ.

(4) જીલ્લા પંચાયતને મળેલ બક્ષિસ કે ફાળાની રકમ.

(5) રાજય સરકારે જીલ્લા ફંડમાં આપેલ ફાળાની રકમ.

(6) રાજય સરકાર પાસેથી મળેલ ધિરાણ કે લોનની રકમ.

(7) રાજય સરકાર પાસેથી અન્ય પ્રકારે મળેલ સઘળી રકમ.

(8) કલમ -191 ની જમીન મહેસૂલ પર ઉપકરની ચોખ્ખી આવક.

(9) ભાડા તરીકે અથવા ફોજદારી કેસમાં કોઈપણ દંડની રકમ સિવાયની બીજી ગુનેગારી તરીકે વસૂલેલ રકમ.

- **જીલ્લા ફંડ નો ઉપયોગ :**

→ જીલ્લા પંચાયત ને પ્રાપ્ત થયેલાં નાણાં અથવા મિલકતો નો ઉપયોગ અને તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓ મુજબ તેને મળેલી સઘળી રકમનો ઉપયોગ પંચાયત એકટ હેઠળ ની જોગવાઈઓના આધીન રહી ને નિર્ધારિત કાર્યો માટે વાપરી શકશે.

→ જીલ્લા પંચાયત ગામ પંચાયત કે તાલુકા પંચાયત ને લોન આ ફંડમાંથી આપી શકે છે.

→ જીલ્લા પંચાયતે લીધેલ કોઈપણ પ્રકારની લોનની રકમ, તેના હપ્તા, તેનું વ્યાજ વગેરે જીલ્લા ફંડ પર બોજો ગણવામાં આવે છે.

→ જીલ્લા પંચાયત પાસે બાકી રહેલાં નાણાં જો ચાલુ ખર્ચ માટે જોઈતા ન હોય તો તેનું ઠરાવવામાં આવે તેવી રીતે રોકાણ કરી શકશે જેમ કે ---

(1) જીલ્લા પંચાયત તેના મંત્રી ને ખર્ચ કરવા કાયમી પેશગીની રકમ નકકી કરી શકે છે.

(2) જીલ્લા પંચાયત ને મળેલા મહેસૂલી અનુદાનની રકમ સરકારી ટ્રેજરી માં કે સબ ટ્રેજરી માં જમાં કરાવશે.

(3) આના સિવાયના બીજા નાણાં સરકારી મુદતી ડિપોઝિટમાં અથવા જાહેર જામીનગીરીઓ માં ( સરકાર ની પૂર્વમંજૂરીથી ) નાણાં રોકાણ કરી શકશે.

(4) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ની ફિકસ ડિપોઝીટ / ડિબેંચરો માં નાણાં રોકાણ કરી શકશે તેના માટે સરકારે મંજૂરી આપેલ છે.

→ કલમ-191 પ્રમાણે જે ઉપકર લેવામાં આવતો હોય તેવી રકમમાંથી જે ચોખ્ખી આવક થાય તેમાંથી જીલ્લા પંચાયતે ''પ્રાથમિક શિક્ષણ'' માટે રકમ વાપરવી. જેટલા રૂપિયા પર ઉપકર નાખવામાં આવ્યો હોય તેટલા દરેક રૂપિયા પર આઠ પૈસા ની રકમ ગણી જેટલી રકમ થાય તે શિક્ષણ ખર્ચ માં જીલ્લા પંચાયતે વાપરવી ફરજિયાત છે.

- **જીલ્લા કુટુંબ કલ્યાણ ફંડ :**

→ દરેક જીલ્લામાં, જીલ્લા પંચાયત, ''જીલ્લા કુટુંબ કલ્યાણ ફંડ'' એ નામનું એક ફંડ સ્થાપશે.

→ જીલ્લા કુટુંબ કલ્યાણ ફંડમાં નીચેની રકમો જમા કરવામાં આવે છે ---

(1) કેન્દ્ર સરકાર તરફ થી કુટુંબ કલ્યાણ કાર્યક્રમોના હેતુ માટે મળેલ બક્ષિસ કે ફાળા ની સઘળી રકમ.

(2) રાજય સરકાર તરફથી કુટુંબ કલ્યાણ કાર્યક્રમોના હેતુ માટે મળેલ બક્ષિક્ષ કે ફાળા ની સઘળી રકમ.

(3) કોઈપણ વ્યકિત તરફ થી કુટુંબ કલ્યાણ કાર્યક્રમો ના હેતુ માટે મળેલ બક્ષિસ કે ફાળા ની સઘળી રકમ.

(4) પંચાયતે ગોઠવેલા મનોરંજનના કાર્યક્રમની આવક ની રકમ.

(5) કુટુંબ કલ્યાણ સીલના વેચાણની આવકની રકમ.

→ જીલ્લા પંચાયત, જીલ્લા કુટુંબ કલ્યાણ ફંડ નો ઉપયોગ, કુટુંબ કલ્યાણ કાર્યક્રમની વિશેષ સફળતા માટે તેનો લાભ લેનારાઓને વિશેષ પ્રોત્સાહન પુરું પાડવા અને તે દ્વારા આ કાર્યક્રમ ની વિશેષ સફળતા માટે કરશે.

→ જીલ્લા પંચાયત પાસે આ ફંડ માંથી બાકી રહેલા નાણાં જો ચાલુ ખર્ચ માટે જોઈતાં ન હોય તો તેનું ઠરાવવામાં આવે તેવી રીતે રોકાણ કરી શકશે.

- **જીલ્લા પંચાયત ની આવક ના સાધનો :**

(1) જમીન મહેસૂલ ઉપર સામાન્ય રીતે અપાતા મહેસૂલના દરેક રૂપિયા પર 100 પૈસા ઉપકર લેવામાં આવે છે. નાના જમીન ધારણ કરનારે જે જમીન મહેસૂલ ભરવાપાત્ર થયું હોય તે રકમ પર પણ ઉપકર લેવામાં આવશે. જયાઁ જમીન મહેસૂલ નું સ્વાત્વર્પણ ન કર્યુ હોય, ત્યાઁ જમીન મહેસૂલ તરીકે આકારી શકાશે તેવી રકમ પર ઉપકર લેવામાં આવશે. આ અધિકાર જીલ્લા પંચાયત ને આપેલો છે જો જીલ્લા પંચાયત ને મહત્વ ના કાર્યો ( અનુસૂચિ - 3 માં દર્શાવેલાં ) કરવા માટે વધુ નાણાં ની જરૂર હોય તો તે ઠરાવ કરી રાજય સરકાર ને જણાવશે કે કેટલો કર વધારવો અને કેટલા સમય માટે વધારવો. આવો કરવેરા ને પાત્ર થતા દરેક રૂપિયા પર 3 રૂપિયાથી વધુ હોવો જોઈએ નહિ. રાજય સરકાર રાજપત્ર માં પ્રસિધ્ધ કરી ને તે પ્રમાણે વધુ કર નાખી શકશે. આમ, આ વધારા ની આવક જીલ્લા પંચાયત ને મળે છે.

(2) જીલ્લા પંચાયત શિક્ષણ ઉપકર નાખી શકશે પરન્તુ પંચાયત ધારાની કલમ -212 થી ઠરાવેલી પ્રારંભિક કાર્યરીતિનું પાલન કર્યા પછી જ.

(3) જે કર અથવા ફી જીલ્લા પંચાયત નાખે તે કર કે ફી જો જીલ્લા ની ગામ પંચાયતે નાખેલાં હોય તો જેટલો કર નાખ્યો હોય તેના 10 ટકાથી વધુ કર નાખી શકશે નહિ. અને જો તે બાબત ઉપર ગામ પંચાયતે કર અથવા ફી નાખેલ ( લીધેલ ) ન હોય તેવા કર અથવા ફી ના

AGujarat.com

ઠરાવેલા દરના વધુમાં વધુ 10 ટકા સુધી કર નાખી શકશે. આના માટે જીલ્લા પંચાયતને ઠરાવેલી પ્રારંભિક કાર્યરીતિ કર્યા પછી જ તેના માટે કર કે ફી નો વધારો દાખલ કરી શકશે અને આવી વધારા ની રકમ, જે તે ગામ પંચાયત, તેવા કર અથવા ફી ની સાથે જ જીલ્લા પંચાયત માટે વસૂલ કરી, જીલ્લા પંચાયત ને આપશે. આવી વસૂલાત માટે જીલ્લા પંચાયત માટે વસૂલ કરેલ રકમ ના 25 ટકા રકમ ગામ પંચાયત રાખી શકશે.

(4) જીલ્લા પંચાયતની બીજી આવકનું સાધન સ્ટેમ્પ ડ્યૂટીમાં વધારો કરી નાણાં મેળવવાનું છે. જીલ્લા પંચાયત પોતાની બેઠક ( સભા ) માં ઠરાવ પસાર કરીને જીલ્લા પંચાયત રાજ્ય સરકારને એવી અરજી કરી શકશે કે જીલ્લાની હદમાં આવેલી સ્થાવર મિલકતના વેચાણ, ગીરો, પટ્ટા અથવા બીજી કોઈપણ પ્રકારની તબદીલ પર સ્ટેમ્પ આપવો પડે તેમાં 20 ટકા સુધીનો વધારો કરવો. રાજ્ય સરકારને આવી અરજી મળતા તે રાજપત્ર (ગેઝેટ) માં અધિસૂચના પ્રસિધ્ધ કરી આ પ્રમાણે વધારો જાહેર કરી શકશે. આ પ્રમાણે જીલ્લા પંચાયત માટે તેની માંગણી મંજૂર કરી સ્ટેમ્પ ડ્યૂટીનો દર વધારી, વધારાની આવક જીલ્લા પંચાયતને રાજય સરકાર આપશે.

(5) પંચાયત ધારાની હેતુ પૈકી કોઈપણ હેતુ માટે પંચાયત ભંડોળ વધારવા સરકાર કોઈ વાર્ષિક અધિક ગ્રાન્ટ આપી શકશે.

(6) રાજય સરકાર જીલ્લા પંચાયત વિસ્તારના જમીન મહેસૂલની છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ કાઢી રકમ નકકી કરશે. તેમાંથી જીલ્લા પંચાયતોને તેણે વસૂલ કરેલાં જમીન મહેસૂલની સરેરાશ વાર્ષિક આવકના 6 ટકા જેટલી સહાય આપવામાં આવે છે.

(7) રાજય સરકાર દરેક જીલ્લા પંચાયત ને જીલ્લાની હદની અંદર, છેવટના મહેસૂલી વર્ષમાં વસૂલ કરેલ જંગલ ની ઊપજ ની ર ટકા જેટલી રકમ આપશે.

(8) જીલ્લા પંચાયત પોતાની જરૂરી કામકાજ માટે રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર ની મંજૂરી થી અન્ય લોન મેળવી શકે છે.

(9) જીલ્લા પંચાયત ની અન્ય આવકો નીચે મુજબ છે -

- જીલ્લા પંચાયત ની મિલકત ની આવક કે ઊપજ ની રકમ
- કોઈપણ પ્રકારે મળેલ દાન ની રકમ
- અન્ય પરચૂરણ આવક.

★★★★★

## <u>પ્રકરણ -6 પંચાયત ની સમિતિઓ</u>

- **<u>ગામ પંચાયત ની સમિતિઓ</u>**

**(1) <u>કારોબારી સમિતિ :</u>**

→ ગામ પંચાયત કારોબારી સમિતિ ની રચના કરી શકશે.

→ ગામ પંચાયતે કારોબારી સમિતિ ની રચના કરવી ફરજિયાત નથી એટલે કે મરજિયાત છે.

→ કારોબારી સમિતિ રચવામાં આવે તો તે 5 સભ્યોની બનેલી રહેશે, જેમાં એક મહિલા સભ્ય અને એક સભ્ય અનુસૂચિત જાતિનો અથવા અનુસૂચિત જનજાતિનો હોવો જ જોઈએ.

→ કારોબારી સમિતિના 5 સભ્યો પંચાયતના સભ્યો માંથી ચૂંટાયેલા હોવા જોઈએ.

→ કારોબારી સમિતિ ની મુદત બે વર્ષ ની રહેશે અને તે મુદત પૂરી થતાં તેની ફરી થી રચના થઈ શકશે. પરંતુ પંચાયત ની મુદત પૂરી થતાં આ સમિતિ ની મુદત પણ પૂરી થશે.

→ જો સરપંચ અને ઉપસરપંચ સમિતિ ના સભ્ય હશે તો સરપંચ અધ્યક્ષ થશે. સરપંચ અધ્યક્ષ બનવાનું ના કહે તો ઉપસરપંચ અધ્યક્ષ થશે. જો સરપંચ અને ઉપસરપંચ બન્ને અધ્યક્ષ બનવાની ઈન્કાર કરે તો સમિતિ ના સભ્યો પોતાના પૈકી કોઈ સભ્ય ને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જો ફકત ઉપસરપંચ જ સમિતિ નો સભ્ય હોય એટલે કે તે સમિતિ માં સરપંચ સભ્ય તરીકે ન હોય તો હોદાની રૂએ ઉપસરપંચ અધ્યક્ષ બનશે અને જો ઉપસરપંચ અધ્યક્ષ બનવાથી ઈન્કાર કરે તો સમિતિ ના સભ્યો પોતાના પૈકી કોઈ સભ્ય ને અધ્યક્ષ ચૂંઢી કાઢશે.

→ કારોબારી સમિતિનો કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, ગામ પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને, સમિતિ ના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે.

4Gujarat.com

→ કારોબારી સમિતિ એ પંચાયત તેને સોંપે તેવા કાર્યો કરવાનાં છે અને ફરજ બજાવવાની છે. આ માટે પંચાયતે ઠરાવ કરવાનો રહેશે.

→ ગામ પંચાયતે સોપેલાં કાર્યો અને ફરજો પંચાયત પાછાં લઈ શકે છે.

→ સામાજિક ન્યાય સમિતિને સોપવાનાં કાર્યો અને ફરજો કારોબારી સમિતિને સોંપી શકાય નહિ.

→ ગામ પંચાયતની કારોબારી સમિતિના નિર્ણયથી જે વ્યકિતને નાણાકીય નુકશાન થતું હોય અથવા થવાની શકયતા હોય તે વ્યક્તિ ગામ પંચાયતને અપીલ કરી શકશે.

→ કારોબારી સમિતિએ પંચાયતની સૂચનાઓનું પાલન કરવું પડશે.

→ ગામ પંચાયત કારોબારી સમિતિ પાસેથી પત્રક, હિસાબ, રિપોર્ટ મંગાવી શકે છે.

→ કારોબારી સમિતિમાં એકવાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટવાને પાત્ર થશે.

→ સમિતિની ખાલી પડતી કોઈ જગ્યા, જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે. આ ખાલી જગ્યા પૂરવા માટે પંચાયત સભામાં ઠરાવ લાવવાનો રહેશે.

→ કારોબારી સમિતિની બેઠક ઓછામાં ઓછી 3 મહિનામાં એકવાર મળશે.

**(2) સામાજિક ન્યાય સમિતિઃ**

→ ગામ પંચાયતે સામાજિક ન્યાય સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ સામાજિક ન્યાય સમિતિની સભ્ય સંખ્યા 5 થી વધુ નહિ તેટલી ગામ પંચાયત નક્કી કરે તેટલી રહેશે.

→ ગામ પંચાયત સામાજિક ન્યાય સમિતિની રચના નીચે મુજબ કરશે -

(1) ગામ પંચાયતમાં કોઈ વાલ્મીકિ (સફાઈ કામદાર) જાતિનો એક સભ્ય હોય તો તે અથવા જો ગામ પંચાયતમાં આવો કોઈ સભ્ય ન હોય તો ગામ પંચાયતમાં સભ્ય તરીકે ચૂંટવાની લાયકાત ધરાવતા પંચાયત વિસ્તારમાં રહેતા તેવી જાતિના વ્યક્તિને કો-ઓપ્ટ કરીને નીમવો.

(2) બાકીની બેઠકો પંચાયતના અનુસૂચિત જાતિ (SC) અથવા અનુસૂચિત જનજાતિ (ST) ની અનામત બેઠક ઉપર ચૂંટાયેલા પંચાયત સભ્યમાંથી ભરવી જેમાંથી એક મહિલા હોવી જોઈએ. અને જો તેવી પંચાયતની ચૂંટાયેલી વ્યક્તિઓની સંખ્યા સમિતિની જરૂરી બેઠકો કરતાં ઓછી હોય તો પંચાયત વિસ્તારની ચૂંટાવાની લાયકાતવાળી અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિ અને આ જાતિઓની મહિલાને અને અન્ય તેવી વ્યક્તિઓને કો-ઓપ્ટ કરીને સમિતિની રચના કરવી.

→ આવા કો-ઓપ્ટ સભ્યો મત આપી શકે છે તેમજ સમિતિના અધ્યક્ષ પણ ચૂંટાઈ શકે છે.

→ સામાજિક ન્યાય સમિતિની મુદત પંચાયતની મુદત જેટલી જ રહેશે.

→ ગામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિ, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની વ્યક્તિ સહિત, સમાજના નબળા વર્ગોના લોકોને સામાજિક ન્યાય મળે તેવા કાર્યો જેમ કે -

(1) અસ્પૃશ્યતા નિવારણ

(2) શિક્ષણની સુવિધાઓ

(3) પીવાનું પાણી

(4) ગૃહનિર્માણ

(5) દીવાબત્તીની સગવડ

(6) ન્હાવા-ધોવાની સગવડ

(7) નશાબંધી

(8) સામાજિક-નૈતિક કલ્યાણ

(9) રુશ્વત અને જુગાર નાબૂદી

(10) બાળકલ્યાણ

(11) જાહેર સ્થળોમાં પછાત વર્ગોના લોકો પ્રત્યે ભેદભાવ ન થાય

(12) આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને સહકારી પ્રવૃત્તિઓ

→ સામાજિક ન્યાય સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે પરંતુ જો સરપંચ કે ઉપસરપંચ સમિતિના સભ્ય હોય, ત્યારે સરપંચ, હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે જો સરપંચ અધ્યક્ષ બનવાથી ઈન્કાર કરે તો ઉપસરપંચ, હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે જો સરપંચ અને ઉપસરપંચ બન્ને અધ્યક્ષ બનવાની કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જો ફકત ઉપરસરપંચ જ સમિતિ ના સભ્ય હોય એટલે કે તે સમિતિ માં સરપંચ સભ્ય તરીકે ન હોય તો હોદા ની રૂએ ઉપસરપંચ અધ્યક્ષ બનશે. અને જો

4Gujarat.com

ઉપસરપંચ અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિ ના સભ્યો પોતાના માંથી કોઈ એક ને અધ્યક્ષ ચૂંટી શકશે.

→ સામાજિક ન્યાય સમિતિ નો કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, પંચાયત ને પોતાનું રાજીનામું મોકલીને, સમિતિ ના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે.

→ સામાજિક ન્યાય સમિતિ એ પંચાયત તેને સોપેં તેવા કાર્યો કરવાનાં છે અને ફરજ બજાવવાની છે.આ માટે પંચાયતે ઠરાવ કરવાનો રહેશે.

→ ગામ પંચાયતે સામાજિક ન્યાય સમિતિને સોપેંલા કાર્યો, સતા અને ફરજો ગામ પંચાયત પાછાં લઈ બીજી કોઈ સમિતિને સોંપી શકે નહિ.

→ સામાજિક ન્યાય સમિતિ ના નિર્ણય થી નારાજ થયેલી કોઈ વ્યકિત, આવા નિર્ણય ની તારીખ થી 60 દિવસ ની અંદર, તાલુકા પંચાયત ની સામાજિક ન્યાય સમિતિને અપીલ કરી શકશે. તાલુકા પંચાયત ની સામાજિક ન્યાય સમિતિ, અપીલ કરનાર ને સુનવણી ની તક આપ્યા પછી, જેના સામે અપીલ કરવામાં આવી હોય તે નિર્ણય ને બહાલ રાખી શકશે, તેને રદ કરી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા યોગ્ય લાગે તેવો કાયદેસર નો હુકમ કરી શકશે.

→ સામાજિક ન્યાય સમિતિ એ પંચાયત ની સૂચનાઓ નું પાલન કરવું પડશે.

→ ગામ પંચાયત સામાજિક ન્યાય સમિતિ પાસે થી કોઈપણ પત્રક, હિસાબ, રિપોર્ટ મંગાવી શકશે.

→ સામાજિક ન્યાય સમિતિ માં એક વાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટાવા ને પાત્ર થશે.

→ સમિતિ ની ખાલી પડતી કોઈ જગ્યા, જેમ બને તેમ જલ્દી ભરવાની રહેશે. આ ખાલી જગ્યા પૂરવા માટે પંચાયત સભામાં ઠરાવ લાવવાનો રહેશે.

→ સામાજિક ન્યાય સમિતિ ની સભા ઓછામાં ઓછી 3 મહિનામાં એકવાર મળશે.

→ સામાજિક ન્યાય સમિતિ ની ગણપૂર્તિ (કોરમ) માટે એક - તૃતીયાંશ 1/3 સભ્યો અથવા 3 સભ્યો બેમાંથી જે વધુ હોય તે.

- **<u>પાણી સમિતિ :</u>**

→ પંચાયત વિભાગના તારીખ 24 ઓકટોબર, 2002ના ઠરાવથી ગામ પંચાયતમાં પાણી સમિતિ ફરજિયાત પણે બનાવવાની રહેશે.

→ પાણી સમિતિ ની સભ્ય સંખ્યા 10 થી 12 ની પંચાયત ઠરાવે તેટલી રહેશે, જેમાં -

(1) આ સભ્યો પૈકી ઓછામાં ઓછા એક - તૃતીયાંશ (1/3) સભ્યો મહિલાઓ હશે.

(2) કુલ વસ્તીના અનુસૂચિતજાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) ના પ્રમાણ માં જરૂરી બેઠકો અનામત રહેશે.

(3) કુલ વસ્તીના પ્રમાણમાં SC, ST માટે એક પણ બેઠક મળવાપાત્ર ન હોય અને ગામમાં આ જાતિ ની વસ્તી હોય તો દરેક માંથી ઓછા માં ઓછી એક - એક બેઠક અનામત રાખવામાં આવશે.

(4) જૂથ ગામ પંચાયત હોય તો દરેક ગામ ને વસ્તી ના પ્રમાણસર કુલ બેઠકો ફાળવવી.

→ પંચાયત ઠરાવે તેવા સરપંચ, ઉપસરપંચ અને સભ્યોમાંથી 5 સભ્યો તે પૈકી એક મહિલા સભ્ય અને 2 SC, ST અથવા OBC વર્ગો ના સભ્ય હોવા જોઈએ.

→ ગામ પંચાયત વિસ્તાર ના સ્થાનિક રહેવાસીઓ જેઓ મતદાર હોય તેમાંથી -

(1) સહકારી મંડળી, મહિલા મંડળ, યુવક મંડળ, અને ખેડૂત મંડળ જેવી સ્થાનિક રજિસ્ટર્ડ થયેલી સ્વૈચ્છિક સંસ્થાઓ માંથી ૨ થી ૩ સભ્યો.

(2) પાણી ની જગ્યાના આસપાસના લોકોમાં પાણી પુરવઠાના કામમાં વગર વેતને એટલે કે સ્વૈચ્છિક સેવા આપણા માંગતા તમામ સભ્યો.

→ સમિતિ ના કામ માં સહકાર આપી શકે અને સમિતિ ઠરાવે તેવા શિક્ષકો, આંગણવાડી કાર્યકર્તા, આરોગ્ય કાર્યકર્તા, ગ્રામસેવક, તલાટી કમ મંત્રી, પાણી પુરવઠા બોર્ડ નિમણૂક કરે તે વ્યકિત વગેરે કાયમી રીતે હોદા ની રૂએ આમંત્રિત સભ્ય રહેશે. આ કાયમી આમંત્રિત સભ્યો સમિતિ ની બેઠક માં ભાગ લઈ શકશે, પરંતુ તેમને મત આપવાનો અધિકાર રહેશે નહિ.

→ તલાટી- કમ -મંત્રી પાણી સમિતિ ના મંત્રી કે સચિવ રહેશે.

→ તલાટી-કમ-મંત્રીએ સમિતિ માટે નીચે મુજબની કામગીરી કરવાની હોય છે.

(1) પાણી સમિતિની બેઠક બોલાવવાની કાર્યવાહી કરવી.

(2) બેઠકમાં થયેલ કામકાજની નોંધ રાખવી.



4Gujarat.com

(3) બેઠકમાં થયેલ ઠરાવોનો અમલ કરવા માટે યોગ્ય પગલાં ભરવા.

(4) પત્રવ્યવહાર કરવો.

(5) ગુજરાત પંચાયત કાર્યરીતિના નિયમો મુજબની કામગીરી કરવી.

(6) અન્ય જરૂરી તમામ વહીવટી અને નાણાંકીય કામગીરી કરવી.

→ પાણી સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે પરંતુ જો સરપંચ કે ઉપસરપંચ સમિતિના સભ્ય હોય, ત્યારે સરપંચ, હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો સરપંચ અધ્યક્ષ બનાવની ના પાડે તો ઉપસરપંચ, હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો સરપંચ અને ઉપસરપંચ બન્ને અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જો ફકત ઉપસરપંચ જ સમિતિના સભ્ય હોય એટલે કે, તે સમિતિમાં સરપંચ સભ્ય તરીકે ન હોય તો હોદ્દાની રૂએ ઉપસરપંચ અધ્યક્ષ બનશે અને જો ઉપસરપંચ અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ પાણી સમિતિની મુદ્દત બે વર્ષની રહેશે અને મુદ્દત પૂરી થયા પછી ફરીથી રચના થઈ શકશે.

→ પરંતુ પંચાયતની મુદ્દતના પૂરા નહિં થયેલા જે ભાગ દરમિયાન રચવામાં આવે તો ભાગ બે વર્ષથી ઓછો હોય તો પાણી સમિતિની મુદ્દત પંચાયતની મુદ્દતના પુરા નહિં થયેલા ભાગ જેટલી રહેશે.

→ પાણી સમિતિનો કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને, સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે.

→ પાણી સમિતિની ખાલી પડેલ કોઈ જગ્યા, જેમ બેને તેમ જલ્દી ભરવામાં આવશે. આ ખાલી જગ્યા પૂરવા માટે પંચાયત સભામાં ઠરાવ લાવવાનો હેશે.

→ પાણી સમિતિના કાર્યો અને ફરજો નીચે મુજબ રહેશે.

(1) ગામના લોકોમાં આરોગ્ય અને સફાઈની જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમનું અમલ આ સમિતિ કરશે.

(2) સમાજના નબળા વર્ગના પરિવારોને સમાન ધોરણે પાણીનો પુરવઠો પુરો મળી રહેવાની ફરજ આ સમિતિની છે.

(3) ગામ પંચાયત વિસ્તારના પીવાલાયક પાણીના સ્ત્રોતનો વિકાસ કરવો અને તેનાથી સંબંધિત વિગતોનું રજિસ્ટર રાખવું.

(4) પાણીના સ્ત્રોતના વિકાસની જાળવણી અને સંરક્ષણના કાર્યક્રમને વેગ આપવા માટે યોગ્ય પગલાં ભરવા.

(5) યોગ્ય પાણી વેરાની વસૂલાત કરવી.

(6) પાણીવેરામાં વસૂલેલ રકમનો ઉપયોગ પાણીના હેતુ સિવાય બીજા કોઈપણ હેતુ માટે કરવો નહિં.

(7) પાણીની ટાંકી, પાણીના પાઈપ લાઈન, ટેન્કર વગેરેની સ્વચ્છતાની જાળવણી કરવી.

→ પાણી સમિતિના મંત્રીએ એટલે કે તલાટી -કમ - મંત્રીએ, સમિતિની રચના, ગ્રામસભા, સભાની ઠરાવોની નકલો, બેઠકોની કામકાજની નોંધ, બેઠકોની કાર્યસૂચિ અને કોઈ મુશ્કેલી જણાય તો વિશેષ રિપોર્ટ ''તાલુકા વિકાસ અધિકારી''ને અચૂક મોકલવાનો રહેશે.

→ પાણી સમિતિએ પોતાનું કામકાજ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના અધિકારીના તાંત્રિક માર્ગદર્શન અને તાલુકા વિકાસ અધિકારીના વહીવટી નિયંત્રણ હેઠળ કરવાનું હોય છે.

- <u>**અન્ય સમિતિઓ :-**</u>

→ સામાજિક ન્યાય સમિતિ અને કારોબારી સમિતિ ઉપરાંત રાજય સરકારની પૂર્વમંજુરીથી પંચાયત, અન્ય એક અથવા તેથી વધુ સમિતિઓની રચના કરી શકશે.

→ આવી સમિતિની રચના પંચાયતે નક્કી કરેલા કોઈ કામનો અથવા યોજનાનો અમલ કરવા અથવા પંચાયત સોંપે તેવી બાબતમાં તપાસ કરીને તેનો અહેવાલ આપવાનો રહેશે.

→ આ સમિતિની મુદ્દત પંચાયત નક્કી કરે તેટલી રહેશે.

→ આ સમિતિઓમાં સભ્યો તરીકે ગામ પંચાયત નક્કી કરે તેટલી સંખ્યામાં પંચાયતના સભ્યો અને ગામના બીજા રહેવાસીઓને લઈ શકાશે.

→ આ સમિતિને પંચાયત ઠરાવથી સોંપે તે સત્તા વાપરશે અને ફરજ બજાવશે.

AGujarat.com

→ આ સમિતિએ કઈ કાર્ય પદ્ધતિથી કામ કરવું તેના વિનિયમો પંચાયત નક્કી કરી શકશે.

→ પંચાયત આ સમિતિ પાસેથી હિસાબ, પત્રક અને નિવેદનો માંગી શકશે.

→ આ સમિતિના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ પંચાયતને અપીલ કરી શકશે.

- **<u>તાલુકા પંચાયતની સમિતિઓ</u>**

- **<u>કારોબારી સમિતિ :-</u>**

→ તાલુકા પંચાયતે કારોબારી સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ કારોબારી સમિતિની સભ્ય સંખ્યા ઓછામાં ઓછી 5 અને વધુમાં વધુ 9 જેટલી રહેશે. આ સભ્ય સંખ્યા પંચાયતે ઠરાવથી નક્કી કરવાની રહેશે.

→ કારોબારી સમિતિના સભ્યોને તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી ચૂંટશે.

→ કારોબારી સમિતિની મુદ્દત 2 વર્ષની રહેશે અને તે મુદ્દત પૂરી થતાં તેની ફરીથી રચના કરવામાં આવશે.

→ જો તાલુકા પંચાયતની બાકી રહેલી મુદ્દત બે વર્ષ કરતાં ઓછી હોય તો આ સમિતિની મુદ્દત પણ પંચાયતની બાકી રહેલી મુદ્દત જેટલી રહેશે.

→ તાલુકા પંચાયત કારોબારી સમિતિને પંચાયતના ઠરાવથી સત્તા સોંપે તે વાપરવાની અને ફરજો બજાવવાની છે. આ માટે તાલુકા પંચાયતે ઠરાવ કરવો જોઈએ. માત્ર કારોબારી સમિતિની રચનાથી જ તેનો અધિકાર મળતો નથી.

→ કારોબારી સમિતિનો કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, તાલુકા પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે.

→ તાલુકા પંચાયતે સોંપેલા કાર્યો, સત્તા અને ફરજો પંચાયત પાછા લઈ શકે છે.

→ સામાજિક ન્યાય સમિતિને સોંપવાના કાર્યો અને ફરજો કારોબારી સમિતિને સોંપી શકાય નહિં.

→ જે કાર્યો, ફરજો અને સત્તા કોઈપણ સમિતિને સોંપવામાં આવ્યા ન હોય તે તાલુકા પંચાયત પોતે જ ભોગવશે.

→ તાલુકા પંચાયતની કારોબારી સમિતિના નિર્ણયથી જે વ્યક્તિને નાણાંકીય નુકશાન થતું હોય અથવા થવાની શકયતા હોય તે વ્યક્તિ તાલુકા પંચાયતને 60 દિવસમાં અપીલ કરી શકે છે.

→ કારોબારી સમિતિએ તાલુકા પંચાયત તેને વખતોવખત આપે તેવી સૂચનાઓનું પાલન કરવું પડશે.

→ તાલુકા પંચાયત કારોબારી સમિતિ પાસેથી કોઈપણ બાબતના સંબંધમાં પત્રક, નિવેદન, હિસાબો અથવા રિપોર્ટ મંગાવી શકે છે.

→ કારોબારી સમિતિના સભ્યો, પોતાનામાંથી કોઈ એકને સમિતિનો અધ્યક્ષ ચૂંટી કાઢશે પરંતુ જો પ્રમુખ અને ઉપપ્રમુખ સમિતિના સભ્ય હોય, ત્યારે પ્રમુખ, હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ અધ્યક્ષ બનવાની ના પડે તો ઉપપ્રમુખ, હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જો ફકત ઉપપ્રમુખ જ સમિતિના સભ્ય હોય એટલે કે તે સમિતિમાં પ્રમુખ સભ્ય તરીકે ન હોય તો હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ ઉપપ્રમુખ બનશે અને જો ઉપપ્રમુખ અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ તાલુકા પંચાયતનો સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ, કારોબારી સમિતિનો અધ્યક્ષ બની શકશે નહિં.

→ કારોબારી સમિતિમાં એકવાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટાવાને પાત્ર થશે.

→ કારોબારી સમિતિની ખાલી પડતી કોઈ જગ્યા, જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે. આ ખાલી જગ્યા પૂરવા માટે પંચાયત સભામાં ઠરાવ લાવવાનો રહેશે.

→ કારોબારી સમિતિ વધુમાં વધુ બે પેટાસમિતિઓ નીમી શકશે.

→ આ પેટાસમિતિઓના સભ્યો કારોબારી સમિતિના સભ્યો હશે.

→ આ પેટાસમિતિઓની સત્તા ખૂબ જ મર્યાદિત હોવાથી કોઈપણ બાબતમાં આખરી નિર્ણય લઈ શકશે નહિં. આ આખરી કે છેલ્લો નિર્ણય લેવાની સત્તા કારોબારી સમિતિને જ છે.

→ પંચાયતનો કોઈ સભ્ય બે થી વધુ સમિતિનો સભ્ય થઈ શકશે નહિં, અને જો કોઈ સભ્યને બે થી વધુ સમિતિઓના સભ્ય તરીકે એક સાથે અથવા અન્ય રીતે

AGujarat.com

ચૂંટવામાં આવે, તો તે સભ્ય, તેવી રીતે ચૂંટવામાં આવે તે તારીખથી તાલુકા પંચાયતના પ્રમુખને 10 દિવસની અંદર, પોતે સમિતિઓમાંથી કઈ બે સમિતિમાં રહેવા ઈચ્છે છે તે બાબતની જાણ કરશે. જે બે સમિતિઓ રહેવા ઈચ્છતો હોય તેવી જાણ લેખિતમાં કરવાની રહેશે અને તેમ કરવાનું ચૂકે તો તાલુકા પંચાયત તેનો નિર્ણય કરશે.

→ કારોબારી સમિતિની પ્રથમ બેઠકમાં સમિતિના અધ્યક્ષની ચૂંટણી કે પસંદગી થાય છે. આવી બેઠક બોલાવવાનો અધિકાર ''તાલુકા વિકાસ અધિકારી'' (T.D.O.) છે.

→ તાલુકા વિકાસ અધિકારી કારોબારી સમિતિના મંત્રી તરીકે રહેશે.

- **<u>સામાજિક ન્યાય સમિતિ :-</u>**

→ તાલુકા પંચાયતે સામાજિક ન્યાય સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ સામાજિક ન્યાય સમિતિની સભ્ય સંખ્યા 5 થી વધુ નહિં તેટલી તાલુકા પંચાયત નક્કી કરે તેટલી રહેશે.

→ તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિની રચના નીચે મુજબ કરશે.

(1) તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી સામાજિક ન્યાય સમિતિના સભ્યોને ચૂંટશે.

(2) તાલુકા પંચાયતમાં કોઈ વાલ્મીકિ (સફાઈ કામદાર) જાતિનો એક સભ્ય હોય તો તે અથવા જો તાલુકા પંચાયતમાં આવો કોઈ સભ્ય ન હોય તો તાલુકા પંચાયતમાં સભ્ય તરીકે ચૂંટવાની લાયકાત ધરાવતા પંચાયત વિસ્તારમાં રહેતા તેવી જાતીના વ્યક્તિને કો-ઓપ્ટ કરીને નીમવો.

(3) બાકીની બેઠકો તાલુકા પંચાયતના અનુસૂચિત જાતી (SC) અથવા અનુસૂચિત જનજાતિ (ST) ની અનામત બેઠક ઉપર ચૂંટાયેલા તાલુકા પંચાયત સભ્યમાંથી ભરવી, જેમાંથી એક મહિલા હોવી જોઈએ અને જો તેવી તાલુકા પંચાયતની ચૂંટાયેલી વ્યક્તિઓની સંખ્યા સમિતિની જરૂરી બેઠકો કરતાં ઓછી હોય તો તાલુકા પંચાયત વિસ્તારની ચૂંટાવાની લાયકાતવાળી અનુસૂચિત જાતિ (SC) અથવા અનુસૂચિત જનજાતિ (ST) અને આ જાતિઓની મહિલાને અને અન્ય તેવી વ્યક્તિઓને કો-ઓપ્ટ કરીને સમિતિની રચના કરવી.

(4) આવા કો-ઓપ્ટ સભ્યો સમિતિમાં મત આપી શકે છે પરંતુ સમિતિના અધ્યક્ષ બની શકે નહિં.

→ સામાજિક ન્યાય સમિતિની મુદ્દત તાલુકા પંચાયતની મુદ્દત જેટલી જ હશે.

→ તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ, અનુસૂચિત જાતીઓ અને અનુસૂચિત જનજાતિઓની વ્યક્તિઓ સહિત સમાજના નબળા વર્ગોના લોકોને સામાજિક ન્યાય મળે તેવા કાર્યો જેમ કે-

(1) સમાજના નબળા વર્ગોને શિક્ષણની સગવડ આપવી.

(2) પીવાના પાણી અને તબીબી સંભાળ સહિત સામાજિક - આર્થિક સગવડ આપવી.

(3) અસ્પૃશ્યતા નિવારણ

(4) દારૂબંધી પ્રચાર

(5) સામાજિક અને નૈતિક કલ્યાણ

(6) રૂશ્વત અને જુગાર નાબૂદી

(7) સમાજના નબળા વર્ગોને થતાં અન્યાય અને તેની સામેના ભેદભાવના કેસોની તપાસ કરવી.

(8) આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને સહકારી પ્રવૃત્તિઓ

(9) ઉપરોકત કાર્યો સિદ્ધ કરવા માટે યોજના બનાવવી અને તેનો વહીવટી રીતે અમલ કરવો.

(10) સમાજના નબળા વર્ગોને લગતી ફરીયાદો પંચાયત દૂર ન કરી શકે ત્યારે યોગ્ય સત્તાધિકારીને રિપોર્ટ કરવી.

→ સામાજિક ન્યાય સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે પરંતુ જો પ્રમુખ અને ઉપપ્રમુખ સમિતિના સભ્ય હોય, ત્યારે પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે.

→ જો પ્રમુખ અધ્યક્ષ બનવાની ના પડે તો ઉપપ્રમુખ, હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જો ફક્ત ઉપપ્રમુખ જ સમિતિના સભ્ય હોય એટલે કે, સમિતિમાં પ્રુમખ સભ્ય તરીકે ન હોય તો હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ ઉપપ્રમુખ બનશે અને જો

4Gujarat.com

ઉપપ્રમુખ અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ તાલુકા પંચાયતનો સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ, સામાજિક ન્યાય સમિતિનો અધ્યક્ષ બની શકશે નહિં.

→ સામાજિક ન્યાય સમિતિનો કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, તાલુકા પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને, સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે. તાલુકા પંચાયતે આ અધિકારી તાલુકા વિકાસ અધિકારી અથવા સમિતિને આપેલ ન હોય તો સામાન્ય સભાના ઠરાવથી તે મંજૂર કરવાનું છે.

→ સામાજિક ન્યાય સમિતિ એ તાલુકા પંચાયત તેને સોંપે તેવા કાર્યો કરવાના છે અને ફરજ બજાવવાની છે. આ માટે પંચાયતે ઠરાવ કરવાનો રહેશે.

→ તાલુકા પંચાયતે સામાજિક ન્યાય સમિતિને સોંપેલા કાર્યો, સત્તા અને ફરજો નિયમોથી નક્કી કરાયેલ હોવાથી પાછા લઈ શકે નહિં.

→ સામાજિક ન્યાય સમિતિના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ, આવા નિર્ણયની તારીખથી 60 દિવસની અંદર, જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિને અપીલ કરી શકશે. જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ, અપીલ કરનારને સુનાવણીની તક આપ્યા પછી, જેની સામે અપીલ કરવામાં આવી હોય તે નિર્ણયને બહાલ રાખી શકશે, તેને રદ કરી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા યોગ્ય લાગે તેવો કાયદેસરનો હુકમ કરી શકશે.

→ સામાજિક ન્યાય સમિતિએ તાલુકા પંચાયત તેને વખતોવખત આપે તેવી સૂચનાઓનું પાલન કરવું પડશે.

→ તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિ પાસેથી કોઈપણ બાબતના સંબંધમાં પત્રક, નિવેદન, હિસાબો અથવા રિપોર્ટ મંગાવી શકે છે.

→ સામાજિક ન્યાય સમિતિમાં એકવાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટાવાને પાત્ર થશે.

→ સમિતિની ખાલી પડેલ કોઈ જગ્યા, જેમ બને તેમ જલ્દી કરવાની રહેશે. આ ખાલી જગ્યા ભરવા માટે પંચાયત સભામાં ઠરાવ લાવવાનો રહેશે.

→ સામાજિક ન્યાય સમિતિની સભા ઓછામાં ઓછી 3 મહિનામાં એકવાર મળશે.

- **<u>અન્ય સમિતિઓ :-</u>**

→ સામાજિક ન્યાય સમિતિ અને કારોબારી સમિતિ ઉપરાંત તાલુકા પંચાયત રાજય સરકારની અગાઉથી મંજૂરી લઈને એક વર્ષની મુદ્દત માટે બીજી એક અથવા તેથી વધુ સમિતિઓની રચના કરી શકશે.

→ આ સમિતિની રચના મરજિયાત સ્વરૂપે રહેશે, પરંતુ આમાં કાયમી સમિતિઓ જેમ કે આરોગ્ય, શિક્ષણ અને બાંધકામ જેવી સમિતિ રચી શકે નહિં.

→ આવી સમિતિ કે સમિતિઓની રચના તાલુકા પંચાયતે નક્કી કરેલા કોઈ કામકાજનો અથવા યોજનાનો અમલ કરવા અથવા પંચાયત સોંપે તેવી બાબતમાં તપાસ કરીને તેનો અહેવાલ આપવાનો રહેશે.

→ આવી દરેક સમિતિની મુદ્દત પંચાયત નક્કી કરે તેટલી એક વર્ષ થી વધુ નહિં તેટલી રહેશે.

→ આવી સમિતિના સભ્યો તાલુકા પંચાયતના પોતાના સભ્યો ઉપરાંત તાલુકાના લાયકાત ધરાવતા મતદારને (જે તાલુકા પંચાયતનો સભ્ય ન હોય તો પણ ) પણ આ સમિતિમાં નીમી શકાશે. આવા નિમાયેલા સભ્ય કે સભ્યોને સમિતિમાં બોલવાનો અને ભાગ લેવાનો અધિકાર છે પણ તેને મત આપવાનો અધિકાર નથી.

→ આવી સમિતિની કુલ સભ્ય સંખ્યા તાલુકા પંચાયત નક્કી કરે તેટલી પરંતુ 5 થી વધુ નહિં તેટલી રહેશે.

→ આ સમિતિને પંચાયત ઠરાવથી સોંપે તે સત્તા વાપરશે અને ફરજ બજાવશે.

→ આ સમિતિએ કઈ કાર્યપદ્ધતિથી કામ કરવું તેના વિનિયમો પંચાયત નક્કી કરી શકશે.

→ તાલુકા પંચાયત આ સમિતિ પાસેથી કોઈપણ બાબતમાં પત્રક, નિવેદન, હિસાબો અને રિપોર્ટ માંગી શકશે.

→ આ સમિતિના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ તાલુકા પંચાયતને અપીલ કરી શકશે.

→ આવી સમિતિને તાલુકા પંચાયતે સોંપેલા કાર્યો અને સત્તા કોઈપણ સમયે પંચાયત પાછા લઈ શકે છે અથવા બીજી કોઈ સમિતિને સોંપી શકે છે.

- **<u>જીલ્લા પંચાયતની સમિતિઓ :-</u>**

→ જીલ્લા પંચાયતમાં નીચેની સમિતિઓની રચના ફરજિયાત કરવાની હોય છે.

(1) કારોબારી સમિતિ

4Gujarat.com

(2) સામાજિક ન્યાય સમિતિ

(3) જાહેર આરોગ્ય સમિતિ

(4) જાહેર બાંધકામ સમિતિ

(5) જીલ્લા શિક્ષણ સમિતિ

(6) અપીલ સમિતિ

(7) 20 મુદ્દાના કાર્યક્રમના અમલ અને તેની સમીક્ષા માટે સમિતિ

(8) જીલ્લા આયોજન સમિતિ

- **<u>કારોબારી સમિતિ :-</u>**

→ જીલ્લા પંચાયતે કારોબારી સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ કારોબારી સમિતિના સભ્યોની સંખ્યા જીલ્લા પંચાયત સામાન્ય સભામાં નક્કી કરે તેટલી પરંતુ 9 થી વધુ નહિં તેટલી રહેશે.

→ કારોબારી સમિતિની મુદ્દત બે વર્ષની રહેશે પરંતુ પંચાયતની મુદ્દત પૂરી થતી હોય તો આ સમિતિની મુદ્દત પણ પૂરી થશે.

→ કારોબારી સમિતિની રચના નીચે મુજબ કરે છે -

(1) નાણાં, ગૃહરક્ષકો અને ગ્રામસંરક્ષણને લગતાં કાર્યો માટે.

(2) જીલ્લા પંચાયતે બીજી કોઈ સમિતિને સોંપેલા ન હોય તેવા કાર્યો અને ફરજો માટે.

(3) જીલ્લા પંચાયતે ઠરાવ કરીને બીજી કોઈ સમિતિને સોંપેલા ન હોય તેવા કાર્યો અને ફરજો કારોબારી સમિતિને સોંપવામાં આવે તો જ આ સમિતિ તેવા કાર્યો અને સત્તા માટે અધિકૃત ગણાય છે.

→ કારોબારી સમિતિ પોતાના સભ્યોમાંથી વધુમાં વધુ બે પેટાસમિતિ રચી શકશે. આ પેટાસમિતિઓ ફકત ભલામણ જ કરી શકે છે અથવા તપાસ કરી રિપોર્ટ આપી શકે પરંતુ છેલ્લો નિર્ણય લેવાની સત્તા ફક્ત કારોબારી સમિતિને જ છે.

→ કારોબારી સમિતિના સભ્યો પોતાનામાંથી સમિતિનો અધ્યક્ષ ચૂંટી કાઢશે. જો જીલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને કારોબારી સમિતિના સભ્યો હશે તો હોદ્દાની રૂએ પ્રમુખ કારોબારી સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ અધ્યક્ષ બનવાની ના પડે ત્યારે ઉપપ્રમુખ હોદ્દાની રૂએ અધ્યક્ષ બનશે અને જો ઉપપ્રમુખ પણ અધ્યક્ષ બનવાની ના પડે ત્યારે સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જો ઉપપ્રમુખ એકલો જ સમિતિનો સભ્ય હોય એટલે કે તે સમિતિમાં પ્રમુખ સભ્ય તરીકે ન હોય, ત્યારે ઉપપ્રમુખ હોદ્દાની રૂએ તે સમિતિનો અધ્યક્ષ બનશે. જો ઉપપ્રમુખ અધ્યક્ષ બનવાની ના પડે ત્યારે સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જીલ્લા પંચાયતનો સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ, કારોબારી સમિતિના અધ્યક્ષ બની શકશે નહિં.

→ એક વખત સભ્ય સમિતિનો અધ્યક્ષ ચૂંટાયા પછી પાછળથી પ્રમુખ અથવા ઉપપ્રમુખ જો સમિતિના સભ્ય થશે તો પણ તે સમિતિના પદનિમિત્ત અધ્યક્ષ થઈ શકે નહિં.

→ જીલ્લા પંચાયતનો કોઈપણ સભ્ય બે થી વધુ સમિતિઓનો સભ્ય થઈ શકે નહિં. જો કોઈપણ સભ્ય બે થી વધુ સમિતિઓમાં ચૂંટાય તો ચૂંટણીનું પરિણામ જાહેર થવાની તારીખ થી 10 દિવસમાં તેણે જીલ્લા પંચાયતના પ્રમુખને જણાવશે કે તે કઈ બે સમિતિઓમાં સભ્ય તરીકે કામ કરવા ઈચ્છે છે. જો તે સભ્ય જાણ ન કરે તો જીલ્લા પંચાયત નક્કી કરશે કે તે કઈ બે સમિતિમાં ચાલુ રહેશે અને જો જીલ્લા પંચાયત પણ તે અંગેનો નિર્ણય કરવામાં અસફળ રહે તો હાઈકોર્ટ મેન્ડેમન્શ રીટ ઈસ્યુ કરી શકે છે.

→ કારોબારી સમિતિમાં એકવાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટાવાને પાત્ર થશે.

→ કારોબારી સમિતિનો કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, જીલ્લા પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે.

→ કારોબારી સમિતિના સભ્યોને જીલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી ચૂંટશે.

→ જીલ્લા પંચાયત કારોબારી સમિતિને પંચાયતના ઠરાવથી સત્તા સોંપે તે વાપરવાની અને ફરજો બજાવવાની છે. આ માટે જીલ્લા પંચાયતે ઠરાવ કરવો જોઈએ. માત્ર કારોબારી સમિતિની રચનાથી જ તેણે અધિકાર મળતો નથી.

→ જીલ્લા પંચાયતે સોંપેલા કાર્યો, સત્તા અને ફરજો જીલ્લા પંચાયત કોઈપણ સમયે પાછા લઈ શકે છે.

4Gujarat.com

→ જે કાર્યો, ફરજો અને સત્તાઓ કોઈપણ સમિતિને સોંપવામાં આવ્યા ન હોય તે જીલ્લા પંચાયત પોતે જ વાપરશે અને બજાવશે.

→ જીલ્લા પંચાયતની કારોબારી સમિતિના નિર્ણયથી જે વ્યક્તિને નાણાંકીય નુકશાન થતું હોય અથવા થવાની શક્યતા હોય તે વ્યક્તિ જીલ્લા પંચાયતને 60 દિવસમાં અપીલ કરી શકે છે.

→ કારોબારી સમિતિએ જીલ્લા પંચાયત તેને વખતોવખત આપે તેવી સૂચનાઓનું પાલન કરવું પડશે.

→ જીલ્લા પંચાયત કારોબારી સમિતિ પાસેથી કોઈપણ બાબતના સંબંધમાં પત્રક, નિવેદન, હિસાબો અથવા રિપોર્ટ મંગાવી શકે છે.

→ રચાયેલી સમિતિમાં ચૂંટાયેલા સભ્યની ખાલી પડતી કોઈપણ જગ્યા ચૂંટણી દ્વારા ભરવામાં આવશે.

- **<u>સામાજિક ન્યાય સમિતિ :-</u>**

→ જીલ્લા પંચાયતે સામાજિક ન્યાય સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ સામાજિક ન્યાય સમિતિની સભ્ય સંખ્યા 5 થી વધુ નહિં જેટલી જીલ્લા પંચાયત નક્કી કરે તેટલી રહેશે.

→ જીલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિની રચના નીચે મુજબ રહેશે -

(1) જીલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી સામાજિક ન્યાય સમિતિના સભ્યોને ચૂંટશે.

(2) જીલ્લા પંચાયતમાં કોઈ વાલ્મીકિ (સફાઈ કામદાર) જાતિનો એક સભ્ય હોય તો તે અથવા જો જીલ્લા પંચાયતમાં આવો કોઈ સભ્ય ન હોય તો જીલ્લા પંચાયતમાં સભ્ય તરીકે ચૂંટાવાની લાયકાત ધરાવતા પંચાયત વિસ્તારમાં રહેતા તેવી જાતિના વ્યક્તિને કો-ઓપ્ટ કરીને નિમવો.

(3) બાકીની બેઠકો જીલ્લા પંચાયતના અનુસૂચિત જાતી (SC) અથવા અનુસૂચિત જનજાતિ (ST) ની અનામત બેઠક પર ચૂંટાયેલા જીલ્લા પંચાયત સભ્યમાંથી ભરવી, જેમાંથી એક મહિલા હોવી જોઈએ અને જો તેવી જીલ્લા પંચાયતની ચૂંટાયેલી વ્યક્તિઓની સંખ્યા સમિતિની જરૂરી બેઠકો કરતાં ઓછી હોય તો જીલ્લા પંચાયત વિસ્તારની ચૂંટાવાની લાયકાતવાળી અનુસૂચિત જાતિ (SC) અથવા અનુસૂચિત જનજાતિ (ST) અને આ જાતિઓની મહિલાને અને અન્ય તેવી વ્યક્તિઓને કો-ઓપ્ટ કરીને સમિતિની રચના કરવી.

(4) આવા કો-ઓપ્ટ સભ્યોને સમિતિમાં મત આપવાનો અધિકાર નથી અને તેવા સભ્યો સમિતિના અધ્યક્ષ પણ બની શકે નહિં.

→ સામાજિક ન્યાય સમિતિની મુદ્દત જીલ્લા પંચાયતની મુદ્દત જેટલી જ રહેશે.

→ જીલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિ, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની વ્યક્તિઓ સહિત સમાજના નબળા વર્ગોના લોકોને સામાજિક ન્યાય મળે તેવા કાર્યો જેમ કે-

(1) સમાજના નબળા વર્ગોને થતાં અન્યાય અને તેની સામેના ભેદભાવના કેસોની તપાસ કરવી.

(2) પીવાના પાણી અને તબીબી સંભાળ સહિત સામાજિક-આર્થિક સગવડ આપવી.

(3) સમાજના નબળા વર્ગોને શિક્ષણની સગવડ આપવી.

(4) અસ્પૃશ્યતા નિવારણ

(5) દારૂબંધી પ્રચાર

(6) સામાજિક અને નૈતિક કલ્યાણ

(7) રૂશ્વત અને જુગાર નાબૂદી

(8) આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને સહકારી પ્રવૃત્તિઓ

(9) ઉપરોક્ત કાર્યો સિદ્ધ કરવા માટે યોજના બનાવવી અને તેનો વહીવટી રીતે અમલ કરવો.

→ સામાજિક ન્યાય સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે, પરંતુ જો પ્રમુખ અને ઉપપ્રમુખ સમિતિના સભ્ય હોય, ત્યારે પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ સમિતિનો અધ્યક્ષ બનવાની ના પડે તો ઉપપ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને સમિતિના અધ્યક્ષ બનવાની ના પડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જો ફકત ઉપપ્રમુખ જ સમિતિના સભ્ય હોય એટલે કે તે સમિતિમાં પ્રમુખ સભ્ય તરીકે ન હોય તો હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ ઉપપ્રમુખ બનશે અને જો ઉપપ્રમુખ સમિતિના અધ્યક્ષ બનવાની ના પડે તો

AGujarat.com

સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જીલ્લા પંચાયતનો સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ, સામાજિક ન્યાય સમિતિનો અધ્યક્ષ બની શકશે નહિં.

→ એકવખત સભ્ય સમિતિનો અધ્યક્ષ ચૂંટાયા પછી પાછળથી પ્રમુખ અથવા ઉપપ્રમુખ જો સમિતિના સભ્ય થશે તો પણ તે સમિતિના પદનિમિત્ત અધ્યક્ષ થઈ શકશે નહિં.

→ સામાજિક ન્યાય સમિતિનો કોઈપણ સભ્ય અથવા અધ્યક્ષ, જીલ્લા પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે.

→ જીલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિને પંચાયતના ઠરાવથી સત્તા સોંપે તે વાપરવાની અને ફરજો બજાવવાની છે. આ માટે જીલ્લા પંચાયતે ઠરાવ કરવો જરૂરી છે. ફક્ત સામાજિક ન્યાય સમિતિની રચનાથી જ તેને અધિકાર મળતો નથી.

→ જીલ્લા પંચાયતે સામાજિક ન્યાય સમિતિને સોંપેલા કાર્યો, સત્તા અને ફરજો નિયમોથી નક્કી કરાયેલા હોવાથી પાછા લઈ શકે નહિં.

→ સામાજિક ન્યાય સમિતિના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ, આવા નિર્ણયની તારીખથી 60 દિવસની અંદર, રાજ્ય સરકારને અપીલ કરી શકશે. રાજ્ય સરકાર અપીલ કરનારને સુનાવણીની તકી આપ્યા પછી, જેની સામે અપીલ કરવામાં આવી હોય તે નિર્ણયને બહાલ રાખી શકશે, તેને રદ્દ કરી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા યોગ્ય લાગે તેવો કાયદેસરનો હુકમ કરી શકશે.

→ સામાજિક ન્યાય સમિતિએ જીલ્લા પંચાયત તેને વખતોવખત આપે તેવી સૂચનાઓનું પાલન કરવું પડશે.

→ જીલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિ પાસેથી કોઈપણ બાબતના સંબંધમાં પત્રક, નિવેદન, હિસાબો અથવા રિપોર્ટ મંગાવી શકે છે.

→ સામાજિક ન્યાય સમિતિમાં એકવાર ચૂંટાયેલા સભ્ય ફરી ચૂંટવાને પાત્ર થશે.

→ રચાયેલી સમિતિમાં ચૂંટાયેલા સભ્યની ખાલી પડતી કોઈપણ જગ્યા ચૂંટણી દ્વારા ભરવામાં આવશે.

→ જે કાર્યો, ફરજો અને સત્તાઓ કોઈપણ સમિતિને સોંપવામાં આવ્યા ન હોય તે જીલ્લા પંચાયત પોતે જ વાપરશે અને બજાવશે.

→ જીલ્લા પંચાયતનો કોઈપણ સભ્ય બે થી વધુ સમિતિઓનો સભ્ય થઈ શકશે નહિં. જો કોઈપણ સભ્ય બે થી વધુ સમિતિઓમાં ચૂંટાય તો ચૂંટણીનું પરિણામ જાહેર થવાની તારીખથી 10 દિવસમાં તેણે જીલ્લા પંચાયતના પ્રમુખને જણાવશે કે તે કઈ બે સમિતિઓમાં સભ્ય તરીકે કામ કરવા ઈચ્છે છે. જો તે સભ્ય જાણ ન કરે તો જીલ્લા પંચાયત નક્કી કરશે કે તે કઈ બે સમિતિમાં ચાલુ રહેશે અને જો જીલ્લા પંચાયત પણ તે અંગેનો નિર્ણય કરવામાં અસફળ રહે તો હાઈકોર્ટ મેન્ડેમન્શ ફીટ ઈસ્યુ કરી શકે છે.

→ સામાજિક ન્યાય સમિતિ તેના સભ્યોમાંથી એક અથવા વધુ પેટા સમિતિઓ રચી શકશે. આવી સમિતિઓ ફકત જાહેર કૂવા, તળાવો, સ્નાનાઘરો, માર્ગો અને જાહેર વિશ્રામ સ્થળો કે જે રાજય અથવા પંચાયતના નાણાંમાંથી પૂર્ણરૂપેણ અથવા અંશતઃ નિભાવતાં હોય અથવા જાહેર જનતાના ઉપયોગ માટે અર્પણ કરેલા હોય તેનો ઉપયોગ બાબતે અનુસૂચિત જાતીઓ (SC) અનુસૂચિત જનજાતિઓ (ST) અને પછાત વર્ગની વ્યક્તિઓ સામે ભેદભાવ કરવાના કિસ્સામાં તપાસ કરવા માટે જ રચી શકશે. આવા પ્રકારની પેટાસમિતિઓને આવી તપાસ કરવા સિવાય બીજા કોઈપણ અધિકાર હોતા નથી.

- **<u>શિક્ષણ સમિતિ :-</u>**

→ જીલ્લા પંચાયતે શિક્ષણ સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ શિક્ષણ સમિતિની સભ્ય સંખ્યા ઓછામાં ઓછી 7 અને વધુમાં વધુ 9 જેટલી જીલ્લા પંચાયત નક્કી કરે તેટલી રહેશે.

→ જીલ્લા શિક્ષણ સમિતિના સભ્યો બે પ્રકારના હોય છે.

(1) ચૂંટાયેલા સભ્યો

(2) નિયુકત સભ્યો

→ જીલ્લા પંચાયત પોતાના ચૂંટાયેલા સભ્યોમાંથી સભ્યોને ચૂંટશે, જેમાં -

(1) ચૂંટાયેલા સભ્યોમાંથી ૨ મહિલા સભ્યો

(2) અનુસૂચિત જાતિનો એક સભ્ય

4Gujarat.com

(3) અનુસૂચિત જનજાતિનો એક સભ્ય

(4) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના સભ્યોમાંથી એક સભ્ય હોવા જોઈએ.

(5) જો ઉપરના કોઈ સભ્ય ન મળે તો જીલ્લા પંચાયતના બીજા સભ્યોને નિયુકત કરી શકે છે.

→ જીલ્લા શિક્ષણ સમિતિના નિયુકત સભ્યોમાં બે વ્યક્તિઓ જેઓ લાયકાત ધરાવતા મતદાર હોય તેને પસંદ કરશે, જેમાં-

(1) પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ અથવા વ્યવસાયલક્ષી શિક્ષણ સંસ્થામાં ઓછામાં ઓછા 10 વર્ષનો શિક્ષણ આપવાનો અનુભવ હોય તેવો 1 સભ્ય.

(2) ભારતની કોઈપણ માન્ય યુનિવર્સીટીના સ્નાતક કેળવણીકાર હોય તેવો 1 સભ્ય.

(3) આ નિયુકત સભ્યોને સમિતિમાં મત આપવાનો અધિકાર રહેશે નહિં અને તે અધ્યક્ષ પણ બની શકશે નહિં.

→ શિક્ષણને લગતા કાર્યો માટે અને જીલ્લા પંચાયત સોંપે તેવી સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે શિક્ષણ સમિતિ છે.

→ શિક્ષણ સમિતિની મુદ્દત જીલ્લા પંચાયતની મુદ્દત જેટલી જ રહેશે.

→ જીલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના કાર્યો નીચે મુજબ છે.

(1) શિક્ષણને લગતી તમામ પ્રવૃત્તિઓ કરવી.

(2) રાષ્ટ્રીય નીતિ અને રાષ્ટ્રીય યોજનાના માળખાની અન્તર્ગત જીલ્લામાં શિક્ષણનું આયોજન કરવું.

(3) શૈક્ષણિક પ્રવૃત્તિઓની યોજના બનાવવી અને તેની મોજણી અને મૂલ્યાંકન કરવું.

(4) પ્રાથમિક શિક્ષણની જવાબદારી પંચાયતના હાથમાં લેવી.

(5) રાજ્ય સરકાર નક્કી કરી શકે તે માટે અભ્યાસક્રમ સંબંધિત સૂચનો આપવા.

(6) રાજ્ય સરકારને પાઠ્યપુસ્તકોની પસંદગી બાબતે સૂચનો આપવા.

(7) માધ્યમિક શિક્ષણના સંબંધમાં રાજ્ય સરકારે સોંપેલાં કોઈપણ કાર્યક્રમનો અમલ કરવો.

(8) તાલુકા પંચાયત હેઠળની પ્રાથમિક શાળાઓનું નિરીક્ષણ કરવું અને શાળાઓમાં પરીક્ષા આયોજિત કરવી.

(9) સમસ્ત પ્રાથમિક સ્કૂલોનું અને પંચાયતના નિયંત્રણ હેઠળની બીજી શૈક્ષણિક સંસ્થા પર દેખરેખ રાખવી.

(10) શૈક્ષણિક ફંડ સ્વીકારીને તેની યોગ્ય વ્યવસ્થા કરવી.

(11) જીલ્લામાં તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં મદદ કરવાની, તેમજ ઉત્તેજન આપવાની અને તે સંબંધિત માર્ગદર્શન આપવો.

→ જીલ્લા પંચાયતની શિક્ષણને લગતી તમામ સત્તા વાપરશે પરંતુ જીલ્લા પંચાયતની સર્વોપરિતા રહે છે. જીલ્લા પંચાયતના નિયંત્રણને આધીન સત્તા વાપરશે તેમ છતાં ઉપર જણાવેલ શિક્ષણ સમિતિના કાર્યો જીલ્લા પંચાયત પાછા લઈ શકશે નહિ, તે સિવાયના કાર્યો પાછા લઈ શકશે અને સામાજિક ન્યાય સમિતિ સિવાયની અન્ય કોઈ સમિતિને સોંપી શકશે.

→ શિક્ષણ સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે પરંતુ ઉપપ્રમુખ સમિતિના સભ્ય હોય ત્યારે હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો ઉપપ્રમુખ સમિતિના અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જીલ્લા પંચાયતનો સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ શિક્ષણ સમિતિનો અધ્યક્ષ બની શકશે નહિં.

→ શિક્ષણ સમિતિના અધ્યક્ષને વિશેષ કાર્યો કરવાના હોવાથી જીલ્લા પંચાયતના પ્રમુખ તેમજ શિક્ષણ સમિતિના અધ્યક્ષ બે હોદ્દા એકી સાથે રાખી શકશે નહિં. જો જીલ્લા પંચાયતના પ્રમુખ શિક્ષણ સમિતિના અધ્યક્ષ થાય તો તે શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે ચાલુ રહી શકે નહિં, સિવાય કે તે જીલ્લા પંચાયતના પ્રમુખનો હોદ્દો છોડી દે.

→ કોઈ સભ્ય જો શિક્ષણ સમિતિના અધ્યક્ષ ચૂંટાય અને ત્યારપછી તે જીલ્લા પંચાયતના પ્રમુખ ચૂંટાય તો તે શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે ચાલુ રહી શકે નહિં સિવાય કે તે પ્રમુખનો હોદ્દો છોડી દે.

→ શિક્ષણ સમિતિનો કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, જીલ્લા પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકે છે.

→ શિક્ષણ સમિતિના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ અથવા તેના નિર્ણયથી જે વ્યક્તિને નાણાંકીય

AGujarat.com

નુકશાન થતું હોય કે થવાની શક્યતા હોય તે વ્યક્તિ જીલ્લા પંચાયતને 60 દિવસમાં અપીલ કરી શકે છે.

→ શિક્ષણ સમિતિ એ જિલ્લા પંચાયત તેને વખતોવખત આપે તેવી સૂચનાઓનું પાલન કરવું પડશે.

→ જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ પાસેથી કોઈપણ બાબતના સંબંધમાં પત્રક, નિવેદન, હિસાબો અથવા રિપોર્ટ મંગાવી શકે છે.

→ શિક્ષણ સમિતિમાં એકવાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટવાને પાત્ર થશે.

→ રચાયેલી સમિતિમાં ચૂંટાયેલા સભ્યની ખાલી પડતી કોઈપણ જગ્યા ચૂંટણી દ્વારા ધરવામાં આવશે.

→ જે કાર્યો, ફરજો અને સત્તાઓ કોઈપણ સમિતિને સોંપવામાં આવ્યા ન હોય તે જીલ્લા પંચાયત પોતે જ વાપરશે અને બજાવશે.

→ જીલ્લા પંચાયતનો કોઈપણ સભ્ય બે થી વધુ સમિતિઓનો સભ્ય થઈ શકે નહિં. જો કોઈપણ સભ્ય બે થી વધુ સમિતિઓમાં ચૂંટાય તો ચૂંટણીનું પરિણામ જાહેર થવાના તારીખથી 10 દિવસમાં તેણે જીલ્લા પંચાયતના પ્રમુખને જણાવશે કે તે કઈ બે સમિતિઓમાં સભ્ય તરીકે કામ કરવા ઈચ્છે છે. જો તે સભ્ય જાણ ન કરે તો જીલ્લા પંચાયત નક્કી કરશે કે તે કઈ બે સમિતિમાં ચાલુ રહેશે અને જો જીલ્લા પંચાયત પણ તે અંગેનો નિર્ણય કરવામાં અસફળ રહે તો હાઈકોર્ટ મેન્ડેમન્સ રીટ ઈસ્યૂ કરી શકે છે.

- **<u>અપીલ સમિતિ :-</u>**

→ જીલ્લા પંચાયતે અપીલ સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ અપીલ સમિતિના સભ્યોની સંખ્યા 5 રહેશે, જેમાં જીલ્લા પંચાયતના પ્રમુખ અને જીલ્લા પંચાયત પોતાના સભ્યોમાંથી પસંદ કરે તેવા ચાર સભ્યો.

→ જીલ્લા પંચાયતના પ્રમુખ હોદ્દાની રૂએ અપીલ સમિતિના અધ્યક્ષ રહેશે.

→ અપીલ સમિતિની મુદ્દત 2 વર્ષની રહેશે પરંતુ જીલ્લા પંચાયતની મુદ્દત પૂર્ણ થાય તો સમિતિની પણ મુદ્દત પૂરી થશે.

→ જીલ્લા પંચાયતના પ્રમુખ હોદ્દાની રૂએ ખાસ જોગવાઈ હેઠળ અપીલ સમિતિના અધ્યક્ષ બને છે અને તેથી પ્રમુખ માટે બે સમિતિ ઉપરાંત અપીલ સમિતિમાં પ્રમુખ તરીકે ખાસ છૂટ મળેલ છે. બીજા શબ્દોમાં કહીએ તો બે થી વધુ સમિતિના સભ્ય થવા ઉપરનો પ્રતિબંધ આ કિસ્સામાં નડતો નથી.

→ અપીલ સમિતિના સેક્રેટરી (મંત્રી) તરીકે જીલ્લા પંચાયત તેના અધિકારીઓમાંથી એક અધિકારીને નીમશે.

→ અપીલ મળતાં જ જીલ્લા વિકાસ અધિકારીએ તેના પર તારીખ નાંખી તે અપીલ સમિતિના સેક્રેટરી (મંત્રી)ને આપશે.

→ આ સેક્રેટરી (મંત્રી) અપીલની તપાસ કરશે જેમ કે - જે વ્યક્તિએ અપીલ કરી છે તેને અપીલ કરવાનો અધિકાર છે કે નહિં અથવા જે કલમ હેઠળ અપીલ કરવામાં આવી હોય તેની જોગવાઈઓ ધ્યાનમાં લેવામાં આવી છે કે નહિં વગેરે. કોઈપણ પ્રકારની ખામી વગરની અપીલની નોંધણી સેક્રેટરી (મંત્રી) પત્રકમાં કરશે.

→ અપીલ સમિતિના અધ્યક્ષની સંમતિથી અપીલ દાખલ કરવામાં આવશે અને અપીલ કરનાર તેમજ જે પંચાયતના ઠરાવ પર વિવાદ (તકરાર) કરવામાં આવ્યો હોય તેને અપીલ સમિતિના સભ્યોની હાજરીમાં વિવાદને સાંભળવામાં આવશે.

→ અપીલ સમિતિએ વિવાદનો નિર્ણય લેખિતમાં કરવાનો હોય છે અને પોતાના નિર્ણય માટેના યોગ્ય કારણો જણાવવાના હોય છે.

→ અપીલ સમિતિનો દરેક નિર્ણય જીલ્લા પંચાયતના નામથી કરવામાં આવે છે અને તેના પર સેક્રેટરી (મંત્રી) એ સહી કરવી.

→ અપીલ સમિતિના અધ્યક્ષ અને સભ્યોને ખોટી નિર્ણય માટે પોતાના હોદ્દાથી દૂર કરી શકાય છે.

→ અપીલ સમિતિના સેક્રેટરી (મંત્રી) તરીકે "નાયબ જીલ્લા વિકાસ અધિકારી" એ મંત્રીના કાર્યો કરવાના હોય છે.

→ સમિતિના સેક્રેટરીને ન્યાય-નિર્ણય કરવાની સત્તા નથી પરંતુ સમિતિના નિર્ણય મુજબ ઠરાવ લખી તે મુજબના વહીવટ હુકમમાં સહી કરવાની હોય છે.

→ અપીલ સમિતિના 5 માંથી 3 સભ્યો હાજર હોય તો પણ અપીલની કામગીરી ચાલી શકે છે.

→ અપીલ સમિતિમાં પસંદ કરાયેલો કોઈ સભ્ય અધ્યક્ષને પોતાનું રાજીનામું મોકલીને, સમિતિના સભ્યપદેથી રાજીનામું આપી શકે છે.

4Gujarat.com

→ અપીલ સમિતિ જીલ્લા પંચાયતની અપીલની સત્તા વાપરશે અને સમિતિ માટેના નિયમો મુજબ કામકાજ કરશે, બેન્ચો રચી શકાય, મનાઈહુકમ આપી શકશે અને તેવી સત્તા પ્રમુખ વાપરી શકશે.

→ અપીલ સમિતિએ આપેલ નિર્ણય જીલ્લા પંચાયતનો નિર્ણય ગણાશે.

→ અપીલ સમિતિની બેઠક સમિતિના અધ્યક્ષ નક્કી કરે તે સમયે અને સ્થળે મળશે, પરંતુ બેઠક અંગેની માહિતી સમિતિના સભ્યોને ઓછામાં ઓછા 2 દિવસ અગાઉ નોટિસથી જણાવવાની રહેશે.

→ સામાજિક ન્યાય સમિતિના નિર્ણય સિવાય જીલ્લા પંચાયતની અન્ય કોઈપણ સમિતિના નિર્ણય વિરૂદ્ધ અપીલ સમિતિને અપીલ કરી શકાય છે.

→ અપીલ સમિતિને અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી કામચલાઉ મનાઈહુકમ આપવાનો અધિકાર છે અથવા અપીલ બજવણી મોકૂક રાખી શકે છે.

→ અપીલ સમિતિને અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી કામચલાઉ મનાઈહુકમ આપવાનો અધિકાર છે અથવા અપીલ બજવણી મોકૂફ રાખી શકાય છે.

→ અપીલ સમિતિનો નિર્ણય આખરી ગણાય છે તેમ છતાં તે વ્યક્તિ રાજ્ય સરકારને રિવિઝન અરજી મોકલાવી શકે છે.

- **<u>જાહેર આરોગ્ય સમિતિ :-</u>**

→ જીલ્લા પંચાયતે જાહેર આરોગ્ય સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ જાહેર આરોગ્ય સમિતિના સભ્યોની સંખ્યા જીલ્લા પંચાયત સામાન્ય સભામાં નક્કી કરે તેટલી પરંતુ 5 થી વધુ નહિં તેટલી રહેશે.

→ જાહેર આરોગ્ય સમિતિની મુદ્દત બે વર્ષની રહેશે પરંતુ પંચાયતની મુદ્દત પૂરી થતી હોય તો આ સમિતિની મુદ્દત પણ પૂરી થશે.

→ જાહેર આરોગ્ય સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે. પરંતુ પ્રમુખ અને ઉપપ્રમુખ સમિતિનો સભ્ય હોય, ત્યારે પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ સમિતિનો અધ્યક્ષ બનવાની ના પડે તો ઉપપ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને સમિતિના અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જો ફક્ત ઉપપ્રમુખ જ સમિતિના સભ્ય હોય એટલે કે તે સમિતિમાં પ્રમુખ સભ્ય તરીકે ન હોય તો હોદ્દાની રૂએ ઉપપ્રમુખ સમિતિના અધ્યક્ષ બનશે. જો ઉપપ્રમુખ સમિતિના અધ્યક્ષ બનવાની ના પડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જીલ્લા પંચાયતનો સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ, જાહેર આરોગ્ય સમિતિનો અધ્યક્ષ બની શકશે નહિં.

→ એક વખત સભ્ય સમિતિનો અધ્યક્ષ ચૂંટાયા પછી પાછળથી પ્રમુખ અથવા ઉપપ્રમુખ જો સમિતિના સભ્ય થશે તો પણ તે સમિતિના પદનિમિત્ત અધ્યક્ષ થઈ શકે નહિં.

→ જાહેર આરોગ્ય સમિતિના કાર્યો નીચે મુજબ રહેશે.

(1) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સ્થાપના કરી તેની જાળવણી કરવી.

(2) હોસ્પિટલોની સ્થાપના કરી તેને યોગ્ય રીતે ચલાવવું.

(3) પીવાના પાણી પુરવઠાનું મેનેજમેન્ટ કરવું.

(4) કુટુંબ નિયોજનમાં મદદ કરવી.

(5) BPL અને ગરીબ વ્યક્તિઓના પરિવારના બાળકો અને માતાઓને દૂધની વહેંચણી કરવી.

(6) દાયણોને પ્રશિક્ષણ આપવું.

(7) આયુર્વેદિક અને હોમિયોપેથિક દવાખાના ખોલવા અને ચલાવવા.

(8) આયુર્વેદિક અને હોમિયોપેથિક કેન્દ્રો મારફતે વૈધકીય સગવડ આપવી.

(9) માન્યતા પ્રાપ્ત દવાના રાહત કેન્દ્રોને મદદ કરવી.

(10) નર્સોને પ્રશિક્ષણ આપવું.

(11) લોકોના આરોગ્ય અને સુખ, સગવડ વગેરે વધારવા માટે જે કાર્યો કરવા ફરજિયાત હોય તેનું યોગ્ય મેનેજમેન્ટ કરવું.

→ જાહેર આરોગ્ય સમિતિનો કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, જીલ્લા પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને

AGujarat.com

સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશો.

→ જીલ્લા પંચાયત જાહેર આરોગ્ય સમિતિને પંચાયતના ઠરાવની સત્તા સોંપે તે વાપરવાની અને ફરજો બજાવવાની છે. આ માટે જીલ્લા પંચાયતે ઠરાવ કરવો જરૂરી છે. ફકત જાહેર આરોગ્ય સમિતિની રચનાથી જ તેને અધિકાર મળતો નથી. જીલ્લા પંચાયત આ સમિતિને સોંપેલી સત્તા-કાર્યોમાં ફેરફાર કરી શકે છે.

→ જીલ્લા પંચાયતની જાહેર આરોગ્ય સમિતિના નિર્ણયથી જે વ્યક્તિને નાણાંકીય નુકશાન થતું હોય અથવા થવાની શક્યતા હોય તે વ્યક્તિ જીલ્લા પંચાયતને 60 દિવસમાં અપીલ કરી શકે છે.

→ જાહેર આરોગ્ય સમિતિએ જીલ્લા પંચાયત તેને વખતોવખત આપે તેવી સૂચનાઓનું પાલન કરવું પડશે.

→ જીલ્લા પંચાયત જાહેર આરોગ્ય સમિતિ પાસેથી કોઈપણ બાબતમાં પત્રક, નિવેદન, હિસાબો અથવા રિપોર્ટ મંગાવી શકે છે.

→ જાહેર આરોગ્ય સમિતિમાં એકવાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટાવાને પાત્ર થશે.

→ રચાયેલી સમિતિમાં ચૂંટાયેલા સભ્યની ખાલી પડતી કોઈપણ જગ્યા ચૂંટણી દ્વારા ભરવામાં આવશે.

→ જે કાર્યો, સત્તાઓ અને ફરજો આ સમિતિને સોંપવામાં આવ્યા ન હોય તે જીલ્લા પંચાયત પોતે જ વાપરશે અને બજાવશે.

→ જીલ્લા પંચાયતનો કોઈપણ સભય બે થી વધુ સમિતિઓનો સભ્ય થઈ શકે નહીં. જો કોઈપણ સભ્ય બે થી વધુ સમિતિમાં ચૂંટાય તો ચૂંટણીનું પરિણામ જાહેર કરવાની તારીખથી 10 દિવસમાં તેણે જીલ્લા પંચાયતના પ્રમુખને જણાવશે કે તે કઈ બે સમિતિઓમાં સભ્ય તરીકે કામ કરવા ઈચ્છે છે. જો તે સભ્ય જાણ ન કરે તો જીલ્લા પંચાયત નક્કી કરશે કે તે કઈ બે સમિતિમાં ચાલુ રહેશે અને જો જીલ્લા પંચાયત પણ તે અંગેનો નિર્ણય કરવામાં અસફળ રહે તો હાઈકોર્ટ મેન્ડેમન્સ રીટ ઈસ્યુ કરી શકે છે.

- **<u>જાહેર બાંધકામ સમિતિ :</u>**

→ જીલ્લા પંચાયતે જાહેર બાંધકામ સમિતિની રચના કરવી ફરજીયાત છે.

→ જાહેર બાંધકામ સમિતિના સભ્યોની સંખ્યા જીલ્લા પંચાયત સામાન્ય સભામાં નક્કી કરે તેટલી પરન્તુ 5 થી વધુ નહિ તેટલી રહેશે.

→ જાહેર બાંધકામ સમિતિની મુદત બે વર્ષની રહેશે પરન્તુ પંચાયતની મુદલ પૂરી થતી હોય તો આ સમિતિની મુદત પણ પૂરી થશે.

→ જાહેર બાંધકામ સમિતિના કાર્યો નીચે મુજબ રહેશે -

(1) જીલ્લાના પાકા રસ્તાઓનું બાંધકામ કરવું.

(2) રસ્તાઓની બન્ને બાજી વૃક્ષારોપણ કરીને તેની જાળવણી કરવી.

(3) રાજ્ય સરકાર ધ્વારા સોંપવામાં આવેલ બાંધકામ કરવું અને તેનો અમલ યોગ્ય રીતે તેવી દેખરેખ રાખવી.

(4) જીલ્લા પંચાયતના ક્ષેત્ર હેઠળ આવતાં મકાનોની સારસંભાળ, મરામત અને જાળવણી કરવી.

(5) જીલ્લા પંચાયતની પ્રવૃત્તિ માટે જરૂરિયાત મુજબના નવા મકાનો બાંધવા, જૂનાનું સમારકામ કરવું અને તેમની જાળવણી પ્રત્યે સતર્ક રહેવું.

(6) જીલ્લા પંચાયતના તથા સહકારી બાંધકામો માટે ટેકનિકલ મદદ કરવી.

(7) કુદરતી આફતો સમયે રાહતને લગતાં કાર્યો બજાવવા.

→ જીલ્લા પંચાયત જાહેર બાંધકામ સમિતિને પંચાયતના ઠરાવથી સત્તા સોંપે તે વાપરવાની અને ફરજો બજાવવાની છે. આ માટે જીલ્લા પંચાયતે ઠરાવ કરવો જરૂરી છે ફકત જાહેર બાંધકામ સમિતિની રચનાથી જ તેને અધિકાર મળતો નથી.

→ જીલ્લા પંચાયત જાહેર બાંધકામ સમિતિને સોંપેલી સત્તા - કાર્યોમાં ફેરફાર કરી શકે છે.

→ જાહેર બાંધકામ સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે પરન્તુ પ્રમુખ અને ઉપપ્રમુખ સમિતિના સભ્ય હોય, ત્યારે પ્રમુખ અને ઉપપ્રમુખ સમિતિના સભ્ય હોય, ત્યારે પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ સમિતિનો અધ્યક્ષ બનવાની ના પાડે તો ઉપપ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ સમિતિનો અધ્યક્ષ બનવાની ના પાડે તો ઉપપ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને સમિતિના

અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જો ફક્ત ઉપપ્રમુખ જ સમિતિના સભ્ય હોય એટલે કે તે સમિતિમાં પ્રમુખ સભ્ય તરીકે ન હોય તો હોદ્દાની રૂએ ઉપપ્રમુખ સમિતિના અધ્યક્ષ બનશે. જો ઉપપ્રમુખ સમિતિના અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ તરીકે ચૂંટી કાઢશે.

→ જીલ્લા પંચાયતનો સભ્ય ન હોય તેવી કોઈ વ્યક્તિ, જાહેર બાંધકામ સમિતિનો અધ્યક્ષ બની શકે નહિં.

→ એક વખત સભ્ય સમિતિનો અધ્યક્ષ ચૂંટાયા પછી પાછળથી પ્રમુખ અથવા ઉપપ્રમુખ જો સમિતિના સભ્ય થશે તો પણ તે સમિતિના પદનિમિત્ત અધ્યક્ષ થઈ શકશે નહિં.

→ જાહેર બાંધકામ સમિતિનો કોઈ સભ્ય અથવા અધ્યક્ષ, જીલ્લા પંચાયતને પોતાનું રાજીનામું મોકલીને સમિતિના સભ્ય અથવા અધ્યક્ષ તરીકે રાજીનામું આપી શકશે.

→ જીલ્લા પંચાયતની જાહેર બાંધકામ સમિતિના નિર્ણયથી જે વ્યક્તિને નાણાકીય નુકશાન થતું હોય અથવા થવાની શક્યતા હોય તે વ્યક્તિ જીલ્લા પંચાયતને 60 દિવસમાં અપીલ કરી શકે છે.

→ જાહેર બાંધકામ સમિતિએ જીલ્લા પંચાયત તેને વખતો વખત આપે તેવી સૂચનાઓનું પાલન કરવું પડશે.

→ જીલ્લા પંચાયત જાહેર બાંધકામ સમિતિ પાસેથી કોઈપણ બાબતમાં પત્રક, નિવેદન, હિસાબો અથવા રિપોર્ટ મંગાવી શકે છે.

→ જાહેર બાંધકામ સમિતિમાં એકવાર ચૂંટાયેલો સભ્ય ફરી ચૂંટાવાને પાત્ર થશે.

→ રચાયેલી સમિતિમાં ચૂંટાયેલા સભ્યની ખાલી પડતી કોઈપણ જગ્યા ચૂંટણી ધ્વારા ભરવામાં આવશે.

→ જે કાર્યો, સત્તાઓ અને ફરજો આ સમિતિને સોંપવામાં આવ્યા ન હોય તે જીલ્લા પંચાયત પોતે જ વાપરશે અને બજાવશે.

→ જીલ્લા પંચાયતનો કોઈપણ સભ્ય બે થી વધુ સમિતિઓનો સભ્ય થઈ શકે નહિ. જો કોઈપણ સભ્ય બે થી વધુ સમિતિઓમાં ચૂંટાય તો ચૂંટણીનું પરિણામ જાહેર થવાની તારીખથી 10 દિવસમાં તેણે જીલ્લા પંચાયતના પ્રમુખને જણાવશે કે તે કઈ બે સમિતિઓમાં સભ્ય તરીકે કામ કરવા ઈચ્છે છે. જો તે સભ્ય જાણ ન કરે તો જીલ્લા પંચાયત નક્કી કરશે કે તે કઈ બે સમિતિમાં ચાલુ રહેશે. અને જો જીલ્લા પંચાયત પણ તે અંગેનો નિર્ણય કરવામાં અસફળ રહે તો હાઈકોર્ટે મેન્ડેમન્શ રીટ ઈસ્યુ કરી શકે છે.

- **<u>વીસ મુદ્દા અમલીકરણ સમિતિ:</u>**

→ જીલ્લા પંચાયતે વીસ મુદ્દા અમલીકરણ સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ આ સમિતિના સભ્યોની સંખ્યા 5 રહેશે, જેમાં જીલ્લા પંચાયતના પ્રમુખ અને જીલ્લા પંચાયત પોતાના સભ્યોમાંથી પસંદ કરે તેવા ચાર સભ્યો.

→ જીલ્લા પંચાયતના પ્રમુખ હોદ્દાની રૂએ આ સમિતિના અધ્યક્ષ બને છે.

→ આ સમિતિની મુદત 2 વર્ષની રહેશે પરન્તુ જીલ્લા પંચાયતની મુદત પૂર્ણ થાય તો સમિતિની પણ મુદત પૂરી થશે.

→ વડાપ્રધાનના વીસ (20) મુદ્દાના આર્થિક કાર્યક્રમના પંચાયત ધ્વારા અમલ કરવા માટે આ સમિતિની રચના કરવામાં આવે છે.

→ 1 એપ્રિલ, 1987 થી ગુજરાત રાજ્યમાં આ વીસ મુદ્દાનો કાર્યક્રમ અમલી બન્યો છે, તે નીચે મુજબ છે -

(1) ગ્રામીણ ગરીબાઈનો પ્રતિકાર
(2) વરસાદ પર આધારિત કૃષિ માટેની વ્યૂહરચના
(3) સિંચાઈના પાણીનો વધુ સારો ઉપયોગ
(4) મબલખ પાક
(5) જમીન સુધારણાનો અમલ
(6) ગ્રામીણ મજૂરો માટે ખાસ કાર્યક્રમ
(7) પીવાનું સ્વચ્છ પાણી
(8) સર્વ માટે આરોગ્ય
(9) બે બાળકોનો આદર્શ
(10) શિક્ષણનું વિસ્તૃતીકરણ
(11) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને ન્યાય
(12) મહિલાઓ માટે સમાનતા
(13) યુવા વર્ગ માટે નવી તકો
(14) લોકો માટે રહેણાંકની વ્યવસ્થા
(15) ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં સુધારો

4Gujarat.com

(16) વનીકરણ માટે નવી વ્યૂહરચના

(17) પર્યાવરણનું રક્ષણ

(18) ગ્રાહકોનાં હિતોની રક્ષા

(19) ગામો માટે ઊર્જા

(20) જવાબદાર વહીવટીતંત્ર

- **અન્ય સમિતિઓ:**

→ ઉપરોક્ત જણાવેલ સાત સમિતિઓ ઉપરાંત જીલ્લા પંચાયત રાજય સરકારની અગાઉથી મંજૂરી લઈને એક વર્ષની મુદત માટે બીજી એક અથવા તેથી વધુ સમિતિઓની રચના કરી શકશે.

→ આ સમિતિની રચના મરજિયાત સ્વરૂપે રહેશે.

→ આવી સમિતિ કે સમિતિઓની રચના જીલ્લા પંચાયતે નક્કી કરેલાં કોઈ કામકાજનો અથવા યોજનાનો અમલ કરવા અથવા પંચાયત સોંપે તેવી બાબતમાં તપાસ કરીને તેનો અહેવાલ આપવાનો રહેશે.

→ આવી દરેક સમિતિની મુદત પંચાયત નક્કી કરે તેટલી એક વર્ષથી વધુ નહિ તેટલી રહેશે.

→ આવી સમિતિની કુલ સભ્ય સંખ્યા જીલ્લા પંચાયત નક્કી કરે તેટલી પરન્તુ 5 થી વધુ નહિ તેટલી રહેશે.

→ આ સમિતિને પંચાયત ઠરાવથી સોંપે તે સત્તા વાપરશે અને ફરજ બજાવશે.

→ આવી સમિતિના સભ્યોની ચૂંટણી પંચાયતના મત આપવાને અધિકારી સભ્યો કરશે.

→ આ સમિતિએ કઈ કાર્યપદ્ધતિતી કામ કરવું તેના વિનિયમો પંચાયત નક્કી કરી શકશે.

→ જીલ્લા પંચાયત આ સમિતિ પાસેથી કોઈપણ બાબતમાં પત્રક, નિવેદન, હિસાબો અને રિપોર્ટ માંગી શકશે.

→ આ સમિતિના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ જીલ્લા પંચાયતને અપીલ કરી શકશે.

→ આવી સમિતિને જીલ્લા પંચાયતે સોંપેલા કાર્યો અને સત્તા કોઈપણ સમયે પંચાયત પાછાં લઈ શકે છે અથવા બીજી કોઈ સમિતિને સોંપી શકે છે.

→ આવી સમિતિના સભ્યો જીલ્લા પંચાયતના પોતાના સભ્યો ઉપરાંત જીલ્લાના લાયકાત ધરાવતા મતદારને (જે જીલ્લા પંચાયતનો સભ્ય ન હોય તો પણ) પણ આ સમિતિમાં નીમી શકાશે. આવા નિમાયેલ સભ્ય કે સભ્યોને સમિતિમાં બોલવાનો અને ભાગ લેવાનો અધિકાર છે પણ તેને મત આપવાનો અધિકાર નથી તેમજ તે સમિતિના અધ્યક્ષ પણ થઈ શકશે નહિં.

→ જીલ્લા પંચાયતને જરૂરી લાગે તો નીચે મુજબની વધારાની સમિતિઓની રચના કરી શકશે અને તે માટે સરકારની પૂર્વમંજૂરીની જરૂરિયાત રહેશે નહિં.

- **ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ:**

→ આ સમિતિની સભ્ય સખ્યા વધુમાં વધુ 5 રહેશે.

→ આ સમિતિની મુદત 1 વર્ષની રહેશે.

→ આ સમિતિના સભ્યોની ચૂંટણી જીલ્લા પંચાયતના સભ્યોમાંથી કરવામાં આવે છે.

→ આ સમિતિમાં પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બને છે.

→ આ સમિતિના કાર્યો નીચે મુજબ છે.

(1) આદર્શ કૃષિ કેન્દ્રો સ્થાપવા અને ચલાવવા.

(2) જમીન સુધારણા કાર્યક્રમોનો અમલ કરવો.

(3) સુધારેલા બિયારણના ઉત્પાદન કેન્દ્ર ચલાવવા.

(4) સેન્દ્રીય ખાતરની યોજનાઓનો અમલ કરવો.

(5) સહકારી પ્રવૃત્તિઓનો પ્રચાર કરવો.

(6) સિંચાઈની અને અન્ય યોજનાઓનો સહકારી ધોરણે વિકાસ કરવો.

- **મહિલા, બાળકલ્યાણ અને યુવાવિકાસ સમિતિ:**

→ આ સમિતિની સભ્ય સખ્યા વધુમાં વધુ 5 રહેશે.

→ આ સમિતિની મુદત 1 વર્ષની રહેશે.

→ આ સમિતિના સભ્યોની ચૂંટણી જીલ્લા પંચાયતના સભ્યોમાંથી કરવામાં આવે છે.

→ આ સમિતિમાં પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બને છે.

→ આ સમિતિના કાર્યો નીચે મુજબ રહેશે.

(1) મહિલા અને બાળ કલ્યાણ માટેની યોજનાઓનો અમલ કરવો.

(2) મહિલાઓના આર્થિક વિકાસ માટે પ્રવૃત્તિઓ કરવી.

(3) બાળકો અને યુવાઓના વિકાસ માટે આયોજન કરવું.

(4) મહિલાઓ માટે સાસ્કૃતિક પ્રવૃતિઓનું આયોજન કરવું.

AGujarat.com

(5) ગરીબ સગર્ભા મહિલાઓ માટે પોષક આહારનો પ્રબંધ કરવો.

(6) માતા અને તેના એક વર્ષ સુધીના બાળકને પોષક આહારનો પ્રબંધ કરવો.

- **હળપતિ અને ભૂમિહિન ખેતમજૂરોની આવાસ બાંધકામ સમિતિ:**

→ વલસાડ, સૂરત અને ભરૂચ જીલ્લાઓનો વિશિષ્ટ પરિસ્થિતિ તેમજ તેના સ્થાનીય પ્રશ્નોને અનુલક્ષીને આવી જીલ્લા પંચાયતોને યોગ્ય અને જરૂરી લાગે તો આ સમિતિની રચના કરી શકે છે.

→ આ સમિતિની સભ્ય સંખ્યા વધુ 5 રહેશે.

→ આ સમિતિની મુદલ એક વર્ષની રહેશે.

→ આ સમિતિના સભ્યોની ચૂંટણી જીલ્લા પંચાયતના સભ્યોમાંથી કરવામાં આવે છે.

→ આ સમિતિમાં પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બને છે.

→ આ સમિતિના કાર્યો નીચે મુજબ રહેશે.

(1) હળપતિ તરીકે ઓળખાતા લોકો માટે આવાસો બાંધવા.

(2) આવાસો માટે ઘરથાળની જમીન સંપાદન કરવી.

(3) આવાસોના બાંધકામ માટે બાંધકામ સામગ્રીની ખરીદી કરવી.

નોંધઃ આવી સમિતિઓની રચના થયા પછી તે સમિતિઓના નામ, બાયોડેટા, સહિતની માહિતી નીચે મુજબના અધિકારીઓને તાત્કાલિક મોકલવાની રહેશે.

(1) વિકાસ કમીશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને

(2) અગ્રસચિવશ્રી, પંચાયત અને ગૃહ નિર્માણ વિભાગને

★★★★★

## પ્રકરણ-7 - પંચાયત (અનુસૂચિત ક્ષેત્રોમાં વિસ્તાર) એકટ, 1996 (PESA)

- **દિલીપસિંહ ભૂરિયા સમિતિ (1994-95) :**

→ બંધારણની પાંચમી અને છઠ્ઠી અનુસૂચિ અનુસૂચિત ક્ષેત્રોથી સંબંધિત છે.

→ આદિવાસી વિસ્તારોને સ્વશાસન આપવા અંગેનો કાયદો ઘડવા માટેની સલાહ આપવા માટે ભારત સરકારે સંસદ સભ્ય ‘‘શ્રી દિલીપસિંહ ભૂરિયા’’ અધ્યક્ષતા હેઠળ તારીખ 10-06-1994 ના હુકમથી એક સમિતિની રચના કરી હતી.

→ જેનો અહેવાલ તારીખ 17 જાન્યુઆરી, 1995 ના રોજ કેન્દ્ર સરકારને આપવામાંઆવ્યો.

→ આ સમિતિની ભલામણોના આધારે મે, 1995 માં રજૂ થયેલ બીલને સંસદની મંજૂરી મળતા તારીખ 24 ડિસેમ્બર, 1996 થી રાષ્ટ્રપતિની મંજૂરીથી પંચાયતોની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) એકટ, 1996 અમલમાં આવેલ છે.

→ આ સમિતિની મુખ્ય ભલામણો નીચે મુજબ છે -

(1) પાંચમી અનુસૂચિ અંતર્ગત રચનાર ‘‘જનજાતિ સલાહકાર પરિષદ’’ની અધ્યક્ષતા રાજ્યના મુખ્યમંત્રી કરે અને તેની બેઠક દર 3 (ત્રણ) મહિને ભરવામાં આવે.

(2) જનજાતિ બાબતોની ‘‘કેન્દ્રીય સલાહકાર પરિષદ’’ની અધ્યક્ષતા વડાપ્રધાન ધ્વારા કરવામાં આવે.

(3) આવી કેન્દ્રીય સલાહકાર પરિષદમાં ગ્રામીણ વિકાસ મંત્રાલય, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ગૃહ મંત્રાલયના મંત્રીઓ તેમજ આયોજન પંચના ઉપાધ્યક્ષને સભ્ય બનાવવામાં આવે.

(4) આવી કેન્દ્રીય સલાહકાર પરિષદના નિર્ણયો સંબંધિત વિભાગોને બંધનકર્તા બનાવવામાં આવે.

(5) જનજાતિ ક્ષેત્રોની જીવન શૈલી વિશિષ્ટ પ્રકારની હોવાથી ત્યાં પરંપરાગત સંસ્થાઓ અને આધુનિક પંચાયતી રાજનું મિશ્રણ કરવામાં આવે.

(6) જેવી રીતે છઠ્ઠી અનુસૂચીની સ્વાયત જીલ્લા પરિષદોને કાનૂની, ન્યાયિક અને નાણાકીય શક્તિઓ પ્રાપ્ત છે તેવી રીતે પાંચમી અનુસૂચીને અધીન આવનાર અનુસૂચિત ક્ષેત્રોની પંચાયતોને અધિકારો આપવામાં આવે.

ZGujarat.com

(7) પાંચમી અનુસૂચિત ક્ષેત્રોમાં રચનારી પંચાયતી રાજની સંસ્થાઓએ નિશ્ચિત કરે કે માનવ સંસાધન વિકાસ હેઠળ મળનારી ગ્રાન્ટનો મોટો ફાળો આરોગ્ય અને શિક્ષણ પાછળ ખર્ચવામાં આવે.

(8) આ વિસ્તારોમાં સહકારિતાના આધારે સ્થાનીય સંગઠનો બનાવવામાં આવે.

(9) આ વિસ્તારમાં આવેલી પરંપરાગત ગ્રામસભાને પર્યાપ્ત સશક્ત અને અસરકારક બનાવવામાં આવે.

(10) જીલ્લા સ્તરીય પંચાયતને સ્વાયત્ત શાસકીય જીલ્લા પરિષદ નામ આપવામાં આવે.

(11) જે જીલ્લામાં જનજાતિની સંખ્યા 50 ટકાથી ઓછી છે તેવા વિસ્તારમાં સ્વાયત્તશાસન ધરાવતી ''ઉપ જીલ્લા પરિષદ''ની રચના કરવામાં આવે.

- **<u>પંચાયત (અનુસૂચિત ક્ષેત્રોમાં વિસ્તાર ) એકટ, 1996 :</u>**

→ પંચાયતી રાજવ્યવસ્થાને બંધારણીય સ્થાન આપવા માટે ભારતના બંધારણમાં 9માં ભાગનો ઉમેરો 73માં સુધારાથી થયેલ છે, જે 24 એપ્રિલ, 1993 થી અમલી બન્યો છે.

→ આદિવાસી વિસ્તારોને સ્વશાસન આપવા અંગેનો કાયદો ઘડવા માટેની સલાહ આપવા માટે ભારત સરકારે સંસદ સભ્ય ''શ્રી દિલીપસિંહ ભૂરિયા''ની અધ્યક્ષતા હેઠળ તારીખ 10-06-1994 ના હુકમથી એક સમિતિની રચના કરી હતી. જેનો અહેવાલ તારીખ 17 જાન્યુઆરી, 1995 ના રોજ કેન્દ્ર સરકારને આપવામાં આવ્યો.

→ આ કમિટીની ભલામણોના આધારે મે, 1995 માં રજૂ થયેલ બીલને સંસદની મંજૂરી મળતા તારીખ 24 ડિસેમ્બર, 1996 થી રાષ્ટ્રપતિની મંજૂરીથી પંચાયતોની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોમાં વિસ્તરણ) એકટ, 1996 અમલમાં આવેલ છે.

→ આ વિધેયક ''પીસા'' નામે ઓળખાય છે અને બંધારણની કલમ 244(1) અન્તર્ગત પાંચમી અનુસૂચિ પ્રમાણેના વિસ્તારો ધરાવતા 9 રાજ્યોમાં અમલમાં છે તે રાજ્યો છે -

(1) ગુજરાત (2) રાજસ્થાન (3) મહારાષ્ટ્ર (4) મધ્યપ્રદેશ (5) આંધ્રપ્રદેશ (6) ઝારખંડ (7) છત્તીસગઢ (8) હિમાચલ પ્રદેશ (9) ઓરિસ્સા

→ ''અનુસૂચિત વિસ્તારો'' એટલે કે ભારતના બંધારણની કલમ 244 (1) માં ઉલ્લેખેલ રાજયના અનુસૂચિત વિસ્તારો

→ દરેક ગામ માટે એક ગ્રામસભા હોવી જોઈએ.

→ ગ્રામસભા, તે ગામના મતદાર વિભાગોના મતદારોની યાદીમાં જેમનાં નામો સમાવિષ્ટ કર્યા હોય તેવી વ્યક્તિઓની બનશે.

→ ગ્રામસભાની નીચેની જવાબદારી મુખ્ય ગણવામાં આવી છે-

(1) ગ્રામસભાએ સ્થાનિક રહેવાસીઓની આગવી સાંસકૃતિક ઓળખ જાળવવાની છે, તેમજ રહેવાસીઓના રિવાજો અને પ્રણાલિકાઓ જળવાઈ રહે તેવો પ્રયાસ કરવાનો છે. તેમજ તકરારોની પતાવટ અને સામૂહિક મિલકતોનો રૂઢિગત રિવાજ મુજબ વહીવટ કરવાનો છે.

(2) ગ્રામસભાએ સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓનો ગ્રામ પંચાયત અમલ હાથ ધરે તે પહેલાં, એવી યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ મંજૂર કરવી જોઈએ.

(3) ગ્રામસભાએ લાભાર્થી યાદીઓ મંજૂર કરવી.

→ ગ્રામસ્તરે દરેક પંચાયતો સામાજિક અને આર્થિક વિકાસ માટેની યોજનાઓ, કાર્યક્રમો અને પરિયોજનાઓ માટે તેણે વાપરેલ ફંડ કે ભંડોળના વપરાશ બાબતનું પ્રમાણપત્ર ગ્રામસભા પાસેથી મેળવવાનું રહેશે.

→ સમગ્ર સ્થાનિક વિસ્તાર, કોઈપણ અનુસૂચિત વિસ્તારોનો બનેલો હોય તેવી ગ્રામપંચાયતો, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની બાબતમાં, અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા એવી રીતે વધારવી જોઈએ કે જેથી કરીને આવી સંખ્યા, ગામ પંચાયત અથવા તાલુકા પંચાયત અથવા જીલ્લા પંચાયતમાંની બેઠકોની કુલ સંખ્યાના 50 ટકા કરતાં ઓછી થાય નહિં.

→ પરન્તુ ગુજરાત સરકારે 23 નવેમ્બર, 2001ની અધિસૂચના ધ્વારા અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતી રાજ અંગે બે ફેરફારો કર્યા છે -

(1) આદિવાસી ક્ષેત્રની જે ગામ પંચાયતોમાં આદિવાસી વસ્તી 25 ટકા અથવા તેથી વધારે હશે ત્યાં કુલ બેઠકોમાં આદિવાસીઓની અનામત બેઠકોની સંખ્યા 50 ટકાથી ઓછી નહીં હોય -

AGujarat.com

(2) જે ગામ પંચાયતોમાં બિન-આદિવાસીઓની વસ્તી 75 ટકા કે વધારે હશે તે પંચાયતોમાં સરપંચનો હોદ્દો આદિવાસીઓ માટે અનામત રખાશે નહિં.

→ કોઈ કારણસર, તાલુકા અથવા જીલ્લા પંચાયતમાં કોઈ આદિવાસી ચૂંટાય નહિ તો કુલ સભ્ય સંખ્યાના 10 ટકા સુધી રાજ્ય સરકાર તેવી જાતિના સભ્યની નિયુક્તિ કરી શકે છે.

→ રાજ્યની તમામ તાલુકા પંચાયત અથવા જીલ્લા પંચાયત (તાલુકા પંચાયત અથવા જીલ્લા પંચાયત એટલે જેનો સમગ્ર સ્થાનિક વિસ્તાર અનુસૂચિત વિસ્તારોનો બનેલો હોય તે) ના પ્રમુખના હોદ્દા, અનુસૂચિત આદિજાતિઓ માટે રાજ્ય સરકારે અનામત રાખવી જોઈએ.

→ રાજ્ય સરકાર ધ્વારા અનુસૂચિત વિસ્તારમાં ચાલતી વિકાસ, યોજનાઓ માટે અને તેવી યોજનાઓની અસરથી વિસ્થાપિત થયેલ લોકોના પુનઃસ્થાપન માટે ની જમીન સંપાદન કરતાં પહેલાં ગ્રામસભા અથવા સંબંધિત પંચાયતો સાથે ચર્ચા - વિચારણા કરશે.

→ અનુસૂચિત વિસ્તારોમાં પાણીના નાનાં કામોનું આયોજન અને વહીવટની કામગીરી યોગ્ય સ્તરની પંચાયતોને સોંપવામાં આવશે.

→ અનુસૂચિત વિસ્તારોમાં ભાડાપટ્ટે ગૌણ ખનિજો મેળવવા માટેની પ્રક્રિયાના લાયસન્સ અથવા ભાડાપટા મેળવતા પહેલાં ગ્રામસભા કે યોગ્ય પંચાયતોની ભલામણ ફરજિયાતપણે લેવાની હોય છે.

→ આ અધિનિયમનો મુખ્ય હેતુ અનુસૂચિત ક્ષેત્રોમાં પંચાયતી રાજને સુનિશ્ચિત કરવાનો, સ્વશાસનની તકો વધારવાનો, ગ્રામસભાને મજબૂત કરવાનો, લોકતાંત્રિક મૂલ્યોને સુદ્રઢ કરવાનો અને જનજાતિ સંસ્કૃતિને સુરક્ષિત કરવાનો છે.

→ અનુસૂચિત વિસ્તારોની પંચાયતો સ્વશાસનની સંસ્થાઓ તરીકે સક્ષમતાપૂર્વક કામ કરી શકે તે હેતુથી તેમને જરૂરી સત્તાઓ અને અધિકારો આપવાનો પ્રસંગ આવે ત્યારે યોગ્ય સ્તરની પંચાયતોને અને ગ્રામસભાને ખાસ કરીને નીચે મુજબની સત્તાઓ અને અધિકારો સોંપાય તેવી ચોકસાઈ રાજ્યની વિધાનસભાએ રાખવી જોઈએ જેમ કે -

(1) નશાબંધી લાદવાની સત્તા અથવા નશીલી વસ્તુઓના વપરાશ અને વેચાણ પર નિયંત્રણ

(2) ગૌણ વનપેદાશો પર માલિકી

(3) જમીન હસ્તાંતરણને રોકવું અને ગેરકાયદેસર રીતે હસ્તાંતરણ કરેલ જમીનને પાછી લેવાનો અધિકાર

(4) ગ્રામીણ હાટ કે ગ્રામીણ બજાર વ્યવસ્થાના મેનેજમેન્ટનો પૂર્ણ અધિકાર

(5) અનુસૂચિત જાતિઓને વ્યાજે નાણાં આપનાર ઉપર નિયંત્રણ કાર્યવાહી કરવાનો અધિકાર

(6) સમસ્ત સામાજિક ક્ષેત્રોની સંસ્થાઓ અને કામ કરનારાઓ ઉપર નિયંત્રણ કરવાની સત્તા

(7) વિકાસ કાર્યોના અમલ પૂર્વે પરવાનગીની આવશ્યકતા

(8) વિસ્થાપિતોના પુનર્વસન પહેલાં સલાહ - માર્ગદર્શન.

(9) લાભાર્થીઓની પસંદગી અને ઓળખ

(10) સ્થાનિક યોજનાઓ માટેનાં ફંડ પર સમ્પૂર્ણ નિયંત્રણ

→ આ એકટનો સૌપ્રથમ અમલ મધ્યપ્રદેશે પંચાયતી રાજ અધિનિયમ -1993માં સંશોધન કરીને 5 ડિસેમ્બર, 1997 ના રોજ કર્યો.

→ ભારતના બંધારણની પાંચમી અનુસૂચિ અન્તર્ગત 31 ડિસેમ્બર, 1977 ના જાહેરનામા પ્રમાણે બિહાર, ગુજરાત, મધ્યપ્રદેશ અને ઓરિસ્સાના રાજ્યના અનુસૂચિત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે જેમાં -

→ ગુજરાત રાજ્યના નીચેના વિસ્તારોને અનુસૂચિત વિસ્તારો જાહેર કરેલ છે -

(1) સુરત જીલ્લાના ઉચ્છલ, વ્યારા, મહુવા, માંડવી, નિઝર, સોનગઢ, વાલોડ, માંગરોળ અને બારડોલી તાલુકાઓ.

(2) ભરૂચ જિલ્લાના ડેડિયાપાડા, સાગબારા, વાલિયા, નાંદોદ અને ઝઘડિયા તાલુકાઓ

(3) ડાંગ જીલ્લો અને તાલુકો

(4) વલસાડ જીલ્લાના વાંસદા, ધરમપુર, ચીખલી, પારડી, ઉમરગામ તાલુકાઓ

(5) પંચમહાલ, જીલ્લાના ઝાલોદ, દાહોદ, સંતરામપુર, લીમખેડા અને દેવગઢ બારિયા તાલુકાઓ

AGujarat.com

(6) વડોદરા જીલ્લાના છોટાઉદેપુર, નસવાડી અને તિલકવાડા મહાલ તાલુકાઓ

(7) સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા, ભીલોડા, મેઘરજ અને વિજયનગર તાલુકાઓ

→ રાજ્ય સરકાર નવા જીલ્લાઓ કે તાલુકાઓની રચના કરે તો પણ ઉપરના આદેશથી જાહેર થયેલ વિસ્તાર અનુસૂચિત વિસ્તાર ગણાશે. ઉપરના તાલુકાના ગામો હવે કોઈ બીજા તાલુકામાં જાય તો પણ તે અનુસૂચિત વિસ્તારના ગામો જ ગણાશે અને કોઈ અન્ય તાલુકાના ગામો ઉપરના તાલુકામાં આવે તો તેનો અનુસૂચિત વિસ્તારમાં સમાવેશ થશે નહિં.

★★★★★

## પ્રકરણ-8 પંચાયતી રાજની અન્ય સંસ્થાઓ

### (1) ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ :

→ ગુજરાત રાજ્યમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત ઉપરાંત રાજ્ય પંચાયત પરિષદ પણ કાર્યરત છે.

→ આ પરિષદ રાજ્યની પંચાયત સંસ્થાઓ અને રાજ્ય સરકાર વચ્ચે સંકલનનું કાર્ય કરે છે.

→ પંચાયતોના પ્રશ્નોનું નિરાકરણ રાજ્ય સરકાર ધ્વારા અસરકારક રીતે થાય અને પંચાયતો વધારે કાર્યક્ષમ થાય તે હેતુથી રાજ્ય સરકારે રાજ્ય કક્ષાએ “રાજ્ય પંચાયત પરિષદ”ની રચના કરી છે.

→ રાજ્ય પંચાયત પરિષદની જોગવાઈ ગુજરાત પંચાયત ધારો 1993 ની કલમ- 266 માં કરવામાં આવી છે.

→ રાજ્ય પંચાયત પરિષદની રચના :

(1) અધ્યક્ષ - રાજ્યના પંચાયતમંત્રી

(2) ઉપાધ્યક્ષ - રાજ્યના રાજ્યકક્ષાના પંચાયતમંત્રી

અથવા

રાજ્યના રાજ્યકક્ષાના પંચાયત મંત્રી ન હોય તો, આવું તંત્ર સંભાળનાર નાયબ મંત્રી

અથવા

ઉપરના બન્ને મંત્રીઓની ગેરહાજરીમાં, આવું તંત્ર સંભાળનાર સંસદીય સચિવ

અથવા

આવો કોઈ હોદ્દો ધરાવતી વ્યક્તિ ન હોય, તો પરિષદે પોતાના સભ્યોમાંથી ઉપાધ્યક્ષને ચૂંટશે.

(3) સભ્યો - (A) રાજ્યની તમામ જીલ્લા પંચાયતોના પ્રમુખો

(B) પંચાયતોના વિકાસમાં રસ ધરાવનાર વ્યક્તિઓમાંથી રાજ્ય સરકાર ધ્વારા 7 સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે. જેમાં એક મહિલા અને એક અનુસૂચિત જાતિઓમાંની વ્યક્તિ હોવી જોઈએ.

4Gujarat.com

(C) રાજ્ય સરકારે નિયુક્ત કરેલાં 3 અધિકારીઓ

(D) ગુજરાત વિધાનસભાના સભ્યોએ પોતાનામાંથી ચૂંટવાના 3 સભ્યો

→ રાજ્ય સરકાર પંચાયત રાજ પરિષદના કામકાજ માટે પરિષદના સેક્રેટરીની નિમણૂક કરશે.

→ **<u>રાજ્ય પંચાયત પરિષદના કાર્યો :</u>**

(1) રાજ્ય સરકારને પંચાયતોને લગતા તમામ સામાન્ય પ્રશ્નો પર સલાહ આપવાનું કાર્ય.

(2) રાજ્ય સરકારને પંચાયતોના સેક્રેટરીઓ અને અન્ય કર્મચારીઓને પ્રશિક્ષણ કે તાલીમ આપવા માટેની યોજનાઓથી સંબંધિત સલાહ આપવાનું કાર્ય

(3) પંચાયતની વહીવટી સમીક્ષા કરીને ઉદભવતા સવાલોનું નિરાકરણ કરવાનું કાર્ય.

(4) પંચાયતો અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોની કામગીરી સાથે સંકલન કરવાનું કાર્ય

(5) રાજ્યની પંચાયતોને અનુભવાતી વહીવટી મુશ્કેલીઓને દૂર કરવાના ઉપાયો અને સાધનો સૂચવવાનું કાર્ય

(6) રાજ્ય સરકારને પંચાયતની કામગીરી અંગે ભલામણ કરવાનું કાર્ય

(7) રાજ્ય સરકાર માંગે તેવી બાબતો પર પોતાનો મંતવ્ય (અભિપ્રાય) રાજ્ય સરકારને રિપોર્ટ કરવાનું કાર્ય

→ વર્ષમાં પંચાયતી મંત્રીની અધ્યક્ષતામાં ઓછામાં ઓછી એકવાર રાજ્ય પંચાયત પરિષદની મીટિંગ (બેઠક) મળે છે.

→ ગુજરાત વિધાનસભાના સભ્યોએ ચૂંટેલા સભ્યોની હોદ્દાની મુદત, વિધાનસભાના સભ્ય તરીકેની મુદત પૂરી થયે મુદત પૂરી થશે.

→ રાજ્ય પંચાયત પરિષદનો કોઈ ચૂંટાયેલો અથવા નિમાયેલો સભ્ય, અધ્યક્ષને પોતાનું રાજીનામું લેખિત મોકલાવીને સભ્ય તરીકે રાજીનામું આપી શકશે. અધ્યક્ષને જે તારીખે આવું રાજીનામું મળે તે તારીખથી તેનો અમલ થશે.

→ અધ્યક્ષે ખાલી જગ્યાની જાણ નિમાયેલા સભ્યનું રાજીનામું હોય તો રાજ્ય સરકારને અને ગુજરાત વિધાનસભાએ ચૂંટેલા સભ્યનું રાજીનામું હોય તો ગુજરાત વિધાનસભાના સચિવને કરવી પડશે.

**(2) <u>ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ :</u>**

→ ગુજરાત પંચાયત ધારો - 1993 ની કલમ-235 માં "ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ" ની જોગવાઈ કરવામાં આવેલ છે.

→ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ 5 સભ્યોનું બનેલું હોય છે, જેમાંથી એક અધ્યક્ષ હોય છે

→ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના સભ્યો પૈકી ઓછામાં ઓછો એક સભ્ય, રાજ્યસેવાનો સભ્ય હોય અથવા એવી સેવામાંથી નિવૃત્ત થયેલ હોય તેવો વ્યક્તિ હોવો જોઈએ.

→ રાજ્ય સરકારે પોતાને યોગ્ય લાગે તેવી વ્યક્તિઓને બોર્ડના સભ્યો તરીકે નિમણૂંક કરશે અને આ નિમાયેલા વ્યક્તિઓમાંથી કોઈ એક વ્યક્તિને બોર્ડના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરશે.

→ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડનો કોઈ સભ્ય-

(1) જે તારીખે તે પોતાનો હોદ્દો ગ્રહણ કરે તે તારીખથી 6 વર્ષની અવધિ સુધી

અથવા

(2) તે 62 વર્ષની ઉંમરનો ન થાય ત્યાં સુધી આ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

(3) આવો કોઈ સભ્ય 6 વર્ષની અવધિ પૂરી થતાં ફરી 6 વર્ષ માટે નિમણૂંકને પાત્ર ગણાશે પરન્તુ આવો કોઈ સભ્ય 62 વર્ષની ઉંમર થઈ ગયા પછી આવા સભ્ય તરીકે પોતાનો હોદ્દો ધરાવતો ચાલુ રાખી શકશે નહિં.

→ ગુજરાત સેવા પસંદગી બોર્ડના સભ્યોની નોકરીની શરતો, જેમાં પગાર અને ભથ્થા વગેરેનો પણ સમાવેશ થાય છે, રાજ્ય સરકાર હુકમથી નક્કી કરી શકશે.

→ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડનું કાર્ય નીચે મુજબ રહેશે, જેમાં -

(1) પંચાયત સેવામાં જગ્યાઓની ભરતી માટે ઉમેદવારો પસંદ કરવાનું કાર્ય

(2) પંચાયત સેવામાં હોય તેવા કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા માટે પરીક્ષામાં પ્રવેશ માટેની શરતો, પરીક્ષાનો અભ્યાસક્રમ, અને પરીક્ષા પાસ કરવા માટે મેળવવાના ગુણ વગેરેનું કાર્ય

(3) નિમ્ન કક્ષાની પંચાયત સેવાની તમામ જગ્યાઓની સીધી ભરતી માટે પસંદગી કરવાનું કાર્ય

AGujarat.com

(4) તાલુકા અને જીલ્લા પંચાયતે, જેટલી જગ્યાઓ ખાલી હોય તેમજ ખાલી પડવાની શકયતા હોય તેની વિગત તૈયાર કરવાનું કાર્ય

(5) ઠરાવવામાં આવે તેવી અન્ય તમામ બાબતો વિશે પંચાયતોને સલાહ આપવાનું અને અન્ય બીજા કાર્યો કરવાનાં રહેશે.

**(3) <u>જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઃ</u>**

→ ગુજરાત પંચાયત ધારો - 1993 ની કલમ-236 માં "જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ" ની જોગવાઈ કરવામાં આવેલ છે.

→ જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના સભ્યોમાં -

(1) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના અધ્યક્ષ ધ્વારા નિયુક્ત એક સભ્ય,

(2) જીલ્લા પંચાયતના પ્રમુખ

(3) રાજ્ય સરકારે નિયુક્ત કરેલ પંચાયત સેવા અથવા રાજ્યસેવાનો એક અધિકારી

→ રાજ્ય સરકારે નિયુક્ત કરેલ પંચાયત સેવા અથવા રાજ્ય સેવાના એક અધિકારીમાં જીલ્લા વિકાસ અધિકારીને સમિતિના સભ્ય નિયુક્ત કરવામાં આવેલા છે.

→ પંચાયત સેવાની જગ્યાઓની ભરતી માટે દરેક જીલ્લામાં જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ રહેશે.

→ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના અધ્યક્ષ જે સભ્યને નિયુક્ત કરે તે જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના અધ્યક્ષ બનશે.

→ જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના કાર્યો નીચે મુજબ રહેશે, જેમાં -

(1) પંચાયત સેવાથી સંબંધિત અધિકારીઓ અને સેવકોની ભરતીનું કાર્ય

(2) આવી ભરતીની જગ્યાઓ પર સીધી ભરતીથી બઢતીથી, બદલીથી, ડેપ્યુટેશનથી અથવા ઉછીની સેવાના ધોરણે નિમણૂક કરવાનું કાર્ય

(3) નિયમોથી નક્કી કરવામાં આવેલ બીજા કાર્યો અને ફરજો આ સમિતિએ બજાવવાનાં છે.

(4) બીજી કોઈપણ બાબતો વિશે પંચાયતને સલાહ આપવાનું કાર્ય

**(4) <u>નાણાં કમીશનઃ</u>**

→ રાજ્યના રાજ્યપાલ બંધારણના 73માં સુધારા, 1992 અન્તર્ગત દર 5 વર્ષ પછી નાણાકીય સ્થિતિની સમીક્ષા માટે નાણાપંચની નિમણૂંક કરશે.

→ પંચાયતો માટે નાણાં કમીશનની જોગવાઈ બંધારણની કલમ-243 (આઈ)માં આપેલ છે.

→ ગુજરાત પંચાયત ધારો- 1993ની કલમ-226માં નાણાં કમીશનની જોગવાઈ કરવામાં આવી છે.

→ નાણા કમીશન, રાજ્ય સરકાર નક્કી કરે તેવા અધ્યક્ષ સહિત, 5 કરતાં વધુ ન હોય તેટલા સભ્યોનું રહેશે.

→ નાણા કમીશનના સભ્યો નીચે મુજબ રહેશે-

(1) નાણાં કમીશનના અધ્યક્ષની નિમણૂક જેને જાહેર કામકાજનો અનુભવ હોય તેવી વ્યક્તિઓમાંથી પસંદ કરવામાં આવશે.

(2) હાઈકોર્ટના ન્યાયાધીશ હોય અથવા રહી ચૂકયા હોય અથવા તે તરીકે નિમણૂંક માટે લાયક હોય તેવી વ્યક્તિ

(3) સરકારના અને સ્થાનિક સત્તામંડળોનાં નાણાં અને હિસાબોનું ખાસ જ્ઞાન ધરાવતી હોય તેવી વ્યક્તિ

(4) નાણાકીય બાબતો અને વહીવટમાં બહોળો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિ

(5) આર્થિક બાબતોનું ખાસ જ્ઞાન ધરાવતી હોય તેવી વ્યક્તિ

→ નાણાં કમીશનનો દરેક સભ્ય, તેની નિમણૂક કરતા રાજ્યપાલના હુકમમાં નિદિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી હોદો ધરાવશે.

→ નાણાં કમીશનને, દીવાની કાર્યરીતિ એકટ-1908 હેઠળ દીવાની કોર્ટની તમામ સત્તા રહેશે, જેમાં -

(1) સાક્ષીને બોલાવવાની અને હાજર રખાવવાની

(2) કોઈપણ દસ્તાવેજ રજૂ કરવાનું ફરમાવવાની

(3) કોઈપણ કોર્ટ અથવા ઑફિસનું કોઈપણ સરકારી રેકોર્ડ સંપાદન કરવાની

(4) કોઈપણ વ્યક્તિને કમીશનની વિચારણા હેઠળની કોઈપણ બાબત સંબંધી ઉપયોગી માહિતી પૂરી પાડવા માટે ફરમાન કરવાની સત્તા

**(5) <u>જીલ્લા આયોજન સમિતિ :</u>**

4Gujarat.com

→ ભારતના બંધારણના 74માં સુધારા અધિનિયમ, 1992ની કલમ-243(z)માં જીલ્લા આયોજન સમિતિની જોગવાઈ કરવામાં આવી છે.

→ આ જોગવાઈ પ્રમાણે સમગ્ર જીલ્લાની વિકાસ યોજના માટે જીલ્લા પંચાયતના સભ્યો અને જીલ્લાની નગરપાલિકાઓના સભ્યોની બનેલ જીલ્લા આયોજન સમિતિની રચના કરવામાં આવે છે.

→ જીલ્લા આયોજન સમિતિની સભ્ય સંખ્યા 30 થી 50

→ જીલ્લા આયોજન સમિતિના સભ્યો -

(1) અધ્યક્ષ - જીલ્લાના પ્રભારી મંત્રી

(2) ઉપાધ્યક્ષ- જીલ્લા પંચાયતના પ્રમુખ

(3) સભ્યો - ગામ અને શહેરી વિસ્તારની વસ્તીના પ્રમાણસર કુલ સભ્યોના 80 ટકા સભ્યો જીલ્લા પંચાયતના સભ્યો અને નગરપાલિકાઓના સભ્યોમાંથી ચૂંટવામાં આવશે.

(4) નિયુક્ત સભ્યો- એન્જિનીયરિંગ નિષ્ણાત, આયોજન નિષ્ણાંત નાણાં-વહીવટી નિષ્ણાત, NGO નિષ્ણાંત

(5) કાયમી આમંત્રિતો - જીલ્લાના ચૂંટાયેલા સંસદસભ્યો કે વિધાનસભ્યો

(6) આમંત્રિતો - જીલ્લા કક્ષાના ખાતાઓના અધિકારીઓ

(7) સમિતિના સચિવ - જીલ્લા કલેકટર

(8) સભ્ય સચિવ - જીલ્લા વિકાસ અધિકારી

(9) અધિક સભ્ય સચિવ - જીલ્લા આયોજન અધિકારી

**(6) <u>તાલુકા આયોજન સમિતિ :</u>**

→ જીલ્લા આયોજન સમિતિને સંખ્યાબંધ બાબતોમાં સહાય કરવા માટે દરેક તાલુકામાં તાલુકા આયોજન સમિતિની રચના કરવામાં આવે છે.

→ તાલુકા આયોજન સમિતિએ તાલુકા કક્ષાએ ગ્રામ્ય વિજળીકરણ, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક આરોગ્ય, ગ્રામ્ય રસ્તાઓ, પોષણ અને ગંદા વસવાટોની વાતાવરણ લક્ષી સુધારણા વગેરે કાર્યો કરવાનાં હોય છે -

→ તાલુકા આયોજન સમિતિની સભ્ય સંખ્યા - 7

→ તાલુકા આયોજન સમિતિના સભ્યો -

(1) અધ્યક્ષ - તાલુકા પંચાયતના પ્રમુખ

(2) ઉપાધ્યક્ષ - પ્રાંત અધિકારી/નાયબ જીલ્લા વિકાસ અધિકારી

(3) સભ્ય - તાલુકાના બધા ધારાસભ્યો

(4) સભ્ય - તાલુકામાંથી ચૂંટાયેલ જીલ્લા પંચાયતના સભ્ય

(5) સભ્ય - તાલુકાની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ

(6) સભ્ય - મામલતદાર

(7) સભ્ય સચિવ - તાલુકા વિકાસ અધિકારી

**(7) <u>ગ્રામ્ય સુખાકારી યોજનાની સમિતિઓ:</u>**

→ કેન્દ્ર સરકારની ગ્રામ્ય સુખાકારી યોજનાઓના અમલ માટે રાજ્ય સરકારે તારીખ 21 એપ્રિલ, 2004 નો પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગનો ઠરાવ પસાર કર્યો છે.

→ આ યોજનાના અમલ માટે વિવિધ સ્તરની સમિતિઓની રચના કરવામાં આવી છે, જે નીચે મુજબ છે.

(A) રાજય સ્તરનું જાહેર સુખાકારી મિશન (સ્ટેટ સેનિટેશન મિશન ગર્વનિંગ કાઉન્સિલ)

(B) રાજ્યકક્ષાએ કાર્યક્રમ અમલીકરણ અને મોનેટરિંગ સમિતિ

(C) જીલ્લા સુખાકારી સમિતિ (ડિસ્ટ્રીકટ સેનિટેશન સમિતિ)

(D) તાલુકા સુખાકારી સમિતિ (તાલુકા સેનિટેશન સમિતિ)

(E) ગ્રામ્ય સુખાકારી સમિતિ (વિલેજ સેનિટેશન સમિતિ)

**(A) <u>રાજ્ય સ્તરનું જાહેર સુખાકારી મિશન :</u>**

→ આ સમિતિનું મુખ્ય કાર્ય જાહેર સુખાકારી યોજનાનું અમલીકરણ, માર્ગદર્શન, સમીક્ષા, નિયંત્રણ અને યોજનાનો પ્રચાર પ્રસાર કરવાનું છે.

→ આ સમિતિના સભ્યો -

(1) અધ્યક્ષ - મુખ્ય સચિવ

(2) સભ્ય - સચિવ અને કમીશનર, ગ્રામવિકાસ

(3) સભ્ય - સચિવ, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ

(4) સભ્ય - સચિવ, પાણી પુરવઠા વિભાગ

(5) સભ્ય - સચિવ, શિક્ષણ વિભાગ

(6) સભ્ય - સચિવ, આરોગ્ય વિભાગ

4Gujarat.com

(7) સભ્ય - સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ
(8) સભ્ય - સચિવ, મહિલા અને બાળ વિકાસ વિભાગ
(9) સભ્ય - ભારત સરકારના પ્રતિનિધિ
(10) સભ્ય - વહીવટી સંચાલક, ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડ
(11) સભ્ય સચિવ- પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર, CCDU

**(B) <u>રાજ્યકક્ષાએ કાર્યક્રમ અમલીકરણ અને મોનેટરિંગ સમિતિ :</u>**

→ આ સમિતિનું મુખ્ય કાર્ય કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વખતો વખતની માર્ગદર્શક સૂચનાઓનું અમલીકરણ, જીલ્લા સમિતિઓને માર્ગદર્શન અને કાર્યક્રમના અમલીકરણ માટે સાનુકૂળતા ઊભી કરવાનું હોય છે.

→ આ સમિતિના સભ્યો -
(1) અધ્યક્ષ - સચિવ અને કમીશનર, ગ્રામ વિકાસ વિભાગ
(2) સભ્ય - સચિવ અને કમીશનર, મહિલા અને બાળ વિભાગ
(3) સભ્ય - સચિવ અને કમિશનર, પરિવાર કલ્યાણ વિભાગ
(4) સભ્ય - કમીશનર, શિક્ષણ વિભાગ
(5) સભ્ય - વિકાસ કમીશનર
(6) સભ્ય - નિયામકશ્રી, માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગ
(7) સભ્ય - રાજ્ય પ્રતિનિધિ (યુનિસેફ)
(8) સભ્ય - મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી (નર્મદા જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ
(9) સભ્ય - નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ
(10) સભ્ય - એમ.ડી., ગુજરાત હાઉસીંગ ગ્રામ વિકાસ નિગમ લિમિટેડ
(11) સભ્ય સચિવ- પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર, CCDU

**(C) <u>જીલ્લા સુખાકારી સમિતિ :</u>**

→ આ સમિતિનું મુખ્ય કાર્ય જીલ્લા માટેની યોજનાઓ તૈયાર કરવી, તેનું અમલીકરણ કરવું, તાલુકા સ્તરની સુખાકારી સમિતિની કામગીરીની સમીક્ષા અને માર્ગદર્શન યોજનાના લાભાર્થીઓને માર્ગદર્શન તાલીમ વગેરે છે.

→ આ સમિતિના સભ્યો -
(1) અધ્યક્ષ - જીલ્લા વિકાસ અધિકારી
(2) સભ્ય સચિવ - નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી
(3) સભ્ય - જીલ્લા માહિતી અધિકારી
(4) સભ્ય - મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી
(5) સભ્ય - જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી
(6) સભ્ય - કાર્યપાલક ઈજનેર, પાણી પુરવઠા બોર્ડ
(7) સભ્ય - પ્રોગ્રામ અધિકારી, ICDS
(8) સભ્ય - જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(9) સભ્ય - જીલ્લા ગ્રામ સુખાકારી કાર્યક્રમ હેઠળ પસંદ થયેલ એક સંસ્થાનો પ્રતિનિધિ

**(D) <u>તાલુકા સુખાકારી સમિતિ :</u>**

→ આ સમિતિનું મુખ્ય કાર્ય ગ્રામ સુખાકારી સમિતિના કાર્યક્રમોનું અમલીકરણ, કામગીરીની સમીક્ષાા અને સંકલન, તાલુકામાં સ્વચ્છતા અંગે તાલીમ વગેરેનું છે.

→ આ સમિતિના સભ્યો -
(1) અધ્યક્ષ - તાલુકા વિકાસ અધિકારી
(2) સભ્ય સચિવ - વિસ્તાર અધિકારી, બાંધકામ
(3) સભ્ય - તાલુકા મામલતદાર
(4) સભ્ય - પ્રોજેક્ટ ઓફિસર
(5) સભ્ય - સિનિયર હેલ્થ ઓફિસર
(6) સભ્ય - નાયબ ઈજનેર, પાણી પુરવઠા બોર્ડ
(7) સભ્ય - વિસ્તરણ અધિકારી, શિક્ષણ
(8) સભ્ય - વિસ્તરણ અધિકારી, સમાજ કલ્યાણ

**(E) <u>ગ્રામ્ય સુખાકારી સમિતિ :</u>**

→ આ સમિતિના મુખ્ય કાર્યો નીચે મુજબ છે -
(1) આરોગ્ય સુખાકારી અંગે જાગૃતિ લાવવી.
(2) પંચાયતની અથવા ગ્રામસભાની મીટિંગમાં સમ્પૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજનાને લગતાં કાર્યોનો સૂચક એજન્ડા રાખવો.
(3) લોકફાળાનું આયોજન કરવું.
(4) લોકફાળાના હિસાબો રાખવા.
(5) યોજનાના બાંધકામની પ્રવૃત્તિઓ પર દેખરેખ તેમજ સામૂહિક ઉપયોગ માટેનાં શૌચાલયો તથા સુખાકારી સંકુલોની સારસંભાળ અને સંચાલન વ્યવસ્થા ગોઠવવી.

→ આ સમિતિના સભ્યો -
(1) અધ્યક્ષ - સરપંચ અથવા વહીવટદાર

AGujarat.com

(2) સભ્યો - ગ્રામ પંચાયતના 3 સભ્યો જેમાં, એક મહિલા સભ્ય અને એક SC/ST જાતિનો સભ્ય

(3) સભ્ય - પ્રાથમિક શાળાનો મુખ્ય શિક્ષક

(4) સભ્ય - આંગણવાડી-બાલવાડી સંચાલિત

(5) સભ્ય - ચેરમેન, દૂધમંડળીનો/ સેવામંડળીનો

(6) સભ્ય - SHG નો પ્રતિનિધિ

(7) સભ્ય - વોટરશેડ કાર્યક્રમ હેઠળ પીવાના પાણીના ઉપભોક્તા જૂથનો અધ્યક્ષ

(8) સભ્ય સચિવ - તલાટી કમ મંત્રી, ગામ પંચાયત

**(8) આપણો તાલુકો, વાઈબ્રન્ટ તાલુકો :**

→ આપણો તાલુકો, વાઈબ્રન્ટ તાલુકો ના અમલીકરણ માટે તાલુકા દીઠ કાર્યવાહક સમિતિની રચના કરવામાં આવી છે.

→ આપણો તાલુકો, વાઈબ્રન્ટ તાલુકો યોજનાની કાર્યવાહક સમિતિની બેઠક દર મહિનાના પ્રથમ અઠવાડિયામાં મળે છે.

→ આ સમિતિના સભ્યો -

(1) અધ્યક્ષ - પ્રાંત અધિકારી

(2) સભ્ય સચિવ - તાલુકા વિકાસ અધિકારી

(3) કાયમી આમંત્રિતસભ્ય - નાયબ કાર્યપાલક ઈજનેર

(4) અન્ય સભ્યો - (A) તાલુકાના ધારાસભ્યશ્રી
(B) તાલુકા પંચાયતના પ્રમુખ
(C) તાલુકા મામલતદાર
(D) ડેપ્યુટી એન્જિનીયર, વિદ્યુત
(E) ડેપ્યુટી એન્જિનીયર, પાણી પુરવઠા
(F) મેડિકલ ઓફિસર
(G) સંશોધન અધિકારી
(H) સરકાર તરફથી નિમાયેલ 3 સભ્યો

**(9) તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ:**

→ આદિજાતિ વિસ્તારો માટે તાલુકા કક્ષાની ''તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ'' ની રચના ગુજરાત સરકારે આદિજાતિ વિભાગના 3 ઓગસ્ટ, 2011 ના ઠરાવ ધ્વારા કરી છે.

→ આ સમિતિના સભ્યો -

(1) અધ્યક્ષ - પ્રાયોજના વહીવટદાર

(2) સભ્ય સચિવ -ચીટનીસ/મદદનીશ પ્રાયોજના વહીવટદાર

(3) અન્ય સભ્યો -(A) તાલુકાના ધારાસભ્ય
(B) તાલુકા પંચાયતના પ્રમુખ
(C) તાલુકા વિકાસ અધિકારી
(D) મામલતદાર
(E) તાલુકાની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ
(F) સરકાર ધ્વારા નિયુક્ત તાલુકાની બે મહિલાઓ
(G) સરકાર ધ્વારા નિયુક્ત બે તજજ્ઞો જે ડીપ્લોમાં પોસ્ટ ગ્રેજયુએશનની પદવી ધરાવતા હોય
(H) કૃષિ ગ્રામ વિકાસ અને ડેરી વિષયમાં પોસ્ટ ગ્રેજયુએટ
(I) સરકાર ધ્વારા નિયુક્ત બે સભ્યો
(J) આદિજાતિઓના ઉત્કર્ષ અંગે કાર્યરત સ્વૈચ્છિક વ્યક્તિ
(K) અનુસૂચિત જનજાતિના જીલ્લા પંચાયતમાં ચૂંટાયેલા સભ્યો

**(10) જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી :**

→ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી સોસાયટી રજિસ્ટ્રેશન એકટ હેઠળ નોંધાયેલ એક સ્વાયત્ત સંસ્થા છે.

→ સરકારે જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની રચના નીચે મુજબના હેતુઓ માટે કરી છે -

(1) ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોના આર્થિક વિકાસ માટે

(2) પછાત ગામોના વિકાસ માટે

→ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધ્યક્ષ જીલ્લા વિકાસ અધિકારી હોય છે.

→ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે અધિક કલેકટકર કક્ષાના અધિકારી કામગીરી સંભાળે છે. તેઓ આના મુખ્ય વહીવટી અધિકારી હોય છે.

→ **જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કાર્યો :**

(1) ભારત સરકાર અને રાજ્ય સરકારની ગરીબી નિવારણ માટેની યોજનાઓનું અમલીકરણ કરાવવાનું તથા તેનું મૂલ્યાંકન કરવાનું કાર્ય

(2) જીલ્લા અને તાલુકા સ્તરની વિવિધ એજન્સીઓનું સંકલન કરવાનું કાર્ય

(3) વ્યાપક સર્વેક્ષણ કરાવીને તાલુકા સ્તરેથી વાર્ષિક આયોજન મંગાવીને તેના આધારે જીલ્લા સ્તરનું વાર્ષિક આયોજન તૈયાર કરવું.

AGujarat.com

(4) ગરીબી રેખા હેઠળ જીવતાં પરિવારો (BPL) અને APL પરિવારોનું સર્વે કરાવવો.

(5) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને સમયસર રિપોર્ટ આપવો.

→ **<u>જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળની સમિતિઓ:</u>**

→ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ 3 મહત્વની સમિતિઓની રચના કરવામાં આવી છે, જે નીચે મુજબ છે -

(1) ગવર્નિંગ બોડી

(2) કારોબારી સમિતિ

(3) જીલ્લા સ્તરની વિઝીલન્સ અને મોનિટરિંગ સમિતિ

**(1) <u>ગવર્નિંગ બોડી:</u>**

→ આ સમિતિનો અધ્યક્ષ જીલ્લા વિકાસ અધિકારી (D.D.O.) હોય છે.

→ આ સમિતિનું મુખ્ય કાર્ય જીલ્લા સ્તરે ગ્રામ વિકાસના તમામ કાર્યક્રમોની દેખરેખ, મૂલ્યાંકન અને તકેદારી રાખવાનું હોય છે.

**(2) <u>કારોબારી સમિતિ:</u>**

→ આ સમિતિનો અધ્યક્ષ જીલ્લા વિકાસ અધિકારી (D.D.O.) હોય છે.

→ આ સમિતિનું મુખ્ય કાર્ય એજન્સીની નાણાકીય અને વહીવટી સત્તાઓ સંભાળવાનું હોય છે.

**(3) <u>જીલ્લા સ્તરની વિઝીલન્સ અને મોનિટરીંગ સમિતિ:</u>**

→ આ સમિતિનો અધ્યક્ષ જીલ્લા પંચાયતનો પ્રમુખ હોય છે.

→ આ સમિતિનું મુખ્ય કાર્ય એજન્સી હેઠળની સમસ્ત યોજનાનું અમલીકરણ, મોનિટરીંગ હેઠળની ગેરરીતીઓ અને ફરિયાદોની સમીક્ષા કરવાનું હોય છે.

★★★★★

4Gujarat.com

## પ્રકરણ 9 - પંચાયત ધારા મુજબ સક્ષમ અધિકારીઓ અને સત્તા સોંપણી

| અધિકાર/સત્તાનો પ્રકાર | સક્ષમ અધિકારી |
|---|---|
| તાલુકા વિકાસ અધિકારીની નિમણૂકની સત્તા | વિકાસ કમીશનર |
| પંચાયતો ઉપર નિયંત્રણ | વિકાસ કમીશનર |
| ગામ નિર્દિષ્ટ કરવાની ભલામણ | વિકાસ કમીશનર |
| ગામના સ્થાનિક વિસ્તારમાં ફેરફાર કરવા માટેની ભલામણ | વિકાસ કમીશનર |
| ગામ પંચાયતના સભ્યોની સંખ્યા નક્કી કરવાનો | કલેકટર |
| ગામ પંચાયત માટે SC, ST, OBC અને મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાનો | કલેકટર |
| તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા નક્કી કરવાનો | વિકાસ કમીશનર |
| તાલુકા પંચાયત માટે SC, ST, OBC અને મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાનો | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતના સભ્યોની સંખ્યા નક્કી કરવાનો | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયત માટે SC, ST, OBC અને મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાની | વિકાસ કમીશનર |
| ગામ પંચાયત માટે જગ્યા ખાલી કરવા બાબતની સૂચના | કલેકટર |
| તાલુકા પંચાયત માટે જગ્યા ખાલી કરવા બાબતની સૂચના | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયત માટે જગ્યા ખાલી કરવા બાબતની સૂચના | વિકાસ કમીશનર |
| ગામ પંચાયત માટે સભ્ય તરીકે ચાલુ રહેવાની અસમર્થતા | તાલુકા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયત માટે સભ્ય તરીકે ચાલુ રહેવાની અસમર્થતા | જીલ્લા વિકાસ અધિકારી |
| જીલ્લા પંચાયત માટે સભ્ય તરીકે ચાલુ રહેવાની અસમર્થતા | અધિક વિકાસ કમીશનર |
| ગામ પંચાયત માટે સભ્યની ખાલી જગ્યા સંબંધી યોગ્ય સત્તાધારીના નિર્ણય સામે અપીલની સત્તા | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયત માટે સભ્યની ખાલી જગ્યા સંબંધી યોગ્ય સત્તાધારીના નિર્ણય સામે અપીલની સત્તા | અધિક વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયત માટે સભ્યની ખાલી જગ્યા સંબંધી યોગ્ય સત્તાધારીના નિર્ણય સામે અપીલની સત્તા | વિકાસ કમીશનર |
| ચૂંટણીના હેતુ માટે હંગામી સંપાદન અધિકારી | જીલ્લા કલેકટર |
| ગ્રામ પંચાયત માટે SC, ST, OBC અને મહિલાઓ માટે સરપંચનો હોદ્દો અનામત રાખવા | કલેકટર |
| ગ્રામ પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી | કલેકટર |
| ગામ પંચાયતની પહેલી બેઠકની તારીખ મુદતમાં ઠરાવાય નહિ તો રિપોર્ટ મેળવવા અને બેઠકની તારીખ નિર્દિષ્ટ કરવા | નાયબ જીલ્લા વિકાસ અધિકારી |
| ગામ પંચાયતની પહેલી બેઠકની તારીખ નક્કી કરવાનો | તાલુકા વિકાસ અધિકારી |
| ગામ પંચાયતના ઉપસરપંચ ચૂંટણીની કાયદેસરતા સંબંધી તકરાર (વિવાદ)નો નિર્ણય કરવો | જીલ્લા વિકાસ અધિકારી |
| ગામ પંચાયતના સરપંચના રાજીનામા આપવા અને સ્વીકાર કરવાનો | તાલુકા પંચાયત |

4Gujarat.com

| | |
|---|---|
| ગામ પંચાયતના સરપંચના રાજીનામાની તકરારનો નિર્ણય | નાયબ જીલ્લા વિકાસ અધિકારી |
| ગામ પંચાયતના ઉપસરપંચ અને સભ્યોના રાજીનામાની તકરારનો નિર્ણય | તાલુકા વિકાસ અધિકારી |
| અવિશ્વાસની દરખાસ્ત માટે સભા બોલાવવા સરપંચ નિષ્ફળ જાય તો રિપોર્ટ સાદર કરવા | તાલુકા વિકાસ અધિકારી |
| ગામ પંચાયતના હોદ્દા ઉપરથી દૂર કરવા બાબતે | જીલ્લા વિકાસ અધિકારી |
| ગામ પંચાયતના હોદ્દા ઉપરથી દૂર કરવાના હુકમ સામે અપીલ સાંભળવાની સત્તા | અધિક વિકાસ કમીશનર |
| ગામ પંચાયતના સભ્યની ગેરહાજરીથી જગ્યા ખાલી પડવા સંબંધી તકરાર મોકલવા | જીલ્લા પંચાયત |
| ગામ પંચાયતના સરપંચ, ઉપસરપંચને સસ્પેન્ડના હુકમ સામે અપીલની સત્તા | અધિક વિકાસ કમીશનર |
| ગામ પંચાયતમાં જગ્યા ખાલી પડવાની સૂચના | તાલુકા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયતમાં SC, ST, OBC અને મહિલા માટે તાલુકા પંચાયત પ્રમુખનો હોદ્દો અનામત | વિકાસ કમીશનર |
| તાલુકા પંચાયતમાં અનામત બેઠકોની ફાળવણી | વિકાસ કમીશનર |
| તાલુકા પંચાયતની પ્રથમ સભાની તારીખ નક્કી કરવાનો | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયતની પ્રથમ બેઠકની તારીખ મુદતમાં ઠરાવાય નહિ તો રિપોર્ટ મેળવવા અને બેઠકની તારીખ નક્કી કરવાનો | વિકાસ કમીશનર |
| તાલુકા પંચાયતની પ્રથમ સભાના પ્રમુખ અધિકારી નિયુક્ત કરવાનો | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયત પ્રમુખને કાર્યમથક સિવાયના સ્થળ માટે મંજૂરી | વિકાસ કમીશનર |
| તાલુકા પંચાયત પ્રમુખને માંદગી (બીમારી)ના પ્રમાણપત્ર માટે અધિકૃત તબીબી અધિકારી | સિવિલ હોસ્પિટલ અથવા કોમ્યુ. હેલ્થ સેન્ટરના સુપ્રિન્ટેન્ડેન્ટ |
| તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સભ્યનું રાજીનામું આપવા | જીલ્લા પંચાયત |
| તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સભ્યના રાજીનામાની તકરારનો નિર્ણય | વિકાસ કમીશનર |
| અવિશ્વાસની દરખાસ્ત માટે સભા બોલાવવા તાલુકા પંચાયતના પ્રમુખ નિષ્ફળ જાય તો રિપોર્ટ સાદર કરવો | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયતના હોદ્દા ઉપરથી દૂર કરવા બાબતે | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયતના હોદ્દા ઉપરથી દૂર કરવાના હુકમ સામે અપીલ સાંભળવાની સત્તા | વિકાસ કમીશનર |
| તાલુકા પંચાયતના સભ્યની ગેરહાજરીથી જગ્યા ખાલી પડવા સંબંધી તકરાર મોકલવા | જીલ્લા પંચાયત |
| તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખને સસ્પેન્ડ કરવા | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખના સસ્પેન્ડના હુકમ સામે અપીલની સત્તા | અધિક વિકાસ કમીશનર |
| ગામ પંચાયતના સરપંચ અને ઉપસરપંચને સસ્પેન્ડ કરવા | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયતમાં જગ્યા ખાલી પડવાની સૂચના | જીલ્લા વિકાસ અધિકારી |

AGujarat.com

| | |
|---|---|
| તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે સભા બોલાવવા | જીલ્લા વિકાસ અધિકારી |
| જીલ્લા પંચાયતમાં SC, ST, OBC અને મહિલાઓ માટે જીલ્લા પંચાયતના પ્રમુખનો હોદ્દો અનામત રાખવા | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતમાં અનામત બેઠકોની ફાળવણી | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતની પ્રથમ સભાની તારીખ નક્કી કરવાનો | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતની પ્રથમ બેઠકની તારીખ મુદતમાં ઠરાવાય નહી તો રિપોર્ટ મેળવવા અને બેઠકની તારીખ નક્કી કરવાનો | પંચાયત વિભાગના સચિવ |
| જીલ્લા પંચાયતની પ્રથમ સભાના પ્રમુખ અધિકારી નિયુક્ત કરવાનો | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયત પ્રમુખને કાર્યમથક સિવાય રહેવાની મંજૂરી | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયત પ્રમુખને માંદગી (બીમારીના) પ્રમાણપત્ર માટે અધિકૃત તબીબી અધિકારી | સિવિલ હોસ્પિટલ અથવો કોમ્યુનિટી હેલ્થ સેન્ટરના સુપ્રિન્ટેન્ડેન્ટ |
| જીલ્લા પંચાયતનું પ્રમુખનું રાજીનામું આપવા | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતના કોઈપણ રાજીનામાની તકરારનો નિર્ણય | સચિવ, પંચાયત વિભાગ |
| અવિશ્વાસના પ્રસ્તાવ માટે સભા બોલાવવા જીલ્લા પ્રમુખ નિષ્ફળ જાય તો રિપોર્ટ મોકલવા | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતના હોદ્દા પરથી દૂર કરવા બાબત | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતના હોદ્દા પરથી દૂર કરવાના હુકમ સામે અપીલ | સચિવ, પંચાયત વિભાગ |
| જીલ્લા પંચાયતના સભ્યની ગેરહાજરીથી જગ્યા ખાલી પડવા સંબંધી તકરારના નિર્ણય માટે લખી મોકલવા | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સમિતિના અધ્યક્ષને સસ્પેન્ડ કરવા | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતમાં જગ્યા ખાલી પડવાની સૂચના | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે સભા બોલાવવા | વિકાસ કમીશનર |
| ગામ પંચાયતે SC, ST અને OBC વર્ગોની હાલત સુધારવાના ઉપાયોના સંબંધમાં અને ખાસ કરીને અશ્પૃશ્યતા નિવારણ માટે આદેશ આપવાનો | જીલ્લા વિકાસ અધિકારી |
| ઉપરના આદેશનો અમલ ન કરે તો ગ્રાન્ટ (અનુદાન) અટકાવવાનો અધિકાર | વિકાસ કમીશનર |
| ગામ પંચાયતમાં જમીન નિહિત કરવાનો | કલેકટર |
| ગામ પંચાયતમાં નિહિત થયેલી જમીન જાહેર હેતુ માટે પાછી લેવાનો | કલેકટર |
| ગામ પંચાયતની સ્થાવર મિલકતની તબદીલી કરવાની મંજૂરી<br>- રૂપિયા 1 લાખ સુધીની કિંમત હોય તો<br>- રૂપિયા 1 લાખથી વધુની કિંમત હોય તો | <br>જીલ્લા વિકાસ અધિકારી<br>રાજય સરકાર |
| ગામ પંચાયતોના જૂથ માટે મંત્રીની નિમણૂક કરવા | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયતને જો કોઈ જમીનના સંબંધમાં માલૂમ પડે કે કે ખાતેદાર અથવા ધારણ કરનારની બેદરકારીના કારણે ગણોતિયા વચ્ચેની તકરારના કારણે જમીનની ખેતીને નુકશાન થયુ છે તો તે સંબંધિત સૂચનાની જાણ કરવી | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયતે, SC, ST અને OBC વર્ગોની હાલત સુધારવાના ઉપાયોના સંબંધમાં અને ખાસ કરીને અશ્પૃશ્યતા નિવારણ માટે આદેશ આપવાનો | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયતની સ્થાવર મિલકતની તબદીલી કરવાની મંજૂરી | |

| | |
|---|---|
| - રૂપિયા 10 લાખ સુધીની કિંમત હોય તો<br>- રૂપિયા 10 લાખથી વધુની કિંમત હોય તો | જીલ્લા પંચાયત<br>રાજય સરકાર |
| તાલુકા પંચાયતમાં તાકીદના પ્રસંગે ખર્ચ મંજૂર કરવાની સત્તા | જીલ્લા પંચાયત |
| તાલુકા પંચાયતના વાર્ષિક હિસાબ અને વહીવટી અહેવાલ રજૂ કરવા | અધિક વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના નિર્ણય સામે અપીલ | અધિક વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના અધ્યક્ષ સામે અવિશ્વાસની દરખાસ્ત માટે રિપોર્ટ મેળવવા અને સભા બોલાવવાનો | વિકાસ કમીશનર |
| જીલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષને કાર્યમથક સિવાય રહેવાની મંજૂરી | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષને કાર્યમથક સિવાય રહેવાની મંજૂરી | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયત, જો નાણાંની સગવડ હોય તો, કાર્યમથક બહાર શિક્ષણ અને તબીબી રાહત માટે ખર્ચ કરવાની મંજૂરી<br>- રૂપિયા 2 લાખ સુધી ખર્ચ કરવાની મંજૂરી<br>- રૂપિયા 2 લાખથી વધુ ખર્ચ કરવાની મંજૂરી | <br><br>વિકાસ કમીશનર<br>રાજય સરકાર |
| જીલ્લા પંચાયતે SC, ST અને OBC વર્ગોની હાલત સુધારવા માટે ઉપાયોના સંબંધમાં અને ખાસ કરીને અશ્પૃશ્યતા નિવારણ માટે આદેશ આપવાનો | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતની સ્થાવર મિલકતની તબદીલી કરવાની મંજૂરી<br>- રૂપિયા 25 લાખ સુધીની કિંમત હોય તો<br>- રૂપિયા 25 લાખથી વધુની કિંમત હોય તો | <br>વિકાસ કમીશનર<br>રાજય સરકાર |
| જીલ્લા પંચાયતના બજેટ અંદાજો અને પુનવિનિયોગ પત્રક રજૂ કરવા | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયત માટે તાકીદના પ્રસંગે ખર્ચ મંજૂર કરવા | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતના વાર્ષિક હિસાબો અને વાર્ષિક વહીવટ અહેવાલ રજૂ કરવા | વિકાસ કમીશનર |
| ઢોર-ડબ્બા ફી અને ખર્ચની મંજૂરી | વિકાસ કમીશનર |
| ઢોર-ડબ્બામાં પૂરવા સંબંધમાં તારણ | વિકાસ કમીશનર |
| ગામ પંચાયતની કર-ફી નાખવાની મોકૂફીની સત્તા | જીલ્લા વિકાસ અધિકારી |
| જમીન મહેસૂલ ઉપર ઉપકર નાખવા અને વસૂલ કરવા | કલેક્ટર |
| જમીન મહેસૂલ ઉપકરનો દર વધારવા | કલેક્ટર |
| ગામ પંચાયત માટે કર અને બીજા લેણાંની વસૂલાત | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયત માટે કર અને બીજા લેણાંની વસૂલાત | જીલ્લા વિકાસ અધિકારી |
| જીલ્લા પંચાયત માટે કર અને બીજા લેણાંની વસૂલાત | વિકાસ કમીશનર |
| જમીન મહેસૂલની વસૂલાતમાંથી પંચાયતોને સહાય નક્કી કરવાની સત્તા | વિકાસ કમીશનર |
| ગામ પંચાયતની સભામાં નિયુક્ત કરેલા અધિકારીને નિમંત્રિત કરવાના આદેશ | જીલ્લા વિકાસ અધિકારી |
| તાલુકા પંચાયતની સભામાં નિયુક્ત કરેલા અધિકારીને નિમંત્રિત કરવાના આદેશ | વિકાસ કમીશનર |
| જીલ્લા પંચાયતની સભામાં નિયુક્ત કરેલા અધિકારીને નિમંત્રિત કરવાના આદેશ | વિકાસ કમીશનર |

★★★★★

AGujarat.com

## પ્રકરણ-10 પંચાયતો એક દષ્ટિમાં

| વિગત | ગામ પંચાયત | તાલુકા પંચાયત | જીલ્લા પંચાયત |
|---|---|---|---|
| સભ્ય સંખ્યા | 3000 વસ્તી પર 7 સભ્યો. દરેક 1000 પર 2 સભ્યોનો વધારો | 1 લાખ વસ્તી પર 15 સભ્યો. દરેક 25000 પર બે સભ્યોનો વધારો | 4 લાખ વસ્તી પર 17 સભ્યો. દરેક 1 લાખ પર બે સભ્યોનો વધારો |
| સભ્યોની સંખ્યા નક્કી કરવાનો અધિકાર | કલેક્ટર | વિકાસ કમીશનર | વિકાસ કમીશનર |
| વડા | સરપંચ | તાલુકા પ્રમુખ | જીલ્લા પ્રમુખ |
| વહીવડી વડા | તલાટી-કમ-મંત્રી | તાલુકા વિકાસ અધિકારી (TDO) | જીલ્લા વિકાસ અધિકારી (TDO) |
| મુદત | 5 વર્ષ | 5 વર્ષ | 5 વર્ષ |
| અનામત બેઠકોની ફાળવણી | કલેક્ટર | વિકાસ કમીશનર | વિકાસ કમીશનર |
| પંચાયતમાં અનામત બેઠકો માટે<br>- SC અને ST માટે<br>- OBC માટે<br>- મહિલાઓ માટે | <br>વસ્તીના પ્રમાણમાં<br>10 ટકા<br>50 ટકા | <br>વસ્તીના પ્રમાણમાં<br>10 ટકા<br>50 ટકા | <br>વસ્તીના પ્રમાણમાં<br>10 ટકા<br>50 ટકા |
| પક્ષાંતર ધારો | લાગુ પડતો નથી | લાગુ પડે છે | લાગુ પડે છે |
| પ્રથમ બેઠકમાં થતું કામકાજ | ફક્ત ઉપસરપંચની ચૂંટણી | પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી | પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી |
| પંચાયતની પ્રથમ બેઠક | 4 અઠવાડિયાની અંદર | 4 અઠવાડિયાની અંદર | 4 અઠવાડિયાની અંદર |
| પંચાયતની પ્રથમ બેઠકની તારીખ નક્કી કરે છે. | તાલુકા વિકાસ અધિકારી | જીલ્લા વિકાસ અધિકારી | વિકાસ કમીશનર |
| જો ચાર અઠવાડિયાની મુદતની અંદર પ્રથમ બેઠકની તારીખ નક્કી ન થાય તો તારીખ નક્કી કરવાનો અધિકાર | નાયબ જીલ્લા વિકાસ અધિકારી | વિકાસ કમીશનર | સચિવ, પંચાયત વિભાગ |
| પંચાયતના સભ્યોનું રાજીનામું<br>(1) સરપંચ/ તાલુકા પ્રમુખ/ જીલ્લા પ્રમુખ<br>(2) ઉપસરપંચ/ તાલુકા ઉપપ્રમુખ/ જીલ્લા ઉપપ્રમુખ<br>(3) અન્ય સભ્યો<br>(4) રાજીનામાની તકરાર અંગેનો નિર્ણય | <br>તાલુકા પંચાયતને<br>ગામ પંચાયતને<br>સરપંચને<br>સરપંચ માટે નાયબ જીલ્લા વિકાસ અધિકારી ઉપસરપંચ અને સભ્યો માટે તાલુકા વિકાસ અધિકારી | <br>જીલ્લા પંચાયતને<br>તાલુકા પંચાયતને<br>તાલુકા પ્રમુખને<br>પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો માટે વિકાસ કમીશનર | <br>વિકાસ કમીશનરને<br>જીલ્લા પંચાયતને<br>જીલ્લા પ્રમુખને<br>પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો માટે સચિવ, પંચાયત વિભાગ |

4Gujarat.com

| | | | |
|---|---|---|---|
| પંચાયતમાં અવિશ્વાસ પ્રસ્તાવ<br>(i) કેટલા સભ્યોના ટેકાથી આ પ્રસ્તાવ લાવી શકાય<br>(ii) કેટલી બહુમતીથી આ પ્રસ્તાવ પસાર કરવામાં આવે છે<br>(iii) આવા પ્રસ્તાવની બેઠક કેટલા દિવસની અંદર બોલાવવાની હોય<br>(iv) જો સરપંચ/ તાલુકા પ્રમુખ/ જીલ્લા પ્રમુખ આવી બેઠક ન બોલાવે તો પંચાયત મંત્રી જાણ કરશે | 50 ટકા<br>2/3<br>15 દિવસ<br>તાલુકા વિકાસ અધિકારી | 50 ટકા<br>2/3<br>15 દિવસ<br>જીલ્લા વિકાસ અધિકારી | 50 ટકા<br>2/3<br>15 દિવસ<br>વિકાસ કમીશનર |
| પંચાયતની બેઠક | દર મહિને | દર ત્રણ મહિને | દર ત્રણ મહિને |
| પંચાયતની બેઠકનું સ્થળ અને સમય નક્કી કરે છે | સરપંચ | તાલુકા પ્રમુખ | જીલ્લા પ્રમુખ |
| પંચાયતના સભ્યોને બેઠકની જાણ<br>(1) સામાન્ય બેઠક<br>(2) ખાસ બેઠક | 5 દિવસ પહેલાં<br>3 દિવસ પહેલાં | 15 દિવસ પહેલાં<br>6 દિવસ પહેલાં | 15 દિવસ પહેલાં<br>6 દિવસ પહેલાં |
| પંચાયતની બેઠકમાં અધ્યક્ષ સ્થાને | સરપંચ | તાલુકા પ્રમુખ | જીલ્લા પ્રમુખ |
| જો સરપંચ/ તાલુકા પ્રમુખ/ જીલ્લા પ્રમુખ ગેર હાજર હોય તો | ઉપસરપંચ | ઉપપ્રમુખ | ઉપપ્રમુખ |
| પંચાયતના ઉપસરપંચ/તાલુકા ઉપપ્રમુખ/ જીલ્લા ઉપપ્રમુખ | પંચાયતના ચૂંટાયેલા સભ્યો ચૂંટે છે એટલે કે પરોક્ષ રીતે ચૂંટાય છે | પંચાયતના આ પદે ફકત સીધા (પ્રત્યક્ષ) ચૂંટાયેલા સભ્યો જ બેસી શકે છે. | પંચાયતના આ પદે ફકત સીધા (પ્રત્યક્ષ) ચૂંટાયેલા સભ્યો જ બેસી શકે છે |
| વિવિધ સમિતિઓ : (1) કારોબારી સમિતિ<br>- રચના કરવી<br>- સભ્યો<br>- મુદત<br>- અધ્યક્ષ સૌપ્રથમ<br>- જો સરપંચ/ તાલુકા પ્રમુખ/ જીલ્લા પ્રમુખ અધ્યક્ષ બનવાની ના પાડે તો<br>- જો બન્ને ના પાડે તો<br>- રાજીનામુ (કોઈ સભ્ય અથવા અધ્યક્ષનું)<br>- સમિતિના નિર્ણયથી થયેલ નુકશાન માટે અપીલ | મરજિયાત<br>5<br>2 વર્ષ<br>સરપંચ<br>ઉપસરપંચ<br>સભ્યો પોતાનામાંથી એકને અધ્યક્ષ ચૂંટશે<br>ગામ પંચાયત<br>ગામ પંચાયત | ફરજિયાત<br>5 થી 9 વચ્ચે<br>2 વર્ષ<br>તાલુકા પ્રમુખ<br>ઉપપ્રમુખ<br>સભ્યો પોતાનામાંથી એકને અધ્યક્ષ ચૂંટશે<br>તાલુકા પંચાયત<br>તાલુકા પંચાયત | ફરજિયાત<br>વધુમાં વધુ 9<br>2 વર્ષ<br>જીલ્લા પ્રમુખ<br>ઉપપ્રમુખ<br>સભ્યો પોતાનામાંથી એકને અધ્યક્ષ ચૂંટશે<br>જીલ્લા પંચાયત<br>જીલ્લા પંચાયત |
| (2) સામાજિક ન્યાય સમિતિ<br>- રચના કરવી | ફરજિયાત | ફરજિયાત | ફરજિયાત |

4Gujarat.com

| | | | |
|---|---|---|---|
| - સભ્ય સંખ્યા | 5 થી વધુ નહી | 5 થી વધુ નહી | 5 થી વધુ નહી |
| - મુદત | પંચાયતની મુદત જેટલી જ રહેશે | પંચાયતની મુદત જેટલી જ રહેશે | પંચાયતની મુદત જેટલી જ રહેશે |
| - અધ્યક્ષ સૌપ્રથમ | સરપંચ | તાલુકા પ્રમુખ | જીલ્લા પ્રમુખ |
| - જો સરપંચ/ તાલુકા પ્રમુખ/ જીલ્લા પ્રમુખ અધ્યક્ષ બનવાની ના પાડે તો | ઉપસરપંચ | ઉપપ્રમુખ | ઉપપ્રમુખ |
| - જો બન્ને ના પાડે તો | સભ્યો પોતાનામાંથી એકને અધ્યક્ષ ચૂંટશે | સભ્યો પોતાનામાંથી એક સભ્યને અધ્યક્ષ ચૂંટશે | સભ્યો પોતાનામાંથી એકને સભ્યને અધ્યક્ષ ચૂંટશે |
| - કો-ઓપ્ટ સભ્યો | મત આપી શકે અને અધ્યક્ષ પણ ચૂંટાઈ શકે | મત આપી શકે છે પરન્તુ અધ્યક્ષ બની શકે નહિ | મત આપવાનો અધિકાર નથી અને અધ્યક્ષ પણ બની શકે નહિ |
| - રાજીનામુ (કોઈ સભ્ય અથવા અધ્યક્ષનું) | ગામ પંચાયત | તાલુકાપંચાયત | જીલ્લા પંચાયત |
| - સમિતિના નિર્ણયથી થયેલ નુકશાન માટે અપીલ | તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિને (60 દિવસમાં) | જીલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિને (60 દિવસમાં) | રાજ્ય સરકારને (60 દિવસમાં) |
| (3) પાણી સમિતિ | | | |
| - રચના કરવી | ફરજિયાત | - | - |
| - સભ્ય સંખ્યા | 10 થી 12 | - | - |
| - મુદત | 2 વર્ષ | - | - |
| - સમિતિના સચિવ | તલાટી-કમ-મંત્રી | - | - |
| -અધ્યક્ષ સૌપ્રથમ | સરપંચ | - | - |
| - જો સરપંચ અધ્યક્ષ બનવાની ના પાડે તો | ઉપસરપંચ | - | - |
| - જો બન્નેના પાડે તો | સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટશે | - | - |
| (4) જીલ્લા શિક્ષણ સમિતિ | | | |
| - રચના કરવી | - | - | ફરજિયાત |
| - સભ્ય સંખ્યા | - | - | 7 થી 9 વચ્ચે |
| - મુદત | - | - | જીલ્લા પંચાયતની મુદત જેટલી જ |
| - અધ્યક્ષ | | | |
| (1) સૌપ્રથમ | - | - | |
| (2) જો ઉપપ્રમુખ ના પાડે તો | - | - | ઉપપ્રમુખ |
| | | | સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટશે |
| (3) જીલ્લા પ્રમુખ | - | - | |

4Gujarat.com

| | | | |
|---|---|---|---|
| -રાજીનામું (કોઈ સભ્ય અથવા અધ્યક્ષનું)<br><br>- સમિતિના નિર્ણયથી નારાજ થયેલ કોઈ વ્યક્તિ અપીલ કરી શકે<br><br>- કો-ઓપ્ટ સભ્યો | -<br><br>-<br><br>- | -<br><br>-<br><br>- | આ સમિતિનો અધ્યક્ષ બની શકે નહિ સિવાય કે પોતાના હોદ્દો છોડી દે<br>જીલ્લા પંચાયતને<br><br>જીલ્લા પંચાયત (60 દિવસમાં)<br><br>મત આપવાનો અધિકાર નથી અને અધ્યક્ષપણ બની શકે નહિં |
| (5) અપીલ સમિતિ<br>- રચના કરવી<br>- સભ્ય સંખ્યા<br>(પ્રમુખ ´ ચાર સભ્ય)<br>- મુદત<br>- અધ્યક્ષ<br>- સમિતિના સેક્રેટરી (મંત્રી)<br><br>- રાજીનામું (કોઈ સભ્ય)<br>- સમિતિનો નિર્ણય | -<br>-<br><br>-<br>-<br>-<br><br>-<br>- | -<br>-<br><br>-<br>-<br>-<br><br>-<br>- | ફરજિયાત<br>5<br><br>2 વર્ષ<br>પ્રમુખ<br>નાયબ જીલ્લા વિકાસ અધિકારી<br>અધ્યક્ષને<br>આખરી ગણાય છે તેમ છતાં રાજય સરકારને રિવિઝન અરજી મોકલી શકે છે |
| (6) જાહેર આરોગ્ય સમિતિ<br>- રચના કરવી<br>- સભ્ય સંખ્યા<br>- મુદત<br>- અધ્યક્ષ<br>(1) સૌપ્રથમ<br>(2) જો પ્રમુખ ના પાડે તો<br>(3) જો બન્ને ના પાડે તો<br><br>- રાજીનામું (કોઈ સભ્ય અથવા અધ્યક્ષનું)<br>- સમિતિના નિર્ણયથી નારાજ થયેલ કોઈ વ્યક્તિ અપીલ કરી | -<br>-<br>-<br><br>-<br>-<br>-<br><br>-<br>- | -<br>-<br>-<br><br>-<br>-<br>-<br><br>-<br>- | ફરજિયાત<br>5<br>2 વર્ષ<br><br>પ્રમુખ<br>ઉપપ્રમુખ<br>સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે<br>જીલ્લા પંચાયતને<br>જીલ્લા પંચાયત (60 દિવસમાં) |
| (7) જાહેર બાંધકામ સમિતિ | | | |

4Gujarat.com

| | | | |
|---|---|---|---|
| - રચના કરવી | - | - | ફરજિયાત |
| - સભ્ય સંખ્યા | - | - | 5 |
| - મુદત | - | - | 2 વર્ષ |
| - અધ્યક્ષ | - | - | |
| (1) સૌપ્રથમ | - | - | પ્રમુખ |
| (2) જો પ્રમુખ ના પાડે તો | - | - | ઉપપ્રમુખ |
| (3) જો બન્ને ના પાડે તો | - | - | સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને અધ્યક્ષ ચૂંટી કાઢશે |
| - રાજીનામું (કોઈ સભ્ય અથવા અધ્યક્ષનું) | - | - | જીલ્લા પંચાયતને |
| - સમિતિના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ અપીલ કરી શકે | - | - | જીલ્લા પંચાયત (60 દિવસમાં) |
| (8) 20 મુદ્દા અમલીકરણ સમિતિ | | | |
| - રચના કરવી | - | - | ફરજિયાત |
| - સભ્ય સંખ્યા | - | - | 5 (પ્રમુખ ´ચાર સભ્યો) |
| - મુદત | - | - | 2 વર્ષ |
| - અધ્યક્ષ | - | - | પ્રમુખ |

★★★★★

4Gujarat.com

## પ્રકરણ-11 ગુજરાતના પંચાયતી રાજના વિશિષ્ટ લક્ષણો

→ 24 ડિસેમ્બર, 1993 સુધીમાં આ એકટ 8 રાજ્યોમાં લાગુ પડયો - (1) આંધ્રપ્રદેશ (2) ગુજરાત (3) હિમાચલ પ્રદેશ (4) મહારાષ્ટ્ર (5) મધ્યપ્રદેશ (6) ઓરિસ્સા (7) રાજસ્થાન (8) ઉત્તરપ્રદેશ

→ વર્તમાનમાં પંચાયતી રાજ પદ્ધતિ નાગાલેન્ડ, મેઘાલય, મિઝોરમ અને દિલ્હીને બાદ કરતાં સમગ્ર ભારતમાં પંચાયતી રાજ અમલમાં છે.

- **ગુજરાતના પંચાયતી રાજના વિશિષ્ટ લક્ષણો :**

→ બળવંતરાય મહેતા સમિતિની ભલામણોના આધારે રાજ્યમાં ગુજરાત પંચાયત અધિનિયમ- 1961 તારીખ 1 એપ્રિલ 1963 થી લાગુ પાડવામાં આવેલ હતો. ગુજરાત સરકાર વડે પંચાયતોને વધુ સૌમ્ય બનાવવા ગુજરાત પંચાયત અધિનિયમ-1961 ને રદ કરી ગુજરાત પંચાયત અધિનિયમ- 1993 નો અમલ કરવામાં આવેલ છે.

→ ગુજરાત પંચાયત અધિનિયમના વિશિષ્ટ લક્ષણો નીચે મુજબ છે -

(1) પંચાયતના ત્રણેય સ્તરો એ એટલે કે ગામ, તાલુકા અને જીલ્લા સ્તરોએ એકબીજા સાથે સંકળાયેલી સ્વાયત્ત વૈધાનિક સંસ્થાઓનું નિર્માણ કરતો કાયદો

(2) પંચાયતના ત્રણેય સ્તરો એ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો એટલે કે સમાજના પછાત વર્ગોના કલ્યાણ માટે અલગ સામાજિક ન્યાય સમિતિની રચના અને કાર્યોની સુપ્રતિ

(3) પંચાયતના જીલ્લા સ્તરે શિક્ષણના મહત્વને ધ્યાનમાં રાખતા “જીલ્લા શિક્ષણ સમિતિ”ને ખાસ દરજ્જો આપવામાં આવ્યો છે.

(4) પંચાયતના જીલ્લા અને તાલુકા સ્તરે કારોબારી સમિતિની ફરજિયાત રચના કરવાથી કામકાજનું નિયમિતપણું જળવાય છે. જો કે ગામ સ્તરે પણ કારોબારી સમિતિની રચના કરી શકાય છે પરન્તુ તે ફરજિયાત નથી.

(5) પંચાયતોને લગતી તમામ નીતિ વિષયક બાબતો અંગે રાજ્ય પંચાયત પરિષદની રચના અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

(6) જીલ્લા સ્તરેથી ગ્રામ સ્તર સુધી સમગ્ર વિકાસ તંત્રની પંચાયતી રાજ સંસ્થાઓને યોગ્ય તબદીલી

(7) પંચાયતના વિવિધ વિભાગોની પ્રવૃત્તિઓ માટે ઉદાર ધોરણે જરૂરી નાણાંની તબદીલી

(8) પંચાયતી રાજ સંસ્થાઓને વિકાસ ઉપરાંત કેટલાક નિયંત્રક મહેસૂલ કાર્યોની તબદીલી અને તે માટે કલેકટરના જરૂરી અધિકારો અને સત્તાઓની સોંપણી

(9) જીલ્લા પંચાયતોના સંબંધમાં મુખ્ય કારોબારી સત્તાધિકારી તરીકે કામગીરી બજાવવા માટે કલેકટરના દરજ્જાના જીલ્લા વિકાસ અધિકારીની સેવાઓ ઉપલબ્ધ કરવા, તાલુકા પંચાયત સચિવ તરીકે તાલુકા વિકાસ અધિકારી

(10) ભરતી અને નોકરીથી સંબંધિત સલાહ અને પંસદગી માટે રાજ્ય સ્તરે પંચાયત સેવા પસંદગી મંડળ અને જીલ્લા સ્તરે જીલ્લા પસંદગી સમિતિઓની રચના

(11) જમીન મહેસુલની વસૂલાત અને પંચાયતના વહીવટ માટે તલાટી-કમ-મંત્રી સંવર્ગની રચના

(12) પંચાયતી રાજ સંસ્થાઓને માર્ગદર્શન આપવા અને તેમના પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે રાજ્ય સ્તરે વિકાસ કમીશનરશ્રીનું તંત્ર

(13) પંચાયતી રાજ સંસ્થાઓને 100 ટકા જમીન મહેસુલ આવકની અને કાર્યોની વૈધાનિક ફાળવણી

(14) વિકાસલક્ષી એકટીવિટીઓ માટે, કર નાખવાના પ્રયાસોને પ્રોત્સાહિત કરવા માટે અને નબળા વિસ્તારોને મદદ કરવા માટે રદ ન થાય તેવું ફંડ કે ભંડોળ ઊભું કરવું.

(15) પંચાયતના ત્રણેય સ્તરો એ -

(A) મહિલાઓ માટે 33 ટકા અનામત બેઠકો (જો કે ગુજરાત સરકારે આમાં સુધારો કરી 50 ટકા કરી નાખી છે પરન્તુ એકટમાં 33 ટકાની જ જોગવાઈ હતી)

(B) અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે વસ્તીના સપ્રમાણ ધોરણે અનામત બેઠકો

(C) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો (OBC) માટે 10 ટકા અનામત બેઠકો

(D) સરપંચ અને પ્રમુખની બેઠકોમાં પણ આ રીતે વારાફરતી ફાળવણી કરવામાં આવી છે.

FGujarat.com

(16) 18 વર્ષથી ઉપરના તમામ ગ્રામજનો મતદાર તરીકે

(17) પંચાયતોની નિષ્પક્ષ ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચની રચના અને 5 વર્ષની મુદત બાદ ફરજિયાત ચૂંટણી

(18) પંચાયત સંસ્થાના જીલ્લા સ્તરે અને તાલુકા સ્તરે પણ પક્ષાંતર ધારો લાગુ

(19) પંચાયતોના પૂરતી નાણાંકીય વ્યવસ્થા માટે નાણાપંચની રચના

(20) પંચાયતની મરજિયાત પ્રવૃત્તિઓ માટે કર, ફી અને જમીન મહેસૂલ ઉપર ઉપકર નાખવાની સત્તા

(21) ગ્રામસભા ધ્વારા સામાજિક ઓડિટ

★★★★★

## પ્રકરણ- 12 બજેટ

- **ગામ પંચાયતનું બજેટ (અંદાજપત્ર) :**

→ ગામ પંચાયતના અંદાજપત્ર (બજેટ)ની જોગવાઈ ગુજરાત પંચાયત ધારાની કલમ-116માં આપવામાં આવેલી છે.

→ દરેક ગામ પંચાયતે આગામી નાણાકીય વર્ષનું અંદાજપત્ર તૈયાર કરી 15 ડિસેમ્બર સુધી તાલુકા પંચાયતને મોકલવું.

→ ગામ પંચાયતે બજેટ આવી રીતે તૈયાર કરવું જોઈએ કે જેથી નિયમોથી નક્કી કરવામાં આવે તેટલી રકમ સિલક તરીકે જમા રહે એટલે કે વર્ષના અંતે પંચાયત પાસે તેની આવકો અને મળવાપાત્ર કાયદેસરની સહાયની રકમના 10 ટકા હોય.

→ તાલુકા પંચાયત બજેટની ચકાસણી કરી તેમાં યોગ્ય લાગે તેવી ભલામણોની સાથે ગામ પંચાયતને 2 મહિનાની અંદર પરત કરશે

→ ગામ પંચાયત તાલુકા પંચાયત તરફથી મળેલ ભલામણોને ધ્યાનમાં રાખીને નાણાકીય વર્ષની 31મી માર્ચ સુધીમાં ગામ પંચાયતની બેઠકમાં આખરી મંજૂરી આપશે.

→ પરન્તુ ગામ પંચાયતની બેઠકમાં બજેટની મંજૂરીના સમયે તાલુકા પંચાયતની ભલામણો સ્વીકારવી ફરજિયાત નથી.

→ જો પંચાયતને લાગે કે એક વિષય માટે ગામ પંચાયતે બજેટમાં નાણાં મંજૂર કર્યા છે પરન્તુ તે નાણાં બીજા વિષયમાં વાપરવાની જરૂર છે તો પંચાયતે પુનવિનિયોગ પત્રક તૈયાર કરીને તાલુકા પંચાયતને મોકલવું.

→ નાણાકીય વર્ષની 31મી માર્ચ સુધીમાં ગામ પંચાયત બજેટ મંજૂર ન કરે તો એવું માનવામાં આવે છે કે પંચાયત પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થઈ ગઈ છે અને તેથી તેનું વિસર્જન અથવા પદચ્યુત કરવામાં આવે છે. તાલુકા પંચાયતના વિલંબ માટે ગામ પંચાયત કસૂરવાર ગણાશે નહિ

→ બજેટની મંજૂરી માટે વિધાનસભાએ સ્પષ્ટ આદેશાત્મક જોગવાઈ કરી છે તેના પ્રમાણે પંચાયત બજેટ પસાર ન કરે તો પંચાયત કોઈ ખર્ચ કરી શકે નહિ તેથી તેનું કામકાજ અશક્ય બની જાય છે અને તેના પરિણામે પંચાયતને કાયદેસર રીતે સુપરસીડ કરવામાં આવે છે.

4Gujarat.com

→ ગામ પંચાયતે બજેટ તૈયાર કરતાં પહેલાં સંબંધિત સરકારી ખાતાઓ પાસેથી જરૂરી માહિતી મેળવવી.

→ કોઈ ગામ પંચાયત જરૂરત પ્રમાણે વર્ષ દરમિયાન કોઈપણ સમયે સુધારેલું અથવા પૂરક બજેટ તૈયાર કરી શકે છે. તાલુકા પંચાયત ફક્ત એક મહિનામાં જ બજેટની ચકાસણી કરી પરત મોકલશે અને ત્યારબાદ ગામ પંચાયત બજેટ મંજૂર કરશે.

→ ગામ પંચાયત બજેટમાં મંજૂર થયા પ્રમાણે જ ખર્ચ કરી શકે છે. ફક્ત તાકીદના પ્રસંગે (ખૂબજ જરૂરી પ્રસંગો ઊભા થાય) બજેટમાં જોગવાઈ વગર પંચાયત ખર્ચ કરી શકે છે. આ તાકીદના ખર્ચના પ્રસંગે તેવા ખર્ચને પહોંચી વળવાના સ્પષ્ટીકરણ સાથે, ગામ પંચાયતે તાલુકા પંચાયતને તરત જ લેખિતમાં જણાવવું જોઈએ.

- **<u>તાલુકા પંચાયતનું બજેટ</u>**

→ તાલુકા પંચાયતના બજેટની જોગવાઈ ગુજરાત પંચાયત ધારાની કલમ-138માં આપવામાં આવેલી છે.

→ દરેક તાલુકા પંચાયતે આગામી નાણાકીય વર્ષનું અંદાજપત્ર તૈયાર કરી 15 ડિસેમ્બર સુધી અથવા જીલ્લા પંચાયતની પરવાનગીથી 31મી ડિસેમ્બર સુધીમાં જીલ્લા પંચાયતને મોકલવું.

→ તાલુકા પંચાયતે અંદાજપત્ર આવી રીતે તૈયાર કરવું જોઈએ કે જેથી નિયમોથી નક્કી કરવામાં આવે તેટલી રકમ સિલક તરીકે જમા રહે એટલે કે વર્ષના અંતે પંચાયત પાસે તેની આવકો અને મળવાપાત્ર કાયદેસરની સહાયની રકમના 10 ટકા હોય

→ જીલ્લા પંચાયત અંદાજપત્રની ચકાસણી કરી તેમાં યોગ્ય લાગે તેવી ભલામણોની સાથે તાલુકા પંચાયતને 2 મહિનાની અંદર પરત કરશે.

→ તાલુકા પંચાયત જીલ્લા પંચાયત તરફથી મળેલ ભલામણોને ધ્યાનમાં લઈને, પોતાને યોગ્ય લાગે તેવા ફેરફારો સહિત નાણાકીય વર્ષની 31મી માર્ચ સુધીમાં મંજૂર કરવું પડશે. પરન્તુ જીલ્લા પંચાયત તરફથી મળેલ ભલામણો તાલુકા પંચાયતે સ્વીકારવી ફરજિયાત નથી.

→ નાણાકીય વર્ષની 31મી માર્ચ સુધીમાં તાલુકા પંચાયત અંદાજપત્ર મંજૂર ન કરે તો એવું માનવામાં આવે છે કે પંચાયત પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થઈ ગઈ છે અને તેથી તેનું વિસર્જન અથવા પદચ્યુત કરવામાં આવે છે. જીલ્લા પંચાયતના વિલંબ માટે તાલુકા પંચાયત કસૂરવાર ગણાશે નહિ.

→ બજેટની મંજૂરી માટે વિધાનસભા એ સ્પષ્ટ આદેશાત્મક જોગવાઈ કરી છે. તેના પ્રમાણે પંચાયત બજેટ પસાર ન કરે તો પંચાયત કોઈ ખર્ચ કરી શકે નહિં તેથી તેનું કામકાજ અશકય બની જાય છે અને તેના પરિણામે પંચાયતને કાયદેસર રીતે સુપરસીડ કરવામાં આવે છે.

→ તાલુકા પંચાયતે બજેટ તૈયાર કરતાં પહેલાં સંબંધિત સરકારી ખાતાઓ પાસેથી જરૂરી માહિતી મેળવવી.

→ જો તાલુકા પંચાયતને લાગે કે એક વિષય માટે બજેટ માં નાણાં મંજૂર કર્યા છે પરન્તુ તે નાણાં બીજા વિષયમાં વાપરવાની જરૂર છે તો તાલુકા પંચાયતે પુનર્વિનિયોગ પત્રક તૈયાર કરીને જીલ્લા પંચાયતને મોકલવું.

→ કોઈપણ તાલુકા પંચાયત જરૂરત પ્રમાણે વર્ષ દરમિયાન કોઈપણ સમયે સુધારેલું અથવા પૂરક બજેટ તૈયાર કરી શકે છે. જીલ્લા પંચાયત ફક્ત એક મહિનાની અંદર જ બજેટની ચકાસણી કરી પરત મોકલશે અને ત્યારબાદ તાલુકા પંચાયત બજેટ મંજૂર કરશે.

→ તાલુકા પંચાયત બજેટમાં મંજૂર થયા પ્રમાણે જ ખર્ચ કરી શકે છે. ફક્ત તાકીદના પ્રસંગે (ખૂબજ જરૂરી પ્રસંગો ઊભા થાય) બજેટમાં જોગવાઈ વગર પંચાયત ખર્ચ કરી શકે છે. આ તાકીદના ખર્ચના પ્રસંગે તેવા ખર્ચને પહોંચી વળવાના સ્પષ્ટીકરણ સાથે તાલુકા પંચાયત જીલ્લા પંચાયતને તરતજ લેખિતમાં જણાવવું જોઈએ.

- **<u>જીલ્લા પંચાયતનું બજેટ</u>**

→ જીલ્લા પંચાયતના બજેટની જોગવાઈ ગુજરાત પંચાયત ધારાની કલમ-163માં આપવામાં આવેલી છે.

→ દરેક જીલ્લા પંચાયતે આગામી નાણાકીય વર્ષનું અંદાજપત્ર 15મી ફેબ્રુઆરી અથવા વિકાસ કમીશનરશ્રીની પરવાનગીથી 28 ફેબ્રુઆરી સુધીમાં તૈયાર કરવાનું હોય છે.

→ જીલ્લા પંચાયત ધ્વારા અંદાજપત્ર ઉપર સભ્યોના મંતવ્યો અને ભલામણો વિચારણામાં લઈ પોતાને યોગ્ય લાગે તેવા ફેરફારો સહિત અથવા ફેરફારો સિવાય 31મી માર્ચ સુધીમાં મંજૂર કરવાનું રહેશે.

→ જીલ્લા પંચાયત ધ્વારા આવું મંજૂર થયેલ બજેટ વિકાસ કમીશનરશ્રીને 31મી માર્ચ સુધી કે તે પહેલાં મોકલવાનું રહેશે.

→ જીલ્લા પંચાયતે અંદાજપત્ર આવી રીતે તૈયાર કરવું જોઈએ કે તેથી નિયમોથી નક્કી કરવામાં આવે તેટલી રકમ સિલક તરીકે જમા રહે એટલે કે વર્ષના અંતે પંચાયત પાસે તેની આવકો અને મળવાપાત્ર કાયદેસરની સહાયની રકમના 10 ટકા હોય.

→ નાણાકીય વર્ષની 31મી માર્ચ સુધીમાં જીલ્લા પંચાયત અંદાજપત્ર મંજૂર ન કરે તો એવું માનવામાં આવે છે પંચાયત પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થઈ ગઈ છે અને તેથી તેનું વિસર્જન અથવા પદચ્યુત કરવામાં આવે છે.

→ બજેટની મંજૂરી માટે વિધાનસભાએ સ્પષ્ટ આદેશાત્મક જોગવાઈ કરી છે તેના પ્રમાણે પંચાયત બજેટ પસાર ન કરે તો પંચાયત કોઈ ખર્ચ કરી શકે નહિ તેથી તેનું કામકાજ અશકય બની જાય છે અને તેના પરિણામે પંચાયતને કાયદેસર રીતે સુપરસીડ કરવામાં આવે છે.

→ જીલ્લા પંચાયતે બજેટ તૈયાર કરતાં પહેલાં સંબંધિત સરકારી ખાતાઓ પાસેથી જરૂરી માહિતી મેળવવી.

→ જો જીલ્લા પંચાયતને લાગે કે એક વિષય માટે બજેટમાં નાણાં મંજૂર કર્યા છે પરન્તુ તે નાણાં બીજા વિષયમાં વાપરવાની જરૂર છે તો જીલ્લા પંચાયત પુનર્વિનિયોગ પત્રક તૈયાર કરી શકશે.

→ કોઈપણ જીલ્લા પંચાયતે જરૂરત પ્રમાણે વર્ષ દરમિયાન કોઈપણ સમયે સુધારેલું અથવા પૂરક બજેટ તૈયાર કરી શકે છે. આવું સુધારેલું અથવા પૂરક બજેટ અસલ વાર્ષિક બજેટ હોય તેવી રીતે જીલ્લા પંચાયતે વિચારણામાં લેવું જોઈએ અને મંજૂર કરવું જોઈએ.

→ જીલ્લા પંચાયત બજેટમાં મંજૂર થયા પ્રમાણે જ ખર્ચ કરી શકે છે. ફકત તાકીદના પ્રસંગે (ખૂબજ જરૂરી પ્રસંગો ઊભા થાય ત્યારે) બજેટમાં જોગવાઈ વગર પંચાયત ખર્ચ કરી શકે છે. આ તાકીદના ખર્ચના પ્રસંગે તેવા ખર્ચને પહોંચી વળવાના સ્પષ્ટીકરણ સાથે, જીલ્લા પંચાયતે વિકાસ કમીશનરને તરત જ લેખિતમાં જણાવવું જોઈએ.

- **<u>પંચાયતોના હિસાબોનું ઓડિટ</u>**

→ ગામ પંચાયત, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતના હિસાબોનું ઓડિટ "ગુજરાત લોકલ ફંડ ઓડિટ અધિનિયમ, 1963" ની જોગવાઈઓ હેઠળ કરવામાં આવે છે.

→ દરેક પંચાયત (ગામ, તાલુકા અને જીલ્લા) ના હિસાબોની તપાસણી "ગુજરાત સ્થાનિક નિધિ હિસાબ તપાસણી અધિનિયમ-1963" અને તે સંબંધી નિયમો પ્રમાણે કરવામાં આવે છે.

→ **<u>ગુજરાત સ્થાનિક નિધિ હિસાબ તપાસણી અધિનિયમ - 1963 :</u>**

→ આ અધિનિયમમાં ઓડિટરની વ્યાખ્યા આ પ્રમાણે આપેલી છે. ઓડિટર એટલે હિસાબ તપાસનીશ અથવા બીજો કોઈ વ્યક્તિ કે જેને રાજ્ય સરકારે ઓડિટરના કાર્યો કરવાની સત્તા આપી હોય તેવો અધિકારી.

→ દર વર્ષે અગાઉના પૂરા નાણાકીય વર્ષના હિસોબોનું ઓડિટ શરૂ કરવાની તારીખની જાણ સરપંચ અથવા પ્રમુખને કરવામાં આવે છે.

→ પંચાયતના સરપંચ અથવા પ્રમુખે ઓડિટર સમક્ષ દરેક હિસાબ રજૂ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

→ ઓડિટ શરૂ થયાથી જાણ મળે કે તરતજ કચેરીના સમય દરમિયાન ઓડિટ કાર્ય માટે ઓફિસની વ્યવસ્થા કરવામાં આવે છે.

→ ઓડિટર સમક્ષ પંચાયતે પોતાના વાર્ષિક હિસાબો અને તેને લગતું આનુષંગિક દફતર રજૂ કરવું.

→ ઓડિટર વાઉચર, સ્ટેટમેન્ટ, પત્રવ્યવહાર અને બીજા હિસાબો રજૂ કરવા લેખિત સૂચના આપી શકશે તેમજ જે અધિકારી કે કર્મચારીના નિયંત્રણમાં હોય તેને હાજર રહેવા જણાવશે.

→ ઓડિટ દરમિયાન ઓડિટર પોતાના મંતવ્યોની જાણ વાંધાપત્રકો ધ્વારા કરે છે.

→ ઓડિટરે લીધેલ વાંધાઓના ખુલાસા માટે લીધેલાં પગલાંની જાણ ઓડિટરને કરવી અને ઓડિટર પૂર્ણ થતાં પહેલાં ઓડિટના તમામ વાંધાઓ જવાબો સાથે ઓડિટરને પરત કરવા જોઈએ.

→ ઓડિટ પુરું થયા પછી એક મહિનાની અંદર ઓડિટ નોંધની એક નકલ પંચાયતને અને ઉપરની પંચાયતને (એટલે કે ગામ પંચાયત હોય તો એક નકલ

AGujarat.com

ગામ પંચાયતને અને એક નકલ તાલુકા પંચાયતને) મોકલવામાં આવશે.

→ ઓડિટ નોંધ મળે એટલે પંચાયતે ઓડિટની નોંધમાં દર્શાવવામાં આવી હોય તેવી કોઈ ખામીઓ અથવા નિયમ દોષ સુધારવો અને તે પ્રમાણે કર્યાની ખબર 3 મહિનાની અંદર તાલુકા પંચાયતને મોકલવી જોઈએ અથવા વધુ ખુલાસો કરવો.

→ ગામ પંચાયતનો તાલુકા પંચાયતને ખુલાસો મળે એટલે -

(1) તાલુકા પંચાયત તે પર વિચાર કરી યોગ્ય લાગશે તો ખુલાસો સ્વીકારશે અને વાંધો પાછો ખેંચી લેવા કલેકટરને ભલામણ કરશે અથવા

(2) આગામી તપાસણી વખતે તે બાબતની વધુ તપાસ કરવી તેની ભલામણ કરશે અથવા

(3) તેવી ખામીઓ પંચાયતે દૂર કરી નથી તેવું જણાવી શકશે.

→ તાલુકા પંચાયતને ખુલાસો મળે ત્યારથી એક મહિનાની અંદર અથવા ખુલાસો ન મળે તો પણ એક મહિનામાં તાલુકા પંચાયત કલેકટરને પોતાનો અહેવાલ મોકલશે.

→ તાલુકા પંચાયતનો અહેવાલ કલેકટરને મળે એટલે કલેકટર પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કરીને ગેરકાયદેસર નાણા આપનાર અથવા તેવી રીતે નાણાં આપનારને આપવા માટે અધિકાર આપનાર પાસેથી તે રકમ વસૂલ કરી શકશે.

→ જો કોઈ વ્યક્તિ કલેકટરના હુકમથી નારાજ થાય તો તેઓ જીલ્લા કોર્ટને અરજી કરી શકશે.

→ ઉપરોકત પ્રોસીજર તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતને પણ લાગુ પડે છે ફકત કલેકટરની જગ્યાએ વિકાસ કમીશનરને અધિકાર મળે છે.

★★★★★

## પ્રકરણ-13 પંચાયતોના કાર્યો અને ફરજો

- **ગામ પંચાયતના અધિકારો, કાર્યો અને ફરજો**

→ ગામ પંચાયત, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતોના અધિકાર (તાબા) હેઠળ રાખવામાં આવી છે.

→ ગામ પંચાયતની ફરજો નીચે મુજબ છે-

**(1) આરોગ્ય અને સફાઈના ક્ષેત્રે:**

- ગામના વિસ્તાર માટે પાણી પુરું પાડવાથી સંબંધિત
- આરોગ્યનું રક્ષણ કરવાથી સંબંધિત
- ગામની સ્વચ્છતા જાળવવાથી સંબંધિત
- જાહેર હોસ્પિટલોની સ્થાપના સંબંધિત
- કબ્રસ્તાન- સ્મશાનની જગ્યાઓની જોગવાઈ અને જાળવણીથી સંબંધિત
- જાહેર શૌચાલયો બાંધવાથી સંબંધિત
- મૃત પશુઓના નિકાળ થી સંબંધિત
- ચેપી રોગો સામે પગલાંઓથી સંબંધિત
- દુષ્કાળ અથવા અછતના સમયે પંચાયતની હદમાંના નિરાધાર લોકોને રાહત આપવાથી સંબંધિત

**(2) જાહેર બાંધકામ ક્ષેત્રે :**

- નડતરો અને રસ્તા ઉપર બહાર નીકળતાં બાંધકામો દૂર કરવાથી સંબંધિત
- પંચાયતને પ્રાપ્ત થયેલ મકાનો, તળાવો, કૂવાઓ વગેરેની સાચવણીથી સંબંધિત
- દીવાબત્તીની વ્યવસ્થા કરવાથી સંબંધિત
- જાહેર સ્થળોએ વૃક્ષારોપણથી સંબંધિત
- ધર્મશાળાઓ અને કતલખાનાં બાંધવાથી સંબંધિત
- ઢોર પૂરવાના ડબ્બાની સ્થાપના અને નિયંત્રણથી સંબંધિત

**(3) શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે :**

- શિક્ષણનો પ્રસાર કરવાથી સંબંધિત
- કીડાગણો, અખાડા, કલબો અને આનંદપ્રમોદના કેન્દ્રોની સ્થાપનાથી સંબંધિત
- કળા અને સંસ્કારના પ્રસાર માટે નાટયગૃહોની સ્થાપના
- લાઈબ્રેરીની સ્થાપનાથી સંબંધિત
- પ્રાથમિક શિક્ષણને ફરજિયાત દાખલ કરવામાં સરકારની મદદ
- સ્કૂલ માટે મકાન અને શિક્ષણ સાધન સામગ્રીની જોગવાઈ કરી.

**(4) આયોજન અને વહીવટના ક્ષેત્રે :**

4Gujarat.com

તમે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો
તો અત્યારે જ ગૂગલમાં સર્ચ 4GUJARAT.COM

અહીં તમામ સ્પર્ધાત્મક પરીક્ષાનું વાંચવા માટેનું મટરીયલ્સ

તમામ વિષય અને પરીક્ષાની મોક ટેસ્ટ

દરરોજનું કરંટ અફેર્સ MCQ QUIZ સ્વરૂપે

તમામ વિષયની ફ્રી PDF

તમામ પરિક્ષાના જુના પેપર અને સિલેબસ

સ્પર્ધાત્મક પરીક્ષાની ફ્રીમાં તૈયારી કરાવતું

**ગુજરાતનું સર્વશ્રેષ્ઠ પોર્ટલ** 4Gujarat.com



- ગામના વિકાસ માટે આયોજન કરવાથી સંબંધિત
- રાજ્ય સરકારની જમીન-સુધારણાની યોજનાના અમલમાં સહાય કરવાથી સંબંધિત
- હિસાબી નિયમો પ્રમાણએ કામ કરવાથી સંબંધિત
- પંચાયત ધ્વારા નોકરીમાં રાખવાના સ્ટાફની ભરતી, તાલીમ અને તે અંગે વ્યવસ્થા કરવાથી સંબંધિત
- મેળા, યાત્રાળુઓ અને ઉત્સવો યોજવા અને તેના નિયમનથી સંબંધિત
- જે ફરિયાદોનો નિકાલ પંચાયત ન કરી શકે તે ઉપરના યોગ્ય સત્તાધિકારીઓને સુપ્રત કરવાથી સંબંધિત
- જન્મ, મરણ અને લગ્નની નોંધણીથી સંબંધિત

**(5) <u>અન્ય ક્ષેત્રે :</u>**

- કોઈપણ પ્રાકૃતિક આપદાના સમયે મદદ માટે તત્પર રહેવાથી સંબંધિત
- કુટુંબ નિયોજનના પ્રચારથી સંબંધિત
- વ્યાજબી ભાવની રાશનની દુકાનો ખોલવાથી સંબંધિત
- અનાજના સ્ટોરેજની સ્થાપના અને વ્યવસ્થાથી સંબંધિત
- સુધારેલા બિયારણ કેન્દ્રની સ્થાપના કરી તેનો વપરાશ વધારવા માટે યોગ્ય પ્રયાસો કરવાથી સંબંધિત
- દૂધની ડેરીના ઉદ્યોગને ઉત્તેજન આપવાથી સંબંધિત
- હસ્તકલાને પ્રોત્સાહન અને જરૂરી રક્ષણ આપવાથી સંબંધિત

→ ઉપર જણાવેલ કાર્યો, ફરજો અને અધિકારો સિવાય પણ ગુજરાત પંચાયત ધારામાં અન્ય કાર્યો, ફરજો અને અધિકારો આપવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે-

(1) પોતાના ક્ષેત્રની બહાર પણ પંચાયત શિક્ષણ અથવા વૈધકીય મદદ કરી શકશે પરન્તુ આ માટે તેણે પ્રથમ જીલ્લા પંચાયતની મંજૂરી લેવાની રહેશે.

(2) કોઈપણ કાર્યો જેથી સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક ઉત્કર્ષ થવાનો સંભવ હોય તેવાં કાર્યો પોતાના ગામમાં કરી શકે છે.

(3) અસ્પૃશ્યતા નિવારણ માટે અને SC, ST તથા OBC ના ઉત્કર્ષ માટે વિકાસ કમીશનર અને જીલ્લા વિકાસ અધિકારીના આદેશોનો અમલ કરવો અને આદેશોનું પાલન ન થાય તો અનુદાન (ગ્રાન્ટ) અટકાવવામાં આવે છે.

(4) ગામના કાર્યો કરવા માટે, પંચાયત કોઈપણ વ્યક્તિને નાણાકીય અથવા બીજી મદદ આપી શકશે પરન્તુ તે માટે તાલુકા પંચાયતની મંજૂરી લેવાની રહેશે.

(5) ગામ પંચાયત સામે માંડેલા દાવા અથવા પંચાયતે માંડેલા દાવાનું પંચાયત સમાધાન કરી શકશે. તે માટે નાણાં આપવાની જરૂર પડે તો નાણાં આપી શકશે.

(6) જો કોઈપણ ફરિયાદ પંચાયતને કોઈપણ ફોજદારી ન્યાયાધીશ તપાસ માટે મોકલે તો તે ફરિયાદની તપાસ પંચાયત સાક્ષી તરીકે હાજર રહેવા પંચાયતના કોઈપણ સભ્યને ફરમાવી શકે નહિ.

(7) તાલુકા પંચાયત અથવા જીલ્લા પંચાયતના ભંડોળમાંથી કરવાના કોઈપણ કામ અથવા વ્યવસ્થા તે માટેનાં જરૂરી નાણાં તાલુકા પંચાયત અથવા જીલ્લા પંચાયત આપે તો ગામ પંચાયત તેનાં કામો કરી શકશે.

(8) જો ગામ પંચાયતની હદમાં મકાન બાંધવું હોય તો તેની પરવાનગી લેવી પંચાયત પાસેથી જરૂરી છે. પંચાયત પાસેથી પરવાનગી મળ્યા વિના મકાન બાંધવું તે ગુનો છે જેથી પંચાયત તે બાંધકામને તોડી શકશે અને રૂપિયા 200 સુધીનો દંડ કરી શકશે.

(9) ગામ પંચાયતને જમીન મહેસૂલ વગેરે ઉઘરાવવાની જવાબદારી સોંપવામાં આવેલ છે અને આવો અધિકાર આપવામાં આવે તો રાજ્ય સરકારને યોગ્ય લાગે તો તે પંચાયતને જમીન મહેસૂલ વસૂલ કરવા માટે કલેકટરને જે સત્તા "Land Revenue Code" પ્રમાણે આપવામાં આવી છે તે સત્તા આપી શકશે.

(10) પંચાયતની સીમામાં આવેલા ઢોર પૂરવાના ડબ્બા પંચાયતની માલિકીના ગણાશે અને તેની વ્યવસ્થા પંચાયતે કરવાની રહેશે. તાલુકા વિકાસ અધિકારીની મંજૂરીથી ડબ્બાવાળાની નિમણૂક કરવામાં આવશે અને નિયમો હેઠળ ઢોર ડબ્બાની કામગીરી કરવાની રહેશે.

(11) ગામ પંચાયતે નાખેલ કર અને ફી તથા બીજા લેણાંની વસૂલાત કરશે અને તે માટેના કાયદેસરના જરૂરી પગલાં લેશે.

- **<u>તાલુકા પંચાયતના કાર્યો, અધિકારો અને ફરજો:</u>**

→ નગરપાલિકા વિસ્તાર સિવાયના તાલુકાના જે વિસ્તારો માટે તાલુકા પંચાયતની રચના કરવામાં આવી હોય

4Gujarat.com

તેના ઉપર જીલ્લા પંચાયતના અધિકારોના આધીન રહીને તાલુકા પંચાયત તેના સત્તા, કાર્યો અને ફરજો બજાવશે.

→ તાલુકા પંચાયતની ફરજો નીચે મુજબ છે -

**(1) <u>આરોગ્ય અને સફાઈના ક્ષેત્રે :</u>**

- પીવા માટે સ્વચ્છ પાણીની સગવડ કરવાથી સંબંધિત
- કુટુંબ નિયોજનથી સંબંધિત
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, દવાખાનાઓ, પ્રસૂતિગૃહો ચલાવવા અને તેની દેખરેખ રાખવાથી સંબંધિત
- રોગચાળા ઉપર કાબૂ મેળવવાથી સંબંધિત
- આરોગ્ય સેવાઓના વિસ્તરણથી સંબંધિત

**(2) <u>શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે :</u>**

- તાલુકામાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ કાયદાનો અમલ કરવાથી સંબંધિત
- પ્રાથમિક શાળાઓની સ્થાપના અને મેનેજમેન્ટ કરવાથી સંબંધિત
- પુસ્તકાલય, વાંચનાલયની સ્થાપના અને બીજી સંસ્કાર પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવાથી સંબંધિત
- તાલુકા પંચાયત હેઠળની ગામ પંચાયતના સ્તરે કરવામાં આવતી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહાય કરવાથી સંબંધિત

**(3) <u>સમાજશિક્ષણના ક્ષેત્રે :</u>**

- સામૂહિક શિક્ષણ કેન્દ્રો, માહિતી કેન્દ્રો અને વિશ્રાંતિકેન્દ્રોની સ્થાપના અને તેને ચલાવવાથી સંબંધિત
- યુવક મંડળો, ખેડૂત મંડળો અને મહિલા મંડળો જેવી સંસ્થાઓની સ્થાપના અને તેને ચલાવવા માટે ઉત્તેજન આપવાથી સંબંધિત
- ગામરક્ષક દળની સ્થાપના કરવાથી સંબંધિત
- ગ્રામાસેવકો, ગ્રામસેવિકાઓ અને ગ્રામલક્ષ્મીઓને પ્રશિક્ષણ આપવો અને તેમની સેવાઓનો ઉપયોગ કરવાથી સંબંધિત

**(4) <u>અન્ય ક્ષેત્રે :</u>**

- ગ્રામસમૂહમાં સ્વાવલંબનની ભાવના અને આત્મનિર્ભરતા કેળવવાથી સંબંધિત
- તાલુકા સ્તરે ખેતીવાડીની સુધારણા માટે આયોજન કરવાથી સંબંધિત
- તાલુકા સ્તરના સિંચાઈના કામોનું બાંધકામ અને દેખરેખ રાખવાથી સંબંધિત
- જમીન નવસાધ્ય કરવા અને તેનું સંરક્ષણ કરવાથી સંબંધિત
- ખેતી ક્ષેત્રે અત્યાધુનિક સુવિધાઓનો વપરાશ કરવાથી સંબંધિત
- પશુ-ચિકિત્સાલયો અને કૃત્રિમ ગર્ભધાન કેન્દ્રોની સ્થાપનાથી સંબંધિત
- રખડતાં - નકામાં ઢોરોનો પ્રશ્ન હલ કરવાથી સંબંધિત
- કુટિર, ગ્રામ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ કરવાથી સંબંધિત
- ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ અને અખિલ ભારત મંડળોની મદદથી ચાલતા ઉદ્યોગોના વિકાસ માટેની યોજનાઓના અમલની વ્યવસ્થા કરવાથી સંબંધિત
- સહકારી ધોરણે ધિરાણ, વેચાણ, ઉદ્યોગ, સિંચાઈ માટે વિવિધલક્ષી સમિતિઓની સ્થાપનાથી સંબંધિત
- મહિલાઓ અને બાળ કલ્યાણ માટેની યોજનાઓનો અમલ કરવાથી સંબંધિત
- SC, ST અને OBC ના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ (Hostel) ની વ્યવસ્થા કરવાથી સંબંધિત

→ ઉપર જણાવેલ કાર્યો, ફરજો અને અધિકારો સિવાય પણ ગુજરાત પંચાયત ધારામાં અન્ય કાર્યો, ફરજો અને અધિકારો આપવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે -

(1) તાલુકા પંચાયત, જીલ્લા પંચાયતની પૂર્વમંજૂરી લઈને જો નાણાંની સગવડ હોય તો પોતાની હકૂમતની બહાર શિક્ષણ અથવા તબીબી સહાય સંબંધી ખર્ચ કરી શકશે.

(2) તાલુકા પંચાયત, નિયમોને આધીન રહીને તેના તાબા નીચેની પંચાયતને લોન આપી શકશે.

(3) તાલુકા પંચાયત હેઠલના લોકોની સુવિધા, સગવડ, સલામતી, આરોગ્ય, શિક્ષણ અથવા સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક કલ્યાણનો ઉત્કર્ષ થવાનો સંભવ હોય તેવાં કોઈપણ કાર્ય, તજવીજ, યોજના અથવા પ્રોજેકટનો અમલ કરવા મેનેજમેન્ટ કરી શકે છે. આ જોગવાઈ ખૂબજ વિશાળ છે.

(4) તાલુકા પંચાયત, સભ્યોની કુલ સંખ્યાનો 2/3 (બે - તૃતીયાંશ) સભ્યો એ ટેકો આપેલો ઠરાવ, પોતાની બેઠકમાં પસાર કરીને તાલુકાની અંદર કોઈપણ જાહેર

AGujarat.com

સત્કાર સમારંભ અથવા મનોરંજન માટે અથવા જીલ્લા કે રાજ્યના પંચાયતના મેળાવડા માટે અને રાજ્યની માન્ય સંસ્થામાં ફાળા માટે ખર્ચ કરી શકશે. પરન્તુ રૂપિયા 200 કરતાં વધુ ખર્ચ કરવા માટે તાલુકા પંચાયતે જીલ્લા પંચાયતની પૂર્વમંજૂરી લેવી જરૂરી છે.

(5) જો કોઈ જમીનમાં સંબંધમાં તાલુકામાં પંચાયતને એવું માલૂમ પડે કે ખાતેદાર અથવા તેના વરિષ્ઠ ધારણ કરનારની બેદરકારીને કારણે અથવા તે અને તેના ગણોતિયા વચ્ચેની તકરારને કારણે જમીનની ખેતીને ઘણું જ નુકશાન થયું છે, તો તાલુકા પંચાયત આવી હકીકત જીલ્લા વિકાસ અધિકારીની જાણમાં લાવશે.

(6) તાલુકા પંચાયતે, SC, ST અને OBC વર્ગોની હાલત સુધારવા માટેના ઉપાયોના સંબંધમાં અને ખાસ કરીને અસ્પૃશ્યતા નિવારણ માટે રાજ્ય સરકારે અથવા જીલ્લા વિકાસ અધિકારીએ આ બાબતના સંબંધમાં, વખતો વખત આપેલા આદેશોનો અમલ કરવો જોઈએ.

(7) તાલુકા પંચાયતે, તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાની રૂએ અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી બીજી ફરજો અને કાર્યો બજાવશે.

(8) તાલુકા પંચાયત, અનુસૂચિ-2 માં જણાવેલ કાર્યો બજાવવા માટે કોઈ વ્યક્તિ કે સંસ્થાને નાણાકીય કે બીજી મદદ આપી શકશે.

(9) તાલુકા પંચાયતે, પોતે માંડેલા અથવા પોતાની વિરૂદ્ધમાં માંડવામાં આવેલા કોઈપણ દાવાના સંબંધમાં અથવા કરારમાં નાણાંની રકમ કે તેનું વળતર આપીને કરારમાં નાણાંની રકમ કે તેનું વળતર આપીને પોતે સમાધાન કરી શકશે.

(10) પંચાયત તથા તેના અધિકારીઓ અને નોકરોએ પ્રાપ્ત થયેલી સત્તા વાપરવાને કારણે કોઈ વ્યક્તિને કંઈપણ નુકશાન થાય, તો તે પંચાયત પોતાના ફંડમાંથી વળતર આપી શકે છે.

(11) જીલ્લા પંચાયત કોઈ સંસ્થાનો વહીવટ અથવા કોઈ કામ તાલુકા પંચાયતની સંમતિથી સોંપી શકશે.

(12) તાલુકા પંચાયત, ગામ પંચાયતની ઓફિસમાં દાખલ થઈ તેના દફતરો, રજિસ્ટરો અને બીજા દસ્તાવેજો તપાસવા અથવા તપાસાવડાવવા માટે તેના પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સેક્રેટરી (મંત્રી) ને સામાન્ય સભાનાં ઠરાવથી અધિકાર આપી શકશે.

(13) તાલુકા વિકાસ અધિકારી ગામ પંચાયતના કોઈ કામ, કોઈ હુકમ અથવા ઠરાવને મનાઈ હુકમથી આપી શકશે અથવા કાયમી મનાઈ ફરમાવી શકશે.

- **<u>જીલ્લા પંચાયતના અધિકારો, કાર્યો અને ફરજો:</u>**

→ જીલ્લા પંચાયત નગરપાલિકા વિસ્તાર સિવાયના જીલ્લાના વિસ્તાર માટે રાજ્ય સરકારના અને વિકાસ કમીશનરશ્રીના નિયંત્રણને આધીન રહીને તે સત્તા, કાર્યો અને ફરજો બજાવશે.

→ જીલ્લા પંચાયતની ફરજો નીચે મુજબ છે.

**(1) <u>આરોગ્ય અને સફાઈના ક્ષેત્રે:</u>**

- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સ્થાપના કરી તેની જાળવણી કરવી.
- નર્સોને પ્રશિક્ષણ આપવું.
- હોસ્પિટલોની સ્થાપના કરી તેને યોગ્ય રીતે ચલાવવું.
- માન્યતા પ્રાપ્ત દવાના રાહત કેન્દ્રોને મદદ કરવી.
- પીવાના પાણી પુરવઠાનું મેનેજમેન્ટ કરવું.
- કુટુંબ નિયોજનમાં મદદ કરવી.
- BPL અને ગરીબ વ્યક્તિઓના પરિવારના બાળકો અને માતાઓને દૂધની વહેંચણી કરવી.
- દાયણોને પ્રશિક્ષણ આપવું.
- આર્યુર્વેદિક અને હોમિયોપેથિક કેન્દ્રો મારફતે વૈધકીય સગવડ આપવી.
- આર્યુર્વેદિક અને હોમિયોપેથિક દવાખાના ખોલવા અને ચલાવવા.
- લોકોના આરોગ્ય અને સુખ-સગવડ વગેરે વધારવા માટે જે કાર્યો કરવા ફરજિયાત હોય તેનું યોગ્ય મેનેજમેન્ટ કરવું.

**(2) <u>બાંધકામ ક્ષેત્રે :</u>**

- જીલ્લા પંચાયતની પ્રવૃત્તિ માટે જરૂરિયાત મુજબનાં મકાનો બાંધવા અને તેની જાળવણી કરવાથી સંબંધિત
- રસ્તાઓ બનાવવા અને બન્ને બાજુ વૃક્ષારોપણ કરવું.
- રાજ્ય સરકાર તરફથી જે બાંધકામો સોંપવામાં આવે તેનો અમલ કરવાથી સંબંધિત

**(3) <u>શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે :</u>**

AGujarat.com

- જીલ્લામાં તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં મદદ કરવાની, તેમજ ઉત્તેજન આપવાની અને તે સંબંધિત માર્ગદર્શન આપવો.

- રાજય સરકાર નક્કી કરી શકે તે માટે અભ્યાસક્રમ સંબંધિત સૂચનો આપવા.

- પ્રાથમિક શિક્ષણની જવાબદારી પંચાયતના હાથમાં લેવી.

- શિક્ષણને લગતી તમામ પ્રવૃત્તિઓ કરવી.

- રાષ્ટ્રીય નીતિ અને રાષ્ટ્રીય યોજનાના માળખાની અન્તર્ગત જીલ્લામાં શિક્ષણનું આયોજન કરવું.

- શૈક્ષણિક પ્રવૃત્તિઓની યોજના બનાવવી અને તેની મોજણી અને મૂલ્યાંકન કરવું.

- રાજ્ય સરકારને પાઠયપુસ્તકોની પસંદગી બાબતે સૂચનો આપવા.

- માધ્યમિક શિક્ષણના સંબંધમાં રાજ્ય સરકારે સોંપેલા કોઈપણ કાર્યક્રમનો અમલ કરવો.

- તાલુકા પંચાયત હેઠળની પ્રાથમિક શાળાઓનું નિરીક્ષણ કરવું અને શાળાઓમાં પરીક્ષા આયોજિત કરવી.

- શૈક્ષણિક ફંડ સ્વીકારીને તેની યોગ્ય વ્યવસ્થા કરવી

- સમસ્ત પ્રાથમિક સ્કૂલોનું અને પંચાયતના નિયંત્રણ હેઠળની બીજી શૈક્ષણિક સંસ્થા પર દેખરેખ રાખવી.

**(4) <u>અન્યક્ષેત્રે :</u>**

- ગામ, તાલુકા અને જીલ્લા પંચાયતોની પ્રવૃત્તિઓ અંગે જરૂરી આંકડા અને અન્ય માહિતીનું સંકલન અને ઉપયોગ કરવાથી સંબંધિત

- જીલ્લામાંની જુદી-જુદી પંચાયતોને સોંપવામાં આવેલી યોજના અને કાર્યક્રમોનું અવલોકન અને મૂલ્યાંકન

- ગામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જીલ્લા પંચાયત વચ્ચે કામનું વિભાજન કરવા અને સંકલન કરવાથી સંબંધિત

- આદર્શ કૃષિકેન્દ્રોની સ્થાપના અને ચલાવવાથી સંબંધિત

- ખેતી ઉત્પાદન અને ખેતી વિકાસની યોજનાઓનો અમલ કરવાથી સંબંધિત

- માન્યતા પ્રાપ્ત પશુસંવર્ધન કેન્દ્રોને ઉત્તેજન અને સહાય આપવાથી સંબંધિત

- પશુ દવાખાના અને ચિકિત્સાલયોની સ્થાપના અને ચલાવવાથી સંબંધિત

- સમાજકલ્યાણની દષ્ટિએ જીલ્લા સ્તરે આવશ્યક પ્રવૃત્તિઓ ચલાવવાથી સંબંધિત

→ ઉપર જણાવેલ કાર્યો, ફરજો અને અધિકારો સિવાય પણ ગુજરાત પંચાયત ધારામાં અન્ય કાર્યો, ફરજો અને અધિકારો આપવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે.

(1) જીલ્લા પંચાયત 2 લાખ રૂપિયા સુધી વિકાસ કમીશનરની અને તેથી વધુ રકમ માટે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી, જો નાણાંની સગવડ હોય તો, પોતાની હકૂમતની બહાર શિક્ષણ અથવા તબીબી સહાય સંબંધી ખર્ચ કરી શકે છે.

(2) જીલ્લા પંચાયત હેઠલના લોકોની સુવિધા, સગવડ, સલામતી, આરોગ્ય, શિક્ષણ અથવા સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક કલ્યાણનો ઉત્કર્ષ થવાનો સંભવ હોય તેવાં કોઈપણ કાર્ય, તજવીજ, યોજના અથવા પ્રોજેકટનો અમલ કરવા મેનેજમેન્ટ કરી શકે છે.

(3) જીલ્લા પંચાયત, સભ્યોની કુલ સંખ્યાના બે-તૃતીયાંશ સભ્યોએ ટેકો આપેલો ઠરાવ પોતાની બેઠકમાં પસાર કરીને જીલ્લાની અંદર કોઈપણ જાહેર સત્કાર, સમારંભ અથવા મનોરંજન માટે અથવા જીલ્લા પંચાયત કે રાજયના મેળાવડા માટે અને રાજયની માન્ય સંસ્થામાં ફાળા માટે ખર્ચ ખરી શકે છે.

(4) જીલ્લા પંચાયત, નિયમોને આધીન રહીને તેના તાબા નીચેની પંચાયતને પોતાના ફંડમાંથી લોન આપી શકે છે.

(5) જીલ્લા પંચાયતે, SC, ST અને OBC વર્ગોની હાલત સુધારવા માટેના ઉપાયોના સંબંધમાં અને ખાસ કરીને અસ્પૃશ્યતા નિવારણ માટે રાજ્ય સરકાર અથવા વિકાસ કમીશનરશ્રી આ બાબતના સંબંધમાં વખતોવખત આપેલા આદેશોનો અમલ કરવો.

(6) જીલ્લા પંચાયતે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદાની રૂએ અથવે તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી ફરજો અને કાર્યો બજાવવા.

4Gujarat.com

(7) જીલ્લા પંચાયત, અનુસૂચિ-3 માં જણાવેલ કાર્યો બજાવવા માટે કોઈ વ્યક્તિ કે સંસ્થાને નાણાકીય કે બીજી સહાય આપી શકે છે.

(8) જીલ્લા પંચાયત, પોતે માંડેલા અથવા પોતાની વિરૂદ્ધ માંડવામાં આવેલા કોઈપણ દાવાના સંબંધમાં અથવા કરારમાં નાણાની રકમ કે તેનું વળતર આપીને પોતે સમાધાન કરી શકે છે.

(9) જીલ્લા પંચાયત તથા તેના અધિકારીઓ અને નોકરોને પ્રાપ્ત થયેલી સત્તા વાપરવાને કારણે કોઈપણ વ્યક્તિને નુકશાન થાય તો, તેને પંચાયત પોતાના ફંડમાંથી વળતર આપી શકે છે.

(10) રાજય સરકાર સ્થાનિક સંસ્થા અથવા કોર્પોરેશન વતી કોઈપણ બાંધકામ, તેની જાળવણી અથવા મરમ્મત કરવા માટે અથવા કોઈ સંસ્થાનો વહીવટ કરવા માટે જીલ્લા પંચાયતને અધિકાર મળે છે.

(11) જીલ્લા પંચાયતને તાબાની કોઈ પંચાયતની કાર્યવાહી, તેના કાગળો, હિસાબો વગેરે મંગાવી તપાસવાનો અધિકાર છે. જીલ્લા પંચાયતની બાબતમાં વિકાસ કમીશનરશ્રીને પણ આ જ અધિકાર છે તેથી જીલ્લા પંચાયતે પણ તેનો અમલ કરવો પડશે.

(12) જીલ્લા પંચાયત, તાબાની પંચાયતની ઓફિસમાં દાખલ થઈ તેના દફતરો, રજિસ્ટરો અને બીજા દસ્તાવેજો તપાસવા અથવા તપાસાવડાવવા માટે તેના પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સેક્રેટરી (મંત્રી)ને સામાન્ય સભાના ઠરાવથી અધિકાર આવી શકે છે. આ જ અધિકાર વિકસ કમીશનરશ્રીને જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગામ પંચાયત માટે પણ છે.

(13) જીલ્લા પંચાયત, તેની તાબાની પંચાયતોમાં અધિકારીઓ અને સેવકો તેની જરૂર કરતાં વધારે હોય અથવા તેમનું મહેનતાણું વધુ પડતું હોય તો તેઓની સંખ્યા ઓછી કરવા અથવા મહેનતાણું ઓછું કરવા માટે ફરજ પાડી શકે છે. આવા હુકમ સામે વિકાસ કમીશનરશ્રીને અપીલ થઈ શકે છે.

(14) જીલ્લા વિકાસ અધિકારી ગામ અને તાલુકા પંચાયતના કોઈ કામ અથવા ઠરાવને મનાઈ હુકમ આપી શકે છે અથવા કાયમી મનાઈ ફરમાવી શકે છે. આવી જ સત્તા વિકાસ કમીશનરશ્રીને જીલ્લા પંચાયતના કામ અથવા ઠરાવ માટે છે.

(15) આગ અથવા ચેપી રોગચાળો ફાટી નીકળવાથી અથવા અન્ય કોઈ કુદરતી આફતથી અસર પામેલા કોઈ વિસ્તારમાં જાનમાલનું રક્ષણ કરવા માટે તાત્કાલિક પગલાં લેવાના હેતુ માટે જીલ્લા વિકાસ અધિકારીના આદેશથી કોઈપણ પંચાયતના સ્ટાફ, સાધનસામગ્રીનો ઉપયોગ કોઈ પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકાના કે અન્ય વિસ્તાર માટે ઉપયોગમાં લઈ શકે છે પરન્તુ તેનો ખર્ચ સંબંધિત લાભ લેનાર સંસ્થાએ આપવાનો છે.

(16) કોઈપણ તાબા હેઠળની પંચાયત તેની કોઈપણ ફરજ બજાવવામાં કસૂર કરે તો જીલ્લા પંચાયત નક્કી કરેલ મુદતમાં ફરજ બજાવવા માટે આદેશ આપશે અને તે પ્રમાણે ફરજ ન બજાવે તો કોઈ અધિકારીની નિમણૂક કરી તે બજાવડાવી શકે છે. આનાથી સંબંધિત ખર્ચ કસૂરવાર પંચાયત પાસેથી વસૂલ કરશે તે માટે તેવી પંચાયતના બેંક ખાતામાંથી હુકમ કરીને રકમ ઉપાડી શકે છે. આજ અધિકાર વિકાસ કમીશનરશ્રીને જીલ્લા પંચાયતના સંબંધમાં છે.

★★★★★

4Gujarat.com

# પ્રકરણ-14 વિવિધ યોજનાઓ

## 1. પંચવટી યોજના :

→ **પંચવટી યોજના વિશે માહિતી :**

- ગુજરાત સરકારે 2004-05માં પંચવટી યોજના અમલમાં મૂકી.
- રાજ્યની ગ્રામીણ પ્રજામાં ગ્રામ્ય જીવન ભાતીગળ અને લોક સંસ્કૃતિના વાતાવરણથી વણાયેલું છે.
- ગામડાઓના સીમાડાના વિસ્તાર, વનવગડાની વિપુલ સમૃદ્ધિ ધરાવતા હતા.
- ગામડાંના બાળકો વૃક્ષોની છાયામાં ઝૂલાનો અને પર્યાવરણનો નિર્દોષ આનંદ લેતાં હતાં. પરંતુ સમયાંતરે આ સમૃદ્ધિ લુપ્ત થતાં સમગ્ર પરિસ્થિતિની ગ્રામ્ય જીવન પર વિપરીત અસર પડેલી છે.
- ગામડાના પડતર વિસ્તારો, ગ્રામ્યલોકોના સહકારથી નવપલ્લવિત અને પુનઃસ્થાપિત કરી ગ્રામ્ય સ્તરે લોકજાગૃતિનું નિર્માણ થઈ શકે તેમજ ગ્રામ્યપ્રજાના ગામના રહેઠાણ વિસ્તારની નજીકમાં વૃક્ષાચ્છાદિત વન મળે તેવું આયોજન છે.
- પારંપરિક સાંસ્કૃતિક વારસા પ્રત્યે આસ્થા જળવાય તે હેતુને ધ્યાનમાં રાખીને સમગ્ર રાજ્યમાં પંચવટી યોજના રાજ્ય સરકારે અમલમાં મૂકેલ છે.

→ **યોજનાનો હેતુ :**

- રાજયની ગ્રામ્ય પ્રજાની સુખાકારી માટે તથા ગામોમાં સુવિધાઓ તથા બાગ-બગીચાઓનો વિકાસ થાય અને ગ્રામ્ય વિસ્તારમાં આનંદ-પ્રમોદના સાધનો સહેલાઈથી ઉપલબ્ધ થાય તે છે.
- લોકો સમી સાંજે પોતાને સમય આનંદપૂર્વક વ્યતીત કરી શકે, મહિલાઓ પોતાના બાળકો સાથે શાંતિથી સમય પસાર કરી શકે.
- ગામની વૃદ્ધ વ્યક્તિઓ આરામથી બેસી સમય પસાર કરી શકે તથા ચિંતન કરી શકે તેવા સ્થળનું નિર્માણ કરવાનો હેતુ છે.
- પંચવટી યોજના અનુસાર પીપલ, વડ, હરડે, વેલ, અશોક તથા અને ફળાઉ વૃક્ષો વાવવાનાં છે, જેથી પારંપરિક સાંસ્કૃતિક વારસા પ્રત્યે આસ્થા જળવાઈ રહે.

→ **યોજનાનું અમલીકરણ અને માળખું :**

- આ યોજનાનો વિકાસ ઈકો-ટુરિઝમની યોજનાને ધ્યાનમાં લઈ કરવાનો રહેશે.

(1) ગામની નિશાળ પાસે અથવા

(2) ગામમાં આવેલ ગ્રામવન નજીક અથવા

(3) જાહેર હેતુ માટે ખુલ્લી રાખેલ જમીનમાં 1000 ચોરસ મીટર અથવા તેથી વધુ વિસ્તારવાળી સમતલ જમીન

- આ યોજનામાં રૂપિયા 50,00 નો લોકફાળો એકત્રિત કરવાનો રહે છે.
- આ જમીનની ફરતે વાડની વ્યવસ્થા કરવાની તેમજ સુશોભિત પ્રવેશદ્વાર બનાવવાનું હોય છે.
- આ યોજનાને અડીને ગામતળાવ આવેલ હોય તો નૌકાયાન અને તેના માટેની જરૂરી સુવિધાઓ પણ વિકસાવી શકે છે.
- મોટા ગામડાઓ કે નગરપાલિકા વિસ્તારની નજીક આવેલ હોય તેવા પ્રવાસન સ્થળો અથવા જે ગામની વસ્તી 5000 થી વધારે હોય તેના અગ્રિમતા આપવાની રહે છે.
- આ કાર્ય, વન અને પર્યાવરણ વિભાગના સક્રિય સહયોગ ધ્વારા પૂર્ણ કરવામાં આવે છે.
- આ જગ્યામાં વીજળીની વ્યવસ્થા, ચાલવા માટે ''વોકિંગ ટ્રેક''ની સગવડો ઊભી કરવામાં આવે છે. જેમાં સોલાર લાઈટીંગની વ્યવસ્થા ઈચ્છનીય રહેશે.
- આ યોજનાની નિભાવણી માટે ગુજરાત પંચાયત ધારો-1993 ની જોગવાઈઓની મર્યાદામાં રહીને આવકનાં સાધનો ગામપંચાયત ઊભાં કરી શકે છે.
- આવા સ્થળે લોકો માટે જાહેર શૌચાલયની વ્યવસ્થા કરવા સાથે મહિલાઓ માટે અલગ શૌચાલય પણ જરૂરી છે.
- સ્થળે પાણીની સગવડ હોય તથા ફુવારો રાખવો.
- આવા સ્થળે બેસવા માટે બાંકડા હોય તે જરૂરી છે.
- ગામ પંચાયત, વન વિભાગના સહયોગથી જયાં ઉકરડા હોય ત્યાંથી તેને દૂર કરી, તે જગ્યાને સમતલ કરી વડ, પીપળા, આસોપાલવ, હરડે, ગુલમહોર, અને ફળાઉ વૃક્ષો જેવા કે આંબા, જાંબુડી, રાયણ, ચીકુ વગેરે વૃક્ષોનું વાવેતર કરવું.

→ **પંચવટી યોજના અને લોકભાગીદારી :**

- પંચવટી યોજનામાં સમાજના તમામ વર્ગના લોકો માટે આનંદપ્રમોદ, રમતગમત, સાંસ્કૃતિક

AGujarat.com

પ્રવૃત્તિઓ, અને મનનચિંતન માટે સર્વાંગી વ્યવસ્થાનું આયોજન કરવામાં આવે છે.

- આ યોજનામાં રાજય સરકારે 1 લાખની સહાય અને લોકભાગીદારીના રૂપિયા 50,000 એકત્રિત કરવાના હોય છે.

- લોકભાગીદારીનો ફાળો, સાધનો કે વસ્તુઓના રૂપે આપવાનો હોય છે.

- રોકડાં નાણાં ભરનાર ગામ પંચાયતને અગ્રિમતા મળે છે. ગામ પંચાયત પાસે પોતાનું ભંડોળ હોય તો અથવા દાન મેળવી, વધુ ખર્ચ કરી શકે છે.

- રાજ્યના આદિજાતિ વિસ્તાર તેમજ કોલગી સમિતિ એ પછાત જાહેર કરેલ તાલુકાઓમાં ગામ પંચાયતોની નબળી આર્થિક સ્થિતિના કારણે લોકફાળો ભરી શકે તેવી સ્થિતિ ન હોય ત્યાં માનનીય ધારાસભ્યશ્રીઓનાં ફંડમાંથી લોકફાળો આપી શકે છે.

## 2. સમરસ ગ્રામ યોજના

→ સમરસ એટલે વાદ નહિ, વિવાદ નહિ પરંતુ એક સંવાદથી નિર્ણય લેવામાં આવે છે.

→ ગ્રામવાસીઓ એકઠા મળી પોતાનામાંથી સર્વસંમતિથી ગ્રામ પંચાયતના વહીવટ માટે પ્રતિનિધિઓ નક્કી કરે છે. જેમાં અનેક વ્યક્તિઓ પોતાનો હકક જતો કરીને સમાજ માટે પ્રેરણારૂપ આચરણ કરી ગામનું ભલુ અને વિકાસ કરવાના ઉચ્ચ હેતુ માટે ઉમદા અભિગમ અપનાવે છે.

→ આપણી આ પાયાની સંસ્થાની ચૂંટણીમાં પક્ષીય ધોરણ રાખ્યુ નથી. ગામડામાં વેરઝેર, કાવાદાવા, વૈમનસ્ય ઊભા ન થાય તેવી ભાવના ઊજાગર કરતી યોજના છે.

→ વર્તમાનમાં સાંપ્રત વાતાવરણમાં કંઈક મેળવવાને બદલે ત્યાગની ભાવના ઊજાગર બને છે એટલે કે વાદ નહિ વિવાદ નહિ પરંતુ સંવાદ ધ્વારા સામૂહિક સર્વસંમત નિર્ણય કરવામાં આવે છે.

→ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ દિન-પ્રતિદિન ખૂબજ ખર્ચાળ થતી જાય છે અને ગ્રામ્ય જીવનમાં મતભેદોનું વાતાવરણ વધારે છે. આવા સંજોગોમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ વ્યાપક સમજૂતીથી બિનહરીફ રીતે અને સર્વસંમતિથી થાય જેથી સ્થાનિક પ્રજા ગામના વિકાસના કામોમાં ઉમંગભેર ભાગ લે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તે જરૂરી છે.

- **<u>સમરસ ગામ યોજનાના મહત્વના પાસાંઓ</u> :**

→ બિનહરીફ ચૂંટાય તેવી ગ્રામ પંચાયતોને વર્ષ-2001 પહેલાં અપાતા 1000 રૂપિયા અને 2000 રૂપિયાની જગ્યાએ પ્રજાજીવનને સંવાદિ બનાવવાના શુભ આશયથી રાજ્ય સરકારે ઓકટોબર-2001 થી આવી ગ્રામ પંચાયતોને સબળ પ્રોત્સાહન આપવા માટે રૂ. એક લાખ સુધીનું માતબર અનુદાન આપવાનું નક્કી કરેલ અને જે ગ્રામ પંચાયતના સરપંચ સહિત તમામ સભ્યો મહિલા હોય અને બિનહરીફ ચૂંટાય તો તેમને બે ગણું અનુદાન આપવાની આ યોજનાને ખૂબજ સારો પ્રતિભાવ મળતાં રાજ્ય સરકારે અવાર-નવાર અનુદાનમાં વધારો કરી છેલ્લે 29 નવેમ્બર, 2011 ના ઠરાવથી પ્રોત્સાહક અનુદાનની રકમમાં વધારો કરેલ છે.

→ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ધ્વારા, આ રીતે સર્વસંમતિથી ચૂંટણી ગ્રામપંચાયતને નીચે પ્રમાણે પ્રોત્સાહક અનુદાન આપવાની જોગવાઈ થઈ છે.

→ **<u>સામાન્ય સમરસઃ</u>**

| ક્રમ | વસ્તી | પ્રથમ વખત સામાન્ય સમરસ બને તો | સતત બીજી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ બને તો | સતત ત્રીજી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ બને તો |
|---|---|---|---|---|
| 1 | 5000 સુધી | 2,00,000/- ધોરણ-8 ની સગવડ | 2,50,000/- સી. સી. રોડ માટે રૂપિયા 2 લાખ | 3,12,500/- સોલાર લાઈટ માટે રૂપિયા 3 લાખ |
| 2 | 5001 થી 15000 સુધી | 3,00,000/- ધોરણ-8 ની સગવડ આપવી | 3,75,000/- સી.સી. રોડ માટે રૂપિયા 2 લાખ | 4,68,750/- સોલાર લાઈટ માટે રૂપિયા 3 લાખ |

→ **<u>મહિલા સમરસઃ</u>**



4Gujarat.com

| ક્રમ | વસ્તી | પ્રથમ વખત સામાન્ય સમરસ બને તો | સતત બીજી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ બને તો | સતત ત્રીજી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ બને તો |
|---|---|---|---|---|
| 1 | 5000 સુધી | 3,00,000/- ધોરણ-8 ની સગવડ | 3,75,000/- સી. સી. રોડ માટે રૂપિયા 2 લાખ | 4,68,750/- સોલાર લાઈટ માટે રૂપિયા 3 લાખ |
| 2 | 5001 થી 15000 સુધી | 5,00,000/- ધોરણ-8 ની સગવડ આપવી | 6,25,000/- સી.સી. રોડ માટે રૂપિયા 2 લાખ | 7,81,250/- સોલાર લાઈટ માટે રૂપિયા 3 લાખ |

→ આ યોજનામાં નીચે મુજબની સુવિધાઓ આપવાની જોગવાઈ કરવામાં આવી છે -

(1) પ્રથમ વખત સામાન્ય સમરસ પંચાયત બને તો ઉપરોક્ત ચાર્ટમાં દર્શાવેલ રકમ અને સતત બીજી વખત સમરસ પંચાયત થાય તો 25 ટકા વધારે રકમ અને સતત ત્રીજી વખત સમરસ થાય તો બીજી વખતના પ્રોત્સાહક અનુદાનની રકમમાં 25 ટકા વધારે રકમ આપવાની જોગવાઈ કરેલ છે.

(2) પ્રથમ વખત સમરસ થતી સામાન્ય તથા મહિલા ગ્રામ પંચાયતને અગ્રીમતાના ધોરણે તે વિસ્તારની પ્રાથમિક શાળામાં ધોરણ-8 ની સગવડ ન હોય અને માંગણી થયેથી અગ્રીમતાના ધોરણે ધોરણ-8 ચાલુ કરવામાં આવશે.

(3) સતત બીજી વખત સમરસ થતી ગ્રામ પંચાયતને સી. સી. રોડની સગવડ પૂરી પાડવમાં આવશે.

(4) સતત ત્રીજી વખત સમરસ થતી ગ્રામ પંચાયતને સોલાર સ્ટ્રીટ લાઈટની સગવડ પૂરી પાડવામાં આવશે.

(5) બીજા તબક્કા અને ત્રીજા તબક્કાનો વધારાનો લાભ ફક્ત એક વખત જ મળવાપાત્ર થાય છે.

→ આ પ્રોત્સાહક અનુદાનનો ઉપયોગ ગામના સામૂહિક વિકાસના કામોમાં કરવાનો થાય છે, જે નીચે મુજબ છે.

(1) પ્રાથમિક શાળાના ઓરડાઓ

(2) પ્રાથમિક સારવાર કેન્દ્રોની વ્યવસ્થા

(3) પીવાના શુદ્ધ પાણીની યોજના

(4) વોટર રીચાર્જની વ્યવસ્થા કરવાની

(5) તળાવો ઊંડા કરવાના તથા બનાવવાના

(6) આંતરિક એપ્રોચ રસ્તાઓ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા

(7) જાહેર શૌચાલયના અને દૂષિત પાણીના નિકાલની યોજના

(8) કુવા ખોદાવવાના તથા નદી-નાળા પર આડબંધો બાંધી પાણીની સુવિધાઓ ઊભી કરવી.

→ **યોજનાથી સંબંધિત અમુક ફેક્ટસ:**

(1) શ્રી રિખવદાસ સમિતિએ પંચાયતોમાં સરપંચ તથા તમામ સભ્યો બિન હરીફ ચૂંટાય તો તે પંચાયતને અનુદાન આપવાની ભલામણ કરી હતી.

(2) નવસારી જીલ્લાનાં ‘‘દાંડી ગ્રામ પંચાયત’’ સમરસ થયું તેથી તેને ‘‘ગેટ વે ઑફ ફ્રીડમ’’ તરીકે ઓળખવામાં આવે છે.

(3) આણંદ જીલ્લાને પેટલાદ તાલુકાના થાપણ ગામને પીવાનું શુદ્ધ પાણી પુરું પાડવા બદલ રાષ્ટ્રપતિએ એવોર્ડ આપ્યો.

(4) કુલ 392 ગ્રામ પંચાયતોમાં મહિલા સરપંચ સહિત તમામ સભ્યો મહિલાઓ છે.

(5) અનુસૂચિત વિસ્તારમાં સમાવિષ્ટ જીલ્લાઓ પૈકીના દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાની સાગડાવાડા ગ્રામ પંચાયતમાં સરપંચ સહિત 13 સભ્યો સમ્પૂર્ણ મહિલા છે અને પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકાની કણજરી ગ્રામ પંચાયતમાં સરપંચ સહિત 19 સભ્યો સમ્પૂર્ણ મહિલા છે.

(6) મહેસાણા જીલ્લાના વિજાપુર તાલુકાની લાડોલ ગ્રામ પંચાયતમાં સરપંચ સહિત 24 સભ્યો બિનહરીફ ચૂંટાયેલ છે.

## 3. સરદાર પટેલ આવાસ યોજના

→ સરદાર પટેલ આવાસ યોજનાની અમલીકરણ સંસ્થામાં ગ્રામ પંચાયત / તાલુકા પંચાયત / જીલ્લા પંચાયતનો સમાવેશ થાય છે.

→ આ યોજનાનો પ્રારંભ 1 એપ્રિલ, 1997 ના રોજ થયો હતો.

→ **સહાય કોને મળવાપાત્ર છે ? :**

(1) ફક્ત BPL હેઠળ નોંધાયેલ લાભાર્થીઓને આ યોજનાના મકાન બાંધકામનો લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું.

4Gujarat.com

(2) આ યોજનાની તાલુકા કક્ષાએથી લેન્ડ કમિટી સમક્ષ લાભાર્થીઓની પાત્રતા ચકાસીને અરજી મંજૂર કરી પ્લોટ સાથે મકાન બાંધકામ કરીને આપવામાં આવે છે.

(3) લાભાર્થીના પોતાના નામે પ્લોટ કે મકાન હોવું ન જોઈએ.

(4) લાભાર્થીએ અન્ય કોઈ સરકારી યોજનાનો લાભ લીધેલ ન હોવો જોઈએ.

(5) સરકારશ્રીના તારીખ 1 ઓગસ્ટ, 2000 થી જે લાભાર્થીના હિસ્સામાં પિયતવાળી જમીનના કિસ્સામાં અડધા હેકટરથી વધારે નહિ અને બિન-પિયતવાળી ખેતીની જમીનના કિસ્સામાં એક હેકટરથી વધારે નહિ હોય તેવા જમીન ધારકોને પણ 100 ચોરસવારનો મકાન પ્લોટ આપવાનું નક્કી કરવામાં આવ્યું.

(6) પતિ-પત્ની સાથે રહેતાં હોય અને પતિ કે પત્નીના નામે પ્લોટ કે મકાન ન હોવું જોઈએ. આમ બન્નેમાંથી કોઈ એક વ્યક્તિને લાભ આપવામાં આવે છે.

(7) લાભાર્થી ગામે છેલ્લા 5 વર્ષથી વસવાટ કરતો હોવો જોઈએ.

(8) લાભાર્થી બહારગામનો વતની હોય અને જે ગામે રહેતો હોય તે ગામમાં BPL યાદીમાં હોય તે તેના મૂળ ગામે આ યોજનાનો લાભ મેળવેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર તલાટી પાસેથી મેળવેથી લાભ આપવો.

→ **<u>સહાયનું ધોરણઃ</u>**

| | | |
|---|---|---|
| (1) | રાજ્ય સરકારની સહાય | - 45000/- |
| + | લાભાર્થીનો ફાળો | - 7000/- |
| + | શૌચાલય બનાવવા | - 2200/- |
| + | લાભાર્થીનો શ્રમફાળો | - 300/- |
| | | ------------ |
| | કુલ | - 54500/- |

→ **<u>સરદાર આવાસ યોજના - 2 :</u>**

- આ યોજનાનું બીજું સંસ્કરણ વર્ષ - 2013-14 મા શરૂ કરવામાં આવ્યુ

- આ યોજનાનો ઉદ્દેશ BPL કાર્ડ ધારકો સિવાયના ગરીબ પરિવારોને પાકા મકાનથી સુવિધા પૂરી પાડવી.

- લાભાર્થીમાં કાચા મકાન ધરાવતા BPL સિવાયના કુટુંબોનો સમાવેશ થાય છે.

- પ્રથમ તબક્કામાં 21 થી 28 ગુણાંક ધરાવતા APL કુટુંબોને આવરી લેવાનું આયોજન

- નવા મકાન માટે બાંધકામ યુનિટ કોસ્ટ રૂપિયા 1 લાખ, રાજ્ય સરકાર ધ્વારા સહાય રૂા. 40,000/-

## 4. <u>ઈન્દિરા આવાસ યોજના</u>

→ ગ્રામીણ વિસ્તારના BPL કુટુંબોને પાકા મકાનની સુવિધા પૂરી પાડવાનો આ યોજનાનો હેતુ છે.

→ ભારત સરકારની આ યોજના ઈન્દિરા ગાંધી જયારે વડાપ્રધાન હતા ત્યારે ઈ.સ.1972 થી શરૂ કરવામાં આવી હતી.

→ કેન્દ્ર અને રાજ્ય સરકારે 75 : 25 ટકાના પ્રમાણમાં નાણાં ફાળવવાના હોય છે.

→ આ યોજનાની અમલીકરણ એજન્સી ‘‘જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી’’ છે.

→ લાભાર્થીઓની પસંદગી નીચેનામાંથી કરવામાં આવે છે -

(1) BPL યાદી - 2002 ના આધારે ઈન્દિરા આવાસ યોજનાની કાયમી પ્રતિક્ષા યાદીમાંથી

(2) SC/ST માટે અલગ યાદી

(3) દર વર્ષે યાદી ગ્રામ પંચાયતના નોટિસ બોર્ડ પર પ્રસિદ્ધ

→ આ યોજનાના નાણાં કોને મળશે -

(1) SC/ST માટે - 60 ટકા

(2) લઘુમતીઓ માટે - 15 ટકા

(3) વિકલાંગ વ્યક્તિઓ માટે - 3 ટકા

→ મેદાની વિસ્તાર અને પહાડી વિસ્તારના નવા આવાસ માટે 70,000 રૂપિયા, કાચા આવાસ માટે - 15,000 રૂપિયા આપવામાં આવે છે.

## 5. <u>તીર્થ ગ્રામ યોજના</u>

→ ગુજરાત સરકારે 21 જુલાઈ, 2004 ના રોજથી ‘‘તીર્થગ્રામ યોજના’’ અમલમાં મૂકી છે.

→ **<u>તીર્થગ્રામ યોજનાના હેતુઓઃ</u>**

- રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદભાવના વધુ પ્રબળ બને, ગામમાં એકતા જળવાય, ટંટો ફરિયાદ ન રહે અને ગામોની સર્વાંગી વિકાસ થાય તેવા ગામલોકોના પ્રયાસોને ઉત્તેજન આપતી યોજના એટલે તીર્થગામ યોજના

→ **<u>તીર્થગ્રામ યોજના હેઠળ ગામની પસંદગી માટેનાં ધોરણો :</u>**

(1) ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં સર્વસંમતિથી બિનહરીફ જાહેર થયેલ ગ્રામપંચાયતને સમરસ ગામ

4Gujarat.com

જાહેર કરવામાં આવે છે. આવા જાહેર થયેલ સમરસ ગામને આ યોજનામાં અગ્રતાક્રમ આપવામાં આવે છે.

(2) માદક કે કેફી દ્રવ્યનું ઉત્પાદન, વેચાણ કે સેવન થતું ન હોવું જોઈએ.

(3) સ્વચ્છતાનું યોગ્ય ધોરણ હોવું જરૂરી છે.

(4) કન્યા કેળવણીનો ઊંચો દર અને ડ્રોપ આઉટનો નીચો દર આવશ્યક છે.

(5) છેલ્લા 5 વર્ષમાં ગુનો બનેલ ન હોય તેવાં ગામોને તીર્થગામ તરીકે પસંદ કરી રૂા.1 લાખ પ્રોત્સાહક ગ્રાન્ટ (અનુદાન) આપવામાં આવે છે. જેમાં સુધારો કરીને યોજના હેઠળ પસંદ થયેલ પ્રત્યેક તીર્થગ્રામને 2,00,000 પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાનું ઠરાવેલ છે.

(6) સામાજીક સદભાવનામાં વિકાસ તેમજ સામાજિક વિવાદોનો અભાવ હોવો જોઈએ.

(7) ચર્ચા અને સંવાદથી વિવાદોનો નિકાલ થવો જોઈએ.

(8) ગામના ધાર્મિક સ્થાનો અંગે ગામમાં કોઈ વિવાદ ચાલતો ન હોવો જોઈએ.

(9) ગામમાં દલિત અને આદિવાસી વિસ્તારમાં, ગામના અન્ય વિસ્તારમાં મળતી પ્રાથમિક સુવિધાઓ જેવી જ સુવિધાઓ ઉપલબ્ધ થયેલી હોવી જોઈએ.

(10) ગામમાં મધ્યાહન ભોજન હેઠળ ગ્રામજનો ધ્વારા તિથિઓ નોંધવવામાં ભાગીદારી હોવી જોઈએ.

(11) શાળાના ઓરડા, વિદ્યાલક્ષ્મી બોન્ડ, શિક્ષણના સાધનો વગેરે સાધન ખરીદીમાં ભાગીદારી હોવી જોઈએ.

(12) ગામમાં અસ્પૃશ્યતા નિવારણનો ચુસ્ત અમલ થતો હોવો જોઈએ.

(13) ગામમાં જળસંચય યોજના હેઠળ ખેત-તલાવડી/ બોરીબંધ બનાવવામાં સારી સિદ્ધિ હાંસલ કરી હોવી જોઈએ.

(14) તીર્થગામ પસંદ કરવા માટે પસંદગીના ધોરણે નક્કી કરી માર્કિંગ સીસ્ટમ દાખલ કરેલ છે જેમાં સામાન્ય વિસ્તારની ગ્રામ પંચાયત માટે 70 ગુણ અને આદિજાતિ વિસ્તાર માટે 60 ગુણનું ધોરણ રાખવામાં આવેલ છે.

→ **<u>પસંદગીની પદ્ધતિ :</u>**

- તીર્થગ્રામ યોજના અન્તર્ગત ગામની પસંદગીના હેતુ માટે, ગ્રામ પંચાયતે નિયત નમૂનામાં માહિતી ભરીને તે સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીને મોકલવાની રહેશે.

- આ યોજના માટે આવેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી જે તે તાલુકાના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીશ્રી મારફત કરાવવામાં આવે છે. ત્યારબાદ ચકાસેલી અરજીઓ જીલ્લા કક્ષાએ અમલીકરણ સમિતિની બેઠકમાં રજૂ કરવામાં આવે છે.

## 6. <u>પાવનગામ યોજના :</u>

→ ગુજરાત સરકારે પાવનગામ યોજનાની શરૂઆત 2007-08માં કરી હતી.

→ છેલ્લા 3 વર્ષમાં ગુનો બનેલ ન હોય તેવાં ગામોને પાવન ગામ તરીકે પંસદ કરી 1,00,000 રૂપિયા પ્રોત્સાહક ગ્રાન્ટ (અનુદાન) આપવામાં આવે છે.

→ પાવનગામ તરીકે પસંદગી માટે ધોરણો તીર્થગ્રામ યોજના જેવા જ છે.

## 7. <u>ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના</u>

→ ગુજરાતમાં ભાવનગર જીલ્લાના વાળુંકડ ગામથી સૌપ્રથમ ઈ-ગ્રામ યોજનાની શરૂઆત કરવામાં આવી છે.

→ **<u>ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજનાના હેતુઓ :</u>**

(1) ઈ-ગ્રામ પંચાયતની વિવિધ કામગીરીને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના અમલ ધ્વારા અદ્યતન, સુવ્યવસ્થિત, સમયબદ્ધ, સરળ, ઝડપી, ક્ષતિરહિત અને પારદર્શક બનાવવી.

(2) ગ્રામપંચાયત ધ્વારા BPL લાભાર્થીઓને પસંદગી વધુ પારદર્શક અને નિયમોનુસાર હાથ ધરવી.

(3) ગ્રામ્યજનોને જરૂરી માહિતી, પ્રમાણપત્ર, વિવિધ કચેરીઓનાં ફોર્મ્સ, અરજીના નમૂના વગેરે ઉપલબ્ધ કરાવવા.

(4) મિલકત આકારણી અને વેરા વસૂલાતની કામગીરી સરળ બનાવવી

(5) શહેરમાં નાગરિકોને મળતી ઈ-સેવાઓ જેવી ઈ-સેવાઓ ગ્રામજનોને પણ ઈ-ગ્રામ પંચાયત ધ્વારા પૂરી પાડવી.

(6) પંચાયતી રાજની વિવિધ યોજનાઓનું આયોજન, સમીક્ષાા અને અમલીકરણને વધુ અસરકારક બનાવવી.

(7) ઈન્ટરનેટની સુવિધા ધ્વારા છેવાડાના ગ્રામજનોને તાલુકા, જીલ્લા, રાજ્ય, દેશ તથા વિશ્વ સાથેના

જોડાણથી ગ્રામજનોના જીવનધોરણમાં પરિવર્તન અને ગતિશીલતા લાવવી.

→ **<u>ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજનાની કામગીરી :</u>**

(1) ઈ-ગ્રામ ધ્વારા જન્મ-મરણનું પ્રમાણપત્ર, આવકનો દાખલો, જાતિનો દાખલો, ચારિત્ર્યનું પ્રમાણપત્ર, રહેઠાણનું પ્રમાણપત્ર વગેરે અને સરકારી વિવિધ યોજનાઓના ફોર્મ્સ-અરજીપત્રકોની ઉપલબ્ધતા

(2) માહિતીનો પ્રચાર-પ્રસાર તેમજ પંચાયતોના સભ્યો અને કર્મચારીઓની તાલીમ માટે તમામ જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને તાલીમ કેન્દ્ર ખાતે સેટેલાઈટ આધારિત ડાયરેકટ ડિજિટલ રિસેપ્શન સિસ્ટમની વ્યવસ્થા.

(3) દરેક તાલુકા પંચાયત કચેરીમાં જરૂરી માહિતી અને પંચાયતના હિસાબની લોકોને જાણકારી આપવા માટે ટચ સ્ક્રીન કિઑસ્ક ધરાવતાં તાલુકા ઈન્ફોર્મેશન સેન્ટરની ઊભી કરેલ વ્યવસ્થા.

(4) ઈ-પ્રાઈમા સૉફટવેર મારફત પંચાયતોના હિસાબ અંગેની માહિતીની ઑનલાઈન ઉપલબ્ધિ

(5) ઈન્ટ્રા પંચાયત સૉફટવેરમાં પંચાયતોના આંતરિક વહીવટી કામગીરીઓનો સમાવેશ તથા પાયલૉટ ધોરણે અમલ

(6) ગ્રામ્ય કક્ષાએ ખેડૂતને આપવાના થતાં 7/12 અને 8- અના ઉતારા વગેરેની માહિતી તાલુકા/જીલ્લા કક્ષાના સર્વર ઉપરથી ગ્રામપંચાયત ખાતેથી આપવાનું આયોજન અને વ્યવસ્થા

(7) ગામના N.R.G.N.R.I. સાથે ઈન્ટરનેટના ઉપયોગથી સાયબર સેવા અન્તર્ગત, ગ્રામજનો ધ્વારા ખેતી વિષયક, શૈક્ષણિક વિષયક માહિતી, આરોગ્ય વિષયક માહિતીની ગ્રામ પંચાયત ખાતે ઉપલબ્ધ થાય છે.

(8) ઈ-ગ્રામ પંચાયત ખાતે વીજળી અને ટેલિફોનના બીલ, વીમા અને ટપાલ સેવાઓ પૂરી પાડવાનું આયોજન.

(9) ઈ-ગ્રામ પંચાયતના સફળ સંચાલને અર્થે તલાટી-કમ-મંત્રીના સહાયક તરીકે ગામના ખાનગી વિલેજ કોમ્પ્યુટર આંતરપ્રિન્યોરની સેવાઓ ઈ-ગ્રામ પંચાયત ખાતે પબ્લિક-પ્રાઈવેટ-પંચાયત-પાર્ટનરશીપ (PPPP Model) ધ્વારા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા

★★★★★

4Gujarat.com

## પ્રકરણ- 15 રાજ્ય ચૂંટણી પંચ

- **રાજ્ય ચૂંટણી પંચ :**

→ ભારતના બંધારણમાં વર્ષ 1992 માં સુધારા ક્રમાંક 73 અને 74 થી "ભાગ-9 " અને "ભાગ-9 (ક)" ઉમેરવામાં આવ્યા છે.

→ અનુચ્છેદ 243-s તથા 243 : q- ક થી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે મતદારયાદીઓ તૈયાર કરવા પર દેખરેખ, નિયંત્રણ અને તેનું માર્ગદર્શન તથા ચૂંટણીઓનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થયેલ છે.

→ ગુજરાત રાજ્યમાં આ સંસ્થાઓની ચૂંટણીઓ યોજવા માટે રાજ્ય ચૂંટણી પંચની રચના તારીખ 23-09-1993 થી કરવામાં આવી છે.

→ બંધારણના 73 તથા 74 માં સુધારાની જોગવાઈઓ પ્રમાણે રાજ્યમાં નવો "ગુજરાત પંચાયત અધિનિયમ-1993" અમલમાં આવેલ છે.

→ "ગુજરાત નગરપાલિકા અધિનિયમ - 1963" અને "મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ- 1949" ને જરૂરિયાત પ્રમાણે સુધારવામાં આવ્યા છે.

→ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમનું વર્ષ 2011 માં નામ બદલીને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ કરી દેવામાં આવ્યું છે.

→ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વોર્ડ રચના, સીમાંકન તથા બેઠક ફાળવણી બાબત, મતદારયાદીઓ તૈયાર કરવી, પ્રસિદ્ધ કરવા બાબત તથા ચૂંટણી સંચાલન બાબતના નિયમો પણ અમલમાં આવેલ છે.

→ રાજ્ય ચૂંટણી પંચે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવી કે ગ્રામ પંચાયતો, નગરપાલિકા, મહાનગરપાલિકા, તાલુકા અને જીલ્લા પંચાયતોની મતદારયાદીઓ તૈયાર કરાવવા તથા સામાન્ય, મધ્યસત્ર કે પેટા ચૂંટણીઓ યોજવાની જવાબદારી અદા કરવાની સાથે સંબંધિત સ્થાનિક કાયદાઓમાં સુધારો થતાં વોર્ડ/ મતદાર મંડળોની રચના, સીમાંકન તથા બેઠક ફાળવણીને લગતી કામગીરી પણ કરવાની રહે છે.

- **સીમાંકન અને બેઠક ફાળવણી કરવી :**

→ રાજ્ય ચૂંટણી પંચ ધ્વારા છેલ્લા પ્રસિદ્ધ વસ્તી ગણતરીના આંકડાઓ આધારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વોર્ડ/મતદાર મંડળની રચના, સીમાંકન અને બેઠક ફાળવણીની કામગીરી કરવાની રહે છે.

→ રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ધ્વારા મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના તથા વિકાસ કમીશનરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગર ધ્વારા તાલુકા/જીલ્લા પંચાયતોના વોર્ડ/ મતદાર મંડળની સંખ્યા, બેઠકોની સંખ્યા અને અનામત બેઠકો (SC, ST અને OBC મહિલાઓ) માટેના જાહેરનામા કરવામાં આવે છે.

- **મતદાર યાદીઓ તૈયાર કરીને પ્રસિદ્ધ કરવી :**

→ ભારતના બંધારણના અનુચ્છેદ 243-s તથા 243 : q- ક તથા સંબંધિત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના કાયદાઓ એટલે કે, ગુજરાત પંચાયત અધિનિયમ- 1993 ની કલમ-20(1) , ગુજરાત નગરપાલિકા અધિનિયમ- 1963 ની કલમ-9(2) તથા ગુજરાત પ્રોવિન્શિલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-1949 ની કલમ- 8(2) ની જોગવાઈઓ પ્રમાણે રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરાવી પ્રસિદ્ધ કરાવવાની તથા વખતોવખત સુધારવાની કામગીરી બજાવવાની રહે છે.

→ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના કાયદાઓ પ્રમાણે, વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીઓ પરથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મતદારયાદીઓ તૈયાર કરવાની થાય છે.

→ રાજ્ય ચૂંટણી પંચ આ માટે રાજ્ય સરકારના અધિકારીઓની મતદાર નોંધણી અધિકારીઓ તરીકે નિયુક્તિ કરે છે.

→ વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીઓ પરથી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વોર્ડવાર મતદારયાદીઓ નિયમિત તૈયાર કરાવવામાં આવે છે અને વખતો વખત તે સુધારવામાં આવે છે.

→ વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીઓ ભારતના ચૂંટણીપંચે તારીખ 1 લી જાન્યુઆરી, 2009 ની સ્થિતિએ તૈયાર કરેલ છે. જેના પરથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની તારીખ 1લી જાન્યુઆરી, 2009 ની સ્થિતિએ ફોટા વગરની મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

- **સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનો પ્રકાર :**

AGujarat.com

| ક્રમ | સ્થાનિક સ્વરાજયની સંસ્થા | કુલ સંખ્યા |
|---|---|---|
| 1 | મહાનગરપાલિકા | 8 |
| 2 | નગરપાલિકા | 159 |
| 3 | જીલ્લા પંચાયત | 26 |
| 4 | તાલુકા પંચાયત | 223 |
| 5 | ગ્રામ પંચાયતો | 13,968 |

→ રાજ્ય ચૂંટણી પંચની કચેરીમાં રાજ્ય ચૂંટણી કમીશનર ઉપરાંત સચિવ સાથે જુદા-જુદા સંવર્ગોની જરૂરી જગ્યાઓ મંજૂર થયેલ છે.

→ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી સંચાલનના નિયમો પ્રમાણે જીલ્લા કલેકટર પંચાયત ચૂંટણીઓ માટે જીલ્લા ચૂંટણી અધિકારી, નગરપાલિકાની ચૂંટણી માટે જીલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી તથા મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેર ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત થયેલા છે.

→ ગ્રામ પંચાયતોના વોર્ડોની રચના તથા બેઠક ફાળવણી કરવાના અને ચૂંટણી સંચાલનના રાજ્ય ચૂંટણી પંચના અધિકારો જીલ્લા કલેકટરશ્રીઓને સુપ્રત થયેલા છે.

→ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે રાજ્યના મહેસૂલ/પંચાયત તથા અન્ય કચેરીના અધિકારોની સેવાઓ રાજ્ય ચૂંટણી પંચને ઉપલબ્ધ કરવામાં આવે છે.

- **<u>મતદારોની સુવિધા માટેની કામગીરી:</u>**

→ રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનાર મતદાન માટે મતદાન મથકે આવનાર મતદારે ભારતના ચૂંટણી પંચે મતદારને આપેલ મતદાર ફોટો ઓળખપત્ર (EPIC) રજૂ કરવાનું રહેશે.

→ પરંતુ જો કોઈ મતદાર આવો ફોટો ઓળખપત્ર (EPIC) કોઈ કારણોસર રજૂ ન કરી શકે તો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં સંબંધિત મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે રાજ્ય ચૂંટણીપંચ નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ માન્ય કરેલ છે.

(1) ફોટા સાથેનું ડ્રાઈવીંગ લાયસન્સ

(2) ફોટા સાથેનો પાસપોર્ટ

(3) ફોટા સાથેનું પાનકાર્ડ

(4) કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જાહેર સાહસો અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવેલ ફોટા સાથેનો ઓળખકાર્ડ

(5) પબ્લિક સેકટર બેન્કો અને પોસ્ટ ઓફિસો તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક

(6) માન્ય શૈક્ષણિક સંસ્થાઓ ધ્વારા આપવામાં આવેલ ફોટા સાથેના વિદ્યાર્થી ઓળખકાર્ડ

(7) ફોટા સાથેના મિલકના દસ્તાવેજો

(8) SC, ST અને OBC નું સક્ષમ અધિકારીનું ફોટા સાથેનું પ્રમાણપત્ર

(9) ફોટા સાથેના પેન્શન પ્રમાણપત્રો

(10) સ્વતંત્રતા સૈનિકને સરકાર ધ્વારા આપવામાં આવેલ ફોટા સાથેનો ઓળખકાર્ડ

(11) ફોટા સાથેના હથિયારોના લાયસન્સ

→ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં મતદારોની સુવિધા માટે નીચે પ્રમાણે રાજ્ય ચૂંટણી પંચે કાર્યવાહી કરી હતી.

(1) ઈ.વી.એમ.ના ઉપયોગ માટે મશીનોનું નિદર્શન કરવામાં આવે છે. જાહેરાતો આપવામાં આવે છે. જેથી મતદાન કરવામાં સરળતા રહે.

(2) મતદાન મથકે પાણી, પ્રાથમિક સારવાર માટેની દવા વગેરેની વ્યવસ્થા કરવા માટે સૂચનાઓ પણ આપવામાં આવે છે.

- **<u>ચૂંટણી ખર્ચની મર્યાદા અંગેની કામગીરી :</u>**

→ રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના હરીફ ઉમેદવારો માટે ચૂંટણીના ખર્ચની ટોચ મર્યાદા નીચે પ્રમાણે નિયત કરેલ છે.

| **<u>ક્રમ</u>** | **<u>સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા</u>** | **<u>ખર્ચની ટોચમર્યાદા (રૂપિયામાં)</u>** |
|---|---|---|
| 1 | મહાનગરપાલિકાના દરેક વોર્ડ માટે | 4,00,000 |
| 2 | નગરપાલિકાના દરેક વોર્ડ માટે (1 થી 9 વોર્ડ) | 1,00,000 |
| 3 | નગરપાલિકાના દરેક વોર્ડ માટે (9થી વધુ વોર્ડ માટે) | 1,50,000 |
| 4 | જીલ્લા પંચાયતના મતદાર વાભાગ માટે | 2,50,000 |
| 5 | તાલુકા પંચાયતના મતદાર વિભાગ માટે | 1,25,000 |
| 6 | ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં | |

AGujarat.com

| | | |
|---|---|---|
| | સરપંચના ઉમેદવારો માટે | |
| | (A) 11 વોર્ડ સુધીની ગ્રામ પંચાયત | 10,000/- |
| | (B) 13 વોર્ડ થી 21 વોર્ડ સુધીની ગ્રામ પંચાયત | 20,000/- |
| | (C) 23 વોર્ડથી 31 વોર્ડ સુધીની ગ્રામ પંચાયત | 30,000/- |

→ ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ ન કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-171(2) અનુસાર પોલીસ ફરિયાદ નોંધવાની કાર્યવાહી કરવાની જોગવાઈ છે.

**ક્ષેત્રીય કચેરી :**

→ રાજ્ય ચૂંટણી પંચ ધ્વારા મહાનગરપાલિકામાં મતદાર નોંધણી માટે ''મ્યુનિસિપલ કમીશનરશ્રી''ને મતદાર નોંધણી અધિકારી અને તેમના નિયંત્રણ હેઠળના કેટલાક અધિકારીઓને ''મદદનીશ નોંધણી અધિકારી'' તરીકે જાહેર કરેલ છે.

→ નગરપાલિકાના વિસ્તારમાં મતદાર નોંધણી માટે જે તે તાલુકાના મામલતદારની મતદાર નોંધણી અધિકારી અને મુખ્ય અધિકારી, નગરપાલિકા મદદનીશ નોંધણી અધિકારી રહે છે.

→ ગ્રામ્ય - તાલુકા અને જીલ્લા પંચાયત માટે જે તે તાલુકાના મામલતદારની મતદાર નોંધણી અધિકારી અને જે તે તાલુકાના નાયબ મામલતદારને મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે જાહેર કરેલ છે.

- **જીલ્લા ચૂંટણી અધિકારી :**

→ જે તે જીલ્લાના જીલ્લા કલેકટર હોદ્દાની રૂએ જીલ્લા ચૂંટણી અધિકારી તરીકે નીમવામાં આવેલ છે.

- **ચૂંટણી અધિકારીઓ :**

→ જે તે સ્થાનિક સંસ્થાની ચૂંટણી વખતે વોર્ડ - મતદાર મંડળ માટે રાજ્ય ચૂંટણી પંચ ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે જીલ્લાના અધિકારીઓની નિમણૂંક કરે છે.

- **જીલ્લા કક્ષાએ કાયમી વ્યવસ્થાતંત્ર :**

→ દરેક જીલ્લામાં જીલ્લા કલેકટરશ્રી અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાં એક નાયબ મામલતદાર અને એક કોમ્પ્યુટર ઓપરેટરની જગ્યા મંજૂર કરવામાં આવે છે, જે રાજ્ય ચૂંટણી પંચની જીલ્લા કક્ષાની ચૂંટણી સંબંધિત કામગીરી માટે કાયમી ધોરણે ફરજો બજાવે છે.

→ આ ઉપરાંત સામાન્ય ચૂંટણીઓ વખતે જીલ્લા કક્ષાએ નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી (દરેક જીલ્લામાં) અને નાયબ મામલતદાર, કલાર્ક, પટાવાળા વગેરેની જગ્યા મંજૂર કરવામાં આવે છે જયારે તાલુકામાં એક નાયબ મામલતદારની જગ્યા રાખવામાં આવે છે.

- **ચૂંટણી પ્રક્રિયા :**

**(A) મહાનગરપાલિકા:**

→ રાજ્ય ચૂંટણી પંચે જે જીલ્લામાં મહાનગરપાલિકા આવેલી હોય, તેની ચૂંટણીલક્ષી કામગીરી કરવા માટે જે તે જીલ્લાના કલેકટરનો શહેર ચૂંટણી અધિકારી તરીકે નીમે છે.

→ આ શહેર ચૂંટણી અધિકારી (કલેકટરશ્રી) રાજ્ય ચૂંટણી પંચની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને આધીન રહીને મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન)ની ચૂંટણી માટેની સંપૂર્ણ કામગીરી કરે છે.

→ રાજ્ય ચૂંટણી પંચ કોર્પોરેશનની ચૂંટણીઓ કરવા માટે થયેલ જોગવાઈઓને અધીન રહીને પોતે જરૂરી ગણે તેટલા ચૂંટણી અધિકારીઓ (R.O.) ની અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ (A.R.O.) ની નિમણૂંક કરે છે.

→ આ નિમાયેલ ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ શહેર ચૂંટણી અધિકારી - a કલેકટરશ્રીના સામાન્ય માર્ગદર્શન અને દેખરેખ હેઠળ જે તે ચૂંટણીઓ સંલગ્નેની કામગીરી સંભાળે છે.

→ રાજ્ય ચૂંટણી પંચ, ચૂંટણીના મહાનગરપાલિકા માટેના ઈરાદા (મહાનગરપાલિકા ચૂંટણી નિયમો - 1994 ના નિયમ-5) ને અધીન રહીને નમૂના-1 મુજબની જાહેરનામાઓની પ્રસિદ્ધી-ચૂંટણીનો નોટિસ પ્રસિદ્ધ કરે છે તે નોટિસમાં ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ, ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખ ચૂંટણીની-મતદાનની તારીખ વગેરે જણાવે છે. તેમાં મુખ્યત્વે મુદ્દાઓની જોગવાઈ જાણકારી માટે નીચે મુજબ છે -

(1) ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ, જાહેરનામા પ્રસિદ્ધ થયાની તારીખ પછીનો પાંચમો દિવસ રહેશે.

(2) ઉમેદવારીપત્રોની ચકાસણી માટેની તારીખ, ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ પછીનો બીજો દિવસ રહેશે.

(3) ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની તારીખ, ઉમેદવારીપત્રોની ચકાસણી માટેની તારીખ પછીનો દિવસ રહેશે.

AGujarat.com

(4) મતદાન - ચૂંટણીની તારીખ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખનાં 10 દવિસો કરતાં વહેલી હોવી જોઈએ નહિં

→ સામાન્યતઃ મતગણતરી ચૂંટણી અધિકારી, મતદાનની તારીખ પહેલાં ઓછામાં ઓછા એક અઠવાડિયા અગાઉ મતગણતરી કરવાનું સ્થળ, સમય અને તારીખ નક્કી કરશે.

**(B) <u>નગરપાલિકા:</u>**

→ નગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા મહાનગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા જેવી જ છે તેથી જ્યાં મહાનગરપાલિકા શબ્દ હોય ત્યાં નગરપાલિકા શબ્દ સમજવું

**(C) <u>જીલ્લા પંચાયત :</u>**

→ પંચાયત માટે જીલ્લા ચૂંટણી અધિકારી તરીકે પંચાયતની ચૂંટણીઓ કરવા માટે, રાજ્ય ચૂંટણી પંચે જે જીલ્લામાં પંચાયત આવેલી હોય, તેની ચૂંટણી કરવા માટે, જીલ્લા કલેકટર જીલ્લા ચૂંટણી અધિકારી તરીકે રહે છે.

→ આ જીલ્લા ચૂંટણી અધિકારી -a- કલેકટરશ્રી રાજ્ય ચૂંટણી પંચની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને પંચાયતોની ચૂંટણી માટેની સમ્પૂર્ણ કામગીરી સંભાળે છે.

→ રાજ્ય ચૂંટણી પંચ પંચાયતોની ચૂંટણી કરવા માટે થયેલ જોગવાઈઓને અધીન રહીને પોતે જરૂરી ગણે તેટલા ચૂંટણી અધિકારી (R.O.) ઓની અને મદદનીશ ચૂંટણી અધિકારી (A.R.O.) ઓની નિમણૂંક કરે છે.

→ આ નીમાયેલ ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ જીલ્લા ચૂંટણી અધિકારી -a- કલેકટરશ્રીનાં સામાન્ય માર્ગદર્શન અને દેખરેખ હેઠળ જે તે ચૂંટણીઓ સંલગ્નેની કામગીરી સંભાળે છે.

→ રાજ્ય ચૂંટણી પંચ, ચૂંટણીના ઈરાદાની પંચાયતો માટેના (ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-1994 ના નિયમ-9)ને અધીન રહીને તે મુજબના જાહેરનામાઓની પ્રસિદ્ધ ચૂંટણીની નોટિસ પ્રસિદ્ધ કરે છે તે નોટિસમાં ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ, ઉમેદવારીપત્રોની ચકાસણી માટેની તારીખ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખ, ચૂંટણીની - મતદાનની તારીખ વગેરે જણાવે છે. તેમાં મુખ્યત્વે મુદ્દાઓની જોગવાઈઓ જાણકારી માટે નીચે મુજબ છે.

(1) ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ, જાહેરનામા પ્રસિદ્ધ થયાની તારીખ પછીનો પાંચમો દિવસ રહેશે.

(2) ઉમેદવારીપત્રોની ચકાસણી માટેની તારીખ, ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ પછીનો દિવસ રહેશે.

(3) ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની તારીખ, ઉમેદવારીપત્રોની ચકાસણી માટેની તારીખ પછીનો દિવસ રહેશે.

(4) મતદાન-ચૂંટણીની તારીખ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખના 10 દિવસો કરતાં વહેલી આવતી ન હોય તેવી તારીખ જોઈએ.

→ સામાન્યત મતગણતરી, ચૂંટણી અધિકારી, મતદાન માટેની તારીખથી ઓછામાં ઓછા એક અઠવાડિયા અગાઉ મતગણતરી કરવાનું સ્થળ, તારીખ અને સમય નક્કી કરશે.

→ ગ્રામ પંચાયત માટે, વોર્ડ સીમાંકન, બેઠક ફાળવણી અધિકારો, જીલ્લા ચૂંટણી અધિકારી -a- કલેકટરશ્રીને પંચે સુપ્રત કરેલ છે. ગ્રામ પંચાયતની ચૂંટણીલક્ષી જરૂરી તમામ સંચાલન જીલ્લા ચૂંટણી અધિકારી -9- કલેકટરશ્રી કરે છે. ચૂંટણીલક્ષી કાર્યક્રમ વખતોવખત રાજ્ય ચૂંટણી પંચ બહાર પાડે છે.

★★★★★

## <u>પ્રકરણ-16</u> <u>નગરપાલિકા</u>

→ **નગરીય સ્થાનિક શાસન (નગરપાલિકા)**

ભારતમાં શહેરી સ્થાનિક શાસનનો હેતુ લોકો દ્વારા પસંદગી પામેલા સભ્યોના માધ્યમથી નગરીય ક્ષેત્રમાં શાસનથી છે. શહેરિ સ્થાનિક શાસસનો અધિકાર ક્ષેત્ર રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે.

4Gujarat.com

ભારતમાં નગરીય સ્થાનિક શાસનના આઠ પ્રકાર છે. નગર પંચાયત, નગરપાલિકા, શહેરી વિસ્તાર સમિતિ, છવાણી બોર્ડ.

શહેરી સ્થાનિક શાસન પ્રણાલીને બંધારણીય દરજ્જો બંધારણના 74 માં સુધારા 1992 દ્વારા મળ્યો. કેન્દ્રમાં "શહેરી સ્થાનિક શાસન" મુદ્દા સાથે ત્રણ મંત્રાલય જોડાયેલા છે.

**(1)** **શહેરી વિકાસ મંત્રાલય :** 1985માં એક અલગ મંત્રાલય રૂપમાં ગઠન થયું.

**(2)** **સુરક્ષા મંત્રાલય :** છાવણી બોર્ડની બાબતો સાથે સંકળાયેલા.

**(3)** **ગૃહ મંત્રાલય :** કેન્દ્રશાસિત પ્રદેશની બાબતો સાથે સંકળાયેલા.

ઈ.સ. 1687-88માં ભારતમાં મદ્રાસ ખાતે પ્રથમ મહાનગર પાલિકાનું ગઠન થયું. 1726માં મહાનગરપાલિકાની સ્થાપના મુંબઈ તેમજ કલકત્તામાં થઈ. 1882માં, લોર્ડ રિપન એક કાયદો પસાર કર્યો. જેને સ્થાનિક સ્વરાજ્યને મેગ્નાકાર્ટાના રૂપમાં સ્વાગત થયું. તેથી 1947 સુધી ભારતમાં સ્થાનિક સ્વશાસનનો વિકાસ ચાલુ રહ્યો.

- **સમિતિ અને આયોગ :**

કેન્દ્ર સરકાર દ્વારા નગરીય સ્થાનિક શાસનની પદ્ધતિમાં સુધારા લાવવા માટે નિમણૂંક કરાયેલી સમિતિઓ અને આયોગો નીચે મુજબ છે :

(1) 1949-51 : લોકલ ફાયનાન્સ ઈન્કવાયરી કમિટી (પી. કે. વટ્ટલ)

(2) 1953-54 : ટેક્સેશન ઈન્કવાયરી કમિશન (જોન મથાઈ)

(3) 1963-65 : કમિટી ઑન ધ ટ્રેનિંગ ઑફ મ્યુનિસિપલ એમ્પલોઈઝ (નરૂદ્દીન અહેમદ)

(4) 1963-66 : રૂરલ અરબન રિલેસનશિપ કમિટી (એ. પી. જૈન)

(5) 1963 : કમિટી ઑફ મિનિસ્ટર્શ ઑન આગમેન્ટેશન ઑફ ફાઈનાન્સિયલ રિસોર્સિઝ ઑફ અરબન લોકલ (રફીક જકારિયા)

(6) 1965-68 : કમિટી ઑન સર્વિસ કન્ડીશન ઑફ મ્યુનિસિપલ એમ્પલોઈઝ

(7) 1974 : કમિટી ઑન બજટરી રિફોર્મ ઈન મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશન (ગિરીજાપતી મુખર્જી)

(8) 1982 : સ્ટડી ગ્રૂપ ઑન કંસ્ટીટયૂશન, પાવર્સ એન્ડ લોઝ ઑફ અર્બન લોકલ બોડીઝ એન્ડ મ્યુનિસિપલ કોર્પોરેશન (કે. એન. સહાય)

(9) 1985-88 : નેશનલ કમિશન ઑન અરબનાઈઝેશન (સી. એમ. કોરીયા)

- **બંધારણીય દરજ્જો :**

ઓગસ્ટ 1989માં રાજીવ ગાંધી સરકાર લોકસભામાં બંધારણનો 65મો સુધારો (નગરપાલિકા ખરડો) લાવી હતી. આ ખરડાનો હેતુ નગરપાલિકાઓને બંધારણીય દરજ્જો આપવાનો હતો, પરંતુ રાજ્યસભામાં આ ખરડો પસાર થયો નહીં.

વી.પી.સિંહની રાષ્ટ્રીય મોરચા સરકારે સપ્ટેમ્બર 1990માં ફરીથી નગરપાલિકા ઠરાવ પ્રસ્તુત કર્યો, પરંતુ લોકસભાનું વિસર્જન થવાથી ઠરાવ રદ થયો.

પી. વી. નરસિંહા રાવની સરકારે સપ્ટેમ્બર 1991માં નગરપાલિકા ખરડો લોકસભામાં રજૂ કર્યો. જેને ડિસેમ્બર 1992માં લોકસભા અને રાજ્યસભાએ પસાર કર્યો. ત્યારબાદ જરૂરી સંખ્યામાં રાજ્ય વિધાનસભાએ પણ આ ખરડો પસાર કર્યો અને એપ્રિલ 1993માં રાષ્ટ્રપતિની મંજૂરી મળી. તેથી બંધારણના 74માં સુધારા 1992ના રૂપમાં 1 જૂન 1993 થી અમલમાં આવ્યા.

- **74મો બંધારણીય સુધારો, 1992 :**

આ કાયદા દ્વારા બંધારણમાં ભાગ-9A જોડવામાં આવ્યો. જેનું શીર્ષક "નગરપાલિકાએ" છે તથા તેની જોગવાઈઓનો ઉલ્લેખ અનુચ્છેદ 243-Pથી 243-ZGમાં છે. આ ઉપરાંત બંધારણમાં 12મી અનુસૂચિ ઉમેરવામાં આવી. આ અનુસૂચિમાં નગરપાલિકાઓના 18 કાર્યોનો ઉલ્લેખ છે. જે અનુચ્છેદ 243-W સાથે સંલગ્ન છે.

આ કાયદા દ્વારા નગરપાલિકાઓને બંધારણીય દરજ્જો પ્રાપ્ત થયો અને નગરપાલિકાઓ બંધારણના અધિકાર ક્ષેત્રમાં આવી. એટલે કે આ કાયદાની જોગવાઈ

AGujarat.com

અનુસાર દરેક રાજ્યે નવી નગરપાલિકા પદ્ધતિ અપનાવવી ફરજિયાત થઈ ગઈ.

આ કાયદાનો ઉદ્દેશ નગરીય શાસનને સુદૃઢ બનાવવાનો હતો. તેથી સ્થાનિક સ્વરાજ્યની એક સંસ્થા તરીકે પોતાનું કાર્ય કરી શકે.

આ કાયદાની મુખ્ય વિશેષતાઓ આ મુજબ છે.

→ **ત્રણ પ્રકારની નગરપાલિકાઓ અનુચ્છેદ-243-P વ્યાખ્યાઓ (અનુચ્છેદ-243-Q) :**

74મો બંધારણીય સુધારો, 1992માં દરેક રાજ્યમાં ત્રણ પ્રકારની નગરપાલિકાઓના નિર્માણની જોગવાઈ છે. એટલે કે,

**(1) નગર પંચાયત :** જે ગ્રામીણ અને શહેરી ક્ષેત્રની વચ્ચે આવતા ક્ષેત્ર સાથે સંબંધિત છે. (સમવર્તી ક્ષેત્ર)

**(2) નગરપાલિકા માટે :** નાના શહેરી પ્રદેશ માટે

**(3) મહા નગરપાલિકા :** મોટા શહેરી પ્રદેશ માટે

સમવર્તી પ્રદેશ, નાના શહેરી પ્રદેશો અને મોટા શહેરી પ્રદેશોનો મતલબ એવા પ્રદેશોથી છે કે જેની રાજ્યપાલે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જોગવાઈ કરેલી છે.

(A) પ્રદેશની વસ્તી

(B) જનસંખ્યાની આર્થિક સ્થિતિ

(C) સ્થાનિક સ્વરાજ્યમાં થયેલી આવક

(D) કૃષિ સિવાયના ક્ષેત્રમાં રોજગારીની ટકાવારી

(E) આર્થિક મહત્ત્વ અથવા રાજ્યપાલ દ્વારા યોગ્ય જણાય તેવા અન્ય કારણો

→ **સંરચના (અનુચ્છેદ**-243-R)**:**

નગરપાલિકાની તમામ બેઠકો શહેરી વિસ્તારના પ્રાદેશિક મતદાર મંડળોમાંથી સીધી ચૂંટણીથી પસંદ કરાયેલ વ્યક્તિઓ મારફત ભરવામાં આવશે અને આ હેતુ માટે દરેક શહેરી વિસ્તારનો પ્રાદેશિક મતદાર મંડળોમાં વિભાજન કરવામાં આવશે અને તેને વોર્ડ તરીકે ઓળખવામાં આવશે.(**અનુચ્છેદ 243 (R)**)

→ **વોર્ડ સમિતિઓ (અનુચ્છેદ**-243-S)**:**

બંધારણના અનુચ્છેદ 243 S થી વોર્ડ સમિતિઓ રચવાની જોગવાઈ કરવામાં આવી છે. 3 લાખ કે તેથી વધારે વસ્તી ધરાવતી નગરપાલિકા ધરાવતા પ્રાદેશિક વિસ્તારમાં રાજ્ય વિધાનસભા કાયદાથી વોર્ડ સમિતિનું ગઠન કરી શકે છે.

નગરપાલિકાના પ્રમુખની ચૂંટણી પદ્ધતિનું નિર્ધારણ રાજ્ય વિધાનમંડળ દ્વારા કરી શકાય છે. નગરપાલિકામાં તે નીચેના લોકોનો પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરી શકે છે.

(1) નગરપાલિકા શાસનમાં વિશેષ જ્ઞાન અને અનુભવ ધરાવતા વ્યક્તિઓને પરંતુ તેમને નગરપાલિકાની બેઠકોમાં મત આપવાનો અધિકાર નથી હોતો.

(2) લોકસભા અથવા તો રાજ્ય વિધાનમંડળના સભ્યો જે તે ચૂંટણી પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા હોય જેમાં નગરપાલિકાનો સંપૂર્ણ અથવા તો અમુક ભાગ આવતો હોય.

(3) રાજ્યસભા અથવા તો રાજ્ય વિધાન પરિષદના તે સભ્યો કે જે નગરપાલિકા પ્રદેશના મતદાતાના રૂપમાં નોંધાયેલ હોય.

(4) સમિતિઓના પ્રમુખ (સિવાય વોર્ડ સમિતિઓ)

→ **વોર્ડ સમિતિઓ :**

એવી નગરપાલિકાઓ કે જેના પ્રદેશની વસ્તી 3,00,000 કે તેથી વધુ હોય તેમાં એક અથવા તો એકથી વધારે વોર્ડનો સમાવેશ કરી વોર્ડ સમિતિનું ગઠન કરવામાં આવે છે. રાજ્ય વિધાનમંડળ વોર્ડ સમિતિની રચના, ભૌગોલિક પ્રદેશ અને સમિતિમાં પદને ભરવા માટેની પ્રક્રિયા સંબંધિત જોગવાઈ કરી શકે છે. રાજ્ય વિધાનમંડળ વોર્ડ સમિતિના ગઠન ઉપરાંત સમિતિઓના ગઠન માટેની અન્ય જોગવાઈઓ પણ કરી શકે છે.

→ **અનામત વ્યવસ્થા : (અનુચ્છેદ 243(T))**

74મો બંધારણીય સુધારા 1992 અંતર્ગત નગરપાલિકા પ્રદેશની કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તીના પ્રમાણમાં નગરપાલિકામાં આ વર્ગો માટે સીટ અનામત રાખવાની જોગવાઈ છે. આ ઉપરાંત કોઈપણ નગરપાલિકા પ્રદેશમાં કુલ સીટોની સંખ્યાની 1/3 સીટ મહિલાઓ અનામત (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટેની અનામતની સીટો સહિત) રાખવાની જોગવાઈ છે.

4Gujarat.com

રાજ્ય વિધાનમંડળ નગરપાલિકાઓ માટે પ્રમુખના પદ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટે અનામત રાખવાની પદ્ધતિ નક્કી કરી શકે છે. રાજ્ય વિધાન મંડળ કોઈ પણ નગરપાલિકામાં પછાત વર્ગો માટે સીટો અથવા નગરપાલિકાઓમાં પ્રમુખ પદ માટે અનામતોની વ્યવસ્થા કરી શકે છે.

→ **નગરપાલિકાઓનો કાર્યકાળ : (અનુચ્છેદ 243(U))**

74મો બંધારણીય સુધારા 1992 અંતર્ગત દરેક નગરપાલિકા કાર્યકાળ પાંચ વર્ષ નક્કી કરેલ છે. પરંતુ તેનો કાર્યકાળ પૂરો થયા પહેલાં પણ વિસર્જિત કરી શકાય છે. આ ઉપરાંત નગરપાલિકાના ગઠન માટે ચૂંટણી

(1) પાંચ વર્ષની સમય સમાપ્તી પહેલાં

(2) નગરપાલિકાના વિસર્જનની સ્થિતિમાં વિસર્જનની તારીખથી છ માસની અંદર થવી જોઈએ.

→ **અયોગ્યતા : (અનુચ્છેદ 243(V))**

કોઈપણ વ્યક્તિ નગરપાલિકાના સભ્ય બનવા માટે યોગ્ય નહિં ગણાય, જે

(1) સંબંધિત રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓના આયોજનથી લાગુ કરેલા કાયદા પ્રમાણે અયોગ્ય ઘોષિત કરવામાં આવ્યો હોય.

(2) રાજ્ય વિધાન મંડળ દ્વારા બનાવેલા કોઈપણ કાયદા અંતર્ગત અયોગ્ય જાહેર કરવામાં આવે. આ સિવાય કોઈપણ વ્યક્તિને તેની ઉંમર 25 વર્ષની નથી તેવા આધાર પર અયોગ્ય જાહેર ન કરી શકાય. જોકે તેની ઉંમર 21 વર્ષથી ઓછી ન હોવી જોઈએ તો પણ અયોગ્યતા સંબંધી બધા વિવાદો રાજ્ય વિધાનમંડળો દ્વારા નક્કી કરાયેલ સમિતિને ઉકેલ લાવવા માટે મોકલવામાં આવશે.

→ **સત્તા અને કાર્યો (અનુચ્છેદ 243(W))**

રાજ્ય વિધાનમંડળ દ્વારા નગરપાલિકાઓને એવી સત્તા અને અધિકાર આપવામાં આવશે. જે શાસન સાથે જોડાયેલી સંસ્થાઓ અને તેના કાર્યો કરવા માટે આવશ્યક હોય આ યોજના અંતર્ગત નગરપાલિકાઓ પર

(1) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય સાથે જોડાયેલી યોજનાઓની તૈયારી સાથે સંબંધિત અને

(2) નગરપાલિકાઓને સોંપવામાં આવેલી આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય જેમાં 12મી અનુસૂચિમાં સમાવિષ્ટ 18 વિષયો છે) સાથે જોડાયેલી યોજનાઓના કાર્યક્રમની જવાબદારી નાખવા તથા તેમાં સત્તા આપવાની વ્યવસ્થા કરવી.

→ **નાણાકીય વ્યવસ્થા (અનુચ્છેદ 243(X))**

(1) નગરપાલિકાઓને કર, જકાત, વેરો અને ફી લાદવાની તેમજ વસુલ કરવાની અને વિનિયોગ કરવાની સત્તા આપી શકે. (2) રાજ્ય સરકાર તરફથી લદાયેલ તેમજ વસુલ કરવામાં આવેલ કર, જકાત, વેરો અને ફી નગરપાલિકાને સુપરત કરી શકે. (3) રાજ્યના સંચિત નિધીમાંથી અનુદાન આપવાની જોગવાઈ કરી શકે. (4) નગરપાલિકાઓને અથવા તેના વતી મળેલ તમામ નાણાઓનું ધિરાણ કરવા નિધીની રચના અને તેમાંથી આવા તમામ નાણા ઉપાડવાની યોજના કરી શકે.

→ **નાણાપંચ (અનુચ્છેદ-243(Y) :**

અનુચ્છેદ 243(Y) હેઠળ પંચાયતો માટે રચાયેલા નાણાપંચ નગરપાલિકાઓની નાણાકીય પરિસ્થિતિની પણ સમીક્ષા દર પાંચ વર્ષે કરશે. અનુચ્છેદ 243 (Y) તે રાજ્યપાલને નીચે મુજબની ભલામણ કરશે.

**(1) સિદ્ધાંતોના વિષયમાં :**

(A) રાજ્ય દ્વારા લેવાતા કરો, ફી અને માર્ગ કરની પ્રાપ્ય રકમ રાજ્ય અને નગરપાલિકાઓ વચ્ચે વિતરણ સંબંધીત.

(B) નગરપાલિકાઓને સોંપેલા કરો ફી અને માર્ગ કરને નિશ્ચિત કરવા સંબંધી.

(C) રાજ્યની સંચિત નિધીમાંથી નગરપાલિકાઓને આપવામાં આવતા અનુદાન સંબંધી.

(2) નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિમાં લાવવા જરૂરી ઉપાયો સંબંધી.

(3) એવો કોઈ અન્ય વિષય જેમાં રાજ્યપાલને નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિને વધારે સારી

4Gujarat.com

બનાવવા તે વિષય રાજ્યપાલ દ્વારા નાણાપંચને સોંપાયેલો હોય.

રાજ્યપાલ પંચની ભલામણોને રાજ્ય વિધાન મંડળ રજૂ કરશે. કેન્દ્રીય નાણાપંચ પણ રાજ્ય નાણાપંચની ભલામણો પર નગરપાલિકાઓના સંશાધનોની પૂર્તિ માટે રાજ્યની સંચિત નિધીમાં વૃદ્ધિ કરવાના હેતુ જરૂરી સલાહ આપશે.

→ **ખાતા ચકાસણી (અનુચ્છેદ 243(Z))**

રાજ્ય વિધાનસભા નગરપાલિકાના ખાતાઓની દેખરેખ અને તેની ચકાસણી માટેની જોગવાઈ કરી શકે છે.

→ **રાજ્ય ચૂંટણીપંચ(અનુચ્છેદ 243 Z(A))**

નગરપાલિકાઓની ચૂંટણીઓ માટેની મતદાર યાદીઓ, અને સંચાલન માટે તૈયારીનું નિરીક્ષણ, નિર્દેશન અને નિયંત્રણની સત્તા રાજ્ય ચૂંટણી પંચ પાસે હશે.

→ **કેન્દ્રશાસિત પ્રદેશો પર અધિનિયમની અસર (અનુચ્છેદ 243 (Z(B))**

74મો બંધારણીય સુધારા 1992 અંતર્ગત ભારતના રાષ્ટ્રપતિ તેની જોગવાઈઓને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં અપવાદો અને સુધારા સાથે લાગુ થઈ શકે. જે અપવાદો અને સુધારાઓનો રાષ્ટ્રપતિએ ઉલ્લેખ કર્યો હોય તે કેન્દ્ર શાસિત પ્રદેશમાં લાગુ ન પડી શકે.

→ **અપવાદ પ્રદેશ (અનુચ્છેદ-243 (Z(C))**

74મો બંધારણીય સુધારા 1992 અંતર્ગત થયેલી જોગવાઈ અનુસાર ભારતીય બંધારણના અનુચ્છેદ 244માં અનુસૂચિત જાતીય પ્રદેશ અને અનુસૂચિત જનજાતીય પ્રદેશ પર અમલ નહિ થાય. આ કાયદા અંતર્ગત પશ્ચિમ બંગાળની દાર્જીલિંગ ગોરખા હિલ કાઉન્સિલની કાર્યસત્તા પ્રભાવિત નહીં થાય.

→ **જિલ્લા આયોજન સમિતિ(અનુચ્છેદ 243 Z(D))**

દરેક રાજ્ય, જિલ્લા નગરપાલિકાઓ અને પંચાયતો દ્વારા તૈયાર કરેલી યોજનાઓ એકત્રિત કરવા તથા સમગ્ર જિલ્લા માટે નમૂના વિકાસ યોજના તૈયાર કરવા માટે દરેક રાજ્યમાં જિલ્લા સ્તરે જિલ્લા આયોજન સમિતિની રચના કરવામાં આવશે. રાજ્ય વિધાન મંડળ નીચેની બાબતો સંબંધિત વ્યવસ્થા કરી શકે છે.

(1) આવી સમિતિઓની રચના સંબંધિત.

(2) આ સમિતિઓના સભ્યોની ચૂંટણીની પદ્ધતિ સંબંધિત.

(3) આ સમિતિઓની જિલ્લા આયોજન સાથે સંબંધિત કાર્યોના વિષયમાં.

(4) આ સમિતિઓના અધ્યક્ષોની ચૂંટણીની પદ્ધતિ સંબંધિત.

આ કાયદામાં જોગવાઈ છે કે જિલ્લા આયોજન સમિતિના સભ્યોમાંથી 4/5 સંખ્યામાં સભ્યોની ચૂંટણી જિલ્લાની નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી કરવામાં આવશે. સમિતિમાં આ સભ્યોનું પ્રતિનિધિત્વ જિલ્લાની ગ્રામીણ અને શહેરી વસ્તીના પ્રમાણમાં રહેશે.

આ સમિતિઓના પ્રમુખ વિકાસ યોજના રાજ્ય સરકારને મોકલશે.

→ **મેટ્રો પાલિટન આયોજન માટે સમિતિ (અનુચ્છેદ 243 Z(E))**

આ અનુચ્છેદ અનુસાર દરેક મેટ્રોપોલિટન વિસ્તાર માટે મુત્સદો વિકાસ યોજના તૈયાર કરવા માટે મેટ્રોપોલિટન આયોજન સમિતિની રચના કરવામાં આવશે. મહાનગર પ્રદેશનો હેતુ તે પ્રદેશ સાથે છે જેની વસ્તી 10 લાખ કે તેથી વધુ હોય અને તે પ્રદેશમાં એક અથવા તો એક કરતા વધુ જિલ્લાઓમાં વિભાજિત હોય અને જેમાં બે અથવા બેથી વધુ નગરપાલિકા અને પંચાયતો હોય તો રાજ્ય વિધાન મંડળ કાયદો ઘડીને નીચેની બાબતો અંગે જોગવાઈ કરી શકે.

(1) મેટ્રો-પોલિટન આયોજન સમિતિઓનું ગઠન.

(2) આવિ સમિતિમાં બેઠકો ભરવાની રીત. પરંતુ આવી 2/3 સભ્યો નગરપાલિકાઓની વસ્તી અને તે વિસ્તારમાં પંચાયતોની વસ્તી વચ્ચેના પ્રમાણમાં,

4Gujarat.com

નગરપાલિકાઓના સભ્યો અને પંચાયતોના પ્રમુખ તરફથી અને તેમનામાંથી ચૂંટવામાં આવશે.

(3) ભારત સરકાર અને રાજ્ય સરકાર અને આવી સમિતિઓને સોંપવામાં આવેલ કાર્યોનો અમલ કરવા માટે જરૂરી સંગઠનો અને સંસ્થાઓનું પ્રતિનિધિત્વ.

(4) આવી સમિતિઓને જે મેટ્રોપોલિટન વિસ્તાર સોંપવામાં આવે તેના આયોજન અને સંકલનને લગતા કાર્યો.

(5) આવી સમિતિઓના પ્રમુખ પસંદ કરવાની રીત.

દરેક મેટ્રોપોલિટન આયોજન સમિતિ મુત્સદ્દો વિકાસ યોજના તૈયાર કરવામાં નીચેની બાબતો લક્ષમાં લેશે.

(1) મેટ્રોપોલિટન વિસ્તારમાં નગરપાલિકાઓ અને પંચાયતો તૈયાર કરેલી યોજનાઓ.

(2) વિસ્તારના સંકલિત અવકાશી આયોજન પાણી અને અન્ય ભૌતિક તેમજ કુદરતી સંશાધનોની વહેંચણી, જમીન અને પર્યાવરણ જાળવણી માટેની સંકલિત યોજના સહિત નગરપાલિકાઓ અને પંચાયતો વચ્ચે સમાજ હિતની બાબતો.

(3) ભારત સરકાર અને રાજ્ય સરકારની એજન્સીઓ મારફત મેટ્રોપોલિટન વિસ્તારમાં થનાર સંભવિત રોકાણોનું પ્રમાણ અને સ્વરૂપ અને નાણાકીય અથવા અન્ય સંશાધનોની ઉપલબ્ધિ.

(4) ભારત સરકાર અને રાજ્ય સરકારે નક્કી કરેલ એકંદર હેતુઓ અને અગ્રિમતાઓ.

આ ઉપરાંત રાજ્યપાલ હુકમથી નિર્દિષ્ટ કરે તેવી સંસ્થાઓ અને સંગઠનો સાથે વિચારણા કરશે.

આવી સમિતિએ ભલામણ કર્યા મુજબ દરેક મેટ્રો પોલિટન આયોજન સમિતિના અધ્યક્ષ વિકાસ યોજના રાજ્ય સરકારને મોકલશે.

→ **અનુચ્છેદ 243 ZF - કાયદાઓના અમલ લાગુ કરવા બાબત.**

→ **અનુચ્છેદ 243 ZG - ચૂંટણીલક્ષી સીમાંકનની બાબતોમાં અદાલત દ્વારા દખલ પર મનાઈ.**

આ અધિનિયમ લાગુ થયાની તારીખ જૂન 1993 થી એક વર્ષના સમયમાં બધી જોગવાઈઓ પ્રમાણે દરેક રાજ્યો નવી નગરપાલિકા પદ્ધતિ અપનાવવાની રહેશે. આ અધિનિયમના લાગુ થયા પહેલાં બધી નગરપાલિકાઓ તેના કાર્યકાળ સુધી ચાલુ રહેશે.

→ **12મી અનુસૂચિ(અનુચ્છેદ 243 Z(W) :**

આ અનુસૂચિમાં નગરપાલિકાઓના અધિકાર ક્ષેત્રમાં આવતી 18 પ્રકારના વિષયોની વ્યવસ્થા છે. જે નીચે મુજબ છે.

(1) શહેરી આયોજન

(2) જમીન ઉપયોગનું વિનિમય અને

(3) આર્થિક અને સામાજિક વિકાસ સાથે સંબંધિત આયોજન

(4) પુલ અને રસ્તા

(5) ઘર વપરાશ, ઔદ્યોગિક અને વાણિજયના હેતુ માટે પાણીની સગવડતા

(6) સ્વાસ્થ્ય, સાફ સફાઈ અને સંરક્ષણ માટે વ્યવસ્થા

(7) અગ્નિશામક કેવા

(8) શહેરી વનીકરણ અને પર્યાવરણ સંરક્ષણ

(9) સમાજના પછાત વર્ગો, વિકલાંગો અને માનસિક રૂપથી વિકલાંગોના હિતની રક્ષા

(10) ગંદકીયુક્ત ઝૂંપડપટ્ટીમાં સુધારો

(11) શહેરી ગરીબી નિવારણ

(12) બાગ બગીચા અને રમત માટેના મેદાનો જેવી શહેરી સુવિધાઓની વ્યવસ્થા

(13) સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંવર્ધન

(14) અગ્નિસંસ્કાર માટે સ્થળ અને અગ્નિ સંસ્કાર માટે વિદ્યુતનો ઉપયોગ માટે સ્મશાનની વ્યવસ્થા

(15) પશુઓ માટે તળાવ તથા પશુઓ પર થતા અત્યાચાર રોકવા.

(16) મહત્ત્વપૂર્ણ યાદીઓનો સંગ્રહ જેમ કે જન્મ, મૃત્યુ વગેરે.

(17) પાર્કિંગની વ્યવસ્થા અને બસસ્ટોપ જેવી સુવિધાઓ.

(18) કસાઈ ખાનાઓનું નિયંત્રણ

- **શહેરી સ્થાનિક સંગઠનોના પ્રકાર :**

ભારતમાં શહેરી વિસ્તારમાં સુશાસનની દૃષ્ટિએ આઠ પ્રકારના શહેરી સ્થાનિક સંગઠનોનું ગઠન થયેલું છે.

(1) મહાનગરપાલિકા

(2) નગરપાલિકા

(3) જાહેરનામા ક્ષેત્ર સમિતિ (નોટિફાઈડ એરિયા સમિતિ)

(4) નગર ક્ષેત્ર સમિતિ (ટાઉન એરિયા સમિતિ)

(5) છાવણી પરિષદ

(6) ઔદ્યોગિક વસાહત (ટાઉનશિપ)

(7) પોર્ટ ટ્રસ્ટ

(8) વિશેષ કાર્યકારક સંસ્થા (સ્પેશિયલ પરપઝ એજન્સી)

- <u>**નગરપાલિકાઓની રચના:**</u>

→ દરેક વચગાળાના વિસ્તારમાં (જે ગ્રામીણ અને શહેરી ક્ષેત્રની વચ્ચે આવતા ક્ષેત્ર) એક નગરપંચાયતની રચના કરવામાં આવશે.

→ દરેક નગરપાલિકા, ચૂંટાયેલા કાઉન્સિલરોની બનાવવામાં આવશે. આવા કાઉન્સિલરોની સંખ્યા નીચે પ્રમાણે હશે-

(1) નગર પંચાયત માટે - 21

(2) 25001 - 50000 માટે - 27

(3) 50,001 - 1,00,000 માટે - 36

(4) 1,00,001- 2,00,000 માટે - 42

(5) 2,00,000 થી વધુ માટે - 51

→ નગરપાલિકાને પ્રમુખ અને ઉપપ્રમુખ રહેશે.

- <u>**નગરપાલિકાઓમાં અનામત બેઠકો :**</u>

→ નગરપાલિકામાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત બેઠકો વસ્તીના પ્રમાણમાં રાખવામાં આવે છે. આવી બેઠકોની વારાફરતી ફાળવણી ઠરાવેલી રીતે નગરપાલિકામાંના જુદા-જુદા મતદાર મંડળોમાંથી રાજ્ય ચૂંટણી કમીશને કરવાની છે.

→ દરેક નગરપાલિકામાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે (OBC) અનામત બેઠકો કુલ સભ્ય સંખ્યાના 10 ટકા રાખવામાં આવે છે. આવી બેઠકોની વારાફરતી ફાળવણી ઠરાવેલી રીતે નગરપાલિકામાંના જુદા-જુદા મતદારમંડળોમાંથી રાજ્ય ચૂંટણી કમીશને કરવાની છે.

→ દરેક નગરપાલિકામાંથી સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાની 50 ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. (નોંધ - SC, ST અને OBC ની મહિલાઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) આવી બેઠકોની વારાફરતી ફાળવણી ઠરાવેલી રીતે નગરપાલિકામાંના જુદા-જુદા મતદારમંડળોમાંથી રાજ્ય ચૂંટણી કમીશને કરવાની છે.

→ પ્રમુખના હોદ્દાની બેઠક પણ વારાફરતી નિયમો મુજબ મહિલાઓ, અનુસૂચિત જાતિ (SC) અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (OBC) માટે અનામત રહેશે.

- <u>**નગરપાલિકાઓની ચૂંટણી :**</u>

→ નગરપાલિકાઓની ચૂંટણી દર 5 (પાંચ) વર્ષે થાય છે.

→ નગરપાલિકાના સભ્યોની ચૂંટણી શહેરી વિસ્તારના પ્રાદેશિક મતદાર મંડળોમાંથી સીધી ચૂંટણીથી પસંદ કરાયેલ વ્યક્તિઓ મારફત ભરવામાં આવશે. બીજા શબ્દોમાં કહીએ દરેક નગરપાલિકા, સીધી ચૂંટણી ધ્વારા પસંદ કરાયેલા કાઉન્સિલરોની બનશે.

→ આ હેતુ માટે દરેક શહેરી વિસ્તારનો પ્રાદેશિક મતદાર મંડળોમાં વિભાજન કરવામાં આવશે અને તેને "વોર્ડ" તરીકે ઓળખવામાં આવશે.

→ રાજ્ય સરકારે, ગેઝેટમાં પ્રસિદ્ધ કરી મ્યુનિસિપલ બરોનું જેટલા વોર્ડોમાં વિભાજન કરવાનું હોય તે વોર્ડોની સંખ્યા, નગરપાલિકામાં ચૂંટાવાના કાઉન્સિલરોની સંખ્યા વગેરે નક્કી કરવામાં આવશે.

→ નગરપાલિકાઓની ચૂંટણીની દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન, રાજ્ય ચૂંટણી કમીશનમાં નિહિત થશે.

→ સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ વાય. કે. સબરવાલની અધ્યક્ષતા હેઠળની 5 સભ્યોની બંધારણીય બેન્ચે કહયું કે, ચૂંટણી પંચે 5 વર્ષનો કાર્યકાળ સમાપ્ત થાય તે પહેલાં જ ચૂંટણી પ્રક્રિયા પૂરી કરી લેવી જોઈએ ફક્ત કુદરતી આપદાઓ, કાયદાકીય અને બંધારણીય પરિસ્થિતિ ખરાબ થવાની સ્થિતિમાં જ તેમાં વિલંબ યોગ્ય

AGujarat.com

ગણાશે. બીજા શબ્દોમાં કહીએ તો, કુદરતી આપત્તિ, હુલ્લડ, કોમી રમખાણો જેવા અણધાર્યા સંજોગોને લીધે નગરપાલિકાની રચના કરવા માટેની ચૂંટણી યોજવાનું શકય ન હોય તો, નગરપાલિકાની તમામ સત્તા અને ફરજો રાજ્ય સરકાર નીમે તેવા અધિકારીએ વાપરવી અને બજાવવી.

→ નગરપાલિકાની ચૂંટણી માટે નગરપાલિકાના સભ્યો માટેનો વોર્ડ નક્કી કરીને જે તે વોર્ડની મતદાર મંડળની રચના કરવામાં આવે છે.

→ દરેક વોર્ડ માટે, મતદારોની યાદી રહેશે.

→ રાજ્ય ચૂંટણી કમીશનના દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને આધીન રહીને, ઠરાવેલી રીતે, રાજ્ય ચૂંટણી કમીશનર મુકરર કરે તેવા અધિકારી, મતદાર યાદી સુધારશે, તેમાં ફેરફાર કરશે, તેને અદ્યતન બનાવશે અને તે પ્રસિદ્ધ કરશે.

→ કોઈપણ વ્યક્તિ, એક કરતાં વધુ વોર્ડની મતદાર યાદીમાં અને કોઈ એક વોર્ડમાં એક કરતાં વધારે વખત પોતાનું નામ સમાવિષ્ટ કરવા હકદાર થશે નહિ.

- **<u>નગરપાલિકાઓ અને કાઉન્સિલરોની મુદત :</u>**

→ નગરપાલિકાની મુદત 5 વર્ષની ગણાય છે.

→ નગરપાલિકાની મુદત નગરપાલિકાની પ્રથમ બેઠક મળે ત્યારથી જ ગણાય છે.

→ અમુક સંજોગોમાં નગરપાલિકાનું વિસર્જન વચ્ચે પણ કરી શકાય છે.

→ નગરપાલિકાનું વિસર્જન કરવામાં આવે તો તેના વિસર્જનની તારીખથી 6 મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં ચૂંટણી યોજાવાનું ફરજિયાત છે.

→ કાઉન્સિલરોના હોદ્દાની મુદત, નગરપાલિકાની મુદત જેટલી એટલે કે 5 વર્ષની રહે છે.

→ નગરપાલિકાની મુદત પૂરી થતાં જ કે તે પહેલાં પણ ચૂંટણીની તારીખ કલેકટર નક્કી કરે છે પરન્તુ નગરપાલિકાની મુદત પૂરી થઈ ન હોય ત્યાં સુધી નવા ચૂંટાયેલા સભ્યોને કોઈ હક્ક મળતો નથી એટલે કે નવા સભ્યોને તમામ હક્ક નવી રચાયેલ નગરપાલિકાની પ્રથમ બેઠક મળ્યા પછી જ મળે છે.

- **<u>મતદાર તરીકેની લાયકાત :</u>**

→ 18 વર્ષથી વધુ ઉંમરનો કોઈપણ વ્યકિત

→ સંબંધિત વોર્ડનો રહેવાસી હોવો જોઈએ.

- **<u>મતદાર તરીકે ગેરલાયક :</u>**

→ મતદારયાદીમાં નામ રજિસ્ટર કરવા માટે નીચેની વ્યક્તિઓ ગેરલાયક ઠરશે -

(1) જે વ્યક્તિ ભારતનો નાગરિક ન હોય,

(2) કોઈ વ્યક્તિએ સ્વેચ્છાપૂર્વક કોઈ વિદેશી રાજયની નાગરિકતા પ્રાપ્ત કરી હોય

(3) કોઈ વ્યક્તિએ કોઈ વિદેશી રાજ્ય પ્રત્યેની નિષ્ઠા અથવા સંલગ્નતાનો સ્વીકાર કર્યો હોય.

(4) ન્યાયાલય ધ્વારા જે વ્યક્તિને અસ્થિર મગજનો જાહેર કર્યો હોય તે,

(5) ચૂંટણી સંબંધિત ભ્રષ્ટાચાર અને અન્ય ગુનાઓ હેઠળ મતદાર તરીકે ગેરલાયક ઠરાવેલ વ્યક્તિ

→ કોઈપણ વ્યક્તિ એકથી વધારે મતદાર વિભાગમાં મતદાર યાદીમાં નામ રજિસ્ટ્રર કરાવવા માટે હકદાર થશે નહિં.

- **<u>કાઉન્સિલર તરીકે ચૂંટાવાની લાયકાત :</u>**

→ જે વ્યક્તિ 21 વર્ષની ઉંમરની થઈ હોય,

→ તેનું નામ નગરપાલિકાની મતદારોની યાદીમાં હોય

→ બીજા કોઈપણ કાયદા ગેરલાયક ન ઠરી હોય

- **<u>પ્રમુખ અને સભ્ય કે કાઉન્સિલર માટે કોણ ઉમેદવારી ન કરી શકે :</u>**

→ ન્યાયાલય ધ્વારા જે વ્યક્તિને અસ્થિર મગજ (પાગલ)નો જાહેર કર્યો હોય તે.

→ સરકારની અથવા પંચાયતની અથવા નગરપાલિકાનો પગારદાર કર્મચારી હોય તે

→ ઉમેદવારી કરવા સરકારની અથવા પંચાયતની અથવા નગરપાલિકાના નોકરને મનાઈ છે, તેનાં પત્ની કે કુટુંબના વ્યક્તિઓ કે મહિલાઓ ઉમેદવારી કરી શકે છે.

→ જે વ્યક્તિને નાદાર જાહેર કરવામાં આવ્યો હોય અને તેમાંથી છુટકારો મેળવેલ ન હોય

→ ભારતનો નાગરિક ન હોય તેવો વ્યકિત

→ કોઈ વ્યક્તિએ સ્વેચ્છાપૂર્વક કોઈ વિદેશી રાજયની નાગરિકતા પ્રાપ્ત કરી હોય

→ કોઈ વ્યક્તિ જેની કોઈ વિદેશી રાજ્ય પ્રત્યેની નિષ્ઠા અનુશક્તિનો સ્વીકાર કર્યો હોય

→ ન્યાયાધીશ હોય

→ તારીખ 4 ઓગસ્ટ, 2005 પછી બે કરતાં વધુ બાળકો ધરાવનાર વ્યક્તિ ( જો કોઈ દંપતી આ તારીખ સુધી માત્ર એક જ બાળક ધરાવે છે અને ત્યારપછીની એક

4Gujarat.com

જ પ્રસૂતિ દરમિયાન ગમે તેટલી સંખ્યામાં બાળકો જન્મે તે એક જ બાળક તરીકે ગણાશે)

→ રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓના હેતુ માટે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ ગેરલાયક ઠરાવવામાં આવેલ હોય

→ જો કોઈ વ્યક્તિ નગરપાલિકાનો અંશકાલિક અધિકારી અથવા નોકર હોય.

→ નગરપાલિકાની તેની પાસેથી (ટ્રસ્ટી તરીકે હોય તે સિવાયની) લેણી નીકળતી કોઈપણ પ્રકારની બાકી રકમ, તેના ઉપર નોટિસ આપ્યા પછી ત્રણ મહિનાની અંદર ભરવાનું ચૂકે તેવી વ્યક્તિ

→ નગરપાલિકાના હુકમથી કરેલા કોઈ કામમાં અથવા નગરપાલિકા સાથેના, તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા નગરપાલિકા હેઠળની નોકરીમાં, તે અથવા પોતાના ભાગીદાર મારફત, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કઈક ભાગ અથવા હિત સંબંધ ધરાવતી હોય તે

→ કોઈપણ નગરપાલિકાના કોઈ અધિકારી અથવા નોકરને ધીરેલી અથવા તેના પાસેથી ઉઠીની લીધેલી નાણાંની લોનની લેવડદેવડમાં તે હિતસંબંધ અથવા કઈક ભાગ ધરાવતી હોય તે

→ લોકપ્રતિનિધિત્વ એક્ટ પ્રમાણે કોઈપણ ગુના માટે 2 વર્ષ કે તેથી વધુ વર્ષની સજા પામેલ વ્યક્તિ

→ અસ્પૃશ્યતા બાબતના અધિનિયમ, 1955 અથવા મુંબઈ નશાબંધી અધિનિયમ, 1949 માટે કોઈ ગુના માટે દોષિત ઠરાવી હોય.

- **<u>નગરપાલિકાની પ્રથમ બેઠક અને પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી :</u>**

→ નગરપાલિકાની રચના કરવામાં આવે ત્યારે ત્યારે તેના ચૂંટાયેલા સભ્યોમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે તેની પહેલી બેઠક બોલાવવામાં આવે છે.

→ સામાન્ય ચૂંટણીના ચૂંટાયેલા સભ્યોના નામ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ નામો ચૂંટણી પંચ પ્રસિદ્ધ કરે તે તારીખથી 4 અઠવાડિયાની અંદર "કલેકટર" જે તારીખ નક્કી કરે તે દિવસે નગરપાલિકાની પ્રથમ બેઠક મળે છે.

→ નગરપાલિકાની પ્રથમ બેઠકનું અધ્યક્ષસ્થાન કે પ્રમુખ અધિકારીની નિમણૂકનો અધિકાર "કલેકટર"ને છે. કલેકટર પોતે અથવા જે અધિકારીને બેઠકના પ્રમુખ નિયુક્ત કરે તે બેઠકનો અધ્યક્ષ ગણાય છે. આ અધ્યક્ષને સદરહુ નિયમોથી ઠરાવવામાં આવે તે સત્તા રહેશે જો કે તે અધ્યક્ષને મત આપવાનો અધિકાર રહેશે નહિ.

→ નગરપાલિકાની પ્રથમ બેઠકમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી સિવાયનું કોઈ કામકાજ બેઠકમાં કરવું નહિં.

→ નગરપાલિકાના પ્રમુખ અથવા ઉપપ્રમુખની ચૂંટણીમાં જો બે ઉમેદવારોને સરખા મત મળે તો, ચૂંટણીનું પરિણામ, અધ્યક્ષનું સ્થાન લેનાર અધિકારીની હાજરીમાં તે નક્કી કરે તેવી રીતે ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવે છે.

- **<u>પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની મુદત :</u>**

→ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની મુદત અઢી વર્ષની રહેશે.

→ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, 1963 ની બીજી જોગવાઈઓને આધીન રહીને, પ્રમુખ અથવા ઉપપ્રમુખ ફરી ચૂંટાવાને પાત્ર થશે.

→ દરેક નગરપાલિકામાં પ્રમુખનો હોદ્દો, ઠરાવેલી રીતે મહિલાઓ, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (OBC) માટે અનામત રહેશે.

→ નગરપાલિકાના પ્રમુખ અથવા ઉપપ્રમુખ પોતાના હોદ્દાની મુદત દરમિયાન જો નગરપાલિકાના સભ્ય તરીકેની લાયકાત ગુમાવે અથવા સભ્ય તરીકે બંધ થાય, તો તે પોતે ધરાવેલા હોદ્દાને ખાલી કરશે.

→ નગરપાલિકાના સભ્યોના હોદ્દાની મુદત પૂરી થયે, નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ હોદ્દાની ચાલુ વહીવટી ફરજો, રાજ્ય સરકાર નક્કી કરે તેવો અધિકારી, નવા પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટવામાં આવ્યા ન હોય અને તેમણે પોતાની ફરજોનો ચાર્જ લીધો ન હોય તેટલા સમય સુધી બજાવશે.

→ નિવૃત્ત થતા પ્રમુખ અથવા ઉપપ્રમુખની ફરજ છે કે તેણે તેને પોતાનો હોદ્દાનો ચાર્જ સોંપી દેવો અને નગરપાલિકાની માલિકીના અને પોતાની કસ્ટડીમાં ના દફતર અને મિલકત ઉપર જણાવેલ અધિકારી અથવા નવા પ્રમુખ અથવા ઉપપ્રમુખને સ્વાધીન કરવાં.

- **<u>પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યનું રાજીનામું :</u>**

→ નગરપાલિકાનો પ્રમુખ, "કલેકટર" ને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદ્દા પરથી દૂર થઈ

શકશે પરન્તુ ''કલેકટર'' રાજીનામું સ્વીકારે નહિં ત્યાં સુધી, અમલમાં આવશે નહિં.

→ નગરપાલિકાનો ઉપપ્રમુખ, ''નગરપાલિકા''ને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદ્દા પરથી દૂર થઈ શકશે પરન્તુ ''નગરપાલિકા'' રાજીનામું સ્વીકારે નહિ ત્યાં સુધી, અમલમાં આવશે નહિ.

→ નગરપાલિકાના પ્રમુખ અથવા ઉપપ્રમુખનું રાજીનામું એ દિવસથી અમલમાં આવે છે જે દિવસે તેનો કલેક્ટર અથના નગરપાલિકા તરફથી સ્વીકાર કરવામાં આવે છે ત્યારથી અથવા પછી તે ટેન્ડર પેશ કરવામાં આવે છે તે પછી 30 દિવસ પૂરા થતાં તે અમલી બને છે.

→ નગરપાલિકાનો બીજા કોઈ સભ્ય (કાઉન્સિલર) ''પ્રમુખ''ને રાજીનામું આપીને પોતાના હોદ્દા પરથી દૂર થઈ શકશે અને એવું રાજીનામું, પ્રમુખને જે તારીખે મળે તે તારીખથી અમલમાં આવશે.

→ નગરપાલિકાના બીજા કોઈ સભ્ય (કાઉન્સિલર)નું રાજીનામું પ્રમુખને મળે તે તારીખથી જ અમલમાં આવે છે તેથી તે પાછું ખેચી શકાય નહિ.

→ જે તારીખથી પ્રમુખના રાજીનામાનો અમલ થયો હોય તે તારીખ રાજપત્રમાં જાહેર કરવી જોઈએ.

→ નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યોના રાજીનામા અંગે કંઈપણ તકરાર ઊભી થાય તો, રાજીનામાં અંગેની તકરારનો નિર્ણય રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી તે અર્થે નીમે તેવા અધિકારી (               ) કરે છે.

→ આ અધિકારી (               ) ને નિર્ણય માટે એ તકરાર લખી મોકલવી પડશે અને આ અધિકારીનો નિર્ણય આખરી ગણાશે પરન્તુ રાજીનામું અમલમાં આવ્યાની તારીખથી 30 દિવસની મુદત પૂરી થયા પછી, એવી કોઈ તકરાર સ્વીકારી શકાશે નહિ.

- **<u>પ્રમુખ અને ઉપપ્રમુખ સામે અવિશ્વાસનો પ્રસ્તાવ:</u>**

→ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ સામે અવિશ્વાસના પ્રસ્તાવ રજૂ કરવા માંગતો કોઈ સભ્ય સંબંધિત નગરપાલિકાને નિયત કરેલા ફોર્મ (નમૂના)માં નગરપાલિકાના તે વખતના સભ્યોની કુલ સંખ્યાના 1/3 (એક - તૃતીયાંશ) સભ્યોના ટેકાથી જ આ પ્રસ્તાવ લાવી શકાશે.

→ સરળ શબ્દોમાં કહીએ તો-

(1) અવિશ્વાસની દરખાસ્ત (પ્રસ્તાવ) નગરપાલિકાનો કોઈપણ સભ્ય લાવી શકે છે.

(2) નગરપાલિકાના તે વખતની કુલ સભ્ય સંખ્યાના એક - તૃતીયાંશ સભ્યો ટેકો આપી તો જ તે દરખાસ્ત રજૂ કરી શકાશે.

→ જો પ્રમુખ અથવા ઉપપ્રમુખની વિરૂદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ નગરપાલિકાના સભ્યોની કુલ સંખ્યાના 2/3 (બે-તૃતીયાંશ) સભ્યોની બહુમતીથી પસાર કરવામાં આવ્યો હોય ત્યારે જ પ્રમુખ અથવા ઉપપ્રમુખ પ્રસ્તાવ પસાર કર્યાની તારીખથી ત્રણ દિવસની મુદત પછી હોદ્દો ધરાવતા બંધ થશે. બીજા શબ્દોમાં કહીએ તો નગરપાલિકાના કુલ સભ્યોની 2/3 (બે-તૃતીયાંશ) બહુમતીથી જ અવિશ્વાસની દરખાસ્ત મંજૂર થઈ શકશે.

→ અવિશ્વાસનો પ્રસ્તાવ હાથ ધરવા માટે નગરપાલિકાની બેઠક, આવા પ્રસ્તાવની નોટિસ નગરપાલિકાને મળી હોય તે તારીખથી 15 દિવસની અંદર બોલાવવાની રહેશે.

→ અવિશ્વાસની દરખાસ્ત પ્રમુખ અથવા ઉપપ્રમુખ સામે લાવવામાં આવી હોય તો તેઓ સભામાં હાજર રહેવાનો, બોલવાનો તેમજ મત આપવાનો અધિકાર રહેશે, પરન્તુ સભાનું અધ્યક્ષસ્થાન લઈ શકશે નહિં.

→ જો નગરપાલિકાના પ્રમુખ આવી બેઠકને બોલાવે તો નગરપાલિકાના ચીફ ઓફિસરે તરત જ ''કલેકટર'' ને તે વિશેનો રિપોર્ટ આપશે અને કલેકટર તે રિપોર્ટ મળ્યાની તારીખથી 15 દિવસની અંદર નગરપાલિકાની બેઠક બોલાવશે.

→ જો નગરપાલિકાના ''પ્રમુખ'' અને ''ઉપપ્રમુખ''ના હોદ્દા એક સાથે ખાલી પડે ત્યારે ''કલેકટર'' આના માટે અધિકૃત કરે તે અધિકારી, જ્યાં સુધી પ્રમુખની ચૂંટણી ન થાય ત્યાં સુધી તમામ કાર્યો, સત્તા અને ફરજો બજાવશે પરન્તુ આવા નિમાયેલા અધિકારીને નગરપાલિકાની કોઈ બેઠકમાં મત આપવાનો અધિકાર રહેશે નહિ.

- **<u>પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યને હોદ્દા પરથી દૂર કરવા :</u>**

→ નગરપાલિકાના કોઈપણ સભ્ય, પ્રમુખ અને ઉપપ્રમુખને તેના હોદ્દા પરથી નીચેના કારણોસર દૂર કરી શકાય છે -

AGujarat.com

(1) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે માનસિક, શારીરિક અને કાયદેસરની કોઈપણ અસમર્થતા ઊભી થાય જેના કારણે પોતાની ફરજો બજાવવામાં અસમર્થ થાય તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે -

દા.ત.- (A) મગજ અસ્થિર થઈ જવું

(B) કોઈપણ શારીરિક બીમારી થઈ જવી જેમ કે - લકવો

(C) જન્મટીપની સજા થવી.

(2) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની ફરજો બજાવવામાં ગેરવર્તણૂક કરે તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે -

દા.ત.- (A) નગરપાલિકાનું અપમાન કરવું.

(B) ઈરાદાપૂર્વક કાયદેસરની આજ્ઞાનું પાલન ન કરવું.

(3) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે શરમજનક વર્તણૂક (ભલે તે ખાનગી કૃત્યો માટે હોય) માટે દોષિત થયો હોય તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે.

(4) નગરપાલિકાના હુકમથી કરેલા કોઈ કામમાં અથવા નગરપાલિકા સાથેના, તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા નગરપાલિકા હેઠળની નોકરીમાં, તે અથવા પોતાના ભાગીદાર મારફત, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કઈક ભાગ અથવા હિતસંબંધ ધરાવતી હોય તે

(5) પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો કોઈપણ પ્રકારે પોતાની સત્તાનો દુરુપયોગ કરે તો તેને હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે.

(6) પોતે 6 મહિના કરતાં વધારે મુદત સુધી સતત ગેરહાજર રહેવા માટે જાહેર કરેલા અથવા જાણવામાં આવેલા ઈરાદાથી રાજ્યની હદની બહાર જતો રહે.

→ ઉપરના જણાવેલ કારણોસર ''કલેકટર'' આવા સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખને કંઈ કહેવું હોય તે કહેવાની વાજબી તક આપ્યા પછી અને નગરપાલિકાને તે અર્થે યોગ્ય નોટિસ આપ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી તેને હોદ્દા પરથી દૂર કરી શકશે.

→ હોદ્દા પરથી દૂર કરાયેલ પ્રમુખ અથવા ઉપપ્રમુખ નગરપાલિકાની બાકીની મુદત દરમિયાન પ્રમુખ અથવા ઉપપ્રમુખ તરીકે ફરી ચૂંટાવાને પાત્ર થશે નહિં.

→ જે કોઈ વ્યક્તિ એ પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યથી પોતાનું રાજીનામું આપ્યું હોય અથવા બીજી રીતે એવો કોઈ હોદ્દો ધરાવતી બંધ થઈ હોય ત્યારે ''કલેકટર'' નિદિષ્ટ કરેલ કાર્યરીતિ અનુસર્યા પછી, 5 વર્ષની મુદત સુધી ગેરલાયક ઠરાવી શકશે.

→ પરંતુ જે તારીખે જે કોઈ વ્યક્તિએ રાજીનામું આપ્યું હોય અથવા એવો હોદ્દો ધરાવતી બંધ થઈ હોય તે તારીખથી એક વર્ષની અંદર, આવું પગલું ભરેલું હોવું જોઈએ.

→ જ્યારે કોઈ વ્યક્તિ તેના ધ્વારા ધરાવતા અધ્યક્ષ અથવા ચેરમેનના હોદ્દા પરની ફરજો પાલન સમયે ગેરવર્તણૂંક કરે તો તેને તેના હોદ્દા પરથી દૂર કરી શકાય છે પરંતુ કાઉન્સિલર તરીકેના હોદ્દા પરથી દૂર કરાતો નથી - સમિતિના ચેરમેન ધ્વારા કરવામાં આવેલી ગેરવર્તણૂંકના કારણે તેને ચેરમેનના પદેથી દૂર કરાશે પરંતુ કાઉન્સિલર તરીકે તેનું પદ ધરાવવાનું ચાલુ રહેશે.

→ ઉપરોક્ત જણાવેલ કારણો અને વિગતો હેઠલ કલેકટરના હુકમથી નારાજ કોઈ વ્યક્તિ, આવા હુકમની જાણ થયાની તારીખથી 15 દિવસની અંદર રાજ્ય સરકારને અપીલ કરી શકે છે. એવી અપીલમાં રાજ્ય સરકારે કરેલા હુકમો આખરી ગણાશે.

- **<u>સભ્ય તરીકે ગેરહાજર રહેવાની રજા :</u>**

→ નગરપાલિકાનો જે કોઈ સભ્ય પોતાના હોદ્દાની મુદત દરમિયાન -

(1) નગરપાલિકા એ તેને 4 મહિના ગેરહાજર રહેવાની રજા આપી હોય તે સિવાય તે નગરમાંથી 3 મહિના કરતાં વધુ સમય માટે ગેરહાજર રહે

અથવા

(2) તે નગરપાલિકાની રજા સિવાય નગરપાલિકાની બેઠકોમાંથી 4 મહિના સુધી ગેરહાજર રહે તે સભ્ય તરીકે બંધ થશે અને તેનો હોદ્દો ખાલી પડશે.

→ કોઈ જગ્યા ખાલી પડે છે કે નહિ તે બાબતનો નિર્ણય કરવાનોઅધિકાર કલેકટરને છે. કોઈ વ્યક્તિએ કરેલી અરજી પરથી અથવા પોતાની રીતે, કલેકટર સભ્યને સુનાવણીની વાજબી તક આપ્યા પછી પોતાનો નિર્ણય આપશે.

→ ઉપપ્રમુખ હોય અને તેને ઉપર જણાવેલ કારણોથી રજા આપવામાં આવી હોય ત્યારે તે મુદત

4Gujarat.com

દરમિયાન ઉપપ્રમુખની તમામ ફરજો બજાવવા માટે અને તમામ સત્તા વાપરવા માટે બીજા કોઈ સભ્યની ચૂંટણી કરવામાં આવશે.

- **<u>પ્રમુખ અથવા ઉપપ્રમુખને હોદ્દા ઉપરથી મોકૂફ કરવા:</u>**

→ નગરપાલિકાના પ્રમુખ અથવા ઉપપ્રમુખને નીચેના કારણોથી રાજ્ય સરકાર અથવા તેણે અધિકૃત કરેલ કોઈ અધિકારી (કલેક્ટર) હોદ્દા ઉપરથી મોકૂફ કરી શકે છે –

(1) જેની સામે લાંચ રુશ્વત પ્રતિબંધ અધિનયમ, 1947 અથવા

(2) મુંબઈ નશાબંધી અધિનયમ, 1949 અથવા

(3) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, 1963 અથવા

(4) તે સમયે અમલમાં હોય તેવો કોઈ કાયદાની જોગવાઈઓ હેઠળ ફરજો અદા કરવામાં કાર્ય કરતી વખતે અથવા કાર્ય કરવાનું અભિપ્રેત હોય એ વખતે કોઈ ગુનાના સંબંધમાં કોઈ ફોજદારી કાર્યવાહી કરવામાં આવી હોય અથવા જેલમાં અટકમાં રાખવામાં આવ્યા હોય.

→ નગરપાલિકાના પ્રમુખને અથવા ઉપપ્રમુખને હોદ્દા ઉપરથી મોકૂફ કરવામાં આવે તો જે તે મુદત માટે મોકૂફ રાખવામાં આવ્યો હોય તે મુદત દરમિયાન પ્રમુખ અથવા ઉપપ્રમુખની તમામ ફરજો બજાવવા અને સત્તા વાપરવા માટે કોઈ સભ્યની ચૂંટણી કરવી જોઈએ.

→ રાજ્ય સરકાર ધ્વારા અધિકૃત કરેલ કોઈ અધિકારી (કલેક્ટર)ના હુકમથી નારાજ કોઈ વ્યક્તિ, આવા હુકમની જાણ થયાની તારીખથી 30 દિવસની અંદર રાજ્યસરકારને અપીલ કરી શકે છે.

- **<u>નગરપાલિકાની ખાલી જગ્યાઓ ભરવાથી સંબંધિત :</u>**

→ કોઈપણ કારણસર નગરપાલિકાના સભ્ય (કાઉન્સિલર)ની જગ્યા ખાલી પડે ત્યારે નગરપાલિકાના ચીફ ઓફિસરે અને ચીફ ઓફિસરની ગેરહાજરીમાં કલેક્ટર, તે હેતુ માટે સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તેવા અધિકારીએ જે તારીખે જગ્યા ખાલી પડે તે તારીખથી 15 દિવસની અંદર તે વિશેની નોટિસ રાજ્ય ચૂંટણી કમીશનને કરવાની હોય છે.

→ આવી નોટિસ મળતાંની સાથે જ રાજ્ય ચૂંટણી કમીશને 6 મહિનાની અંદર આવી ખાલી જગ્યાઓ ભરવા માટેની ચૂંટણી કરવાની વ્યવસ્થા કરે છે.

→ કોઈપણ કારણસર પ્રમુખ અથવા ઉપપ્રમુખની કોઈ જગ્યા ખાલી પડે ત્યારે નગરપાલિકાના ચીફ ઓફિસરે જે તારીખે જગ્યા ખાલી પડે તે તારીખથી 15 દિવસની અંદર, તે વિશેની નોટિસ કલેકટરને આપવાની હોય છે.

→ આવી નોટિસ મળતાંની સાથે જ કલેકટર 25 દિવસની અંદર પ્રમુખ અથવા ઉપપ્રમુખની ચૂંટણી કરવા માટે નગરપાલિકાની સામાન્ય બેઠક બોલાવવામાં આવશે.

→ કાઉન્સિલરની જગ્યા, નગરપાલિકાની મુદત પૂરી થવાની હોય તે તારીખ પહેલાનાં 6 મહિનાની અંદર ખાલી પડે, ત્યારે તે ભરવી નહિં.

→ પ્રમુખ અને ઉપપ્રમુખ એ બન્નેના હોદ્દા એક સાથે ખાલી પડે ત્યારે કલેકટરે આના માટે અધિકૃત કરે તેવા કોઈ કાઉન્સિલર, પ્રમુખની ચૂંટણી ન થાય ત્યાં સુધી, પ્રમુખની સત્તા, કાર્યો અને ફરજો વાપરશે અને બજાવશે.

- **<u>નગરપાલિકાની બેઠકો:</u>**

→ નગરપાલિકાની બેઠક દર ત્રણ મહિને (જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓકટોબર) એકવાર મળવી ફરજિયાત છે.

→ નગરપાલિકાના પ્રમુખને યોગ્ય લાગે તે લેખિત કારણો દર્શાવીને અથવા જો સભ્યોની કુલ સંખ્યાના એક - તૃતીયાંશ (1/3) સભ્યો (અવિશ્વાસના પ્રસ્તાવમાં) અને બીજી કોઈ બાબતમાં એક- ચતુર્થાંશ (1/4) સભ્યો લેખિત વિનંતી કરે તો ખાસ બેઠક બોલાવી શકે છે.

→ નગરપાલિકાના પ્રમુખને આવી ખાસ બેઠકની વિનંતી મળે તેના પછીના 15 દિવસની અંદર આવી બેઠક બોલાવશે.

→ જો પ્રમુખ આવી ખાસ બેઠક બોલાવવાનું ચૂકે, તો નગરપાલિકાના ઉપપ્રમુખે આવી વિનંતી મળ્યા પછીના 30 દિવસની અંદર આવી બેઠક બોલાવશે.

→ પરંતુ જો નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને આવી ખાસ બેઠક બોલાવવાનું ચૂકે ત્યારે

4Gujarat.com

નગરપાલિકાના ચીફ ઓફિસરે કલેકટરને તે વિશેનો રિપોર્ટ આપશે.

→ આવો રિપોર્ટ મળ્યા પછીના 30 દિવસની અંદર કલેકટર આવી બેઠક બોલાવશે.

→ નગરપાલિકાની બેઠક માટે સામાન્ય બેઠક હોય તો ચોખ્ખા 7 દિવસની અને ખાસ બેઠક માટે ચોખ્ખા 3 દિવસ અગાઉ સભ્યોને એજન્ડા નોંધ સાથે નોટિસ આપવાની છે.

→ આવી નોટિસ નગરપાલિકાની કચેરી ઉપર અથવા સ્થાનિક કચેરી ઉપર અથવા નગરની કોઈ બીજી જાહેર બિલ્ડિંગ ઉપર ચોંટાડવામાં આવે છે.

→ બેઠક બોલાવવા માટેની નોટિસમાં જણાવવાના ખાસ કારણોસર હોય તે સિવાય, નગરપાલિકાની દરેક બેઠક તે નગરપાલિકાની કચેરીની બિલ્ડિંગમાં ભરવામાં આવે છે.

→ બેઠકનું સ્થળ અને સમય ''નગરપાલિકાના પ્રમુખ'' ધ્વારા નક્કી કરવામાં આવે છે.

→ નગરપાલિકાની બેઠકમાં ''પ્રમુખ'' અધ્યક્ષ સ્થાને હોય છે. જો પ્રમુખ ગેરહાજર હોય તો ''ઉપપ્રમુખ'' અધ્યક્ષ સ્થાને હોય છે.

→ જો પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને ગેરહાજર હોય તો તે બેઠકનું પ્રમુખ સ્થાન હાજર રહેલા સભ્યો પૈકી કોઈ એકને અધ્યક્ષ બનાવવામાં આવશે અને તે અધ્યક્ષની સમ્પૂર્ણ સત્તા તે બેઠકમાં વાપરશે.

→ બેઠકના અધ્યક્ષને લાગે કે નગરપાલિકા સમક્ષ ચાલતી કોઈ તપાસ અથવા વિચારણા ખાનગીમાં થવી જોઈએ તે સિવાયની, દરેક બેઠક લોકો માટે ખુલ્લી રાખવામાં આવશે.

→ કોઈપણ બેઠકનો ગણપૂર્તિ (કોરમ) તે વખતેના સભ્યોની સંખ્યાના એક-તૃતીયાંશ હોવું જરૂરી છે. જો તેના કરતાં ઓછા સભ્યો બેઠકમાં હાજર હોય તો બેઠકનો અધ્યક્ષ 30 મિનિટ સુધી રોકાઈને તે બેઠક બીજા દિવસે અથવા ભવિષ્યના બીજા કોઈ દિવસે પોતે વાજબી રીતે નક્કી કરે તે સમયે પર મુલતવી રાખશે.

→ બેઠકના અધ્યક્ષની પરવાનગી સિવાય, આવી બેઠકમાં કોઈ કામકાજ અથવા દરખાસ્ત નોટિસમાં દાખલ કરવામાં આવેલી ન હોય, તો આવું કામકાજ બેઠકમાં કરવું નહિ.

→ આવી બેઠકમાં કોઈ કામકાજ અથવા દરખાસ્ત કયા ક્રમ પ્રમાણે લેવી તેનો નિર્ણય બેઠકનો અધ્યક્ષ કરે છે.

→ દરેક બેઠકની કાર્યવાહીની કાર્ય નોંધ નગરપાલિકામાં આ હેતુ માટે રાખવામાં આવેલી ચોપડીમાં ગુજરાતીમાં રાખવામાં આવે છે. જેના ઉપર બેઠકનો અધ્યક્ષ પોતાની સહી કરે છે અને તે કાર્ય નોંધ નગરના કોઈ રહેવાસીને જોવા માટે તમામ વાજબી વખતે ખુલ્લી રાખવામાં આવે છે.

→ બેઠકના તમામ પ્રશ્નોના નિર્ણય હાજર રહેલા અને મત આપનાર સભ્યોની બહુમતીથી કરવામાં આવે છે.

→ જે પ્રશ્નો અંગે મતો સરખા પડે તે પ્રશ્નોની બાબતમાં બેઠકનો અધ્યક્ષનો મત નિર્ણાયક મત ગણાશે.

→ નગરપાલિકાનો ચીફ ઓફિસર નગરપાલિકાની દરેક બેઠકમાં હાજર રહે છે. તે આવી બેઠકમાં ચર્ચા હેઠળના કોઈ વિષય વિશે પ્રમુખની અથવા નગરપાલિકાની પરવાનગી લઈને સ્પષ્ટીકરણ અથવા હકીકતોનું ધ્યાન દોરી શકે છે પરંતુ તે આવી બેઠકમાં કોઈ દરખાસ્ત ઉપર મત આપી શકે નહિ કે કોઈ દરખાસ્ત કરી શકે નહિં.

- **<u>નગરપાલિકાના પ્રમુખની ફરજો, સત્તાઓ, કાર્યો અને જવાબદારીઓ:</u>**

→ નગરપાલિકાના પ્રમુખની ફરજો, સત્તાઓ, કાર્યો અને જવાબદારીઓ નીચે મુજબ છે -

→ નગરપાલિકાની બેઠક બોલાવવાનો અધિકાર છે.

→ આવી બેઠકનું અધ્યક્ષ સ્થાન ગ્રહણ કરી તે બેઠકનું સંચાલન કરવાનો અધિકાર છે પરંતુ પ્રમુખે આવી બેઠકનું સંચાલન ધારા હેઠલ સત્તાની કાર્યરીતિના નિયમોને આધીન રહીને જ કરવાનું હોય છે.

→ નગરપાલિકાનો કોઈપણ સભ્ય રાજીનામું આપે તો તે સ્વીકારવાનો અધિકાર પ્રમુખને છે.

→ નગરપાલિકાના કોઈપણ દફતરને પ્રમુખ તપાસી શકે છે.

→ નગરપાલિકાના પ્રમુખ કોઈ સમિતિનો પોતાના હોદ્દાની રૂએ સભ્ય થાય તો અધ્યક્ષ થશે. બીજા શબ્દોમાં કહીએ તો નગરપાલિકાની કોઈ સમિતિમાં સભ્ય તરીકે હોય તો તે સમિતિનો હોદ્દાની રૂએ અધ્યક્ષ બને છે.

→ નગરપાલિકાના આર્થિક અને કારોબારી વહીવટ પર ધ્યાન રાખવાની ફરજ પ્રમુખની છે અને જરૂરત પ્રમાણે કોઈપણ પ્રશ્નો નગરપાલિકા સમક્ષ રજૂ કરશે અને તેનો આદેશ મેળવશે.

→ નગરપાલિકાના અથવા તેની કોઈપણ સમિતિના ઠરાવનો અથવા નિર્ણયોનો અમલ કરાવવા માટે "ચીફ ઓફિસર" પર દેખરેખ રાખશે.

→ નગરપાલિકાના અથવા તેની કોઈપણ સમિતિના ઠરાવોનો અમલ કરવાની ફરજ ચીફ ઓફિસરની છે.

→ કોઈપણ આકસ્મિક વખતે જરૂર જણાય તો કોઈપણ કૃત્ય જનહિત માટે તાત્કાલિક કરવાની અથવા બંધ કરવાની અથવા મોકુફ રાખવાની સત્તા પ્રમુખ ધરાવે છે. આના માટે નગરપાલિકા ફંડમાંથી ખર્ચ કરવાની સત્તા પણ ધરાવે છે. પરંતુ આવા પગલાંનું નિવેદન તેણે આવતી બેઠકમાં કારોબારી સમિતિને અથવા કોઈ સ્થાયી સમિતિને કરવું પડશે. નગરપાલિકાના પ્રમુખનો આ અધિકાર વિસ્તૃત છે અને તેનો ઉપયોગ આકસ્મિક પ્રસંગોમાં જ કરવો જોઈએ.

→ નગરપાલિકા અધિનિયમની રૂએ તેની સમસ્ત ફરજો બજાવવી અને સોંપેલ સમસ્ત સત્તા વાપરવી.

→ નગરપાલિકાના કાર્યો અને સત્તાઓના અમલ માટે નગરપાલિકાના પ્રમુખ જરૂરી કાર્યવાહી કરાવી શકે છે, દેખરેખ રાખી શકે છે અને અમલ કરાવી શકે છે.

→ નગરપાલિકાના પ્રમુખ તેમના ઉપપ્રમુખને પ્રમુખના યોગ્ય લાગે તેવા સત્તાકાર્યો લેખિત હુકમથી સોંપી શકે છે.

→ નગરપાલિકાની સામાન્ય બેઠક બોલાવવાની તારીખ અને સ્થળ નક્કી કરવાનો અધિકાર પ્રમુખને છે.

→ નગરપાલિકાની બેઠક લોકો માટે ખુલ્લી હોવાથી આવી સભામાં હાજર રહેલ કોઈપણ વ્યક્તિને બેઠકમાંથી ચાલ્યા જવાનું ફરમાવી શકે છે.

→ નગરપાલિકાના સભ્યોના પ્રવચનની સમયમર્યાદા ઠરાવી શકે છે.

→ નગરપાલિકાની બેઠકમાં બેકાબૂ સભ્યને બેઠકમાંથી તત્કાલ દૂર કરી શકે છે.

→ નગરપાલિકાની બેઠકનું કામકાજ શરૂ થયા પછી બાકી કામ બીજા દિવસ ઉપર મુલતવી રાખવા અંગેનો નિર્ણય કરી શકે છે પરંતુ તેના માટે હાજર સભ્યોની સંમતિ હોવી જરૂરી છે.

→ નગરપાલિકાના સભ્યોના ભથ્થાં - બિલો નિયંત્રણ અધિકારી તરીકે પ્રમુખ મંજૂર કરે છે.

→ બજેટના પુનઃવિનિયોગ સરકારી અનુદાનના અભાવે નગરપાલિકા ફંડમાંથી અનુદાન મળે તેના એડવાન્સમાં ખર્ચની બહાલી જેવી તમામ બાબતોમાં પ્રમુખની અનુમતિ મેળવવામાં આવે છે.

- **<u>ઉપપ્રમુખ અને તેની સત્તા તથા કાર્યો :</u>**

→ નગરપાલિકાના ઉપપ્રમુખના પદે ફક્ત સીધા ચૂંટાયેલા સભ્યો જ બેસી શકે છે.

→ ઉપપ્રમુખની મુદત અઢી વર્ષની હોય છે.

→ નગરપાલિકાનો ઉપપ્રમુખ પોતાનું રાજીનામું "નગરપાલિકા"ને લેખિતમાં રાજીનામું આપીને પોતાના હોદ્દા પરથી દૂર થઈ શકે છે.

→ પ્રમુખની ગેરહાજરીમાં, નગરપાલિકાની બેઠકોનું અધ્યક્ષ સ્થાન લેવું અને તેનું સંચાલન કરવું.

→ પ્રમુખ, પોતાના અધિકારો વખતો વખત લેખિતમાં ઉપપ્રમુખને સોંપે ત્યારે પ્રમુખની સત્તા વાપરવાની અને તેમની ફરજો બજાવવાનો અધિકાર ઉપપ્રમુખને રહેશે.

→ પ્રમુખની ચૂંટણી ન થાય ત્યાં સુધી અથવા 15 દિવસથી વધારે મુદત માટે પ્રમુખ સતત ગેરહાજર હોય અથવા પ્રમુખ અશક્ત થયો હોય તેવા દાખલામાં, પ્રમુખની સત્તા વાપરવી અને ફરજો બજાવવી.

→ નગરપાલિકાની પ્રથમ બેઠકમાં ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવે છે.

→ નગરપાલિકાની ઉપપ્રમુખની ચૂંટણીમાં જો બે ઉમેદવારોને સરખા મત મળે તો, ચૂંટણીનું પરિણામ, અધ્યક્ષનું સ્થાન લેનાર અધિકારીની હાજરીમાં, તે નક્કી કરે તેવી રીતે ચિઠ્ઠી નાંખીને કરવામાં આવે છે.

→ નગરપાલિકાના ઉપપ્રમુખ પોતાના હોદ્દાની મુદત દરમિયાન જો નગરપાલિકાના સભ્ય તરીકેની લાયકાત ગુમાવે અથવા સભ્ય તરીકે બંધ થાય, તો તે પોતે ધરાવેલા હોદ્દાને ખાલી કરશે.

→ નિવૃત્ત થતા ઉપપ્રમુખની ફરજ છે કે તેણે તેને પોતાનો હોદ્દાનો ચાર્જ સોંપી દેવો અને નગરપાલિકાની માલિકીના અને પોતાની કસ્ટડીમાંના દફતર અને મિલકત

4Gujarat.com

અધિકૃત અધિકારી અથવા નવા ઉપપ્રમુખને સ્વાધીન કરવાં.

→ ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં આવી હોય તો તેઓ સભામાં હાજર રહેવાનો, બોલવાનો તેમજ મત આપવાનો અધિકાર રહેશે પરન્તુ બેઠક (સભા)નું અધ્યક્ષ સ્થાન લઈ શકશે નહિં.

• **<u>નગરપાલિકાના ચીફ ઓફિસર અને બીજા અધિકારીઓ :</u>**

→ દરેક નગરપાલિકા માટે રાજ્ય સરકારે નીમેલા એક મુખ્ય અધિકારી (ચીફ ઓફિસર) રહેશે.

→ નગરપાલિકાના ચીફ ઓફિસરની વિરૂદ્ધ, નગરપાલિકાના સભ્યો (કાઉન્સિલરો) ની કુલ સંખ્યના બે-તૃતીયાંશ સભ્યો (2/3) બહુમતીથી કોઈ ઠરાવ પસાર કરે તો, રાજ્ય સરકારે, તે નગરપાલિકામાંથી તરત જ તેની બદલી કરવી જોઈએ.

→ નગરપાલિકા, નિયામકની પૂર્વમંજૂરીથી અને રાજ્ય સરકારે એવી રીતે ફરમાવે તો, નીચેની તમામ અથવા તે પૈકી કોઈ જગ્યા ઊભી કરી શકે છે –

(1) નગરપાલિકા ઓડિટર

(2) નગરપાલિકા આરોગ્ય અધિકારી

(3) નગરપાલિકાના ઈજનેર

(4) નગરપાલિકા શિક્ષણ અધિકારી

(5) વોટર વર્કસ ઈજનેર

(6) રાજ્ય સરકાર મુકરર કરે તેવા બીજા કોઈ અધિકારી.

→ ઉપર જણાવેલ જગ્યાઓ ઉપર નિમણૂક કરવાની સત્તા, નગરપાલિકામાં નિહિત થશે.

→ ઉપર જણાવેલ અધિકારીઓની ભરતી અને સેવાની શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

• **<u>નગરપાલિકા સેવાની રચના :</u>**

→ રાજ્ય સરકારને એવું લાગે કે નગરપાલિકાના કાર્યો અને ફરજો બજાવવાના હેતુ માટે નગરપાલિકાના અધિકારીઓની સેવાઓ એકરૂપ કરવા અને વધુ કાર્યક્ષમ બનાવવા માટે નગરપાલિકા સેવાની રચના કરવી જરૂરી છે તો તે રાજપત્રમાં જાહેરનામા ધ્વારા આની રચના કરી શકે છે.

→ આવી રચાયેલી કોઈપણ નગરપાલિકા સેવાના અધિકારીઓની બઢતીઓ અને બદલીઓ સહિત નિમણૂક કરવાની સત્તા અને તેમની સેવાની શરતોને લગતી તમામ બાબતો સંબંધી સત્તા, રાજ્ય સરકારમાં નિહિત થશે.

→ આવી રચાયેલ કોઈપણ નગરપાલિકા સેવામાં સમાવિષ્ટ કરેલા અધિકારીઓ, રાજ્ય સરકારના કર્મચારીઓ ગણાશે, પણ તેઓ તેમના પગારો તથા ભથ્થા સીધેસીધા નગરપાલિકા ફંડમાંથી લેશે.

• **<u>ચીફ ઓફિસરની ફરજો, કાર્યો અને સત્તાઓ :</u>**

→ ગુજરાત નગરપાલિકા અધિનિયમ અને અન્ય કોઈપણ કાયદા હેઠળ નાખવામાં આવેલા અને સોપેલાં કાર્યો અને ફરજો બજાવવી.

→ રાજ્ય સરકાર ધ્વારા નિયમોથી નક્કી કરેલ તેવી બીજી ફરજો બજાવવી અને અધિકારો ચલાવવા.

→ નગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓના કાર્યો અને કાર્યવાહીઓ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખશે.

→ નગરપાલિકાના પ્રમુખના નિયંત્રણ, માર્ગદર્શન અને દેખરેખને અધીન રહીને, નગરપાલિકાના નાણાકીય અને કારોબારી તંત્ર ઉપર દેખરેખ રાખશે.

→ નગરપાલિકાની બીજી ફરજો જે કોઈપણ સમિતિને સોંપવામાં ન આવી હોય તેવી ફરજો બજાવવી.

→ નગરપાલિકાની સમસ્ત પ્રવૃત્તિઓની બાબતમાં દેખરેખ અને નિયંત્રણ રાખવું.

→ નગરપાલિકાના સમસ્ત કાર્યો અને વિકાસ પરિયોજનાઓના ત્વરિત અમલ માટે જરૂરી પગલાં લેવાની ફરજ બજાવવી.

→ નગરપાલિકા અને તેની સમિતિઓની બેઠકો (સભાઓ)ની કામકાજથી સંબંધિત બધા દસ્તાવેજો અને કાગળો પોતાની કસ્ટડીમાં રાખવાની ફરજ બજાવવી.

→ નગરપાલિકા અને તેની સમિતિઓની બેઠકો (સભાઓ) ની કામકાજથી સંબંધિત બધા દસ્તાવેજો અને કાગળો પોતાની કસ્ટડીમાં રાખવાની ફરજ બજાવવી.

→ નગરપાલિકાના દફતરો અને રજિસ્ટરો પોતાના કબજામાં રાખવા.

→ તમામ જરૂરી પત્રકો અને રિપોર્ટ તૈયાર કરવા.

→ નગરપાલિકાના વેરા અને અન્ય બાકી લેણાંની વસૂલાત માટે યોગ્ય પગલાં ભરવા.

→ તેના તાબાના નોકરો અથવા કોન્ટ્રાકટરો ગફલત, ગેરકાયદેસર વર્તણૂક, નિયમોનું ઉલ્લંઘન અને

4Gujarat.com

અવજ્ઞાના તમામ કિસ્સાઓની નગરપાલિકાને જાણકારી આપવી.

→ ઓડિટરે દર્શાવેલી કોઈપણ અનિયમિતતા દૂર કરવા માટે યોગ્ય પગલાં ભરવાં.

→ નગરપાલિકાની કોઈ મિલકત અથવા નાણાંને લગતાં કપટ, ઉચાપત, ચોરી, અથવા નુકસાનના કેસોના રિપોર્ટ પ્રમુખ અને સંબંધિત સમિતિને વહેલી તકે આપવો.

→ નગરપાલિકાનું બજેટ, વાર્ષિક વહીવટી અહેવાલ અને અન્ય હિસાબો હિસાબી એકટ પ્રમાણે તૈયાર કરા.

→ કોઈપણ કારણસર પ્રમુખ અથવા ઉપપ્રમુખની કોઈ જગ્યા ખાલી પડે ત્યારે નગરપાલિકાની ચીફ ઓફિસરે જે તારીખે જગ્યા ખાલી પડે તે તારીખથી 15 દિવસની અંદર, તે વિશેની નોટિસ કલેકટરને આપવાની હોય છે.

→ જો નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને કોઈ ખાસ બેઠક બોલાવવાનું ચૂકે ત્યારે નગરપાલિકાના ચીફ ઓફિસરે કલેકટરને તે વિશેનો રિપોર્ટ આપશે.

→ નગરપાલિકાનો ચીફ ઓફિસર નગરપાલિકાની દરેક બેઠકમાં હાજર રહે છે. તે આવી બેઠકમાં ચર્ચા હેઠળના કોઈ વિષય વિશે પ્રમુખની અથવા નગરપાલિકાની પરવાનગી લઈને સ્પષ્ટીકરણ અથવા હકીકતોનું ધ્યાન દોરી શકે છે પરંતુ તે આવી બેઠકમાં કોઈ દરખાસ્ત ઉપર મત આપી શકે નહિ કે કોઈ દરખાસ્ત કરી શકે નહિ.

→ નગરપાલિકાના તમામ નિર્ણયો અથવા ઠરાવોને અમલમાં લાવવા માટે પગલાં લેશે.

→ નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓના સંબંધમાં પગાર, ભથ્થાં રજા અને બીજા લાભો સંબંધી તમામ પ્રશ્નોનો નિર્ણય કરશે.

→ કલેકટરને અથવા કલેકટર આ અર્થે વખતોવખત નીમે તેવા બીજા અધિકારીને, નગરપાલિકાની કોઈપણ બેઠકમાં પસાર કરેલ દરેક ઠરાવ (નિર્ણય)ની નકલ પૂરી પાડશે.

→ ચીફ ઓફિસર, નિયામકની પૂર્વમંજૂરીથી, કોઈ નગરપાલિકા અધિકારી અથવા કર્મચારીને પોતાની સત્તા અથવા ફરજો સોંપી શકે છે. પરંતુ આવી સોંપણી, નિયામક ઠરાવે તેવી મર્યાદાઓ હોય તો તેને અને ચીફ ઓફિસરના નિયંત્રણ અને સુધારાને અધીન રહેશે.

- **<u>નગરપાલિકા ફંડ :</u>**

→ દરેક નગરપાલિકામાં એક ફંડ રહેશે, જેને "નગરપાલિકા ફંડ" તરીકે ઓળખવામાં આવશે.

→ નગરપાલિકા ફંડમાં નીચેની રકમો જમા કરવામાં આવે છે.

(1) નગરપાલિકાએ નાખેલ અથવા સોંપેલ કોઈ કર અથવા ફીની આવક કે ઉપજ.

(2) નગરપાલિકાએ વેચેલી જમીન અથવા બીજી મિલ્કતની ઉપજેલી તમામ રકમ.

(3) નગરપાલિકાને મળેલ બક્ષિસ કે ફાળાની રકમ

(4) ભાડા તરીકે અથવા ફોજદારી કેસમાં કોઈપણ દંડની રકમ સિવાયની બીજી ગુનેગારી તરીકે વસૂલેલ રકમ

(5) આ અધિનિયમ અથવા બીજા કોઈ અધિનિયમની રૂએ નગરપાલિકાને અથવા નગરપાલિકા વતી મળેલાં તમામ નાણાં

(6) નગરપાલિકાની જમીન અથવા મિલકતમાંથી પ્રાપ્ત થતાં તમામ ભાડાંની રકમ

(7) રાજ્ય સરકારે નગરપાલિકા ફંડમાં આપેલ ફાળાની રકમ

(8) રાજ્ય સરકાર પાસેથી મળેલ ધિરાણ કે લોનની રકમ

(9) બીજી કોઈ રીતે પ્રાપ્ત થતા તમામ વ્યાજ, નફો અને બીજા નાણાંની રકમ

→ આ અધિનિયમથી નગરપાલિકા ઉપર મૂકેલી અથવા મૂકવામાં આવે તે તમામ જવાબદારીઓ પૂરી કરવા માટે વાજબી પ્રબંધ કરવાની શરતને આધીન રહીને, નગરપાલિકા શાળાએ અથવા દવાખાનાના અથવા પાણીના કામો અથવા અગ્નિશામક દળોના હેતુઓ માટે અથવા આ અર્થે વિકાસ કમીશનર મંજૂર કરે એવા બીજા હેતુઓ માટે પોતાને ખાસ મળેલાં અથવા પોતે અલાયદો રાખેલો નગરપાલિકા ફંડનો કોઈ ભાગ નગરપાલિકાના હિસાબમાં જુદા સદર હેઠળ જમા કરી શકે છે. આ પ્રમાણે યોગ્ય રીતે જમા કરેલી કોઈ રકમ જે ખાસ હેતુઓ માટે તે મળેલી હોય તે હેતુઓ માટે જ નગરપાલિકા તેનો ઉપયોગ કરી શકશે.

4Gujarat.com

→ જે કોઈ નગરપાલિકાની હદમાં ના કોઈ પવિત્ર સ્થાનમાં મુદતે મુદતે જતા યાત્રિકો પાસેથી કર વસૂલ કરવામાં આવતો હોય તે દરેક નગરપાલિકાએ નક્કી કરેલા હેતુ માટે વાજબી પ્રબંધ કરવાની શરતને અધીન રહીને, સદરહુ કરની આવક નગરપાલિકાના હિસાબમાં "યાત્રિક ખાતુ" એ નામના જુદા સદર હેઠળ જમા કરવી જોઈએ.

- **<u>નગરપાલિકાની મિલકત તથા ફંડનો ઉપયોગ :</u>**

→ નગરપાલિકાને પ્રાપ્ત થયેલાં નાણાં અથવા મિલકતોનો ઉપયોગ અને તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓ મુજબ તેને મળેલી સઘળી રકમનો ઉપયોગ નગરપાલિકા અધિનિયમ હેઠળની જોગવાઈઓના અધીન રહીને નિર્ધારિત કાર્યો માટે વાપરી શકે છે.

→ રાજ્ય સરકારની અથવા તેણે આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા કોઈ અધિકારીની મંજૂરીથી નગરપાલિકા-

(1) નગરના રહેવાસીઓ માટે વિદ્યુત શક્તિ પૂરી પાડવા માટે અથવા

(2) જોઈતુ પાણી મેળવવા માટે અથવા

(3) કતલખાના, મળમૂત્ર, ગટરની ગંદકી અને પશુઓના મુડદાંની વ્યવસ્થા માટેની જગ્યાઓ સ્થાપવા માટે અથવા

(4) પાણીના નિકાલ માટેનાં કામો માટે અથવા

(5) લોકોને પરિવહનની સગવડો પૂરી પાડવાના હેતુ માટે અથવા

(6) દૂધ અને દૂધની બનાવટો પૂરી પાડવા, તેની વહેચણી કરવા અને દુગ્ધાલયો અથવા પશુક્ષેત્રો સ્થાપવાના હેતુ માટે

(7) લોકોના આરોગ્ય, શિક્ષણ, સુરક્ષિતતા અને સગવડને લગતા તમામ કામ માટે

→ રાજ્ય સરકાર સામાન્ય કે ખાસ હુકમ ધ્વારા કોઈ નગરપાલિકાને નગરની બહારની વ્યક્તિઓને અથવા મિલકતને સદરહુ નગરની અંદર નગરપાલિકાએ પ્રબંધ કરેલી અને હુકમમાં જણાવેલી કોઈ સેવાનો લાભ આપવાને અધિકૃત કરી શકે છે અને તે ઉપરથી આવી નગરપાલિકા તેવી વ્યક્તિઓ અથવા મિલકતને તેવી સેવાનો લાભ આપી શકે છે.

→ આવી રીતે સેવાનો લાભ આપવાથી નગરમાં સેવા અપૂરતા પ્રમાણમાં અપાશે નહિ તેવી નગરપાલિકાને ખાતરી થાય તે સિવાય આવી સેવાનો લાભ આપવો નહિ.

→ આવી સેવાનો લાભ નક્કી કરેલ શરતો બોલીઓ અનુસાર જ આપવો જોઈએ.

→ નગરપાલિકા રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી જો તેના નાણાંમાંથી બની શકે, તો શિક્ષણ અથવા તબીબી રાહત માટે પોતાની હકૂમતની બહાર ખર્ચ કરી શકે છે.

→ ચેપી રોગચાળો ફાટી નીકળવાથી અથવા આગ અથવા બીજી કોઈ કુદરતી આફતથી અસર પામેલ કોઈ વિસ્તારમાં જાન અને માલનું રક્ષણ કરવા માટે તાત્કાલિક પગલા લેવાના હેતુ માટે કલેકટરને અથવા મામલતદારને એવી ખાતરી થાય કે, નગરની અંદર કોઈ નગરપાલિકા તરફથી પ્રબંધ કરવામાં આવેલ અથવા રાખવામાં આવેલ કોઈ સેવા, સાધન સામગ્રી અથવા સ્ટાફની માંગણી કરવાનું જરૂરી છે તો કલેકટર અથવા મામલતદાર લેખિત હુકમ કાઢીને નગરપાલિકાને તે વિસ્તાર માટે સેવા, સાધનસામગ્રી અને સ્ટાફને પૂરો પાડવાનો આદેશ કરી શકે છે અને નગરપાલિકા માટે આવા આદેશનું પાલન કરવું ફરજિયાત ગણાશે.

→ નગરપાલિકાએ આપેલ સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ પૂરો પાડવામાં થતાં ખર્ચ લેવા માટે હકદાર થશે.

→ નગરની બહારનો કોઈ વિસ્તાર આગમાં, ચેપી રોગચાળામાં અથવા બીજી કોઈ કુદરતી આફતમાં સપડાઈ ગયો હોય અને નગરપાલિકાને એવું લાગે કે તે વિસ્તારમાં જાન અને માલનું રક્ષણ કરવા માટે તેની કોઈ સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ તે વિસ્તારને પૂરો પાડવાની તાત્કાલિક જરૂરત છે તો સહાયની માગણી કરવામાં આવી હોય કે ન આવી હોય તો પણ, નગરપાલિકા પોતાને યોગ્ય લાગે તેવી સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ તે વિસ્તારને મફત પૂરો પાડી શકે છે.

→ નગરપાલિકાના નિયમોથી ઠરાવવામાં આવે તેટલી હદ સુધી નગરપાલિકા રોકડ રકમ પોતાની પાસે રાખી શકશે.

Gujarat.com

→ નગરપાલિકા પાસે આ ફંડમાંથી બાકી રહેલા નાણાં જો ચાલુ ખર્ચ માટે જોઈતા ન હોય તેનું ઠરાવવામાં આવે તેવી રીતે રોકાણ કરી શકાશે.

- **નગરપાલિકાની આવકનાં સાધનો:**

(A) **નગરપાલિકાના કર અને ફી :**

→ નગરપાલિકા નક્કી કરેલા નિયમો પ્રમાણે કર અને ફીની મર્યાદામાં નાખવાપાત્ર કોઈપણ અથવા બધા જ કર અને ફી દાખલ કરી શકશે. આ કર અને ફીનો દર નગરપાલિકા પોતે નક્કી કરી શકશે.

→ નગરપાલિકા નીચે મુજબના કર અને ફી લાદી શકે છે -

(1) નગરપાલિકાની હદની અંદર મકાન કે ઈમારત ઉપરનો કર

(2) નગરપાલિકાની હદની અંદર જમીન (ખેતી સિવાયની) ઉપરનો કર.

(3) મોબાઈલ ટાવરો ધ્વારા દૂર સંચાર સેવાઓ પૂરી પાડવાના કાર્યમાં રોકાયેલી વ્યક્તિ પાસેથી લેવાનો આવા મોબાઈલ ટાવર ઉપરનો કર

(4) ઓક્ટ્રોય દર (1/5/2001 થી રાજય સરકારે ઓક્ટ્રોય વેરો નગરપાલિકામાંથી નાબૂદ કર્યો છે)

(5) નગરની હદમાના કોઈ પવિત્ર સ્થાનમાં મુદતે મુદતે જનારા યાત્રિકો પર ફી

(6) નગરના વાહનો, હોડીઓ અને પ્રાણીઓ ઉપરનો કર

(7) નગરમાં દાખલ થતાં વાહનો અને પ્રાણીઓ ઉપરનો ટોલ (આમનો ઉપયોગી સવારી કરવા, ભાર ખેંચવા કે બોજો ઉપાડવા માટે થતો હોય)

(8) નગરમાં રાખેલાં કૂતરા પરનો કર

(9) સામાન્ય સફાઈ ઉપકર (સાર્વજનિક સંડાસ માટે)

(10) પાણીનો સાાન્ય વેરો

(11) વ્યવસાય વેરો (ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, 1976 અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓને અધીન રહીને અને તદનનુસાર વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર પરનો વેરો)

(12) પાઈપ ધ્વારા પાણી પુરું પાડવામાં આવતો ખાસ વેરો

(13) ખાસ સફાઈ ઉપકર (ખાનગી સંડાસ માટે)

(14) ગટર વેરો

(15) દીવાબત્તીનો કર

(16) જમીન-મહેસૂલ ઉપકર

(17) મોરીઓનો કર

(18) ખાસ શૈક્ષણિક ઉપકર

(19) નગરમાં નગરપાલિકાએ સ્થાપેલી હોય કે ન હોય તેવા કોઈ બજારમાં અથવા આવા વેચાણ માટે બજાર તરીકે જુદી રાખેલી કોઈ જગ્યામાં ઢોરનાં વેચારણ પર કર

(B) **જમીન મહેસૂલ ઉપકર :**

→ જમીન મહેસૂલ ઉપર સામાન્ય રીતે અપાતા મહેસૂલના દરેક રૂપિયા પર 50 પૈસા ઉપકર લેવામાં આવે છે. નાના જમીન ધારણ કરનારે જે જમીન મહેસૂલ ભરવાપાત્ર થયું હોય તે રકમ પર પણ ઉપકર લેવામાં આવશે. જયાં જમીન મહેસૂલનું સ્વાત્વપર્ણ ન કર્યું હોય, ત્યાં જમીન મહેસૂલ તરીકે આકારી શકાશે. તેવી રકમ પર ઉપકર લેવામાં આવશે. આ અધિકાર નગરપાલિકાને આપેલો છે. જો નગરપાલિકાને મહત્વના કાર્યો કરવા માટે વધુ નાણાંની જરૂર હોય તો તે ઠરાવ કરી રાજ્ય સરકારને જણાવશે કે કેટલો કર વધારવો અને કેટલા સમયમાં વધારવો. રાજ્ય સરકાર રાજપત્રમાં પ્રસિદ્ધ કરીને તે પ્રમાણે વધુ કર નાખી શકશે. આમ, આ વધારાની આવક નગરપાલિકાને મળે છે.

(C) મુંબઈ સિંચાઈ અધિનિયમ, 1879 ની જોગવાઈઓ હેઠળ સિંચાઈના પાણીના આકારના દર રૂપિયા ઉપર 20 પૈસા લેવામાં આવે છે, જે આવક નગરપાલિકાને મળે છે. આ પાણીના આકાર ઉપર વસૂલ કરવાનો સ્થાનિક ઉપકર, જમીન જે નગરપાલિકાની હકૂમતમાં આવેલી હોય તે નગરપાલિકાને મળે છે.

(D) ગુજરાત નગરપાલિકા અધિનિયમ હેઠલ કોઈ લાયસન્સ આપવામાં આવે અથવા કોઈ કામચલાઉ બાંધકામ કરવા માટે અથવા બહાર નીકળી આવતો કોઈ ભાગ મૂકવા માટે અથવા નગરપાલિકાને પ્રાપ્ત થયેલ કોઈ જાહેર રસ્તા અથવા બીજી જમીનનો કામચલાઉ ભોગવટો કરવા માટે તે લાયસન્સ અન્વયે પરવાનગી આપવામાં આવે, ત્યારે એવું લાયસન્સ આપવા બદલ ફી લઈ શકશે.

4Gujarat.com

(E) **સરકારી સહાય :**

→ રાજ્ય સરકાર નાણાં કમીશનની કોઈ ભલામણને ધ્યાનમાં લઈને દર વર્ષે નગરપાલિકાઓને ગ્રાન્ટ આપી શકે છે અને તેથી ગ્રાન્ટ એ પણ નગરપાલિકાનું આવક માટેનું મહત્વનું સાધન છે.

- **નગરપાલિકાની સમિતિઓ :**

(A) **કારોબારી સમિતિ :**

→ નગરપાલિકાએ કારોબારી સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ કારોબારી સમિતિની સભ્ય સંખ્યા ઓછામાં ઓછી 6 અને વધુમાં વધુ 12 જેટલી રહેશે. આ સભ્ય સંખ્યા નગરપાલિકાએ ઠરાવથી નક્કી કરવાની રહેશે.

→ કારોબારી સમિતિના સભ્યોને નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી ચૂંટશે.

→ આ રીતે ચૂંટાયેલા સભ્યો એક વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે.

→ નગરપાલિકા કારોબારી સમિતિને નગરપાલિકાના ઠરાવથી સત્તા સોંપે તે વાપરવાની અને ફરજો બજાવવાની છે. આ માટે નગરપાલિકાએ ઠરાવ કરવો જોઈએ. માત્ર કારોબારી સમિતિની રચનાથી જ તેને અધિકાર મળતો નથી.

→ કારોબારી સમિતિના સભ્યો, પોતાનામાંથી કોઈ એકને સમિતિનો અધ્યક્ષ ચૂંટી કાઢશે પરન્તુ જો પ્રમુખ અને ઉપપ્રમુખ સમિતિના સભ્ય હોય, ત્યારે પ્રમુખ હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ અધ્યક્ષ બનવાની ના પાડે તો ઉપપ્રમુખ, હોદ્દાની રૂએ સમિતિનો અધ્યક્ષ બનશે. જો પ્રમુખ અને ઉપપ્રમુખ બન્ને અધ્યક્ષ બનવાની ના પાડે તો સમિતિના સભ્યો પોતાનામાંથી કોઈ એકને અધ્યક્ષ ચૂંટી કાઢશે.

→ જો કારોબારી સમિતિનો અધ્યક્ષ નગરમાંથી 15 દિવસ કરતાં વધારે મુદત માટે ગેરહાજર હોય, તો પ્રમુખ અથવા ઉપપ્રમુખ તેની ગેરહાજરીમાં તે સમિતિની બેઠક બોલાવી શકશે.

→ કારોબારી સમિતિની ખાલી પડતી કોઈ જગ્યા, જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે. આ ખાલી જગ્યા પૂરવા માટે નગરપાલિકા બેઠકમાં ઠરાવ લાવવાનો રહેશે.

→ સમિતિ પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે મળી શકશે અને મુલતવી રહી શકશે. સમિતિનો અધ્યક્ષ પોતાને યોગ્ય લાગે તો આવી સમિતિની ખાસ બેઠક બોલાવી શકશે. જો નગરપાલિકાના પ્રમુખે અથવા બે કે તેથી વધુ સભ્યોની લેખિત વિનંતી હોય તો વિનંતી મળ્યાની તારીખથી પછીના 2 દિવસ (બે દિવસ) થી મોડી નહિ તેમ સમિતિની બેઠક બોલાવવી જોઈએ.

→ સમિતિની બેઠકમાં કોરમ (ગણપૂર્તિ) માટે એક-તૃતીયાંશ (1/3) સભ્યોની હાજરી અનિવાર્ય છે.

→ કારોબારી સમિતિએ કરેલા દરેક નિર્ણયની કાર્યનોંધ ચોપડીમાં નોંધવી જોઈએ.

→ કારોબારી સમિતિએ નગરપાલિકા તેને વખતો વખત આપે તેવી સૂચનાઓનું પાલન કરવું જોઈએ.

→ નગરપાલિકા કારોબારી સમિતિ પાસેથી કોઈપણ બાબતના સંબંધમાં પત્રક, નિવેદન, હિસાબો અથવા રિપોર્ટ મંગાવી શકે છે.

(B) **યાત્રાળુ સમિતિ :**

→ રાજ્ય સરકારે આ અર્થે જાહેર કરેલી દરેક નગરપાલિકામાં યાત્રાળુ સમિતિની રચના કરશે જેમાં -

(1) એક સભ્ય નગરપાલિકાનો પ્રમુખ

(2) નગરપાલિકાના ત્રણ સભ્યોને કલમ- 271 (A) મુજબના નિયમો અનુસાર ચૂંટવા

(3) રાજ્ય સરકારે નીમેલી 2 (બે) વ્યક્તિઓ જેઓ રાજ્ય સરકારના પગારદાર નોકર હશે.

→ યાત્રાળુ સમિતિના અધ્યક્ષ નગરપાલિકાના પ્રમુખ હોય છે.

→ યાત્રાળુ સમિતિના સભ્યો નગરપાલિકાની મુદત સુધી અને ત્યારપછી જે તારીખે નવી યાત્રાળુ સમિતિ રચવામાં આવે તે તારીખ સુધી હોદ્દો ધરાવશે.

→ જો નગરપાલિકા અથવા યાત્રાળુ સમિતિને પદચ્યુત કે બરખાસ્ત કરવામાં આવે ત્યારે વિકાસ કમિશનર નવી યાત્રાળુ સમિતિની રચના કરશે. આવી સમિતિ વિકાસ કમિશનરે નીમેલી 6 વ્યક્તિઓની બનશે અને નગરપાલિકા ફરી સ્થાપવામાં ન આવે તથા નવી યાત્રાળુ સમિતિ રચવામાં ન આવે ત્યાં સુધી કાર્યરત રહેશે.

→ યાત્રાળુ સમિતિ સ્થાપવામાં આવેલા "યાત્રાળુ ફંડ" ની વ્યવસ્થા તથા વહીવટ કરશે અને આ ફંડમાંથી

બાંધકામ કરેલાં અને નિભાવેલાં કામોના સંબંધમાં નગરપાલિકાની સત્તા વાપરશે અને તેની ફરજો બજાવશે.

→ નગરપાલિકાએ યાત્રાળુ સમિતિને નગરપાલિકાના ઠરાવથી સત્તા સોંપે તે વાપરવાની અને ફરજો બજાવવાની છે. આ માટે નગરપાલિકાએ ઠરાવ કરવો જોઈએ.

→ નગરપાલિકાના સભ્યોની ફરજો, સત્તા, જવાબદારીઓ, ગેરલાયકાતો અને અસમર્થતાને લગતી તમામ જોગવાઈઓ શકય તેટલે સુધી, યાત્રાળુ સમિતિનાં નિયુક્ત થયેલા સભ્યોને લાગુ પડશે.

→ જો યાત્રાળુ સમિતિમાં નિયુક્ત કરેલા સભ્યની હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં તે રાજીનામું આપે અથવા તે ગેરલાયક થાય અથવા તેનું મૃત્યુ થાય અથવા તે અસમર્થ ઠરે અથવા તેને દૂર કરવામાં આવે, આમ કોઈપણ કારણસર સભ્યની જગ્યા ખાલી પડે તો તેને સ્થાને અન્ય કોઈ વ્યક્તિની નિમણૂક કરાશે અને તે વ્યક્તિ તે જગ્યા ખાલી પડી ન હોત તો જેટલા સમય સુધી હોદ્દો ધરાવ્યો હોત તો તેટલા સમય સુધી જ હોદ્દો ધરાવશે.

→ યાત્રાળુ સમિતિએ નગરપાલિકા તેને વખતોવખત આપે તેવી સૂચનાઓનું પાલન કરવું પડશે.

→ નગરપાલિકા યાત્રાળુ સમિતિ પાસેથી કોઈપણ બાબતના સંબંધમાં પત્રક, નિવેદન, હિસાબો અથવા રિપોર્ટ મંગાવી શકે છે.

→ યાત્રાળુ સમિતિએ પોતાનું વાર્ષિક બજેટ અને તેમાંના ફેરફારો નગરપાલિકાને વિચારણા માટે અને જો નગરપાલિકા સહમત થાય તો સામાન્ય નગરપાલિકાના અંદાજપત્રમાં તેનો સમાવેશ કરવા માટે પૂરતો સમય અગાઉ સાદર કરવી જોઈએ.

→ જો નગરપાલિકા યાત્રાળુ સમિતિએ તૈયાર કરેલાં બજેટ સાથે સહમત ન થાય તો બજેટ નગરપાલિકા ભલામણ કરે તે ફેરફારો સાથે પૂર્ણતઃ અથવા અંશતઃ ફરી વિચારણા માટે યાત્રાળુ સમિતિને તે નગરપાલિકા પાછું મોકલશે અને યાત્રાળુ સમિતિ તે ફેરફારો માટે સહમત થાય તો તેવી રીતે ફેરફાર કરેલાં બજેટનો સામાન્ય નગરપાલિકાના બજેટમાં સમાવેશ કરવામાં આવશે.

→ જો નગરપાલિકા અને યાત્રાળુ સમિતિ સહમત ન થાય તો વિવાદાસ્પદ મૂદાના પત્રક સહિતનું બજેટ, નગરપાલિકા વિકાસ કમીશનરને મોકલશે અને આવા મુદ્દા અંગેનો તેનો નિર્ણય છેવટનો ગણાશે.

→ સમિતિની બેઠક પોતાને યોગ્ય લાગે તે રીતે મળી માગી શકશે અને મુલતવી રાખી શકશે. સમિતિનો અધ્યક્ષ પોતાને યોગ્ય લાગે તો આવી સમિતિની ખાસ બેઠક બોલાવી શકશે. જો નગરપાલિકાના પ્રમુખે અથવા બે કે તેથી વધુ સભ્યોની લેખિત વિનંતી હોય તો વિનંતી મળ્યાની તારીખથી પછીના બે દિવસથી મોડી નહિં તેમ સમિતિની બેઠક બોલાવવી જોઈએ.

→ સમિતિની બેઠકમાં કોરમ (ગણપૂર્તિ) માટે અક તૃતીયાંશ (1/3) સભ્યોની હાજરી અનિવાર્ય છે.

→ યાત્રાળુ સમિતિએ કરેલો દરેક નિર્ણયની કાર્યનોંધ ચોપડીમાં નોંધવી જોઈએ.

- **<u>અન્ય સમિતિઓ :</u>**

→ નગરપાલિકાને જરૂરી લાગે તો નગરપાલિકા નક્કી કરેલા તેટલા સભ્યોની સમિતિઓની રચના કરી શકશે.

→ પરન્તુ આવી રચાયેલ સમિતિઓ કારોબારી સમિતિ અને યાત્રાળુ સમિતિને સોંપેલ કાર્યો અને ફરજો તથા સત્તા વાપરી શકશે નહિં.

- **<u>નગરપાલિકાનું અંદાજપત્ર (બજેટ) :</u>**

→ નગરપાલિકાના બજેટની જોગવાઈ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-1963 ની કલમ-76માં આપવામાં આવેલી છે.

→ નગરપાલિકાએ પોતાની સામાન્ય બેઠકમાં તેની તરત અગાઉના મહિનાની 1લી એપ્રિલથી નગરપાલિકાના આવક અને ખર્ચના પૂરેપૂરા હિસાબો તૈયાર કરાવી તેની સમક્ષ મૂકવો.

→ નગરપાલિકાના નિયમોથી આ અંગે 10મી જાન્યુઆરી અને 15મી માર્ચ વચ્ચેનો જે દિવસ નક્કી કરવામાં આવે તે દિવસે આવી સામાન્ય બેઠક ભરવામાં આવશે.

→ આવી સામાન્ય બેઠકમાં 31મી માર્ચ એ પૂરા થતાં નાણાકીય વર્ષ માટેના ખરેખરા અને સંભવિત આવક તથા ખર્ચનો પૂરેપૂરો હિસાબ, ત્યારપછીના મહિનાની 1લી એપ્રિલ એ શરૂ થનારા નાણાકીય વર્ષ માટોનો નગરપાલિકાના આવક અને ખર્ચનો બજેટ તૈયાર કરાવી તેની સમક્ષ મૂકવો જોઈએ.

AGujarat.com

→ નગરપાલિકાએ આગામી નાણાકીય વર્ષના બજેટમાં સમાવિષ્ટ કરેલ નાણાંના વિનિયોગ અને નાણાં ઊભા કરવાના સાધન બાબતનો નિર્ણય કરવો જોઈએ.

→ આવી રીતે મંજૂર કરેલાં બજેટમાં સંજોગો અનુસાર ઈચ્છનીય હોય તેવા ફેરફારો માટે નગરપાલિકાની ખાસ બેઠક બોલાવવામાં આવે છે અને આવી ખાસ બેઠકમાં આવા ફેરફારો વખતોવખત કરી શકાશે.

→ કારોબારી સમિતિ અથવા બીજી કોઈ સમિતિએ આવી રીતે મંજૂર કરેલા બજેટ પ્રમાણે, જો તેને લાગે કે એક વિષય માટે બજેટમાં નાણાં મંજૂર કર્યા છે પરન્તુ તે નાણાં બીજા વિષયમાં વાપરવાની જરૂર છે તો રૂપિયા 5000 ની મર્યાદાની રકમનો પુનવિનિયોગ કરવાનું મંજૂર કરી શકશે. આવા પુનવિનિયોગનું પત્રક દરેક ત્રીમાસિક સામાન્ય બેઠક વખતે નગરપાલિકાને સાદર કરવું જોઈએ.

→ નગરપાલિકાના બજેટમાં મંજૂર કરેલ ખર્ચ સિવાય બીજા કોઈપણ હેતુ માટે નાણાં ખર્ચી શકાય નહિ.

→ નગરપાલિકા ગયા વર્ષના હિસાબો તૈયાર કરે કે તરત જ તેની એક નકલ અથવા રાજ્ય સરકાર ઠરાવે તેવા નમૂના પ્રમાણેનો હિસાબ તેણે રાજ્ય સરકારને અથવા આ અર્થે અધિકૃત કરેલા કોઈ અધિકારીને મોકલવા જોઈએ.

→ રાજ્ય સરકાર અથવા અધિકૃત કરેલ અધિકારી વખતો વખત આદેશ કરે તેવા તેને લગતી વિગતો પૂરી પાડવી જોઈએ

→ ત્રીમાસિક અને વાર્ષિક હિસાબો, મંજૂર થયેલું બજેટ લોકોને જોવા માટે ખુલ્લાં રહેશે.

- **<u>નગરપાલિકાના હિસાબોનું ઓડિટ :</u>**

→ નગરપાલિકાના હિસાબોનું ઓડિટ "ગુજરાત લોકલ ફંડ ઓડિટ અધિનિયમ- 1963"ની જોગવાઈઓ હેઠળ ઠરાવેલી રીતે ઉપરાંત નગરપાલિકાના નિયમોમાં ઠરાવવામાં આવે તે સમયગાળાએ અન તે સાધનો ધ્વારા કરી શકાશે.

→ ઉપરોક્ત જણાવેલ રીત સિવાય, રાજ્ય સરકાર નગરપાલિકાના હિસાબોનું ઓડિટ કોઈપણ સમયે કરવા આદેશ આપી શકે છે.

→ દર વર્ષે અગાઉના પૂરા નાણાકીય વર્ષના હિસાબોનું ઓડિટ શરૂ કરવાની તારીખની જાણ પ્રમુખને કરવામાં આવે છે.

→ પ્રમુખે અગાઉના પૂરા નાણાકીય વર્ષના હિસાબોનું ઓડિટ શરૂ કરવાની તારીખની જાણ પ્રમુખને કરવામાં આવે છે.

→ પ્રમુખે ઓડિટર સમક્ષ દરેક હિસાબ રજૂ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

→ ઓડિટ શરૂ થયાથી જાણ મળે કે તરત જ કચેરીના સમય દરમિયાન ઓડિટ કાર્ય માટે ઓફિસની વ્યવસ્થા કરવામાં આવે છે.

→ ઓડિટર સમક્ષ નગરપાલિકાએ પોતાના વાર્ષિક હિસાબો અને તેને લગતું આનુષંગિક દફતર રજૂ કરવું.

→ ઓડિટર વાઉચર, સ્ટેટમેન્ટ, પત્રવ્યવહાર અને બીજા હિસાબો રજૂ કરવા લેખિત સૂચના આપી શકશે તેમજ જે અધિકારી કે કર્માચારીના નિયંત્રણમાં હોય તેને હાજર રહેવા જણાવશે.

→ રાજ્ય સરકારે, નગરપાલિકાના ઓડિટ પરના ટેકનીકલ માર્ગદર્શન અને દેખરેખની કામગીરી ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને સોંપવી જોઈએ.

→ રાજ્ય સરકારે, ગુજરાત લોકલ ફંડ ઓડિટ અધિનિયમ, 1963 હેઠળનો ઓડિટ અહેવાલ અને ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો અહેવાલ બન્ને રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવડાવવો જોઈએ.

- **<u>નગરપાલિકાના અધિકારો, કાર્યો અને ફરજો :</u>**

→ નગરની હદની અંદર નીચેની બાબતો માટે વાજબી અને પૂરતો પ્રબંધ કરવાની દરેક નગરપાલિકાની ફરજ રહેશે -

**(1) <u>જાહેર આરોગ્ય અને સફાઈના ક્ષેત્રે :</u>**

- સાર્વજનિક દવાખાના, ચિકિત્સાલયોની સ્થાપના કરી તેની જાળવણી કરવી.
- કુટુંબનિયોજન કેન્દ્રોની સ્થાપના કરવી સાર્વજનિક તબીબી રાહત પૂરી પાડવાથી સંબંધિત
- જાહેર શૌચાલયો બાંધવા અને તેની જાળવણી કરવી.
- મુડદાંનો નિકાલ કરવા માટેની જગ્યાઓ સંપાદન કરવાથી સંબંધિત
- મૃત પશુઓના નિકાળથી સંબંધિત
- પૂરતો પાણીનો પુરવઠો આપવાથી સંબંધિત



4Gujarat.com

- મળમૂત્ર અને કચરાપૂંજામાંથી રાજ્ય સરકાર ફરમાવે તો મિશ્ર ખાતર બનાવવાથી સંબંધિત
- ચેપી રોગો સામે પગલાંઓથી સંબંધિત
- નગરના રહેવાસીઓના લાભ માટે દૂધ અથવા દૂધની બનાવટો પૂરી પાડવા, તેની વહેંચણી કરવા અને તેના પર પ્રક્રિયા કરવા માટે દુગ્ધાલયો સ્થાપવાથી સંબંધિત
- કુદરતી આપદાના સમયે નગરની હદમાંના નિરાધાર લોકોને રાહત આપવાથી સંબંધિત
- લોકોના આરોગ્ય અને સુખ-સગવડ વગેરે વધારવા માટે જે કાર્યો કરવા ફરજિયાત હોય તેનું યોગ્ય મેનેજમેન્ટ કરવું.

**(2) <u>બાંધકામ ક્ષેત્રે :</u>**

- પુસ્તકાલયો, સાર્વજનિક ઉદ્યાનો, ધર્મશાળાઓ, બગીચાઓ, બજારો, વિશ્રાંતિગૃહો, આનંદપ્રમોદના સ્થળો, સંગ્રહસ્થાનો, સભાખંડો, અશક્ત અને નિરાધાર માટેનાં ગૃહો અને બીજી સાર્વજનિક ઈમારતો બાંધવા, સ્થાપવા અથવા જાળવણીથી સંબંધિત
- ગરીબ વર્ગના લોકો માટે આવાસ બાંધવાથી સંબંધિત
- નગરપાલિકાઓએ નોકરીએ રાખેલા કર્મચારીઓના તમામ વર્ગો માટે રહેઠાણની સગવડ પૂરી પાડવાથી સંબંધિત
- ટેલિફોન લાઈનો નાખવા, નિભાવવા અને તેની વ્યવસ્થા કરવાથી સંબંધિત
- રસ્તાઓ બનાવવા અને બન્ને બાજુ વૃક્ષારોપણ કરવું.
- વિદ્યુત શક્તિ અથવા ગેસ પૂરો પાડવા માટેના કોઈ કામો બાંધવા, નિભાવવા અને તેની મરામત કરવી
- કુદરતી આપદાના સમયે નગરની હદમાંના નિરાધાર લોકોને રાહત આપવા બાબત અથવા તેઓ માટે રાહતના કામો ઊભાં કરવાથી સંબંધિત
- રાજ્ય સરકાર તરફથી જે બાંધકામો સોંપવામાં આવે તેનો અમલ કરવાથી સંબંધિત

**(3) <u>શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે:</u>**

- પૂર્વ પ્રાથમિક શાળાઓ જેમ કે બાલવાડી, બાલમંદિર વગેરેની સ્થાપના કરવી અને તેની જાળવણી કરવી.
- માધ્યમિક શાળાનો અને ઉચ્ચ ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓની સ્થાપના કરવી અને તેની જાળવણી કરવી.
- પુસ્તકાલયો, વાંચનાલયો, અખાડા, ક્રીડાંગણો, નાટયગૃહો અને બીજા આનંદપ્રમોદના કેન્દ્રોની સ્થાપના કરવી અને તેની જાળવણી કરવી.
- પૂર્વ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચ ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓ અને શૈક્ષણિક મંડળીઓની સંસ્થાઓને સહાય આપવાથી સંબંધિત
- નગરની વસ્તીની સામાજિક અને નૈતિક સુખાકારીને વેગ આપવા માટે પગલા લેવાથી સંબંધિત
- શિક્ષણ અને સંસ્કારને લગતી તમામ પ્રવૃત્તિઓ કરવી.

**(4) <u>અન્યક્ષેત્રે :</u>**

- ગૃહનિર્માણ સહકારી મંડળીઓની રચના કરવામાં મદદ કરવાથી સંબંધિત
- આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે યોજનાઓ તૈયાર કરવી.
- નગરની અંદર કોઈ જાહેર સ્વાગત, સમારોહ, મનોરંજન, કાર્યક્રમ અથવા પ્રદર્શન ગોઠવવાથી સંબંધિત
- વસ્તી ગણતરી કરવાથી સંબંધિત
- રાજ્ય સરકારની પરવાનગીથી, પડતર જમીનને નવસાધ્ય કરવી અને ખેતી હેઠળ લાવવાથી સંબંધિત
- અનાજ અને શાકભાજીના કોઠારો સ્થાપવાથી સંબંધિત
- ફળાઉ વૃક્ષો અને શાકભાજી માટે ઉછેર બગીચાની સ્થાપના કરવી અને તેની જાળવણી કરવી.
- ઢોરની ઓલાદ સુધારવા માટે પગલાં લેવાથી સંબંધિત
- મોટા પાયાના, નાના પાયાના, કુટિર અને હસ્તકલાના ઉદ્યોગની સ્થાપના કરવા મદદ કરવાથી સંબંધિત
- નગરના નગરપાલિકાના વહીવટ વિશેના વાર્ષિક રિપોર્ટો છપાવવાથી સંબંધિત
- સાર્વજનિક રસ્તાઓ, જગ્યાઓ અને ઈમારતો પર દીવાબત્તી કરવાથી સંબંધિત
- જન્મ, લગ્ન અને મૃત્યુઓની નોંધણી કરવાથી સંબંધિત

- **<u>નગરપાલિકાની સત્તા :</u>**

4Gujarat.com

→ નગરપાલિકા નવા સાર્વજનિક રસ્તાઓ બનાવે, પહોલા કરે, મોટો કરે, લંબાવે અથવા બીજી રીતે સુધારવાની સત્તા ધરાવે છે.

→ નગરપાલિકાની કારોબારી સમિતિને એવું લાગે કે નગરમાંનો સાર્વજનિક રસ્તો ન હોય એવા કોઈ રસ્તામાં અથવા તેના કોઈ ભાગમાં લોકોના આરોગ્ય, સગવડ અથવા સુરક્ષિતતા માટે તે ખાનગી રસ્તાની મરામત વગેરે કરવાનું ફરમાવવાની સત્તા ધરાવે છે.

→ આવા ખાનગી રસ્તાને નગરપાલિકા સાર્વજનિક જાહેર રસ્તા તરીકે જાહેર કરવાની સત્તા ધરાવે છે.

→ કોઈ ઈમારતનો કોઈ ભાગ સાર્વજનિક રસ્તાની સીધી લીટીની બહાર નીકળી આવતો હોય તો નગરપાલિકા તેને યાદી હઠાવવા બાબતમાં આદેશ આપવાની સત્તા ધરાવે છે.

→ કોઈ વ્યક્તિએ કોઈ ઈમારત બાંધવાના, તેમાં વધારો કરવાના અથવા તે ફરી બાંધવાના પોતાના ઈરાદાના સંબંધમાં નગરપાલિકા પરવાનગી આપવાની ના પાડવાની સત્તા ધરાવે છે.

→ ઉપર જણાવેલ કાર્યો, ફરજો અને અધિકારો સિવાય પર ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં અન્ય કાર્યો, ફરજો અને અધિકારો આપવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે.

(1) નગરપાલિકા, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી, જો નાણાંની સગવડ હોય તો, પોતાની હકૂમતની બહાર શિક્ષણ અથવા તબીબી સહાય સંબંધી ખર્ચ કરી શકે છે.

(2) નગરપાલિકા હેઠલના લોકોની સુવિધા, સગવડ, સલામતી, આરોગ્ય, શિક્ષણ અથવા સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક કલ્યાણનો ઉત્કર્ષ થવાનો સંભવ હોય તેવાં કોઈપણ કાર્ય, તજવીજ, યોજના અથવા પ્રોજેક્ટનો અમલ કરવા મેનેજમેન્ટ કરી શકે છે.

(3) નગરપાલિકા, સભ્યોની કુલ સંખ્યાના બે-તૃતીયાંશ સભ્યોએ ટેકો આપેલો ઠરાવ પોતાની બેઠકમાં પસાર કરીને નગરની અંદર કોઈપણ જાહેર સત્કાર સમારંભ અથવા મનોરંજન માટે ખર્ચ કરી શકે છે.

(4) નગરપાલિકા, SC, ST અને OBC વર્ગોની હાલત સુધારવા માટેના ઉપાયોના સંબંધમાં અને ખાસ કરીને અસ્પૃશ્યતા નિવારણ માટે રાજ્ય સરકાર અથવા કલેક્ટરશ્રી આ બાબતના સંબંધમાં વખતો વખત આપેલા આદેશોનો અમલ કરવો.

(5) નગરપાલિકાએ તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદાની રૂએ અથવા તે હેઠળ તેને સોંપવામાં આવે તેવી ફરજો અને કાર્યો બજાવવા.

(6) નગરપાલિકા તથા તેના અધિકારીઓ અને નોકરોને પ્રાપ્ત થયેલી સત્તા વાપરવાને કારણે કોઈપણ વ્યક્તિને નુકસાન થાય તો, તેને નગરપાલિકા પોતાના ફંડમાંથી વળતર આપી શકે છે.

(7) આગ અથવા ચેપી રોગચાળો ફાટી નીકળવાથી અથવા અન્ય કોઈ કુદરતી આપદાથી અસર પામેલા કોઈ વિસ્તારમાં જાનમાલનું રક્ષણ કરવા માટે તાત્કાલિક પગલાં લેવાના હેતુ માટે કલેકટરના આદેશથી કોઈપણ નગરપાલિકાના સ્ટાફ, સાધનસામગ્રીનો ઉપયોગ અન્ય વિસ્તાર માટે લઈ શકે છે પરન્તુ તેનો ખર્ચ સંબંધિત લાભ લેનાર સંસ્થાએ આપવાનો છે.

- **<u>નગરપાલિકાના હુકમો વગેરેની અમલ બજવણી મોકૂફ રાખવાની કલેકટરની સત્તા :</u>**

→ નગરપાલિકાના કોઈ હુકમ અથવા ઠરાવની અમલ બજવણી કરવાથી કલેકટરને એવું લાગે કે આનાથી લોકોને ઈજા અથવા હેરાનગતિ થતી હોય અથવા સુલેહનો ભંગ થાય એવો સંભવ હોય અથવા તે કાયદા વિરૂદ્ધ હોય, તો તે પોતાની સહીવાળી લેખિત હુકમથી તેની અમલ બજવણી મોકૂફ રાખી શકશે અથવા પ્રતિબંધ મૂકી શકશે.

→ કલેકટર આવો કોઈ હુકમ કરે ત્યારે, તેણે તે હુકમની એક નકલ (તે કરવાનાં કારણોના નિરૂપણ સહિત) સંબંધિત નગરપાલિકાને અને એક નકલ રાજ્ય સરકારને મોકલવી જોઈએ.

→ કલેકટરના આવા હુકમની નકલ મળતા સંબંધિત નગરપાલિકા 30 દિવસની અંદર રાજ્ય સરકારને અપીલ કરી શકે છે

→ રાજ્ય સરકાર આવી અપીલ થતાં તે હુકમને -

(1) રદ કરી શકે છે અથવા

(2) ફરી તપાસી શકે છે અથવા

(3) તેમાં ફેરફાર કરી શકે છે અથવા

(4) તે બહાલ રાખી શકે છે અથવા

(5) પોતે નિર્દિષ્ટ કરે તેવી મુદતને માટે તે હુકમ અમલમાં રહેશે તેવો આદેશ આપી શકે છે.



AGujarat.com

- **<u>તાકીદના પ્રસંગે કલેકટરની અસાધારણ સત્તા :</u>**

→ તાકીદના પ્રસંગોએ કલેકટરને એવું લાગે કે સંબંધિત નગરપાલિકાનો લોકોના આરોગ્ય અથવા સુરક્ષિતતા માટે કોઈ કાર્ય તાત્કાલિક કરવાની જરૂર હોય તો તે કામ કરવાનો મેનેજમેન્ટ કરી શકશે. આવું કામ કરવા માટે અધિકૃત વ્યક્તિને નીમી શકશે.

→ આવા નીમવામાં આવેલી વ્યક્તિનો વાજબી મહેનતાણું નગરપાલિકાએ પોતાના ફંડમાંથી ચૂકવવાનું રહેશે.

→ જો નગરપાલિકા આવી ચૂકવણી ન કરે તો કલેકટર તેના બેન્ક અથવા તેના નાણાંમાંથી તેની ચૂકવણી કરવાનો આદેશ કરી શકે છે.

- **<u>નિયામકની સત્તા :</u>**

→ નિયામકને એવું લાગે કે કોઈ નગરપાલિકામાં અધિકારીઓ અને સેવકો તેની જરૂર કરતાં વધારે હોય અથવા તેમનું મહેનતાણું વધું પડતું હોય તો તેઓની સંખ્યા ઓછી કરવા અથવા મહેનતાણું ઓછું કરવા માટે ફરજ પાડી શકે છે.

→ નિયામકના આવા આદેશની વિરૂદ્ધ નગરપાલિકા રાજ્ય સરકારને અપીલ કરી શકે છે અને તે બાબતમાં રાજ્ય સરકારનો નિર્ણય નિર્ણાયક ગણાશે.

- **<u>નગરપાલિકા ફરજો બજાવવામાં કસૂર કરે ત્યારે :</u>**

→ કોઈપણ નગરપાલિકા તેની કોઈપણ ફરજ બજાવવામાં કસૂર કરે તો ''નિયામકશ્રી'' નક્કી કરેલ મુદતમાં ફરજ બજાવવા માટે આદેશ આપશે અને તે પ્રમાણે ફરજ ન બજાવે તો કોઈ અધિકારીની નિમણૂક કરી તે બજાવડાવી શકે છે. આનાથી સંબંધિત ખર્ચ (મહેનતાણું) કસૂરવાર નગરપાલિકા પાસેથી વસૂલ કરશે.

→ જો નગરપાલિકા આવો ખર્ચ અને મહેનતાણું આપવાની ના પાડે તો ''નિયામકશ્રી'' તેવી નગરપાલિકાના બેંક ખાતામાંથી હુકમ કરીને રકમ ઉપાડી શકે છે.

- **<u>નગરપાલિકાનું વિસર્જન :</u>**

→ રાજ્ય સરકારને એવું લાગે કે કોઈ નગરપાલિકા આ અધિનિયમથી અથવા બીજા કોઈ કાયદાની રીતે -

(1) ફરજો બજાવવામાં નિષ્ફળ થઈ હોય અથવા

(2) જાણીબુઝીને તે બજાવવામાં કસૂર કરે છે અથવા

(3) તેની સત્તાની મર્યાદાની બહાર ચાલે છે અથવા

(4) તેની સત્તાનો દુરુપયોગ કરે છે

તો રાજ્ય સરકાર નગરપાલિકાને ખુલાસો કરવાની તક આપ્યા પછી, નગરપાલિકા અસમર્થ છે અથવા તે ફરજ બજાવવામાં કસૂર કરે છે અથવા તેની સત્તાની મર્યાદાની બહાર ચાલે છે અથવા તેની સત્તાનો દુરુપયોગ કરે છે એવો હુકમ તે કરવાના કારણ સાથે રાજપત્ર (ગેઝેટ)મા પ્રસિદ્ધ કરીને જાહેર કરી શકે છે.

→ આવો હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વધુમાં વધુ 2 વર્ષની મુદત સુધી આવી નગરપાલિકાનું વિસર્જન કરી શકાશે.

→ નગરપાલિકાનું વિસર્જન થતાંની સાથે જ -

(1) નગરપાલિકાના તમામ સભ્યોએ પોતાના હોદ્દાની જગ્યાઓ ખાલી કરવી પડશે

(2) નગરપાલિકાના વિસર્જનની મુદત દરમિયાન નગરપાલિકાની તમામ સત્તા અને ફરજો ''નિયામકશ્રી'' આ અર્થે વખતોવખત નીમે તે અધિકારી વાપરશે તથા બજાવશે.

- **<u>વિસર્જન પછી નગરપાલિકાની રચના :</u>**

→ નગરપાલિકાના વિસર્જનની તારીખથી 6 મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં, નગરપાલિકાની રચના કરવા માટેની ચૂંટણી કરવામાં આવશે.

→ પરંતુ વિસર્જિત નગરપાલિકા, જે મુદત સુધી ચાલુ રહી હોત તેટલી બાકીની મુદત 6 મહિના કરતાં ઓછી હોય, તો એવી મુદત માટે, નગરપાલિકાની રચના કરવા માટે કોઈ ચૂંટણી કરવાની જરૂર રહેશે નહિ.

→ નગરપાલિકાની મુદત પૂરી થાય, તે પહેલાં તેનું વિસર્જન થયે, રચવામાં આવેલી નગરપાલિકા તેનું એવી રીતે વિસર્જન કરવામાં આવ્યું ન હોત તો જે મુદત માટે વિસર્જિત નગરપાલિકા ચાલુ રહી હોત તેટલી બાકીની મુદત માટે જ ચાલુ રહેશે.

- **<u>ગ્રામ પંચાયતોને નગરપાલિકામાં ફેરવવામાં આવે ત્યારે :</u>**

→ ગ્રામ પંચાયતને નગરપાલિકામાં ફેરવવામાં આવે, ત્યારે તેની અસર નીચે પ્રમાણે થશે -

(1) પંચાયત/પંચાયતોનું વિસર્જન થયેલું ગણાશે.

(2) આવી પંચાયતના સરપંચ અને ઉપસરપંચ અને બીજા તમામ સભ્યો પોતાના હોદ્દા ખાલી ખરશે.

(3) ગામની પંચાયતનો ચૂંટેલો સભ્ય, ગ્રામોના સમૂહ માટે રચાયેલ ન્યાય પંચાયતનો સભ્ય તરીકે બંધ થશે.

4Gujarat.com

(4) વિસર્જિત નગરપંચાયતોની ન્યાય પંચાયતનું વિસર્જન થયેલું ગણાશે અને તેના તમામ સભ્યોપોતાનો હોદ્દા ખાલી કરશે.

(5) વિસર્જિત પંચાયતનું સમાધાન પંચ અસ્તિત્વ ધરાવતું બંધ થશે.

→ આવા વિસ્તાર માટે નગરપાલિકાની રચના કરવામાં ન આવે ત્યાં સુધી આવા વિસ્તાર માટેની નગરપાલિકાની તમામ સત્તા અને ફરજો રાજ્ય સરકાર નીમે તેવો અધિકારી વાપરશે અને બજાવશે.

→ આવા વિસ્તારમાં 6 મહિનાની મુદતની અંદર નગરપાલિકાની રચના કરવામાં આવશે.

→ ગ્રામફંડ, બિન-વપરાયેલી સિલક અને વિસર્જિત નગરપંચાયતની દર, કર તથા ફીની બાકી સહિતની મિલકત, પંચાયતની તમામ સત્તાઓ અને ફરજો, તેના તમામ બોજા અને જવાબદારીઓ નગરપાલિકાની રચના થતાં જ તેમાં નિહિત થશે.

→ પંચાયત એકટ હેઠળ કરેલા, કાઢેલા અથવા આપેલી કોઈ નિમણૂક, જાહેરનામું, નોટિસ, હુકમ, યોજના, લાયસન્સ, પરવાનગી, નિયમ વગેરે નગરપાલિકા એકટ હેઠળ રદ કરવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી, મ્યુનિસિપલ બરોના સંબંધમાં અમલમાં ચાલુ રહેશે અને તે સંબંધમાં કરેલા, કાઢેલા અથવા આપેલા છે એમ ગણાશે.

→ પંચાયત એકટ હેઠળ લેવાતા કોઈ કર, ફી અથવા ઉપકર વગેરે નગરપાલિકા એકટ હેઠળ રદ કરવામાં ન આવે અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી મ્યુનિસિપલ બરોમાં લેવાતા ચાલુ રહેશે.

→ પંચાયત એકટ હેઠળ કરેલ અથવા પ્રમાણિત કરેલ તમામ અંદાજપત્રો, આકારણીઓ, આકારણીની યાદીઓ, મૂલ્યાંકનો અથવા માપણીઓ વગેરે નગરપાલિકા એકટ હેઠળ કરેલ અથવા પ્રમાણિત કરેલ ગણાશે.

→ પંચાયતની નોકરીમાંના તમામ અધિકારીઓ અને નોકરો નગરપાલિકાની રચના કરવામાં ન આવે, ત્યાં સુધી નગરપાલિકાના અને નગરપાલિકાની રચના કરવામાં આવ્યા નગરપાલિકા એકટ હેઠળ એવી નગરપાલિકાના અધિકારીઓ અને નોકરો ગણાશે.

→ નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓ અનુસાર બીજી જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, તે અધિકારી અને નોકરોને નિયમોને આધીન પગાર અને ભથ્થાં મળશે.

→ પરંતુ નગરપાલિકાને, રાજ્ય સરકારની પરવાનગી લઈને જે કોઈ અધિકારી અથવા નોકરની જરૂરત ન હોય અથવા તે માટે યોગ્ય ન હોય તે અધિકારી અથવા નોકરની સેવાઓ, તેની નોકરીની શરતો મુજબ તેવા અધિકારી અથવા નોકરને આપવી જરૂરી હોય તેવી નોટિસ આપ્યા પછી, ચાલુ નહિ રાખવાની સત્તા રહેશે.

→ જેમની સેવાઓ ચાલુ રાખવામાં આવી ન હોય તે દરેક અધિકારી અથવા નોકર, જેની નોકરીમાં તે હોય તે પંચાયત અસ્તિત્વ હોતી સંબંધ થઈ ન હોય તેમ, સેવામાંથી અમાન્ય ઠરાવવામાં આવતાં, તે જે લેવા અથવા મેળવવા હકદાર થાય તે રજા, પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેજયુઈટી મેળવવા હકદાર રહેશે.

## ★★★★★ પ્રકરણ- 17 નગરપાલિકા અને અન્ય સંસ્થાઓ

મહાનગરપાલિકાનું ગઠન દિલ્હી, મુંબઈ, કલકત્તા, હૈદરાબાદ, બેંગ્લોર અને અન્ય મહાનગરોમાં શાસનની દૃષ્ટિથી કરેલું છે. રાજ્યોમાં મહાનગરપાલિકામાં ગઠન સંબંધિત રાજ્યની વિધાનમંડળના અધિનિયમ દ્વારા તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં મહાનગરપાલિકાનું ગઠન સંસદીય અધિનિયમ દ્વારા થાય છે. મહાનગરપાલિકા માટે એક અધિનિયમ પણ હોઈ શકે અને અને દરેક મહાનગરપાલિકા માટે અલગ અલગ અધિનિયમ પણ હોઈ શકે.

કોઈપણ મહાનગરપાલિકામાં ત્રણ અંગો છે.

(1) પરિષદ

(2) સ્થાયી સમિતિ

(3) કમિશનર

**(1) મહાનગરપાલિકા પરિષદ :**

મહાનગરપાલિકા પરિષદમાં લોકો દ્વારા ચૂંટાયેલા સભ્ય તથા નગરપાલિકા સાથે સંબંધિત કાર્ય અનુભવ અને જ્ઞાન ધરાવતા કેટલાક વ્યક્તિઓનો સમાવેશ થાય છે. ટૂંકમાં મહાનગરપાલિકા પરિષદની રચના, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને

મહિલાઓ માટે અનામત સહિત, 74 મો બંધારણીય સુધારાની જોગવાઈ પ્રમાણે થાય છે. મહાનગરપાલિકા પરિષદના પ્રમુખ મેયર હોય છે. જેની સહાયતા માટે ઉપમેયર હોય છે. મેયરની ચૂંટણી લગભગ રાજ્યમાં એક વર્ષ માટે થાય છે. પખી ફરીથી ચૂંટણી થાય છે. મેયર મૂળભૂત રીતે નામ માત્રનો જ હોય છે. જે ઔપચારિક પ્રમુખ હોય છે. મેયરનું મુખ્ય કાર્ય મહાનગરપાલિકા પરિષદના કાયદાકીય અને વૈચારિક પરિષદની બેઠકોની અધ્યક્ષતા કરવાનું છે.

**(2) સ્થાયી સમિતિ :**

સ્થાયી સમિતિઓના ગઠનનો ઉદ્દેશ મહાનગરપાલિકાના કાર્યોમાં મદદ કરવાનો છે. સ્થાયી સમિતિઓ સાવર્જનિક કાર્યો, શિક્ષા, સ્વાસ્થ્ય, કર નાણા વગેરે સાથે જોડાયેલી બાબતોને પૂર્ણ કરવાનું હોય છે. સ્થાયી સમિતિ પોતાના કાર્યક્ષેત્રને લગતા નિર્ણયો લેવાનું કાર્ય કરે છે.

**(3) કમિશનર :**

મહાનગરપાલિકાના કમિશનર ઉપર સ્થાયી સમિતિ અને પરિષદ દ્વારા લેવાયેલા નિર્ણયોનો અમલ કરાવવાની જવાબદારી હોય છે. આ રીતે મહાનગરપાલિકાના કમિશનર મહાનગરપાલિકાના મુખ્ય અધિકારી હોય છે. કમિશનરની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

**→ નગરપાલિકા :**

નગરપાલિકાની સ્થાપના શહેરો અને નાના નગરોમાં શાસનની દૃષ્ટિથી કરવામાં આવે છે. મહાનગરપાલિકાની જેમ નગરપાલિકાઓની સ્થાપના રાજ્યોમાં રાજ્ય વિધાનમંડળના અધિનિયમ દ્વારા તથા કેન્દ્રશાસિત ક્ષેત્રોમાં સંસદીય અધિનિયમ દ્વારા કરવામાં આવે છે. નગરપાલિકાના બીજા નામો નગરપરિષદ, નગર સમિતિ, મ્યુનિસિપલ બોર્ડ, બોરો મ્યુનિસિપાલિટી, સિટી મ્યુનિસિપાલિટી વગેરે મહાનગરપાલિકાની જેમ નગરપાલિકાના પણ ત્રણ અંગો છે.

(1) પરિષદ

(2) સ્થાયી સમિતિ

(3) ચીફ ઑફિસર

**(1) પરિષદ :**

નગરપાલિકા પરિષદની રચના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને મહિલાઓ માટે અનામત સહિત 74માં બંધારણીય સુધારાની જોગવાઈ પ્રમાણે હોય છે. પરિષદ, નગરપાલિકા ધારા ઘડનારી સંસ્થા છે. જે કાયદા બનાવે છે. પરિષદના પ્રધાન અધ્યક્ષ હોય છે. જેની સહાયતા માટે ઉપાધ્યક્ષ હોય છે. મહાનગરપાલિકાના મેયરથી અલગ નગરપાલિકાના અધ્યક્ષ નગરપાલિકાની શાસનની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. પરિષદની બેઠકોની અધ્યક્ષતા સિવાય તેની પાસે કાર્યકારી સત્તાઓ પણ હોય છે.

**(2) સ્થાયી સમિતિ :**

નગરપાલિકામાં સ્થાયી સમિતિઓનું ગઠન પરિષદના કાર્યોને સરળ બનાવવા માટે કરવામાં આવ્યું છે. સ્થાયી સમિતિમાં જાહેર કાર્યો કર સંબંધી, સ્વાસ્થ્ય, નાણા વગેરે સાથે જોડાયેલ બાબતોનું નિવારણ કરે છે.

ચીફ ઑફિસર પર નગરપાલિકાના રોજબરોજના સામાન્ય કાર્યોની જવાબદારી હોય છે તથા તેની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.

**→ જાહેરનામા ક્ષેત્ર સમિતિ (નોટિફાઈડ એરિયા સમિતિ)**

આ સમિતિનું ગઠન બે પ્રકારના પ્રદેશોમાં કરવામાં આવે છે. તે પ્રદેશ છે. ઔદ્યોગિકરણના કારણે ઝડપથી વિકસતા નગર તથા તે નગર જે નગરપાલિકા ગઠન સંબંધી જરૂરી શર્તોને પૂરી ન કરી શકે, પરંતુ રાજ્ય સરકાર દ્વારા તેને મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે. આ સમિતિનું ગઠન સરકારી રાજપત્રમાં એક સૂચના દ્વારા થાય છે. આ સમિતિ રાજ્યના મ્યુનિસિપલ અધિનિયમ અંતર્ગત કાર્ય કરે છે, પરંતુ અધિનિયમની માત્ર જોગવાઈઓ આ સમિતિ પર લાગુ પડે છે. જે સરકારી રાજપત્રમાં સૂચિત હોય અને જેના દ્વારા તેનું ગઠન થયું હોય. આ સમિતિને કોઈ બીજા અધિનિયમ અંતર્ગત

4Gujarat.com

સત્તાઓના ઉપયોગની પરવાનગી આપી શકાય છે. આ સમિતિને નગરપાલિકાની સમકક્ષ સત્તા પ્રાપ્ત હોય છે, પરંતુ નગરપાલિકાથી અલગ આ સમિતિના બધા સભ્યો તથા પ્રમુખની રાજ્ય સરકાર દ્વારા નિમણૂક થાય છે. આમ આ સમિતિ બંધારણીય સંસ્થા નથી અને ચૂંટાયેલી સંસ્થા પણ નથી.

→ **ટાઉન એરિયા સમિતિ :**

આ સમિતિનું ગઠન નાના શહેરોમાં કરવામાં આવે છે. આ અર્ધનગરપાલિકા છે. જેને નિશ્ચિત સંખ્યામાં કાર્ય સોંપવામાં આવે છે. જેમ કે માર્ગ, માર્ગ - પ્રકાશ, જળની નિકાસ, સંરક્ષણ વગેરે. આ સમિતિની સ્થાપના રાજ્યના કાયદા દ્વારા થાય છે. આ સમિતિની સંરચના, કાર્ય અને અન્ય બાબતો અધિનિયમ દ્વારા નક્કી થાય છે. આ સમિતિ રાજય સરકાર દ્વારા સંપૂર્ણ નિમાયેલ અથવા સંપૂર્ણ ચૂંટાયેલ અથવા આંશિક નિમાયેલ અને આંશિક ચૂંટાયેલ હોઈ શકે. એ. પી. જૈનની અધ્યક્ષતાવાળી ગ્રામીણ શહેરી ક્ષેત્ર સાથે સંબંધિત સમિતિ (1963-66) દ્વારા ભલામણ કરવામાં આવી હતી કે સ્થાનિક સંસ્થાઓની સંખ્યા ઓછી કરવાની દૃષ્ટિથી નાના શહેરી ક્ષેત્રની સમિતિઓને પંચાયતી રાજ સંસ્થામાં સમાવી દેવી જોઈએ.

→ **છાવણી બોર્ડ**

છાવણી બોર્ડની સ્થાપના છાવણી ક્ષેત્રની સૈનિક ન હોય તે વસ્તી પર નગરપાલિકા શાસસની દૃષ્ટિથી થાય છે. તેનું ક્ષેત્ર વિસ્તરિત હોય છે. જેમાં સૈન્ય બળ અને ટુકડીઓ સ્થાયી રૂપથી હોય છે. છાવણી બોર્ડનું ગઠન કેન્દ્ર સરકાર દ્વારા 1924ના કાયદા અંતર્ગત કરવામાં આવે છે. આ બોર્ડ કેન્દ્રીય સરકારના રક્ષા મંત્રાલયના નિયંત્રણમાં કાર્ય કરે છે. આ રીતે તે શહેરી સ્થાનિક સંસ્થાઓથી અલગ છે. જેનું ગઠન અને શાસન રાજય સરકાર દ્વારા થાય છે. છાવણી બોર્ડનું ગઠન અને શાસન કેન્દ્ર સરકાર દ્વારા થાય છે.

વર્તમાનમાં સંપૂર્ણ દેશમાં 63 છાવણી બોર્ડ છે. જેને નીચે મુજબની 3 શ્રેણીમાં વહેંચી શકાય.

(1) શ્રેણી -1 - 10,000 થી વધુ અસૈનિકની વસ્તી.

(2) શ્રેણી-2 - 2500 થી 10,000 ની વચ્ચે અસૈનિકની વસ્તી.

(3) શ્રેણી-3-2500 થી ઓછી અસૈનિકોની આબાદી

છાવણી બોર્ડમાં આંશિક ચૂંટાયેલા અને આંશિક નિમણૂક પામેલા સભ્યો હોય છે. ચૂંટાયેલા સભ્યોનો કાર્યકાળ 3 વર્ષ તથા નિમણૂક પામેલ સભ્યોના કાર્યકાળ ત્યાં સુધી હોય છે જયાં સુધી તે શહેરમાં રહે છે. સંબંધિત સ્ટેશનને ક્રમાંક કરી રહેલ સૈન્ય અધિકારી છાવણી બોર્ડનો નિમાયેલ અધ્યક્ષ હોય છે અને બોર્ડની બેઠકોની અધ્યક્ષતા કરે છે. બોર્ડના ઉપાધ્યક્ષની ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યો દ્વારા તેમાંથી જ કરવામાં આવે છે. જેનો કાર્યકાળ 3 વર્ષનો હોય છે. શ્રેણી-1ના છાવણી બોર્ડમાં નિમ્નલિખિત સભ્યો સમાવિષ્ટ હોય છે.

(1) સ્ટેશનને કમાંડ કરી રહેલ સૈનિક અધિકારી.

(2) છાવણી ક્ષેત્રનો કાર્યકારી અધિકારી.

(3) છાવણી ક્ષેત્રનો સ્વાસ્થ્ય અધિકારી.

(4) જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા નિમાયેલ પ્રથમ શ્રેણીના મેજિસ્ટ્રેટ.

(5) સ્ટેશનને કમાંડ કરી રહેલ સૈનિક અધિકારી દ્વારા નિમાયેલ ચાર સૈન્ય અધિકારી.

(6) છાવણી ક્ષેત્રના લોકો દ્વારા ચૂંટાયેલા સાત સભ્યો.

છાવણી બોર્ડ તે જ કામ કરે છે. જે નગરપાલિકાઓ દ્વારા કરવામાં આવે છે. આ કાર્ય બંધારણીય રીતે ફરજિયાત અને વિવેક રૂપ કાર્યોના રૂપમાં હારબદ્ધ છે. બોર્ડની આવકના રૂપમાં કર આધારિત આવક અને બિનકર આધારિત આવક છે.

છાવણી બોર્ડના મુખ્ય અધિકારીની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. મુખ્ય અધિકારી બોર્ડ અને તેની સમિતિઓના બધા નિર્ણયો અને પ્રસ્તાવો લાગુ કરે છે.

→ **ટાઉનશિપ (ઔદ્યોગિક વસાહત)**

શહેરી શાસનના આ રૂપની સ્થાપના મોટા જાહેર ઉદ્યોગો દ્વારા પોતાના કર્મચારીઓ અને મજૂરોને નાગરિક

4Gujarat.com

સુવિધાઓ આપવા માટે કરવામાં આવે છે. જે ઉદ્યોગ સાથે જોડાયેલ રહેઠાણ વિસ્તારમાં રહે છે. તે એવા શહેરમાં શાસન સંભાળે છે અને તેના માટે નગર પ્રશાસનની નિમણૂક કરે છે. જેની સહાયતા માટે કેટલાક કર્મચારીઓ તકનીકી તથા ગેરતકનીકી સ્ટાફ હોય છે. આ રીતે શહેરી શાસનના આ રૂપમાં કોઈ ચૂંટાયેલ સભ્ય નથી હોતો ટાઉનશીપ નોકરશાહી પદ્ધતિ છે.

→ **પોર્ટ ટ્રસ્ટ**

તેની સ્થાપના તટીય શહેરો જેમ કે મુંબઈ, કલકત્તા, ચેન્નઈ વગેરી જેવા સ્થળો પર બે ઉદ્દેશથી કરવામાં આવે છે.

(1) તટીય વ્યવસ્થા અને તેની સુરક્ષા માટે.

(2) નાગરિક સુવિધા પૂરી પાડવા.

પોર્ટ ટ્રસ્ટનું ગઠન સંસદના અધિનિયમ દ્વારા થાય છે. તેમાં ચૂંટાયેલ અને નિમણૂક પામેલ બંને પ્રકારના સભ્યો હોય છે. તેમનો અધ્યક્ષ કોઈ અધિકારી હોય છે. તેના નાગરિક કાર્યો નગરપાલિકા જેવા જ છે.

→ **વિશેષ કાર્યકારક સંસ્થા (સ્પેશિયલ પરપઝ એજન્સી)**

ક્ષેત્ર આધારિત શહેરી સંસ્થાઓ અથવા બહુહેતુક એજન્સી જેમ કે, મહાનગરપાલિકા, નગરપાલિકા, જાહેરનામા ક્ષેત્ર સમિતિ, ટાઉન એરિયા સમિતિ, છવણી બોર્ડ ટાઉનશીપ, પોર્ટ ટ્રસ્ટ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વિશેષ કાર્યોને પતાવવા માટે કેટલીક એજન્સીઓનું ગઠન કરેલું છે. જે કાયદાકીય રૂપે મહાનગરપાલિકા અથવા નગરપાલિકા અથવા શહેરી સ્થાનિક શાસનના અધિકાર ક્ષેત્રમાં આવે છે. બીજા શબ્દોમાં તે કાર્ય આધારિત એજન્સી છે ન કે ક્ષેત્ર આધારિત. આ એજન્સીઓને 'એક હેતુક' અથવા 'બહુ હુતેક' અથવા 'વિશેષ હેતુક' અથવા 'કાર્ય આધારિત' સ્થાનિક સંસ્થા કહેવામાં આવે છે. આ પ્રકારની એજન્સીઓ નીચે પ્રમાણે છે.

(1) ટાઉન ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ

(2) અરબન ડેવલપમેન્ટ ઑથોરિટી

(3) વૉટર સપ્લાઈ એન્ડ સિવરેઝ બૉર્ડર્સ

(4) હાઉસિંગ બૉર્ડ

(5) પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ

(6) વિદ્યુત અપૂર્તિ બોર્ડ

(7) ટ્રાન્સપોર્ટ બૉર્ડ અને અન્ય

કાર્ય આધારિત આ સ્થાનિક સંસ્થાઓની સ્થાપના રાજ્ય વિધાનમંડળના અધિનિયમ દ્વારા એક જાહેર સંસ્થાના રૂપમાં અથવા કાર્યકારી પ્રસ્તાવ દ્વારા વિભાગોના રૂપમાં કરવામાં આવે છે. તે સ્વતંત્ર સંસ્થાના રૂપમાં કાર્ય કરે છે અને શહેરી સ્થાનિક સરકારોના એટલે કે મહાનગરપાલિકા અથવા નગરપાલિકા વગેરેથી સ્વતંત્ર તે કાર્યોને પૂર્ણ કરે છે. જે એને સોંપવામાં આવ્યા હોય એટલે કે તે સ્થાનિક નગરપાલિકા સંસ્થાઓની નીચે રહીને કામ કરતી સંસ્થા નથી.

- **નગરપાલિકા કાર્મિક (Municipal Personnel)**

ભારતમાં ત્રણ પ્રકારની નગરપાલિકા કાર્મિક પદ્ધતિ છે. શહેરી સ્થાનિક અંતર્ગત કાર્યરત કાર્મિક આ ત્રણ પદ્ધતિઓમાંથી કોઈ એક અથવા બધી પદ્ધતિઓ સાથે સંબંધિત હોઈ શકે. આ પદ્ધતિઓ નીચે મુજબ છે.

**(1) પૃથક કાર્મિક પદ્ધતિ :**

આ પદ્ધતિ અંતર્ગત પ્રત્યેક સ્થાનિક સંસ્થા પોતાના કર્મચારીઓની નિમણૂક, શાસન અને નિયંત્રણ પોતે કરતી હોય. આ કર્મચારીઓને કોઈ બીજી સ્થાનિક સંસ્થામાં સ્થળાંતરિત નથી કરી શકતા. આ પદ્ધતિ વ્યાપક રૂપથી પ્રચલિત પદ્ધતિ છે. આ પદ્ધતિ સ્થાનિક સ્વતંત્રતાના સિદ્ધાંતોની પુષ્ટિ કરે છે અને નિષ્ઠાને પ્રોત્સાહન આપે છે.

**(2) સમ્મિલિત કાર્મિક પ્રણાલી**

આ પ્રણાલી અંતર્ગત નગરપાલિકાના કર્મચારીઓની નિમણૂંક તેના પર નિર્દેશન અને નિયંત્રણ રાજ્ય સરકાર કરે છે. બીજા શબ્દોમાં રાજયની બધી શહેરી સંસ્થાઓ માટે રાજ્ય વ્યાપી સેવાઓનું નિર્માણ કરવામાં આવે છે. તેને રાજયની સ્થાનિક સંસ્થાઓ વચ્ચે સ્થળાંતરિત કરી શકાય છે. આ પદ્ધતિ આંધ્રપ્રદેશ,

4Gujarat.com

તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન તથા મધ્યપ્રદેશમાં પ્રચલિત છે.

**(3) એકીકૃત કાર્મિક પદ્ધતિ**

આ પદ્ધતિ અંતર્ગત રાજ્ય સરકારના કર્મચારી અને સ્થાનિક સંસ્થાના કર્મચારી એક જ સેવાનું અંગ હોય છે. એટલે કે નગરપાલિકા કાર્મિક રાજ્ય સેવાના સભ્ય હોય છે. આ કર્મચારીઓને રાજ્યની સ્થાનિક સંસ્થામાં જ નહીં પરંતુ રાજ્ય સરકારના વિભાગો તથા સ્થાનિક સંસ્થામાં પણ સ્થળાંતર થઈ શકે છે. આ રીતે સ્થાનિક લોકસેવા અને રાજ્ય લોકસેવામાં કોઈ ભેદ નથી હોતો. આ પદ્ધતિ ઓરિસ્સા, બિહાર, કર્ણાટક, પંજાબ, હરિયાણા અને અન્ય રાજ્યોમાં પ્રચલિત છે.

નગરપાલિકાના કર્મચારીઓને શિક્ષણ આપતી રાષ્ટ્રીય કક્ષાની વિભિન્ન સંસ્થાઓ નીચે મુજબ છે.

(1) અખિલ ભારતીય સ્થાનિક સ્વશાસન સંસ્થા (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ મુંબઈ) તેનું ગઠન 1927માં થયું હતું.

(2) શહેરી અને પર્યાવરણ અભ્યાસ કેન્દ્ર (સેન્ટર ફોર અર્બન એન્ડ એનવાયરોન્મેટલ સ્ટડીઝ) નવી દિલ્હી તેનું ગઠન નગરપાલિકા કર્મચારીઓના શિક્ષણ વિષય સાથે સંબંધિત નરુદીન અહમદ સમિતિ (1963-65) ની ભલામણોના આધારે 1967માં કરવામાં આવ્યું.

(3) ક્ષેત્રીય શહેરી અને પર્યાવરણ અભ્યાસ કેન્દ્ર (રિજનલ સેન્ટર્સ ફોર અર્બન એન્ડ એનવાયરોમેન્ટલ સ્ટડીઝ) કોલકત્તા, લખનઉ, હૈદરાબાદ અને મુંબઈમાં ગઠન પણ નરુદ્દીન, અહમદ કમિટીમાં ઉલ્લેખ કરાયેલ સમિતિની ભલામણ પર 1968માં થયું.

(4) રાષ્ટ્રીય શહેરી બાબતોની સંસ્થા (નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ અર્બન અફેયર્સ) સ્થાપના વર્ષ 1976

(5) માનવ સમાધાન વ્યવસ્થા સંસ્થાન (હ્યુમન સેટલમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટ) સ્થાપના વર્ષ 1985.

- **કેન્દ્રીય સ્થાનિક શાસન પરિષદ**

સ્થાપના વર્ષ 1954માં ભારતના રાષ્ટ્રપતિના આદેશથી બંધારણના અનુચ્છેદ 263 અંતર્ગત કરવામાં આવી. મૂળભૂત રીતે તેને કેન્દ્રીય સ્થાનિક સ્વશાસન પરિષદના નામથી ઓળખવામાં આવે છે. સ્વશાસન શબ્દને બિનજરૂરી માનીને માત્ર શાસન શબ્દ રહેવા દીધો. આ પ્રકારે સ્વશાસનની જગ્યાએ સ્થાનિક શાસન એટલે કે કેન્દ્રીય સ્થાનિક શાસન પરિષદ નામ પડ્યું. વર્ષ 1958 સુધી આ પરિષદ શહેરી અને ગ્રામ્ય બંને ક્ષેત્રના સ્થાનિક શાસનનું કાર્ય સંભાળતી હતી, પરંતુ વર્ષ 1958 પછી આ પરિષદ માત્ર શહેરી સ્થાનિક શાસનનું કાર્ય સંભાળે છે.

પરિષદ એક સલાહકારી સંસ્થા છે. તેમાં ભારત સરકારમાં શહેરી વિકાસ મંત્રી અને સભ્યોના સ્થાનિક સ્વશાસન સાથે જોડાયેલ વિભાગના મંત્રીનો સમાવેશ થાય છે. પરિષદના અધ્યક્ષ કેન્દ્રીય મંત્રી હોય છે.

આ પરિષદ સ્થાનિક શાસસને લગતા નીચે મુજબ કાર્ય કરે છે.

(1) નીતિગત બાબતો ઉપર વિચાર અને તેનો અમલ

(2) કાયદા નિર્માણ સંબંધી પ્રસ્તાવ તૈયાર કરવો.

(3) કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સહકારની શક્યતાની તપાસ કરવી.

(4) યોજના તૈયાર કરવી.

(5) કેન્દ્રીય નાણા સહાયતા હેતુ સિફારિશ કરવી.

(6) કેન્દ્રીય નાણાકીય સહાયતાથી સ્થાનિક સંસ્થા દ્વારા કરેલા કાર્યોની સમીક્ષા કરવી.

- **પંચાયતો સાથે જોડાયેલ અનુચ્છેદ**

(1) 243 : વ્યાખ્યા

(2) 243 A : ગ્રામસભા

(3) 243 B : પંચાયતોનું ગઠન

(4) 243 C : ચૂંટણીની વ્યવસ્થા

(5) 243 D : અનામત

(6) 243 E : પંચાયતોનો કાર્યકાળ

(7) 243 F : અયોગ્યતા સભ્યો માટે

(8) 243 G : પંચાયતોના સત્તા અને કાર્યો

(9) 243 H : નાણા માટે કર લગાડવાની પંચાયતની સત્તા

(10) 243 I : નાણા પંચનું ગઠન

(11) 243 J : ખાતા ચકાસણી

(12) 243 K : ચૂંટણી પંચ

(13) 243 L : કેન્દ્રશાસિત પ્રદેશોમા જોગવાઈ

(14) 243 M : અપવાદ રાજય જયાં આ કાયદો લાગુ નથી પડતો

(15) 243 N : શરૂઆતમાં કરાયેલા પંચાયતના કાયદા અને તેનું સાતત્ય

(16) 243 O : ચૂંટણી બાબતો પર ન્યાયાલયના હસ્તક્ષેપ પર પ્રતિબંધ

- **નગરપાલિકાઓ સાથે જોડાયેલ અનુચ્છેદ**

(1) 243 P : વ્યાખ્યા

(2) 243 Q : નગરપાલિકાનું બંધારણ

(3) 243 R : સંરચના

(4) 243 S : વોર્ડ સમિતિ

(5) 243 T : અનામત વ્યવસ્થા

(6) 243 U : નગરપાલિકાઓનો કાર્યકાળ

(7) 243 V : અયોગ્યતા

(8) 243 W : નગરપાલિકાના સત્તા અને કાર્યો

(9) 243 X : નાણાકીય વ્યવસ્થા

(10) 243 Y : નાણાપંચ

(11) 243 Z : ખાતા ચકાસણી

(12) 243 ZA: નગરપાલિકાની ચૂંટણી (ચૂંટણીપંચ)

(13) 243 ZB: કેન્દ્રશાસિત પ્રદેશો માટે જોગવાઈ

(14) 243 ZC: અપવાદ પ્રદેશ જેમાં અધિનિયમની જોગવાઈ નથી.

(15) 243 ZD: જિલ્લા આયોજન સમિતિ

(16) 243 ZE: મેટ્રોપોલિટન આયોજન સમિતિ

(17) 243 ZF: શરૂઆતમાં કરાયેલા કાયદા અને તેનું સાતત્ય

(18) 243 ZG: ચૂંટણી બાબતો પર ન્યાયાલયના હસ્તક્ષેપ પર પ્રતિબંધ

- **<u>મહાનગરપાલિકા સંબંધિત મહત્વપૂર્ણ ફેકટસ:</u>**

→ ગુજરાતને લાગુ પડતો તત્કાલીન ‘‘બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ’’ 29 ડિસેમ્બર, 1949 થી અમલી બન્યો.

→ ગુજરાત સરકારે 2011 માં ‘‘બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ’’નું નામ સુધારીને ‘‘ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ’’ કર્યું છે.

→ શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકા માટે શહેરી વિસ્તારની ઓછામાં ઓછી વસ્તી 3 લાખ હોવી જરૂરી છે.

→ ગુજરાતમાં 8 (આઠ) મહાનગરપાલિકાઓ આવેલી છે.

→ અમદાવાદ મહાનગરપાલિકાના પ્રથમ મેયર ‘‘ચીનુભાઈ સી. શેઠ’’ હતા.

→ અમદાવાદ મહાનગરપાલિકાનાં પ્રથમ મહિલા મેયર ‘‘ભાવનાબેન દવે’’ હતા.

→ અમદાવાદ મહાનગરપાલિકાની રચના ‘‘બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, 1949 ’’ના કાયદા હેઠલ થઈ હતી.

→ કોર્પોરેશનની સભા મોકૂફી ઓછામાં ઓછા 2 દિવસ કરતાં ઓછા સમયની ન હોવી જોઈએ.

→ મહાનગરપાલિકાના કાઉન્સિલરોનો કાર્યકાળ મહાનગર પાલિકાની પ્રથમ બેઠક મળે ત્યારથી શરૂ થયો ગણાય છે.

→ મહાનગરપાલિકાના કાઉન્સિલરોની મુદત મહાનગરપાલિકા જેટલી જ હોય છે.

→ મહાનગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો ‘‘કાઉન્સિલર’’ નામે ઓળખાય છે.

→ મહાનગરપાલિકાની મુદત 5 વર્ષની હોય છે.

→ મહાનગરપાલિકાઓમાં આવેલી પ્રાથમિક શાળાઓનો વહીવટ ‘‘મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1947” હેઠળ કરવામાં આવે છે.

→ મહાનગરપાલિકાના સત્તાધિકારીઓમાં મ્યુનિસિપલ કમીશનર, સ્થાયી સમિતિ અને કોર્પોરેશનનો સમાવેશ થાય છે.

→ અમદાવાદ મહાનગરપાલિકાની સ્થાપના 1 જુલાઈ, 1950 ના રોજ કરવામાં આવી હતી.

AGujarat.com

→ અમદાવાદ મહાનગરપાલિકાની પ્રથમ રચના વખતે ચૂંટાયેલા કાઉન્સિલરોની સંખ્યા 64 હતી.

→ મહાનગરપાલિકાના વડા "મેયર" તરીકે ઓળખાય છે.

→ મેયરનો કાર્યકાળ 2.5 (અઢી) વર્ષનો હોય છે.

→ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રાંસગિક ખાલી પડતી કાઉન્સિલરોની જગ્યા પૂરવા માટેની ચૂંટણી જોગવાઈ નીચે મુજબ છે -

(1) ખાલી પડયાની તારીખથી 3 મહિનામાં ચૂંટણી કરાવવી પડે.

(2) જો જગ્યા ખાલી પડયાની તારીખથી 6 મહિનામાં સામાન્ય ચૂંટણી થવાની હોય તો ચૂંટણી કરાવવામાં નહિ આવે.

→ જો મહાનગરપાલિકાનું મુદ્દત પહેલાં વિસર્જન થાય તો 6 મહિનામાં ચૂંટણી કરાવવી પડે.

→ કોઈપણ કાઉન્સિલર પોતાનું રાજીનામું "મ્યુનિસિપલ કમીશનર"ને સુપરત કરે છે.

→ મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે ચૂંટાવવા માટે લઘુતમ ઉંમર ઉમેદવારી ભરવાની છેલ્લી તારીખે 21 વર્ષની હોવી જોઈએ.

→ કોર્પોરેશનની બેઠકમાં સતત 6 મહિના સુધી ગેરહાજર રહેનાર કાઉન્સિલર તરીકે હોદ્દો ધરાવતો બંધ થાય છે.

→ ત્રણ ચતુર્થાંશ(3/4) કાઉન્સિલરોની ભલામણ હોય તો કસૂરવાર કાઉન્સિલરને રાજ્ય સરકાર દૂર કરી શકે છે.

→ વાહન વ્યવહાર સમિતિમાં ગણપૂર્તિ (કોરમ) માટે શરૂઆતથી અંત સુધીમાં ઓછામાં ઓછા 4 સભ્યોની હાજરી જરૂરી છે.

→ મ્યુનિસિપલ કોર્પોરેશનની બેઠકમાં પ્રશ્ન પૂછવા માટે કાઉન્સિલરે ઓછામાં ઓછા 7 દિવસ પહેલાં લેખિત નોટિસ મ્યુનિસિપલ સેક્રેટરીને આપવાની હોય છે.

→ વાહનવ્યવહાર સમિતિની પ્રથમ બેઠકની તારીખ "મેયર" નક્કી કરે છે.

→ વાહનવ્યવહાર સમિતિની બેઠક પખવાડિયામાં એકવાર મળે છે.

→ કોર્પોરેશનની બેઠકમાં કોરમ માટે (1/3) એક-તૃતીયાંશ કાઉન્સિલરોની હાજરી જરૂરી છે.

→ કાઉન્સિલરોના (1/4) (એક-ચતુર્થાંશ) કાઉન્સિલરો અથવા 4 સ્થાયી સમિતિના સભ્યોની લેખિત માંગણી હોય તો કોર્પોરેશનની ખાસ બેઠક બોલાવવામાં આવે છે.

→ ચૂંટણીઓ પછીની કોર્પોરેશનની પ્રથમ બેઠકની તારીખ અને સ્થળ "મ્યુનિસિપલ કમીશનર" નક્કી કરે છે.

→ કોર્પોરેશનની દર મહિને ભરાતી સાધારણ બેઠક સામાન્યત : મહિનાની 20 તારીખ કે તે પહેલાં ભરાવી જોઈએ.

→ કોર્પોરેશનની સામાન્ય બેઠક મહિનામાં ઓછામાં ઓછી એકવાર ભરાય છે.

→ સ્થાયી સમિતિની બેઠકમાં શરૂઆતથી આખર સુધી ઓછામાં ઓછા 5 સભ્યો હાજર ન હોય તો બેઠકમાં કોઈ કાર્યવાહી થઈ શકતી નથી.

→ દરેક સ્થાયી સમિતિની પ્રથમ બેઠકની તારીખ અને સ્થળ "મ્યુનિસિપલ કમીશનર" નક્કી કરે છે.

→ સ્થાયી સમિતિની બેઠક અઠવાડિયામાં એકવાર મળે છે.

→ વળતર અંગેના મ્યુનિસિપલ કમીશનર અથવા બીજા અધિકારીના હુકમથી નારાજ થયેલ વ્યક્તિ એક મહિનામાં અપીલ કરી શકે છે.

→ મૃત્યુ પામેલી વ્યકિતની જેણે સારવાર કરેલ હોય તેવા તબીબે મૃત્યુના કારણ અને પ્રમાણપત્ર 3 દિવસમાં રજિસ્ટ્રાર જનરલને મોકલવાનું હોય છે.

→ શહેરમાં જન્મેલ બાળકની નોંધણી જન્મના 7 દિવસમાં નોંધાવવી પડે છે.

→ વાહનવ્યવહાર સંસ્થાની જોગવાઈઓ મહાનગરપાલિકા વાહનવ્યવહાર સંસ્થા સંપાદન કરે કે સ્થાપે ત્યારથી લાગુ પડે છે.

→ શહેરમાં લાગેલ આગ અંગે આ રિપોર્ટ અગ્નિ શામક દળનો હવાલો ધરાવનાર વ્યક્તિએ આગ લાગ્યાના દિવસથી મોડામાં મોડા બીજા દિવસે મ્યુનિસિપલ કમીશનરને કરવાનો હોય છે.

4Gujarat.com

→ શહેરમાં જે સ્થળોએ આગ લાગી હોય તે અંગેનું અઠવાડિક પત્રક અગ્નિશામક દળનો હવાલો સંભાળનાર અધિકારીએ સ્થાયી સમિતિને મોકલી આપવાનું હોય છે.

→ મહાનગરપાલિકાના બજેટ વિશે જોગવાઈ નીચે મુજબ છે.

(1) મહાનગરપાલિકાના બજેટની જોગવાઈ કલમ-95 માં આપવામાં આવેલી છે.

(2) મ્યુનિસિપલ કમીશનર આવક અને ખર્ચના અંદાજો સ્થાયી સમિતિ સમક્ષ મૂકે છે.

(3) મ્યુનિસિપલ કમીશનરે તૈયાર કરેલ આવક અને ખર્ચના અંદાજોમાં સ્થાયી સમિતિ જરૂરી ફેરફારો કરી શકે છે.

(4) વાહનવ્યવહાર મેનેજર દર વર્ષે વાહનવ્યવહાર સંસ્થાના ખર્ચ અને આવકના અંદાજો તૈયાર કરે છે.

(5) વાહનવ્યવહાર મેનેજરે રજૂ કરેલ ખર્ચ અને આવકના વાર્ષિક અંદાજો વિચારણા માટે વાહનવ્યવહાર સમિતિની સમક્ષ મૂકવામાં આવે છે.

(6) સ્થાયી સમિતિએ "અંદાજપત્ર-ક" તૈયાર કરે છે.

(7) વાહનવ્યવહાર સમિતિએ "અંદાજપત્ર-ખ" તૈયાર કરે છે.

(8) આગામી વર્ષમાં કયા કર અને કરનો દર અંગેનો નિર્ણય કોર્પોરેશન 20 મી ફેબ્રુઆરી કે તે પહેલાં કરે છે.

(9) બજેટને અંતિમ મંજૂરી 31 મી માર્ચ સુધી કોર્પોરેશન આવે છે.

(10) જો કોર્પોરેશન 31 મી માર્ચ સુધી બજેટને મંજૂરી ન આપે તો બજેટ સ્વીકારાયેલું ગણાશે.

(1) કોર્પોરેશન "અંદાજપત્રક-ક" સ્થાયી સમિતિને અને "અંદાજપત્ર-ખ" વાહનવ્યવહાર સમિતિને વિચારણા માટે પાછું મોકલી શકે છે.

→ મ્યુનિસિપલ કોર્પોરેશન અંગેની સ્થાયી સમિતિમાં -

(1) મ્યુનિસિપલ કમીશનર સ્થાયી સમિતિઓની બેઠકમાં હાજર રહી શકે છે.

(2) બેઠકમાં કોઈ મુદ્દા અંગે ખુલાસો કરી શકે છે.

(3) પરંતુ મ્યુનિસિપલ કમીશનર કોઈ દરખાસ્ત પર મત આપી શકતો નથી.

→ કોર્પોરેશનની બેઠકમાં પાંચ-અષ્ટમાંશ સભ્યો મ્યુનિસિપલ કમીશનરની ફરજમાં બેદરકારી એ અસમર્થતા બદલ તેને હોદ્દા પરથી દૂર કરી શકે છે.

→ સામાન્ય રીતે વિકાસ કમીશનરની નિમણૂક 3 વર્ષ માટે કરવામાં આવે છે.

→ મ્યુનિસિપલ કમીશનરની નિમણૂક રાજ્ય સરકાર કરે છે.

→ મ્યુનિસિપલ કોર્પોરેશનની તદર્થ સમિતિમા કાઉન્સિલર ન હોય તેવી વધુમાં વધુ 2 વ્યક્તિઓ નીમી શકાય.

→ શહેરની વસ્તી 3 લાખથી વધુ હોય તો વોર્ડ સમિતિઓ રચવામાં આવે છે.

→ વોર્ડ સમિતિના અધ્યક્ષનો કાર્યકાળ 1 વર્ષનો હોય છે.

→ વાહન વ્યવહાર સમિતિ વિશે -

(1) વાહનવ્યવહાર સમિતિની જોગવાઈ કલમ-25માં કરવામાં આવી છે.

(2) વાહનવ્યવહાર સમિતિમાં 9 કાઉન્સિલરોની નિમણૂંક થાય છે.

(3) વાહનવ્યવહાર સમિતિમાં 8 (આઠ) કાઉન્સિલરો સિવાયની વ્યક્તિઓની નિમણૂક થાય છે.

(4) વાહનવ્યવહાર સમિતિમાં સ્થાયી સમિતિનો અધ્યક્ષ હોદ્દાની રૂએ સભ્ય બને છે.

(5) વાહનવ્યવહાર સમિતિના અધ્યક્ષનો કાર્યકાળ 1 વર્ષનો હોય છે.

→ મેયરના હોદ્દા અંગે -

(1) મેયરનો કાર્યકાળ 2.5 વર્ષનો હોય છે.

(2) નવા મેયર ન ચૂંટાય ત્યાં સુધી હોદ્દા પર રહે છે.

(3) 2.5 વર્ષના કાર્યકાળ પછી ફરીથી ચૂંટાઈ શકે છે.

(4) મેયર પોતાનું રાજીનામું નાયબ મેયરને આપે છે.

(5) નાયબ મેયરનો કાર્યકાળ 1 વર્ષનો હોય છે.

→ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રથમ બેઠકની કાર્યવાહીમાં -

(1) મેયરની ચૂંટણી કરવામાં આવે છે.

(2) નાયબ મેયરની ચૂંટણી કરવામાં આવે છે.

(3) સ્થાયી સમિતિની રચના કરવામાં આવે છે.

→ સ્થાયી સમિતિના અધ્યક્ષનો કાર્યકાળ 1 વર્ષનો હોય છે.

4Gujarat.com

→ 4 મહિનાથી સ્થાયી સમિતિની બેઠકમાં સતત ગેરહાજર રહેનાર કાઉન્સિલર સ્થાયી સમિતિનું સભ્યપદ ગુમાવશે.

- **મહાનગરપાલિકાની બેઠકો :**

→ મહાનગરપાલિકાની સામાન્ય બેઠક દરેક મહિનામાં ઓછામાં ઓછી એકવાર થવી જોઈએ.

→ આવી સામાન્ય બેઠક તે મહિનાની 20 મી તારીખ કરતાં મોડી ન હોવી જોઈએ.

→ મહાનગરપાલિકાના મેયર અથવા નાયબ મેયરને પોતાને યોગ્ય લાગે ત્યારે લેખિત કારણો દર્શાવીને અથવા સ્થાયી સમિતિના ઓછામાં ઓછા 4 સભ્યો અથવા ઓછામાં ઓછા એક-ચતુર્થાંશ (1/4) કાઉન્સિલરોની સહીથી લેખિત વિનંતી કરે તો ખાસ બેઠક બોલાવી શકે છે.

→ મહાનગરપાલિકાની બેઠક માટે સામાન્ય બેઠક હોય તો ચોખ્ખા 7 દિવસની અને ખાસ બેઠક માટે ચોખ્ખા 3 દિવસ અગાઉ સભ્યોને એજન્ડા નોંધ સાથે નોટિસ આપવાની છે.

→ આવી નોટિસ મહાનગરપાલિકાની કચેરી ઉપર અથવા સ્થાનિક કચેરી ઉપર અથવા મહાનગરની કોઈ બીજી જાહેર બિલ્ડિંગ ઉપર ચોંટાડવામાં આવે છે.

→ બેઠક બોલાવવા માટેની નોટિસમાં જણાવવાના ખાસ કારણોસર હોય તે સિવાય મહાનગરપાલિકાની દરેક બેઠક તે મહાનગરપાલિકાની કચેરીની બિલ્ડિંગમાં ભરવામાં આવે છે.

→ સામાન્ય ચૂંટણીઓ પછી કોર્પોરેશનની પહેલી બેઠક બિનજરૂરી વિલંબ સિવાય કમીશનર નક્કી કરે તે દિવસે અને સ્થળે ભરવામાં આવે છે.

→ મહાનગરપાલિકાની બેઠકમાં ''મેયર'' અધ્યક્ષ સ્થાને હોય છે જો મેયર ગેરહાજર હોય તો ''નાયબ મેયર'' અધ્યક્ષ સ્થાને હોય છે.

→ જો મેયર અને નાયબ મેયર બન્ને ગેરહાજર હોય તો તે બેઠકનું અધ્યક્ષ સ્થાન રહેવા સભ્યો પૈકી કોઈ એકને અધ્યક્ષ બનાવવામાં આવશે અને તે અધ્યક્ષની સમ્પૂર્ણ સત્તા તે બેઠકમાં વાપરશે.

→ સામાન્ય ચૂંટણીઓ પછીની પ્રથમ બેઠકમાં ''મેયર''ની ચૂંટણી કરવામાં આવે છે અને અઢી વર્ષ પૂરા થતાં તે જ મહિનાની પ્રથમ બેઠકમાં કાઉન્સિલરોમાંથી તેના એક સભ્યને મેયર તરીકે ચૂંટવામાં આવે છે.

→ સામાન્ય ચૂંટણીઓ પછી કોર્પોરેશનની પ્રથમ બેઠકમાં ''નાયબ મેયર''ની ચૂંટણી કરવામાં આવે છે અને એક વર્ષ બાદ તે જ મહિનાની પ્રથમ બેઠકમાં કાઉન્સિલરોમાંથી નાયબ મેયરની ચૂંટણી કરવામાં આવે છે.

→ બેઠકના અધ્યક્ષને લાગે કે મહાનગરપાલિકા સમક્ષ ચાલતી કોઈ તપાસ અથવા વિચારણા ખાનગીમા થવી જોઈએ તે સિવાયની દરેક બેઠક લોકો માટે ખુલ્લી રાખવામાં આવશે.

→ કોઈપણ બેઠકનો ગણપૂર્તિ (કોરમ) તે વખતેના કાઉન્સિલરોની સંખ્યામાં એક-તૃતીયાંશ (1/3) હોવું જરૂરી છે. જો તેના કરતાં ઓછા સભ્યો બેઠકમાં હાજર હોય તો બેઠકનો અધ્યક્ષ 30 મિનિટ સુધી રોકાઈ ને તે બેઠક બીજા દિવસે અથવા ભવિષ્યના બીજા કોઈ દિવસે પોતે વાજબી રીતે નક્કી કરે તે સમયે પર મુલતવી રાખશે.

→ બેઠક મોકૂફી ચોખ્ખા 2 દિવસ કરતા ઓછા સમય માટે ન હોવી જોઈએ.

→ બેઠકના અધ્યક્ષની પરવાનગી સિવાય, આવી બેઠકમાં કોઈ કામકાજ અથવા દરખાસ્ત નોટિસમાં દાખલ કરવામાં આવેલી ન હોય, તો આવું કામકાજ બેઠકમાં કરવું નહિં.

→ આવી બેઠકમાં કોઈ કામકાજ અથવા દરખાસ્ત કયા ક્રમ પ્રમાણએ લેવી તેનો નિર્ણય બેઠકનો અધ્યક્ષ કરે છે.

→ દરેક બેઠકની કાર્યવાહીની કાર્ય નોંધ નગરપાલિકામાં આ હેતુ માટે રાખવામાં આવેલી ચોપડીમાં ગુજરાતીમાં રાખવામાં આવે છે. જેના ઉપર બેઠકનો અધ્યક્ષ પોતાની સહી કરે છે અને તે કાર્યનોંધ મહાનગરના કોઈ રહેવાસીને જોવા માટે તમામ વાજબી વખતે ખુલ્લી રાખવામાં આવે છે.

→ બેઠકના તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા અને મત આપનાર સભ્યોની બહુમતીથી કરવામાં આવે છે.

→ જે પ્રશ્નો અંગે મતો સરખા પડે તે પ્રશ્નોની બાબતમાં બેઠકનો અધ્યક્ષનો મત નિર્ણયાક મત ગણાશે.

AGujarat.com

- **મહાનગરપાલિકાની સમિતિઓ :**

**(1) સ્થાયી સમિતિ :**

→ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ-20માં સ્થાયી સમિતિની જોગવાઈ કરવામાં આવેલી છે.

→ મહાનગરપાલિકાએ સ્થાયી સમિતિની રચના કરવી ફરજિયાત છે.

→ સ્થાયી સમિતિની સભ્ય સંખ્યા 12 હશે.

→ સામાન્ય ચૂંટણીઓ પછી કોર્પોરેશનની પ્રથમ બેઠકમાં પોતાના સભ્યોમાંથી 12 વ્યક્તિઓને સ્થાયી સમિતિ તરીકે નીમવા.

→ સ્થાયી સમિતિના 50 ટકા સભ્યો ત્યારપછીના દરેક વર્ષે જે મહિનામાં કોર્પોરેશનની પ્રથમ બેઠક ભરાઈ હોય તે મહિનાની પહેલી તારીખે નિવૃત્ત થશે.

→ જો સામાન્ય ચૂંટણીઓ કરવામાં આવે તો હોદ્દો ધરાવતા સ્થાયી સમિતિના તમામ સભ્યો નવી સમિતિ રચાય ત્યારે નિવૃત્ત થશે.

→ સ્થાયી સમિતિએ સ્થાયી સમિતિની રચના થાય તે પછીની તેની પહેલી બેઠકમાં અને ત્યારપછી દરેક વર્ષે તે જ મહિનામાં તેની પહેલી બેઠકમાં કાઉન્સિલરો પૈકી કોઈ એકને અધ્યક્ષ તરીક નીમવો.

→ દરેક સ્થાયી સમિતિની પહેલી બેઠક ''મ્યુનિસિપલ કમીશનર'' નક્કી કરે તે સમયે અને સ્થળે મળશે. જો બેઠક મળી ન શકે તો બીજા દિવસે બેઠક મળશે.

→ મ્યુનિસિપલ કમીશનર સ્થાયી સમિતિઓની બેઠકમાં હાજર રહી શકે છે, કોઈ મુદ્દા અંગે ખુલાસો કરી શકે છે પરંતુ કોઈ દરખાસ્ત પર મત આપી શકતો નથી.

કાઉન્સિલરો હોય કે ન હોય તેવી વ્યક્તિઓમાંથી 8 (આઠ) સભ્યો નીમવા.

(3) વાહન વ્યવહાર સમિતિ 9 કાઉન્સિલરો અને તેની પ્રથમ બેઠકમાં બીજા 8 સભ્યોની નિમણૂકવાળી એટલે કે 17 સભ્યોની રહેશે.

→ સ્થાયી સમિતિનો અધ્યક્ષ હોદ્દાની રૂએ વાહનવ્યવહાર સમિતિનો સભ્ય ગણાશે.

→ મહાનગરપાલિકાએ નીમેલી વાહનવ્યવહાર સમિતિના 50 ટકા સભ્યોએ જે મહિનામાં ભરાયેલી બેઠકમાં તેમની નિમણૂક થઈ હોય તે મહિનાની પ્રથમ તારીખે દર 2 વર્ષે નિવૃત્ત થશે.

→ સ્થાયી સમિતિની બેઠક અઠવાડિયામાં એક વખત અને જરૂર પડે તો અન્ય બેઠક બોલાવવી શકે છે.

→ સ્થાયી સમિતિની બેઠકનો ગણપૂર્તિ (કોરમ) માટે ઓછામાં ઓછા 5 સભ્યો એટલે કે બેઠકની શરૂઆતથી આખર સુધી ઓછામાં ઓછા 5 સભ્યો હાજર ન હોય તો કોઈ કાર્યવાહી થઈ શકે નહિ.

→ બેઠકના તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા અને મત આપનાર સભ્યોની બહુમતીથી કરવામાં આવે છે.

→ જે પ્રશ્નો અંગે મતો સરખા પડે તે પ્રશ્નોની બાબતમાં બેઠકનો અધ્યક્ષનો મત નિર્ણાયક મત ગણાશે.

→ સ્થાયી સમિતિની બેઠકની કાર્યવાહી અને હાજર સભ્યોની નોંધ ''મ્યુનિસિપલ સેક્રેટરી'' નિયત કરેલ નોંધપોથીમાં લખશે.

**(2) વાહનવ્યવહાર સમિતિ :**

→ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ-25માં ''વાહનવ્યવહાર સમિતિ''ની જોગવાઈ કરવામાં આવેલી છે.

→ મહાનગરપાલિકા વાહનવ્યવહાર સંસ્થા સંપાદન કરે અથવા સ્થાપે તો -

(1) સંસ્થાના વહીવટ માટે નવ (9) સભ્યો (કાઉન્સિલરો)

(2) સંસ્થાના સંપાદન કે સ્થાપના કર્યા પછી તેની પ્રથમ બેઠકમાં વહીવટ કે વાહનવ્યવહારનો, ઈજનેરી, ઔદ્યોગિક, વાણિજ્યક, નાણાકીય કે મજૂર વિષયક બાબતોનો અનુભવ હોય તેવી વ્યક્તિઓમાંથી જે

→ આવા નિવૃત્ત થયેલ સભ્યો ફરીથી નીમવાને પાત્ર થશે

→ મહાનગરપાલિકાની વાહનવ્યવહાર સમિતિએ સમિતિની રચના થાય તે પછીની પ્રથમ બેઠકમાં અને ત્યારપછીના દરેક વર્ષે તે જ મહિનામાં તેની પહેલી બેઠકમાં તેના સભ્યો પૈકી એકને અધ્યક્ષ તરીકે નીમવામાં આવશે.

→ વાહનવ્યવહાર સમિતિની બેઠક પખવાડિયામાં એકવાર મળે છે અને જરૂર પડે તો બીજી ખાસ બેઠક બોલાવી શકાય છે.

→ વાહનવ્યવહાર સમિતિની પહેલી બેઠક ''મેયર'' નક્કી કરે તે સમયે અને સ્થળે ભરવામાં આવે છે.

→ મ્યુનિસિપલ કમીશનર અથવા વાહનવ્યવહાર મેનેજર અથવા વાહનવ્યવહાર સમિતિના ઓછામાં ઓછા 3 સભ્યોની સહી કરેલી લેખિત માંગણી હોય તો પોતાને માંગણી મળ્યાની તારીખથી 48 કલાકમાં (2 દિવસમાં) વાહનવ્યવહાર સમિતિની બેઠક બોલાવવામાં આવે છે.

→ વાહનવ્યવહારસમિતિની બેઠકમાં ગણપૂર્તિ (કોરમ) માટે ઓછામાં ઓછા 4 સભ્યો અનિવાર્ય છે. એટલે કે બેઠકમાં શરૂઆતથી આખર સુધી ઓછામાં ઓછા 4 થી ઓછા સભ્યો હાજર હોય તો બેઠકમાં કોઈ કાર્યવાહી કરવી નહિ.

**(3) <u>અન્યક્ષેત્રે :</u>**

→ મહાનગરપાલિકાને જરૂરી લાગે તો મહાનગરપાલિકા નક્કી કરે તેટલા સભ્યોની અન્ય સમિતિઓની રચના કરી શકશે.

★★★★★

AGujarat.com